## શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

ત્રિવર્ષીય

# જૈનિજમ કોર્ષ

### ખંડ-3





લેખિકા :
સા. મણિપ્રભા શ્રી

# श्री विश्वतारक रत्नत्रयी विद्याराजितं
# युवति संस्कार शिविर
## की झलकियाँ



|| શ્રી મોહનખેડા તીર્થ મણ્ડન આદિનાથાય નમઃ ||

|| શ્રી રાજેન્દ્ર-ધનચન્દ્ર-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ||

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય જૈનિજમ કોર્સ ખંડ ૩

— આશીર્વાદ દાતા —

પ.પૂ. રાષ્ટ્રસંત શિરોમણિ ગચ્છાધિપતિ વર્તમાનાચાર્ય દેવેશ

**શ્રીમદ્વિજય હેમેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

સ્વ. મહત્તરિકા પૂ.સા. **શ્રી લલિતશ્રીજી મ.સા.**

સ્વ. પ્રવર્તિની પૂ.સા. **શ્રી મુક્તિશ્રીજી મ.સા.**

પૂ. વાત્સલ્ય વારિધિ સેવાભાવી સા. **શ્રી સંઘવણશ્રીજી મ.સા.**

— લેખિકા —

**સા. મણિપ્રભાશ્રીજી**

— પ્રોત્સાહક —

**કુમારપાલ વી. શાહ**

આ પુસ્તકના સર્વાધિકાર લેખક તથા પ્રકાશકને આધીન છે.

પ્રકાશક —

**શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન શ્વે. પેઢી**

શ્રી મોહનખેડા તીર્થ, રાજગઢ (ધાર) મ.પ્ર.

ક્રી ૬૭૨૧-૧૦

પ્રકાશન વર્ષ : સં. ૨૦૬૮

પ્રથમ આવૃત્તિ : ૩૦૦૦ નકલ

મૂલ્ય : ૧૦૦/- રૂા.

પ્રકાશક : શ્રી મોહનખેડા તીર્થ

જૈનાચારના પ્રકરણ પાનામાં જે નંબર મુક્યા છે તે આ કોર્ષ પહેલાના પુસ્તકોના પ્રકરણના અનુસંધાનમાં છે. આમ કુલ ત્રણ વર્ષના પૂરા કોર્ષમાં એક એક પ્રકરણના નવ-નવ ભાગ થશે.

**આધાર ગ્રન્થ**

- શ્રાદ્ધ વિધિ
- ધર્મ સંગ્રહ
- અષ્ટાન્હિકા વ્યાખ્યાન
- બૃહત્સંગ્રહણી
- લોક-પ્રકાશ
- લઘુ સંગ્રહણી

**ચિત્ર નિમ્ન પુસ્તકોમાંથી સાભાર લેવાયેલા છે.**

- બાલપોથી
- પ્રતિક્રમણ સૂત્ર આલ્બમ
- કલ્પસૂત્ર
- સચિત્ર શ્રાવક વ્રત દર્પણ
- આવશ્યક ક્રિયા સૂત્ર
- ત્રિલોકતીર્થ વંદના

આ પુસ્તકનો સર્વાધિકાર લેખક તથા પ્રકાશકને આધીન છે.

— મુખ્ય કાર્યાલય —

**શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં સમિતિ**

૨૦/૨૧ સાઈબાબા શોપીંગ સેન્ટર,
કે.કે. માર્ગ, નવજીવન પોસ્ટ ઑફિસની સામે, મુંબઈ સેન્ટ્રલ,
મુંબઈ-૮ (મહારાષ્ટ્ર) ફોન : ૦૨૨-૬૫૫૦૦૩૮૭

મુદ્રક : **જૈનમ ગ્રાફિક્સ**
સી-૨૦૮/૨૧૦, પહેલા માળે, બી.જી. ટાવર્સ, દિલ્લી દરવાજા બહાર, શાહીબાગ રોડ, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૫૬૩૦૧૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૬૨૭૪૬૯ મો.: ૯૮૨૫૮ ૫૧૭૩૦, ૯૪૨૬૪ ૨૬૫૧૦

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥



# તવ ચરણં  શરણં મમ

જેની કૃપા, કરુણા, આશિષ, વરદાન તથા વાત્સલ્ય ધારા આ કોર્સ પર સતત વરસી રહી છે. જેના પુણ્ય પ્રભાવથી આ કોર્સ પ્રભાવિત છે, એવા વિશ્વ મંગલના મૂલાધાર પ્રાણેશ્વર, હૃદયેશ્વર, સર્વેશ્વર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ચરણોમાં.....

જેની ક્ષાયિક પ્રીતિ ભક્તિએ આ કોર્સને પ્રભુથી અભેદ બનાવ્યો છે, એવા સિદ્ધગિરિ મંડન ઋષભદેવ ભગવાનના ચરણોમાં....

આ કોર્સને વાંચીને નિર્મલ આરાધના કરીને આવવાવાળા ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં જેની પાસે જઈને ચારિત્ર ગ્રહણ કરીને મોક્ષને પ્રાપ્ત કરવો છે, એવા મોક્ષ દાતારી સીમંધર સ્વામીના ચરણોમાં...

જેની અનંત લબ્ધિથી આ કોર્સ મોક્ષદાયી લબ્ધિ સમ્પન્ન બન્યો છે એવા પરમ શ્રદ્ધેય સમર્પણના સાગર ગૌતમ સ્વામીના ચરણોમાં....

જે સમવસરણમાં પ્રભુ મુખ કમલમાં બિરાજિત છે, જે જિનવાણીના રૂપમાં પ્રકાશિત બને છે, જે સર્વ અક્ષર, સર્વ વર્ણ તથા સ્વર માલાની ભગવતી માતા છે, જે આ કોર્સના પ્રત્યેક અક્ષરને સમ્યગ્જ્ઞાનમાં પરિવર્તિત કરી રહી છે એવી તીર્થેશ્વરી સિદ્ધેશ્વરી માતાના ચરણ કમલોમાં...

શતાબ્દિ વર્ષમાં જેની અપાર કૃપાથી જેના સાનિધ્યમાં આ કોર્સની રચનાના સુંદર મનોરથ ઉત્પન્ન થયા તથા જેના અવિરત આશિષથી આ કોર્સનું નિર્માણ થયું. જે જન-જનની આસ્થાના કેન્દ્ર છે, જે આ કોર્સને વિશ્વ વ્યાપી બનાવી રહ્યાં છે. જે પૂ. ધનચન્દ્રસૂરિ, પૂ. ભૂપેન્દ્રસૂરિ, પૂ. યતીન્દ્રસૂરિ, પૂ. વિદ્યાચન્દ્રસૂરિ આદિ પરિવારથી શોભિત છે એવા સમર્પિત પરિવારના તાત વિશ્વ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પૂ. દાદા ગુરુદેવ રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ચરણ કમલોમાં....

જેની કૃપાવારિએ સતત મને આ કોર્સ માટે પ્રોત્સાહિત કર્યા એવા વર્તમાન આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય હેમેન્દ્ર સૂરીશ્વરજી મ.સા., પૂ. ગુરુણીજી વિદ્યાશ્રીજી મ.સા., પૂ. પ્રવર્તિની માનશ્રીજી મ.સા., પૂ. મહત્તરિકા લલિતશ્રીજી મ.સા., પૂ. પ્રવર્તિની મુક્તિશ્રીજી મ.સા., સેવાભાવી ગુરુમૈય્યા સંઘવણશ્રીજી મ.સા.ના ચરણ કમલોમાં...

આ કોર્સના પ્રત્યેક ખંડ, પ્રત્યેક ચેપ્ટર, પ્રત્યેક અક્ષર આપના, આપશ્રીના ચરણોમાં...

## સાદર સમર્પણમ્...

સા. મણિપ્રભાશ્રી
૫/૪/૨૦૧૦, સોમવાર
ભીનમાલ

# आशीर्वचन

साध्वीजी श्री मणीप्रभा श्री जी
आदि ठाणा
– शातापृच्छा !

विशेष :- यह जानकर अति प्रसन्नता हुई कि "श्री विश्व-
तारक रत्नत्रयी विद्या शाश्रितं जैनिज़्म कोर्स" का
प्रकाशन हो रहा है !

कम्प्युटर, इंटरनेट के इस आधुनिक एवं गतिशील
युग में जैन संस्कृति एवं इस संस्कृति से जुड़े युवाओं के
लिये जैनिज़्म कोर्स संजीवनी है जो कि बिगड़ी
हुई दशा एवं दिशा दोनो को नवजीवन प्रदान करेगी !

संस्कृतिरक्षा, आचार-विचार सुधार तथा सम्यक्
श्रुत ज्ञान के लिये आपका लगाव अनुमोदनीय है !
जैन जागृति के लिये किया गया आपका शंखनाद
प्रशंसनीय है आपके प्रचंड पुरुषार्थ एवं परिश्रम की मैं
अनुमोदना करता हूं ! यह कोर्स विश्वव्यापि बने तथा पाठकगण मोक्षगामी
बनें ! इस भागीरथ शुभ कार्य के लिये
शुभाशिर्वाद प्रदान करता हुँ तथा परमात्मा से कामना करता
हुँ कि भविष्य में भी ऐसे नवीन एवं रचनात्मक कार्य करके समाज
को लाभान्वित करती रहें ! [illegible]

जैन धर्म जन जन का धर्म है।
चित्त में धारण करें, श्रद्धा से स्वीकार करें और आचरण में अनुभव
करें, उसे इस धर्म की गहनता एवं गंभीरता का ज्ञान हो सकता है।
राग-द्वेष से मुक्त, सर्व जीव समत्व दृष्टिधारी एसे अरिहंत परमात्मा
द्वारा प्ररुपित एवं स्थापित यह धर्माराधना का सुंदर पथ है। के
'अ' से लेकर 'ज्ञ' तक की सारी विद्याएं इस धर्मग्रंथो से प्राप्त होती हैं।
शून्य से सृजन तक का गहरा ज्ञान जैन दर्शन में उपलब्ध है। उसी गहन
ज्ञान सागर में से चुन चुन कर अनेक मोतीयो को माला में रुपान्तरित
कर 'जैनिज्म कोर्स' नामक पुस्तक को तैयार किया है विदुषी साध्वीजी
श्री मणिप्रभाश्रीजी ने ! जो प्रकाशित होकर पाठकों के सन्मुख है।
इस पुस्तक के अध्ययन द्वारा आबाल वृद्ध सभी स्वयं को स्वगुण से समृद्ध
कर सकते हैं। ज्ञान प्रकाश में अपने जीवन विकास के कदम आगे बढाकर
वस्तु स्वरूप को संप्राप्त कर सकते हैं।
साध्वीजी का प्रयास एवं श्रम की अनुमोदना कर मैं उनके जीवन में वे
साहित्य जगत में अग्रगामी बने, यह शुभकामना करता हूं।

विजयवाड़ा
15/10/2010

– [illegible]

# आशीर्वचन

मातंग-सिद्धायिकापरिपूजिताय श्रीवर्धमानस्वामिने नमः
श्री विजय प्रेम-भुवनभानु-जयघोष-धर्मजित-जयशेखरसूरीश्वरेभ्यो नमः

विदुषी साध्वीश्री मणिप्रभाश्रीजी !

सादर अनुवन्दना- सुखशातापृच्छा...

तीन साल - ६ विभाग में व्याप्त जैनिज़म कोर्स पाठकों के जीवन में सम्यग्ज्ञान एवं सम्यग्क्रिया को वर्धमान बनाने में सुसफल रहो ऐसी परमकृपालु परमात्मा से प्रार्थना..

पाठकों से भी अनुरोध कि वे इस कोर्स के अध्ययन में, पुनरावर्तन में तथा परीक्षा में नियमित बने रहे... प्रमाद को परवश न बने.. प्रभु ने ज्ञान-क्रियाभ्यां मोक्षः कहा है.. इस कोर्स से प्राप्त ज्ञान को जीवन में सक्रिय बनाकर सफल बनाये.

- आचार्य अभयशेखरसूरि.

---

विनयवती विदुषी साध्वीजी श्री मणिप्रभाश्रीजी आदि ठाणा
सुखशाता पृच्छा.

आपके द्वारा संस्कार वर्द्धक जैनिज़म का जो कोर्स प्रकाशित किया जा रहा है। उसके प्रति हमारी हार्दिक शुभकामनाये हैं। वर्तमान युग में बाल युवा वर्ग अयोग्य आचरणाओं को अपना कर मानव भव को हार रहा है। ऐसे समय में संस्कार वर्द्धक साहित्य की आवश्यकता है। यह साहित्य बाल युवा वर्ग को मार्ग दर्शक बनें। यही शुभाभिलाषा

जयानंद धखेरा.

# आशीर्वचन

शंखेश्वर पार्श्वनाथाय नमः। सिरसावंदे महावीरं।
ह्रीं नमो सिद्धम्
विजय प्रेम-भुवनभानु-जयघोष-धर्मजित-जयशेखर-अजितशेखरसूरिभ्यो नमः

शंखेश्वर तीर्थधाम - धाना।

आ. अजितशेखरसूरि की ओर से पोष सुद - ७ · सं. २०६६
सप्तविंशति गुणधारिका सा. श्री. मणिप्रभाश्रीजी म. आदि
योग्य सादर अनुवंदन।

विशेष में आपने शासनरत्न श्री कुमारपालभाई के सूचन से जैनिज्म कोर्स के सात भाग संशोधन हेतु मुझे भेजे थे।

आपने जैन-जैनेतर वर्ग जैनधर्म के आत्महितकर सर्वज्ञकथित सिद्धांत अच्छी तरह से समझ सके इस हेतु से स्तुत्य प्रयास किया है। मुझे उम्मीद है कि जिज्ञासुवर्ग अवश्य इस कोर्स का अध्ययन कर के अपनी आत्मा को श्रद्धा-ज्ञान के प्रकाश से प्रकाशित करेंगे।

आशा है कि संशोधन करते करते जो सूचन किये हैं आप उन पर ध्यान देंगे।

आप का यह प्रयत्न तब सही रूप से सफल होगा जब लोग इन बातों का ध्यान से अध्ययन कर के भावित होंगे।

[आप का प्रयत्न - आप का सर्जन इस ढंग से कामयाबी को हांसिल करे यही शुभेच्छा।

— आचार्य अजितशेखर सूरि का
सादर अनुवंदन।

---

વિનયાદિ ગુણાલંકૃતા વિદુષિણી સા. મ. શ્રી મણિપ્રભાશ્રીજી મ. આદિ શ્રમણીવૃંદ અનુવંદના / સુખશાતા પૂર્વક લખવાનું કે ગુરુ કૃપાએ શાતામાં છીએ.

વિશ્વતારક જિનશાસનના અદ્‌ભુત તત્ત્વજ્ઞાનને સરલ સદ્‌બોધદાયક શૈલીમાં - સુંદર સંસ્કાર વર્ધક શૈલીમાં રજૂ કરીને બાળજીવો માટે જરૂરી કામ કરીને આપશ્રીએ શાસનની સેવાનું અનુમોદનીય કાર્ય કરેલ છે.

આવી સરલ ભાષા આ સમયે જ્ઞાનની પ્રભાવના થાય તેવા સાહિત્યની અત્યંત જરૂરીયાત હતી તે પૂરી કરેલ છે.

આવા સાહિત્યનું સર્જન કરવાની શક્તિ તમોને સદા પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ છે.

દા. ચન્દ્રાનનસાગરસૂરિના
અનુવંદના / સુખશાતા
ભારતનગર, તા. ૧૪-૧૦-૨૦૧૦

---

જં સિદ્ધમ્ સુરવર વરદં નમામિ
ગુરૂ બધે નથી પહોંચી શકતા;
માટે ગ્રંથનું સર્જન કરે છે...

નિર્ગ્રંથ પરંપરામાં...
સ્વહસ્તે લખાયેલા આવા અનેક ગ્રંથો
જ્ઞાનભંડારોમાં - દુર્લભ ને મોંઘી મૂડીની જેમ સચવાયેલા છે.
જૈન સંઘ આ વૈભવથી સૌથી વધુ સમૃદ્ધ છે
પ્રભુના ઉપાસિકા સા. શ્રી મણિપ્રભાશ્રીજી...
તપસ્વી તો છે જ સાથે ઊંડા અભ્યાસુ છે.
અનેક વિષયોને આવરી લેતો અને
પદાર્થોને પ્રગટ કરતો
આ વિશ્વતારક રત્નત્રયી વિચારણા નામનો ગ્રંથ
એ સંઘ સમક્ષ મૂકી રહ્યા છે.
તે જાણી ખૂબ પ્રસન્નતા થઈ.
નિ:સ્વાર્થ ભાવે આગમની વાણીને
જનતા સમજે તે ભાષામાં...
ભાષા અને શૈલીનો સોનામાં સુગંધ જેવો સંયોગ રચી રજુ કરવાનો એમનો
પ્રયાસ ખૂબ ઉપકારક બને અને હજુ વધુ ગ્રંથો એમના દ્વારા જૈન સંઘને અર્પિત થાય
એજ આશા અને આશીર્વાદ...

આચાર્ય યશોવર્મસૂરિ

# ભારતભરમાં ચાલતા જૈનીજમ કોર્સના સેન્ટરો તેમજ પ્રતિનિધિઓની સૂચી

| નં. | શહેર-રાજ્ય | નામ | ફોન / મોબાઈલ |
|---|---|---|---|
| | **રાજસ્થાન** | | |
| ૧. | આહોર | શ્રી દિનેશચંદ્રજી | ૦૯૪૧૪૫૮૮૩૪૭ |
| ૨. | આબુરોડ | શ્રી ભંવરલાલ કોઠારી | ૦૯૭૭૨૦૯૨૦૦૭ |
| ૩. | ભીનમાલ | શ્રી હુકમરાજજી મહેતા | ૦૯૪૬૦૭૮૫૧૧૧ |
| ૪. | બ્યાવર | શ્રી દિલીપ ગેલડા | ૦૯૪૧૪૦૦૯૪૦૨ |
| ૫. | બાડમેર | શ્રી મગરાજ શ્રીશ્રીમલ | ૦૯૮૨૮૧૬૭૪૭૮ |
| ૬. | ડુંગરપુર | શ્રી પવન દોશી | ૦૯૪૧૪૬૮૫૩૦૭ |
| ૭. | જાલોર | શ્રી વિકાસ બોહરા | ૦૯૪૧૪૩૭૫૨૭૫ |
| ૮. | જોધપુર | શ્રી લલીત પોરવાલ | ૦૯૪૧૪૮૨૭૬૯૬ |
| ૯. | પાલી | શ્રી બાબુલાલજી સોલંકી | ૦૯૩૫૧૦૧૨૨૦૭ |
| ૧૦. | સાયલા | શ્રી કીરીટ ગુરુજી | ૦૭૫૬૮૪૩૦૭૦૮ |
| ૧૧. | ઉદયપુર | શ્રી પ્રકાશ બોલીયા | ૦૯૪૧૪૧૬૬૧૨૩ |
| ૧૨. | વિજયનગર | શ્રી અમરચંદજી લોધા | ૦૯૨૧૪૧૬૫૬૫ |
| | **કર્ણાટક** | | |
| ૧. | બેંગલોર | શ્રી રમેશજી હરન | ૦૯૮૪૫૦૬૧૯૨૦ |
| | | શ્રી સંદીપ ગુરુજી | ૦૯૮૪૪૫૪૦૭૩૭ |
| ૨. | બલ્લેરી | શ્રી શાંતિલાલજી દાંતેવાડીયા | ૦૯૪૪૮૯૨૧૪૫૦ |
| ૩. | બેલગાંવ | શ્રી અનિલભાઈ ગુરુજી | ૦૮૦૯૫૮૪૯૦૮૦ |
| ૪. | બેલગંજ | શ્રીમતી ભાવિકા મહેશજી શાહ | ૦૮૦૯૫૮૪૯૦૮ |
| ૫. | બીજાપુર | શ્રી હિમતભાઈ ગુરુજી | ૦૯૦૩૫૦૬૮૧૪૯ |
| ૬. | ચિત્રદુર્ગા | શ્રી મનોહરમલજી | ૦૯૪૪૮૨૭૮૧૭૧ |
| ૭. | હોસ્પેટ | શ્રીમતી અનીતા (રાજ ટ્રેડર્સ) | ૦૯૪૪૯૮૩૮૬૫૯ |
| ૮. | મૈસુર | શ્રી મુકેશજી | ૦૯૩૪૨૧૧૫૦૫૦ |
| | **આન્ધ્ર પ્રદેશ** | | |
| ૧. | એલુરુ | લક્ષ્મીબાઈ સી. જૈન | ૦૯૮૪૮૩૩૮૫૪૩ |
| ૨. | કોઈમ્બતુર | શ્રી મુકેશકુમાર સંઘવી | ૦૯૪૪૩૪૭૫૮૦૬ |
| ૩. | ઈરોડ | શ્રી ગુડીયા | ૦૯૯૪૪૫૧૦૪૭૭ |
| ૪. | મદુરાઈ | શ્રી ખીમરાજ જૈન | ૦૯૪૪૩૦૬૫૫૩૦ |
| ૫. | મદુરાઈ | શ્રી ગુરુજી કિશોરભાઈ જૈન એન્ડ કુ | ૦૯૪૪૩૦૬૫૫૩૦ |
| ૬. | પોંડિચેરી | શ્રી કે. સંગીતા | ૦૯૪૪૩૦૫૭૦૭૧ |
| | **ગુજરાત** | | |
| ૧. | અમદાવાદ | શ્રીમતી નીમાબેન આર. શાહ | ૦૯૩૨૮૯૪૧૭૦૩ |
| ૨. | નવસારી | શ્રી રમેશજી શેઠ-વિકાસ પેપર માર્ટ | ૦૯૮૨૫૭૮૬૧૯૦ |
| | | | ૦૯૪૨૭૧૨૭૩૪૭ |
| ૩. | સુરત | શ્રીમતી વિભુષાબેન આર. શાહ | ૦૯૯૦૯૧૧૧૩૮૯ |
| ૪. | સુરત | શ્રીમતી દર્શના એમ. શાહ | ૦૯૩૭૬૨૭૯૩૭૧ |
| ૫. | સુરત | શ્રી પ્રવીણભાઈ કે. સંઘવી | ૦૯૮૨૫૪૫૬૯૮૦ |
| ૬. | વાપી | શ્રી દેવેન્દ્રજી પી. જૈન | ૦૯૮૨૫૧૨૯૧૧૧ |
| ૭. | ઉંઝા | શ્રી હિતેશજી શેઠ | ૦૯૮૨૫૫૩૨૦૮૨ |
| આસામ | મોહલ (બોકારો) | શ્રી રાજુભાઈ એ. સાર્ક | ૦૯૮૩૫૩૧૫૭૮૪ |
| | **મધ્યપ્રદેશ** | | |
| ૧. | ઝાબુઆ | શ્રી સંતોષ જૈન | ૦૯૪૨૫૧૦૨૨૭૫ |
| ૨. | ઝાબુઆ | શ્રી સંજય જૈન | ૦૯૪૨૫૦૩૩૫૯૬ |
| ૩. | આગર | શ્રી અજય જૈન | ૦૯૯૨૬૫૮૯૪૪૪ |
| ૪. | વડતાવર | શ્રી પંકજ નાહર | ૦૯૩૦૦૮૦૪૭૬૫ |
| ૫. | બાજના | શ્રી મનિષ કાવડિયા | ૦૯૪૨૫૯૯૦૯૬૨ |

| | | | |
|---|---|---|---|
| ૬. | બડનગર | શ્રી સુનિલ ગોલેચ્છા | ૦૯૩૦૦૬૧૨૩૮૦ |
| ૭. | દેવારા | શ્રીમતી વિમલા જૈન | ૦૯૪૨૫૦૪૮૦૬૦ |
| ૮. | ઘોસલઢાવલા | શ્રી દેવેન્દ્રજી જૈન | ૦૯૮૨૬૬૯૮૬૯૫ |
| ૯. | ધાર | શ્રી આશુતોષ ચત્તર | ૦૯૭૫૫૫૫૫૫૯૨ |
| ૧૦. | હાટપીપલીયા | શ્રી વિનોદ નાવેલ | ૦૯૪૦૬૮૫૫૦૫૫ |
| ૧૧ | લાબરિયા ઘાટ | શ્રીમતી મમતા કોઠારી | ૦૯૮૨૬૬૩૬૯૭૩ |
| ૧૨. | મંદસૌર | શ્રી વિવેક ખાબિયા | ૦૯૪૨૫૯૪૯૪૭૦ |
| ૧૩. | નલખેડા | શ્રી કુશલ મૂહલોત | ૦૯૪૨૫૯૩૫૧૫૬ |
| ૧૪. | પેટલાવડ | શ્રી મનોજ ઓરા | ૦૯૪૨૫૪૮૭૧૧૪ |
| ૧૫. | રતલામ | શ્રી રાજેન્દ્ર દરડા | ૦૯૪૨૫૧૦૪૯૦૬ |
| ૧૬. | સેલાના | શ્રી સંજય જૈન | ૦૯૬૮૫૨૮૫૩૩૩ |
| ૧૭. | સાવેર | શ્રી વિપીન જૈન | ૦૯૪૨૫૭૨૫૫૫૫ |
| ૧૮. | શાજરપુર | શ્રી મનોજ જૈન | ૦૯૪૨૫૪૯૨૦૧૬ |
| ૧૯. | ઈન્દોર | શ્રી નરેશ જૈન | ૦૯૮૨૭૦૨૮૭૧૧ |
| ૨૦. | ઈન્દોર | શ્રી ભરત કોઠારી | ૦૯૮૨૭૦૨૩૪૫૪ |
| ૨૧. | તરાના | શ્રી શૈલેન્દ્રજી જૈન | ૦૯૪૨૫૯૧૭૬૦૮ |
| ૨૨. | જાવરા | શ્રી સંજીવ જૈન | ૦૯૮૨૭૨૮૮૮૨૬ |
| ૨૩. | ઉજ્જૈન | શ્રી રાજેન્દ્ર દરડા | ૦૯૪૨૫૧૦૪૯૦૬ |
| ૨૪. | ઉન્હેલ | શ્રી મહાવીર જૈન | ૦૯૮૯૩૯૪૫૪૭૪ |
| ૨૫. | ઝારડા | શ્રી નરેન્દ્ર જૈન | ૦૯૯૭૭૭૨૧૦૦ |
| ૨૬. | ઝાંવરા | શ્રી વિનોદજી જાવરા | ૦૯૪૨૫૪૯૦૫૪૯ |
| | **મહારાષ્ટ્ર** | | |
| ૧. | લુણાવાલા | શ્રીમતી પાયલ જૈન | ૦૯૩૨૬૫૧૩૯૨૨ |
| | **પંજાબ** | | |
| ૧. | લુધિયાના | શ્રી નવનીત જૈન | ૦૯૪૧૭૭૭૪૩૯૧ |
| | **મુંબઈ શહેર** | | |
| ૧. | અંધેરી | શ્રી મુકેશજી એસ. શાહ | ૦૯૮૧૯૮૮૯૧૨૬ |
| ૨. | ભાયખલા | શ્રી જાગૃતિ મુકેશ કોઠારી | ૦૯૮૨૦૮૪૪૧૮૦ |
| ૩. | બોરીવલી | શ્રીમતી જ્યોત્સનાબેન એમ. શાહ | ૦૯૩૨૧૦૬૯૭૦૦ |
| ૪. | ડોંબીવલી | શ્રીમતી મીના પંકજ વસા | ૦૯૨૨૧૨૦૯૧૯૪ |
| ૫. | ડોંબીવલી | શ્રીમતી શિલ્પા દિપકભાઈ સંઘવી | ૦૯૩૨૨૭૫૩૬૪૫ |
| ૬. | ડોંબીવલી | શ્રીમતી દક્ષાબેન પી. ધોળકિયા | ૦૯૮૬૭૦૦૦૯૦૬ |
| ૭. | ડોંબીવલી | શ્રીમતી નીતાબેન દિપકભાઈ લાખાની | ૦૯૨૨૧૪૮૭૪૬૬ |
| ૮. | ડોંબીવલી | શ્રીમતી ભાવનાબેન ધિરેનકુમાર શાહ | ૦૯૮૨૧૮૪૦૪૦૩ |
| ૯. | ડોંબીવલી | શ્રીમતી હંસાબેન બી. શાહ | |
| ૧૦. | ઘાટકોપર | શ્રીમતી હર્ષાબેન જયેશભાઈ શાહ | ૦૯૮૨૦૬૩૩૩૦૪ |
| ૧૧. | કાંદીવલી | શ્રીમતી દીપા પી. ભેમાણી | ૦૯૦૭૬૦૭૬૦૬૫ |
| ૧૨. | કાંદીવલી | શ્રીમતી કલ્પના એસ. ભંડારી | ૦૯૦૦૪૮૮૩૬૫૧ |
| ૧૩. | કલ્યાણ | શ્રી ધર્મેન્દ્રજી મહેતા | ૦૯૩૨૦૬૮૧૦૬૦ |
| ૧૪. | મુંબઈ સેન્ટ્રલ | શ્રી વિનેશકુમાર મહેતા | ૦૯૨૨૪૬૯૯૬૩૫ |
| ૧૫. | ગ્રાન્ટ રોડ | શ્રી રાજુભાઈ સંઘવી | ૦૯૮૬૯૧૮૪૬૯૨ |
| ૧૬. | મલાડ | શ્રી હીરાલાલજી જૈન | ૦૯૮૨૧૨૩૨૮૧૮ |
| ૧૭. | મુલુંડ | શ્રીમતી રેખાબેન શાહ | ૦૯૮૯૨૭૮૯૯૨૯ |
| ૧૮. | નાલાસોપારા | શ્રીમાતી હીનાબેન પી. ધોળકિયા | ૦૯૯૭૫૯૩૯૨૨૯ |
| ૧૯. | નાલાસોપારા | શ્રીમતી પ્રતિભા કોઠારી | ૦૯૨૭૦૦૯૪૨૨૫ |
| ૨૦. | મીરા રોડ | શ્રીમતી નીતાબેન જે. વોરા | ૦૯૨૨૧૮૮૫૬૪૧ |
| ૨૧. | વાલકેશ્વર | શ્રી કમલજી શાહ | ૦૯૯૬૭૮૮૮૭૦૮ |
| ૨૨. | વિરાર | શ્રીમતી ઈલા મેહતા | ૦૯૦૭૬૦૭૬૦૬૫ |

# અનુક્રમણિકા


**જૈનાચાર - 4**
પાઠશાળા ........ ૧
જ્ઞાન ........ ૬
ભવ આલોચના ........ ૧૦
સાધર્મિક ભક્તિ ........ ૧૫

**Art of Living - 4**
સાસુ બની માઁ ........ ૨૩
સંસ્કારોનો પાયો ........ ૪૪

**સૂત્ર તથા અર્થ વિભાગ**
વંદિત્તુ સૂત્ર ........ ૫૫
આયરિય ઉવજ્ઝાય સૂત્ર ........ ૬૭
શ્રુત દેવતાની સ્તુતિ ........ ૬૮
અઢ્ઢાઈજ્જેસુ સૂત્ર ........ ૬૮
નમોઽસ્તુ વર્ધમાનાય ........ ૬૮
ચઉક્કસાય સૂત્ર ........ ૭૦
દેવસિયં પ્રતિક્રમણ વિધિ ........ ૭૧
ઉપવાસનું પચ્ચક્ખાણ ........ ૭૨

**કાવ્ય-વિભાગ**
પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ ........ ૭૩
ચૈત્યવંદન ........ ૭૩
સ્તુતિ ........ ૭૪
સ્તવન ........ ૭૫
સજ્ઝાય ........ ૭૭

**જૈન ઈતિહાસ - 4**
**જ્ઞાનની આશાતનાથી બચો ........ ૮૩**
વરદત્ત અને ગુણમંજરીની કથા ........ ૮૩
માષતુષ મુનિ ........ ૮૫
અશોક રાજા ........ ૮૬
**સાધર્મિક ભક્તિના દૃષ્ટાંત ........ ૮૭**
મહારાજા કુમારપાળની સાધર્મિક ભક્તિ ........ ૮૭
વઢવાણના શ્રાવક ........ ૮૮

મંત્રીશ્વર પેથડ ........ ૮૮
સદા સોમ ........ ૮૯
પુણિયા શ્રાવક ........ ૯૦
જગડુશાહ ........ ૯૧
માણેકલાલ શેઠ ........ ૯૨
સાધર્મિક ભક્તીથી મલ્યા ઉદયનમંત્રી, કુમારપાળ અને હેમચન્દ્રાચાર્ય ........ ૯૨
ઝાંઝણ શેઠ ........ ૯૫
સાંતનું અને જિનદાસ ........ ૯૫
**પશ્ચાતાપ કરો ભવથી તરો ........ ૯૭**
રુક્મિરાજા ........ ૯૭
અર્જુનમાલી ........ ૯૯
ખંધક ઋષિ ........ ૧૦૧
લક્ષ્મણા રાજકુમારી ........ ૧૦૩
**તત્ત્વજ્ઞાન - 4**
લવણ સમુદ્ર ........ ૧૦૫
અઢીદ્વીપ ........ ૧૦૬
મનુષ્યલોક તથા સૂર્યચંદ્ર પંક્તિ ........ ૧૦૬
નંદીશ્વર દ્વીપના બાવન જિનાલય ........ ૧૦૯
મોક્ષ ગમનની પ્રક્રિયા ........ ૧૧૧
પરભવમાં જતા જીવની ગતિ ........ ૧૧૪
સ્નાત્રપૂજા ભાવાર્થ ........ ૧૧૬
**જૈનાચાર - 5**
દેવવંદન ........ ૧૨૩
ગુરુવંદન ........ ૧૨૭
સુપાત્રદાન ........ ૧૩૦
શ્રાવકનો શ્રૃંગાર જયણા ........ ૧૩૫
જીવોની જયણાના સૂત્ર ........ ૧૩૮
**Art of Living - 5**
તૂટ્યો સપનાનો મહેલ ........ ૧૪૩
No Compititon But Solution ........ ૧૫૪
**ઓપનબુક પરીક્ષા**
પ્રશ્ન પત્ર ........ ૧૮૧
ઉત્તર પત્ર ........ ૧૮૮

# જૈનાચાર

## ૪




જ્ઞાનના ઉપકરણો






# મને આવતો ભવ એવો આપજો...

શાશ્વત તીર્થાધિરાજ સિદ્ધગિરિરાજના પાવન ચરણોમાં મારી સમાધિ મૃત્યુ થઈ છે તથા મહાવિદેહમાં જન્મ થયો છે. માતાની સાથે હું પણ રોજ સમવસરણમાં પ્રભુની દેશના સાંભળુ છું. ૮ વર્ષની ઉંમર થતા જ પરમાત્માની ક્ષાયિક પ્રીતિ એવી થાય છે કે પરમાત્મા ના મુખના દર્શન વિના કેવી રીતે જીવી શકાય, કેવી રીતે રહી શકાય. અને દેશના પૂરી થતાં જ પરમાત્માની પાસે જઈને સર્વ વિરતિ આપવા માટે વિનંતી કરું છું. ઈચ્છકારી ભગવન્ પસાય કરી સર્વવિરતિ દંડક ઉચ્ચરાવોજી...

પ્રભુ કહે છે, અહો ! આ કેવા સુંદર નાના નાના બાળકો છે. એ સર્વવિરતિ માટે પ્રાર્થના કરી રહ્યા છે અને ત્યારે પરમાત્મા રજોહરણ પ્રદાન કરીને સર્વવિરતિ દંડક ઉચ્ચરાવે છે. કરેમિ ભંતે... અને જેવું જ રજોહરણ મારા હાથમાં આવ્યું મારા હૃદયનો આનંદ શબ્દ રુપે મારા મુખથી વ્યક્ત થયો. અહો ! અહો ! પ્રભુ ધન્ય ઘડી! ધન્ય દિવસ! ધન્ય ભાગ્ય! મહા પુણ્યોદયથી, મહા સદ્ભાગ્યથી આપે અપાર કરુણા કરી મને મહા કલ્યાણકારી મોક્ષના રાજમાર્ગ રુપ સર્વવિરતિ ધર્મ પ્રદાન કર્યો પ્રભુ મુજ સરીખા અબુઝ બાળક પર આપની કેવી દયા ? કેવી કરુણા, આપનો કેટલો પ્રેમ કે આટલું સુંદર જીવન આપ્યું. કેવી નિર્દોષતા કે કોઈપણ જીવની હિંસા નહીં. છ:કાયના જીવોને અભયદાન. કેવી નિષ્પાપતા કે જીવનમાં ૧૮ પાપસ્થાનકનું નામ જ નહીં. કેવી નિષ્કામતા કે મોક્ષ સિવાય બીજી કોઈ ઈચ્છા જ નહીં. જગતના સર્વ ઋણાનુબંધનો સર્વથા ત્યાગ અને એક માત્ર પ્રભુના ઋણાનુબંધમાં રહેવાનો અમૂલ્ય અવસર.

ધન્ય સાધુ જીવન ! સમગ્ર જીવનમાં પ્રભુની શરણાગતિ, દર્શન તો પ્રભુનું, સ્તવના તો પ્રભુની, કાનમાં શ્રવણ તો પ્રભુનું, વાંચન પ્રભુનું, લેખન પ્રભુનું, મનમાં સ્મરણ તો પ્રભુનું, રોમે રોમમાં સ્પંદન તો પ્રભુનું, બસ દરેક કર્મ પ્રભુ માટે. પ્રત્યેક કર્મના કર્તા પ્રભુ, બધું પ્રભુનું બધે પ્રભુ, બધામાં પ્રભુ, એક ક્ષણ પણ પ્રભુનો વિયોગ નહીં. અને સતત, સરલ અને સહજ રીતે પ્રભુ નિશ્રા, પ્રભુના સાનિધ્યનો સહજ યોગ. સ્વના અસ્તિત્વનો સર્વથા વિલય અને પૂર્ણ રુપથી પ્રભુની શરણાગતિ. સંસારના સર્વ સંબંધો નો પૂર્ણવિશ્રામ અને પરમાત્માના સર્વ સંબંધોની શરણાગતિ ભાવથી બિનશરતી સ્વીકાર અને પરમાત્મામાં જ પૂર્ણવિશ્રામ.



**કોટિ કોટિ નમસ્કાર હો આ સાધુ જીવનને...!**

# પાઠશાળા

પાઠશાળા એટલે સંસ્કારોનું મંદિર. જૈન કુળમાં જન્મ લેવાથી તમે જૈન તો બની ગયા, પણ જૈન કેવા હોવા જોઈએ ? એનું સાચું શિક્ષણ પાઠશાળાથી જ પ્રાપ્ત થાય છે. વ્યક્તિના જીવનમાં જેટલી જરૂરીયાત વ્યવહારિક શિક્ષણની છે, તેનાથી અનેકગણી આવશ્યકતા સંસ્કારોનું બીજારોપણ કરાવનાર ધાર્મિક શિક્ષણની પણ છે.

**પાઠશાળા એટલે શું ?**

(૧) જે આપણને સમ્યગ્જ્ઞાન આપે છે તેનું નામ પાઠશાળા.

(૨) જે બાળકોમાં શીલ રક્ષાના સંસ્કારોનું રોપણ કરે છે, તેનું નામ છે પાઠશાળા.

(૩) જે શાસન રક્ષા નું બળ આપે છે તેનું નામ છે પાઠશાળા.

(૪) જે અમને ખુમારી, ધૈર્ય, સત્ત્વ, શૌર્ય, સાહસથી જીવવાનું શીખવાડે છે, તેનું નામ છે પાઠશાળા.

(૫) જે દુ:ખના સમયમાં સમાધિ અને સમાધાનની રાહ દેખાડે છે, તેનું નામ છે પાઠશાળા.

**પાઠશાળાનું મહત્વ** : વર્તમાનની શિક્ષણ પદ્ધતિથી વિકૃત બનેલા બાળકોના મગજને સુસંસ્કૃત બનાવવા માટે પાઠશાળા એક સંજીવની ઔષધ સમાન છે. માઁ બાળકોનાં જીવન નિર્વાહની ચિંતા કરે છે, જ્યારે પાઠશાળા એ છે જે બાળકોના જીવન નિર્માણની ચિંતા કરે છે. દરેક ગામડાં-શહેરમાં સાધુ-સાધ્વીનો યોગ પ્રાપ્ત થવો નામુમકિન છે અને જો પ્રાપ્ત થઈ જાય તો માત્ર ચાતુર્માસના ચાર મહિના માટે. આટલા ઓછા સમયમાં જ્ઞાનની સંપૂર્ણ શિક્ષા પ્રાપ્ત કરવી સંભવ નથી. એવામાં પાઠશાળા જ એક એવું સ્થાન છે જ્યાં જઈને વ્યક્તિ દરેક દિવસ જ્ઞાન મેળવી શકે છે. દિવાને સળગતો રાખવા માટે જેમ તેલ અને ઘીની જરૂર પડે છે. તેમ આજે એટલી જ જરૂરત છે સમ્યગ્જ્ઞાન દેવાવાળી પાઠશાળાની. કારણ કે બાળકો કાચા ઘડા જેવા હોય છે. એ કાચા ઘડાને કુંભાર જે આકાર આપવા ઈચ્છે તેવો આકાર આપી શકે છે. પણ ઘડો પાકો થઈ ગયા પછી જો કુંભાર એનો આકાર બદલવા માંગે તો તે ઘડો ફૂટી જાય છે, પણ એનો આકાર પરિવર્તિત થતો નથી. એવી જ રીતે બાળકોની નાની ઉંમર સંસ્કાર ગ્રહણ કરવાની હોય છે. એ સમયે એમને જેવા સંસ્કાર આપીએ, તેવા સંસ્કારોમાં બાળકોનું જીવન ઢળી જાય છે. મોટા થઈ ગયા પછી એમનામાં સંસ્કારોનું રોપણ કરવા જઈશું તો એની એજ હાલત થશે જે પાકા ઘડાની થાય છે. નાની ઉંમરમાં બાળકોની સ્મરણ શક્તિ બહુ જ તેજ હોય છે. એવા સમયમાં એમને પાઠશાળા મોકલવાથી એ બાળકો સ્વયંના, પરિવારના અને શાસનના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે છે.

સમ્યગ્જ્ઞાનના અભાવમાં છોડવા લાયક શું છે ? અપનાવવા લાયક શું છે ? આ સમજ જ હોતી નથી. પણ સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં વ્યક્તિ એમના કાર્યના પરિણામને જાણી શકે છે. ગુરુદેવની પાસે જાય ત્યારે અને શરમ ન આવે કે ગુરુવંદન કેવી રીતે કરવું ? પ્રભુની પાસે જઈએ એટલે સંકોચ ન થાય કે વિધિ-સહિત દર્શન-પૂજા અને ચૈત્યવંદન કેવી રીતે કરવું ? મહાન કર્મ નિર્જરા કરાવવાવાળી પ્રતિક્રમણની ક્રિયા કરીએ ત્યારે આ સમસ્યા ન થાય કે સામાયિક કઈ રીતે લેવાય ? અને પ્રતિક્રમણ કેવી રીતે થાય ? આ બધી સમસ્યાઓનું એક જ સમાધાન છે પાઠશાળા. પાઠશાળા જ એક એવી સંસ્થા છે જ્યાં નાનીમાં નાની વિધિથી લઈને મોટામાં મોટી ક્રિયાઓ અને અનુષ્ઠાન સમ્યગ્ રીતિથી શીખવાડવામાં આવે છે.

પાઠશાળામાં સરખી ઉંમરના છોકરા હોવાથી એક-બીજાને ભણતા જોઈ, રાત્રિભોજન, કંદમૂલ, ટી.વી, અભક્ષ્ય વગેરે ત્યાગ કરતા જોઈ બાળકોમાં પણ ત્યાગનો ઉત્સાહ સહજતાથી આવી જાય છે. સાથે પાઠશાળાથી મળતા ઇનામથી બાળકોની અંદર ધર્મ કરવાનો વિશેષ ઉત્સાહ વધી જાય છે. ઘરમાંથી બાળકોને કેટલાએ ઇનામ આપીએ તો પણ બાળકો એટલા ખુશ નથી થતા જેટલા પાઠશાળા કે બહારથી મળવાવાળા એક નાના ઇનામથી ખુશ થઈ જાય છે. આનાથી બાળકો રોજ પાઠશાળા જવાના આદી બની જાય છે. પરિણામ સ્વરૂપ જીવનમાં રહી ગયેલી વિકૃતિર સંસ્કૃતિમાં અને વાસના ભાવનામાં પરિવર્તિત થઈ જાય છે.

પૂર્વકાલમાં સંસ્કારી અને શિક્ષિત માઁ જ બાળકોની પાઠશાળા કહેવાતી હતી. એ એમના બાળકોને ગાથા આપતી, ધાર્મિક વાતો કરતી, મહાપુરુષોનાં ચરિત્ર સંભળાવતી. આ પ્રમાણે એ એમના બાળકોને અપૂર્વ સંસ્કારી બનાવતી હતી. પણ દુ:ખની વાત તો એ છે કે વર્તમાનની માતાઓમાં જ આ સંસ્કાર અને શિક્ષણ નથી રહ્યા તો એ એમના બાળકોને શું સંસ્કાર આપશે ? માટે જ બાળકોને સંસ્કારિત કરવા આ પાઠશાળાઓ શરુ થઈ છે. આજ આપણો જૈન સમાજ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે પરંતુ અધ્યયનના ક્ષેત્રમાં એટલો જ પાછળ જઈ રહ્યો છે. જેમ માસક્ષમણ આદિ તપ કરવાવાળા તપસ્વીનું સોનાની ચેન વગેરેથી બહુમાન કરવામાં આવે છે, છ:રી પાલિત સંઘ, તીર્થ યાત્રા, સ્વામીવાત્સલ્ય, ઉપધાન આદિમાં શ્રીસંઘ આરાધકો ને સારી રકમ આપીને ખૂબ પ્રોત્સાહન આપે છે. તેમ બે પ્રતિક્રમણ, પાંચ પ્રતિક્રમણ,અતિચારાદિ સૂત્રો ગોખવાવાળા વિદ્યાર્થિયોં ને પાઠશાળામાં પ્રોત્સાહિત કરવામાં આવે તો પાઠશાળામાં બાળકોની સંખ્યા સારા પ્રમાણમાં વધવા લાગશે. અન્યથા વર્તમાનની પાઠશાળા પર ધ્યાન આપવામાં નહીં આવ્યું તો થોડા જ વર્ષો પછી સમાજમાંથી સુસંસ્કૃત

યુવા વર્ગ લુપ્ત પ્રાય થઈ જશે. એ માટે શ્રીમંત વર્ગને ભલામણ છે કે બીજા ક્ષેત્રની જેમ પાઠશાળામાં પણ લક્ષ્મીનુ સારા પ્રમાણમાં દાન કરવું જોઈએ કારણકે પ્રભાવના અને ઇનામના આકર્ષણ વિના પાઠશાળા ચાલી નથી શકતી. શ્રીસંઘના અગ્રગણ્ય વ્યક્તિ પાઠશાળામાં પ્રતિદિવસ પ્રભાવના, લક્કી ડ્રૉ, પરીક્ષાના ઇનામ, કાર્ડ ભરવાનું ઇનામ, તીર્થ યાત્રાના રૂપમાં નવી-નવી આવી યોજના બનાવવી. જેનાથી બાળકો ટી.વી. વિડિયોગેમ, ખેલ-કૂદ જેવા બધાને ગૌણ કરીને પણ પાઠશાળા આવવા માટે મજબૂર થઈ જાય. આની સાથે જ પાઠશાળામાં ભણવાવાળા છોકરાઓને સ્કૂલ માટે બાર મહિનાની ચોપડીઓ, સ્કૂલ બેગ, ટિફીન બૉક્સ, પાણીની બોટલ, પેન, પેન્સિલ, કલર બૉક્સ વગેરે બધુ મફતમાં વહેંચવા. જેનાથી એમનામાં પાઠશાળા આવવાનું આકર્ષણ જળવાઈ રહે અને એ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી શકે. સાર એટલો જ છે કે શ્રીસંઘના અગ્રગણ્ય મુખ્ય વ્યક્તિઓને પાઠશાળાનું મહત્ત્વ સમજાવીને પોત-પોતાના સંઘોમાં પાઠશાળાનું નિર્માણ કરવું જોઈએ. અને પાઠશાળા હોય તો એને અધિક સુચારુ રૂપથી ચલાવવા માટે નીચે બતાવેલી યોજના અને ગતિવિધિયોને અમલમાં લાવવી જોઈએ. સાથે જ પોતાના બાળકોને પાઠશાળામાં મોકલી સુસંસ્કૃત બનાવવા.

**પાઠશાળાની સ્થાપના અને યોજના :**

પાઠશાળાના મહત્ત્વને સમજીને પાઠશાળાની સ્થાપના અને એને સુચારુ રૂપથી ચલાવવા માટે નિમ્ન યોજના કરી શકાય છે.

સર્વપ્રથમ સંઘની સન્મુખ પાઠશાળાના મહત્ત્વને બતાવીને આર્થિક વ્યવસ્થા કરવી. એ માટે માનો જ્યાં ૫૦૦ ઘરની વસ્તી હોય, ત્યાં ૧૧,૦૦૧ રૂ. પ્રતિમાસના લાભાર્થીના રૂપમાં બાર મહિનાના લાભાર્થી તૈયાર કરવા. આ લાભાર્થીઓના નામ જ્યાં પાઠશાળા ચાલતી હોય તે જગ્યા પર સારા બેનર ઉપર લખાવીને (જે પ્રમાણે મંદિરમાં અષ્ટ પ્રકારી પૂજાના વાર્ષિક લાભાર્થીના નામ લખાય છે તે રીતે) લગાવા. આ ૧૧,૦૦૧ રૂ. નું વ્યય પાઠશાળાના ગુરુજીના વેતનમાં, એક મહિનાના નિયમ કાર્ડ ભરવાવાળાઓને ઇનામમાં, માસિક મૌખિક પરીક્ષાના ઇનામમાં ખર્ચ કરી શકાય છે. સાથે જ બીજી રીતે વિચારીએ તો ૩૬૦ દિવસની ૫૦૧ રૂ.ની તિથિ લખાવવી. આ તિથિ કોઈપણ વ્યક્તિ પોતાના બાળકોના જન્મ દિવસ પર, પોતાના માતા-પિતાની પુણ્યતિથિ પર, પોતાની સગાઈની સાલગિરા વગેરે કોઈ પણ સુઅવસર ના નિમિત્તે લખાવી શકે છે. સાથે જ જેમનો જન્મદિવસ અથવા સાલગિરા હોય એમના હાથોથી બાળકોને પ્રભાવના અપાવવી. એ સમયે પાઠશાળાના છોકરાએ એમના આરાધનામય જીવન માટે શુભકામના વ્યક્ત કરવી. આ પ્રમાણે બાળકોનો જન્મદિવસ

મનાવવા થી બાળકોમાં જ્ઞાનની વિશેષ વૃદ્ધિ થાય છે. આ તિથિઓના રૂપિયાનો વ્યય બાળકોને પ્રભાવના આપવામાં અને પાઠશાળાના વાર્ષિક મહોત્સવ મનાવવામાં કરી શકાય છે.

**પાઠશાળાની ગતિવિધિયાઁ :**

જ્યાં પાઠશાળા ન હોય ત્યાં નીચે બતાવેલી નવી પદ્ધતિથી પાઠશાળા ખોલવી. પાઠશાળામાં રત્નત્રયીની આરાધના થાય છે અને આ આરાધનાથી વિશ્વના જીવો મુક્તિ સુખને પામે એવી ભાવના હોવાથી પાઠશાળાનું ''શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં - જૈન પાઠશાળા'' અથવા બીજું કોઈ ઉચિત નામ પણ રાખી શકાય છે.

- પાઠશાળાનો સમય બપોરે ૩ થી ૫ અથવા સાંજે ૬ થી ૮ વાગ્યાનો રાખવો.
- પાઠશાળામાં આવતા જ સૌપ્રથમ વિદ્યાગુરુને પ્રણામ કરવો.
- પછી જ્ઞાનના પાંચ ખમા. દઈને આસન પાથરીને બેસવુ. ચોપડીને ઠવણી પર જ રાખવી.
- પાઠશાળામાં પૂર્ણતયા મૌન રાખવું.
- પાઠશાળામાં સોમવારથી શુક્રવાર સુધી ગાથા યાદ કરાવવી અને શનિવારે જનરલ ક્લાસ, રવિવારે સ્નાત્રપૂજા વગેરે રાખવી.
- સુદ પાંચમ, વદ આઠમ, વગેરે પર્વતિથિના દિવસે પ્રતિક્રમણનું આયોજન રાખવું.
- પ્રતિક્રમણમાં સૂત્ર બોલવાવાળાને ઇનામ દ્વારા પ્રોત્સાહિત કરવું.
- દરેક મહિને એક મૌખિક પરીક્ષા રાખવી. જેથી જેટલું ભણ્યા છો એનું પુનઃસ્વાધ્યાય થઈ જાય.
- નિયમ-કાર્ડ રોજ ભરાવવા. એક મહિનાનાં અંતમાં વિશેષ નિયમ પાલન કરવાવાળાનું બહુમાન કરવું.
- ૪ મહિનામાં એક લિખિત પરીક્ષા રાખવી.
- ૪-૬ મહિનામાં એક વાર વિદ્યાર્થિઓને તીર્થયાત્રા પર લઈ જવું.
- હોળીના દિવસે પ્રાતઃ ૬.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધીનું વિશેષ આયોજન રાખવું. જેથી કરીને કોઈ હોળી ન રમે. આયોજનના અંતર્ગત પ્રાતઃ ૬ વાગ્યે સ્નાત્ર પૂજા, ૮ થી ૮.૩૦ અલ્પાહાર, ૮.૩૦ - ૯.૩૦ સામાયિક જેમાં ભણાવવું. ૯.૩૦ થી ૧૧ પરીક્ષા, ૧૧ થી ૧૨માં કોઈ નાની પ્રતિયોગિતા, ૧૨ થી ૧.૩૦ સુધી ભોજન, ૧.૩૦ થી ૨.૩૦ સુધી કોઈ ગેમ અથવા પ્રતિયોગિતા ૨.૩૦ થી ૩.૦૦ વાગે ઇનામ વિતરણ કરીને ઘરે મોકલવા.
- દિવાળીના સમયે ફટાકડા નહીં ફોડવાના નિયમ-પત્રક બનાવવા. અને ફટાકડા નહીં ફોડવાવાળાનું વિશેષ બહુમાન કરવું.

- પર્યુષણ પર્વમાં પાઠશાળાનુ પ્રતિક્રમણ અલગથી આયોજિત કરવું.
- પર્યુષણ પર્વના ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન વગેરે એક મહિના પહેલાથી જ શિખાવી દેવા. આવી રીતે બીજા પર્વોમાં પણ કરી શકાય છે.
- પાઠશાળાના ટ્રસ્ટિઓએ પ્રતિદિન એક વાર પાઠશાળામાં આવીને પાઠશાળાની ગતિવિધિયોનું નિરીક્ષણ કરવું જોઈએ. જેથી કોઈ ત્રુટિ હોય તો તેને શીઘ્ર સુધારી શકાય.
- ટ્રસ્ટી મહોદયનો જેટલો ઉલ્લાસ અને પ્રોત્સાહન હશે તેટલી જ પાઠશાળા આગળ વધશે.
- જ્ઞાનની ભક્તિનો લાભ લેવાનો આ એક અણમોલ અવસર છે.
- બધા વિદ્યાર્થિઓને એક સમાન રાગમાં સ્નાત્રપૂજા શિખવાડી દર રવિવારે સ્નાત્ર-પૂજા ભણાવવી. અને જ્યારે તીર્થ સ્થળ ઉપર જઈએ ત્યારે સામૂહિક સ્નાત્રપૂજા ભણાવવી. જેનાથી જોવાવાળા અન્ય યાત્રાળુઓને પણ પોતાના બાળકોને પાઠશાળા મોકલવાનું મન થાય. સાથે બાળકોને ઢોલક, હાર્મોનિયમ વગેરે સંગીત કલા શીખવાડવી.
- પાઠશાળામાં સૂત્રનું ઉચ્ચારણ સહી તરીકાથી શિખવાડવો.
- એક વર્ષ પૂરું થાય ત્યારે વાર્ષિકોત્સવ રાખવો. જેમાં પાઠશાળાના વિદ્યાર્થિઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન રાખવું તથા વિદ્યાર્થિઓને વિશિષ્ટ પુરસ્કાર આપવો.
- પર્યુષણ પર્વનું અલગથી નિયમ-કાર્ડ બનાવવું. જેમાં એકાસણા-બિયાસણા, ચપ્પલ ત્યાગ, અષ્ટપ્રકારી પૂજા, પૌષધ વગેરે વિશેષ નિયમ રાખવા.
- પાઠશાળામાં પ્રતિદિવસ One Day match ગેમ રાખવો. એટલે કોઈ પણ નિયમનું એક દિવસ પાલન કરવું. એ નિયમ પહેલા દિવસે જ બોર્ડ પર લખી લેવો જેથી વિદ્યાર્થી બીજા દિવસે નિયમનું પાલન કરી શકે.
- જો તમારા ગામમાં કોઈ ભણેલું-ગણેલું હોશિયાર વ્યક્તિ હોય જેનું ધાર્મિક અધ્યયન સારું હોય અને જે પાઠશાળા ચલાવી શકે એવું હોય તો તેને જ પગાર આપીને પાઠશાળા માટે નક્કી કરી શકાય છે.
- સ્થાનિક વ્યક્તિઓ જો પાઠશાળા ચલાવે અને પગાર ન લે, તો પણ ટ્રસ્ટિઓએ વાર્ષિકોત્સવના દિવસે એમનું સારું બહુમાન અવશ્ય કરવું જોઈએ.
- સ્થાનિક વ્યક્તિ પાઠશાળા ચલાવે ત્યારે ટ્રસ્ટી ને આ વાત ખાસ ધ્યાન રાખવી કે ઈનામ આદિની બધી જિમ્મેદારી એ વ્યક્તિ ઉપર જ ન આવી જાય. અર્થાત્ ઇનામ વગેરેની સુંદર વ્યવસ્થા કરીને આપવી.
- સામાયિક, પ્રતિક્રમણની જેમ જ પાઠશાળામાં શ્રુતદાન કરવું (બાળકોને ભણાવવા) તે પણ લાભ જ છે.

# જ્ઞાન

**જ્ઞાન એટલે શું ?** - જ્ઞાન એ આત્માનું એક વિશેષ ગુણ છે. કોઈ પણ પદાર્થની જાણકારી પ્રાપ્ત થવી, એને જ્ઞાન કહેવાય છે.

**જ્ઞાનના કેટલા પ્રકાર છે ?**

જ્ઞાનના બે પ્રકાર છે.

(૧) **સમ્યક્જ્ઞાન**-વિવેક સહિત યથાર્થ વસ્તુને જાણવું.

(૨) **મિથ્યાજ્ઞાન**-મોહ, રાગ, દ્વેષ, અવિવેક દ્વારા વસ્તુની જાણકારી.

**જ્ઞાનના કેટલા ભેદ છે ?**

જ્ઞાનના પાંચ ભેદ છે.

(૧) **મતિજ્ઞાન** - મન અને પાંચ ઇન્દ્રિયોની સહાયતાથી થવાવાળું જ્ઞાન મતિજ્ઞાન.

(૨) **શ્રુતજ્ઞાન** - જે સાંભળવાથી થાય છે. અર્થાત્ શાસ્ત્ર વચનથી થવાવાળું જ્ઞાન શ્રુતજ્ઞાન.

(૩) **અવધિજ્ઞાન**- ઇન્દ્રિયોની સહાયતા વગર મર્યાદિત દ્રવ્યાદિને જેનાથી જાણી શકાય છે. એ અવધિજ્ઞાન છે. આ જ્ઞાન દેવ-નારકીને જન્મથી હોય છે. મનુષ્ય, તિર્યંચને લબ્ધિ હોય તો જ થાય છે. અહીં સુધીના ત્રણ જ્ઞાન સમ્યક્ત્વીને જ્ઞાન રૂપમાં અને મિથ્યાત્વીને અજ્ઞાનરૂપમાં પરિણમે છે.

(૪) **મનઃ પર્યવજ્ઞાન** - જે જ્ઞાનથી અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના ભાવોને જાણી શકાય છે.

(૫) **કેવલજ્ઞાન** - આ જ્ઞાનથી ત્રણે કાળના સર્વ જીવોના સર્વ પર્યાયોને એક સાથે એક જ સમયમાં જાણી શકાય છે એટલે કે જેમાં જગતની એક પણ વસ્તુ અજ્ઞાત નથી રહેતી, એ કેવલજ્ઞાન છે.

**જ્ઞાન પ્રાપ્તિનું ક્રમ :**

**૧. વાચના** - નિર્જરા માટે યથોચિત સૂત્રને આપવું અથવા ગ્રહણ કરવું. આનાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે.

**૨. પૃચ્છના** - ગુરુની પાસે શીખી ગયેલ વિષયનું ચિંતન કરવું અને એમાં ઉત્પન્ન થયેલી શંકાઓને જિજ્ઞાસાપૂર્વક પૂછવું. એનાથી આકાંક્ષા-મોહનીય કર્મનું ક્ષય થાય છે.

**૩. પરાવર્તના** - ગુરુથી પ્રાપ્ત સમાધાનથી જે વિષય નિઃશંક થયુ હોય, એને યાદ કરવું અને એનું વારંવાર સ્વાધ્યાય કરવો. એનાથી વ્યંજન (અક્ષર)ની લબ્ધિ પ્રાપ્ત થાય છે.

૪. **અનુપ્રેક્ષા** - નિઃશંક વિષયનું ચિંતન દ્વારા અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરવું. એનાથી સાત કર્મ શિથિલ (ઢીલા) બને છે.

૫. **ધર્મકથા** - સિદ્ધ થયેલા જ્ઞાનને અન્ય લોકોને શિખવાડીને સ્વ-પર આત્માનું કલ્યાણ કરવું. એનાથી શાસનની પ્રભાવના થાય છે.

**જ્ઞાન ક્યારે ભણવું ?**

પ્રાતઃ ૪ વાગ્યે વાતાવરણ શાંત હોય છે અને રાત્રિ વિશ્રામથી મસ્તિષ્ક પણ સ્ફૂર્તિવાળો બની જાય છે. એ માટે એ સમય (બ્રહ્મ મુહૂર્ત)માં ભણવાથી જલ્દી યાદ થાય છે. અને સવારે ભણવાથી એ ભૂલતા પણ નથી.

**જ્ઞાન ક્યારે નહીં વાંચવું ?**

આવશ્યક સૂત્ર જે ગણધર ભગવંતો દ્વારા રચિત સૂત્ર છે એને કાલવેલામાં નહિ ભણવું જોઈએ.

**કાલવેલા ક્યારે-ક્યારે આવે છે ?**

કાલવેલા દિવસમાં ચાર વાર આવે છે. સવારે સૂર્યોદયથી ૪૮ મિનિટ પહેલા, બપોરે જ્યારે પુરિમુઢ આવે છે એનાં ૨૪ મિનિટ પહેલા અને ૨૪ મિનિટ પછી (એટલે લગભગ ૧૨ થી ૧ વાગ્યા સુધી), સાંજે સૂર્યાસ્તથી ૪૮ મિનિટ તથા મધ્ય રાત્રિમાં ૧૨ થી ૧ વાગ્યા સુધી કાલવેલા હોય છે.

**વિશેષ : નિમ્ન દિવસોમાં જ્ઞાનની અસજ્ઝાય હોય છે.**

- ચૌદસના પક્ખી પ્રતિક્રમણ કર્યા પછીથી લઈને બીજા દિવસે સૂર્યોદય સુધી.
- ચૌમાસી પ્રતિક્રમણ કર્યા પછી અઢી દિવસ સુધી એટલે ચૌમાસી ચૌદસના સાંજથી લઈને વદ બીજના સૂર્યોદય સુધી.
- આસોજ અને ચૈત્ર માસની ઓલીમા સુદ પાંચમના બપોરે ૧૨ વાગ્યાથી વદ બીજ ના સૂર્યોદય સુધી એટલે કે ૧૨ દિવસ સુધી. આ દિવસો અસ્વાધ્યાયના દિવસો કહેવાય છે.
- આ દિવસોમાં સ્તવન, સ્તુતિ, સજ્ઝાય વગેરે યાદ કરી શકાય.

**જ્ઞાન વાંચતી વખતે કેવી રીતે બેસવું ?**

ઉભડક આસન એટલે કે બે ઘુંટણોની વચ્ચમાં બે હાથ રાખીને બેસવું જોઈએ આને વિનય મુદ્રા અથવા યથાજાત મુદ્રા પણ કહેવાય છે. આ મુદ્રામાં અથવા પલાઠી વાળીને ડાબા પગના અંગૂઠાને જમણા હાથથી પકડવો અને જમણા પગના અંગૂઠાને ડાબા હાથથી પકડીને સીધા બેસીને ગુણગુણાવતા વાંચવું જોઈએ. આનાથી ઊંઘ નથી આવતી અને મન પણ સ્થિર રહે છે. સાથે જ્ઞાન ને ઉચ્ચ સ્થાન પર રાખીને વાંચવું જોઈએ, જેનાથી જ્ઞાનની આશાતના ન થાય. પૂર્વ, ઈશાન અને ઉત્તર દિશાઓ

જ્ઞાનવર્ધક હોવાથી એ દિશાઓની સન્મુખ મોઢું રાખીને વાંચવું જોઈએ. અને મોઢું દિવાલની સામે રાખીને વાંચવાથી પણ મન અહીં-તહીં ભટકતું અટકે છે.

**જ્ઞાનના કેટલા આચાર છે અને કયા કયા ?**

જ્ઞાનના ૮ આચાર છે.

(૧) **કાલે** - જે સમય વાંચવા માટે બતાવ્યો છે તે સમયે જ જ્ઞાન વાંચવું.

(૨) **વિનય** - જ્ઞાન અને જ્ઞાનીનો વિનય કરીને વાંચવું. એટલે ગુરુ હોય તો એને વંદનાદિ કરવા અને જ્ઞાનને પાંચ ખમાસમણા દઈને વાંચવું.

(૩) **બહુમાન** - જ્ઞાન અને જ્ઞાનીના પ્રતિ હૃદયમાં બહુમાન-અહોભાવ રાખવો.

(૪) **ઉપધાન** - ઉપધાન તપ કરીને વાંચવું.

(૫) **અનિહ્નવ** - જેનીપાસે અધ્યયન કર્યું હોય એનું નામ છુપાવીને બીજાનું નામ નહીં બતાવવું.

(૬) **વ્યંજન** - સૂત્રોનું શુદ્ધ ઉચ્ચારણ કરવું એટલે કે ઓછા અથવા વધારે અક્ષર નહીં બોલવા.

(૭) **અર્થ** - જે સૂત્રનો જેવો અર્થ છે તેવો જ અર્થ સમજવો અને કહેવો.

(૮) **તદુભય** - સૂત્ર શુદ્ધ અને અર્થ સહિત ઉપયોગપૂર્વક બોલવા.

આ આઠ આચારોનું જે પાલન કરે છે, એ જ્ઞાનાચારના આરાધક કહેવાય છે. એમાં જે દોષ લાગે છે જેમકે અકાલ વેલામાં વાંચવું, જ્ઞાનની આશાતના કરવી વગેરે અતિચાર કહેવાય છે.

**જ્ઞાનની આરાધના કેવી રીતે કરવી ?**

જ્ઞાન પાંચમ (કાર્તિક સુદ પાંચમ)ના દિવસે ઉપવાસ કરીને ૫૧ ખમાસમણા, ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૫૧ સાથિયા અને ''ૐ હ્રીઁ નમો નાણસ્સ'' પદની ૨૦ માળા ગણવી. દર મહિનાની સુદ પંચમીના દિવસે તપની સાથે આ ક્રિયા કરવી જોઈએ. આવી રીતે ૫ વર્ષ ૫ મહિના સુધી કરવાથી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયની સાથે જ્ઞાનની આરાધના થાય છે. ઉપવાસની તપસ્યા કરવાથી કર્મની વિશેષ નિર્જરા થાય છે, પરંતુ ઉપવાસ કરવાની શક્તિ ન હોય તો આયંબિલ કે એકાસણાથી પણ આ તપ કરીને ઉપરોક્ત બતાવેલી આરાધના કરવી જોઈએ.

- આનાથી અતિરિક્ત પણ જ્ઞાનની આરાધના માટે ૫૧ અથવા કમ થી કમ ૫ ખમાસમણા, ૫ લોગસ્સનો કાઉસ્સગ્ગ તથા પાંચ સાથિયા અને પાંચ માલા નિત્ય ગણવી.
- જ્ઞાન અને જ્ઞાનીનુ, પુસ્તક, ઠવણી, માળા, પેન, પેન્સિલ વગેરે જ્ઞાનના ઉપકરણોનું બહુમાન કરવું. નવા-નવા જ્ઞાનોપાર્જનમાં સમયનો સદુપયોગ કરવો.
- પાઠશાળામાં બાળકોને ઇનામથી પ્રોત્સાહિત કરવા. ગુરુજીનું બહુમાન કરવું. બાળકો

પાઠશાળામાં જોડાય આ હેતુ થી સાંસ્કૃતિક પ્રોગ્રામ રાખવા. જૈનિજમ કોર્સના વિદ્યાર્થી અથવા પ્રતિનિધિ બનીને એનો પ્રચાર કરવો આ બધું પણ જ્ઞાનની આરાધનાની અંતર્ગત આવે છે.

**જ્ઞાનની આશાતનાથી બચવું -**

શાસનના કોઈ પણ કાર્યક્રમના પ્રચારનું મુખ્ય સાધન છે પત્રિકા. આના માધ્યમથી લોકો વધારે માં વધારે કાર્યક્રમમાં જોડાય છે. અને આનાથી શાસનની પ્રભાવના થાય છે. પરંતુ આજકાલ પત્રિકાનું આ મુખ્ય ઉદ્દેશ્ય લુપ્ત થઈને લોકરંજનનુ નવું ઉદ્દેશ્ય આવી ગયું છે. સામાન્યથી જે સમાચાર ૧૦ રૂ. ની પત્રિકામાં પ્રસારિત થઈ શકે છે. આજકાલ એ જ સમાચાર ૧૦૦ રૂ. ની પત્રિકાના માધ્યમથી પ્રસારિત થઈ રહ્યા છે. આ વાત અત્યંત વિચારણીય છે કે અમે પરમાત્માની આજ્ઞાને કચડીને લોકોને ખુશ કરવા જેવા અકાર્ય કરી રહ્યા છીએ. આનાથી કેટલુંય નુકશાન ઉઠાવવું પડે છે. જ્ઞાનની આશાતના થાય છે કારણ કે સામાન્યતઃ કોઈપણ વ્યક્તિ પોતાના ઘરમાં પત્રિકાનો ભાર રાખવા માટે તૈયાર હોતો નથી. અને એ પત્રિકાઓને જ્યાં-ત્યાં ફેંકી દે છે. એનાથી જ્ઞાનની આશાતના થાય છે અને પરમાત્માની આજ્ઞા ભંગનું પણ પાપ લાગે છે. અને આ જ રાશિ જો પાઠશાળામાં લગાવા મા આવે તો કેટલાય બાળકોના જ્ઞાનોપાર્જનનો લાભ તમે લઈ શકો છો. જેનાથી તમારા જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થાય છે.

- બને ત્યાં સુધી પત્રિકામાં ફોટો ન છપાવવા.
- પત્રિકાઓ અથવા પેપરોને પરઠતી વખતે એમાં રહેલા પંચેન્દ્રિય જીવના ફોટો અલગથી ફાડીને પછી પરઠવા જોઈએ. ફોટો વગેરે હોય તો તેના ટુકડા ન કરવા. ફોટો અલગથી પરઠવા. અન્યથા જ્ઞાનની આશાતનાની સાથે પંચેન્દ્રિય જીવની હત્યાનું પાપ પણ લાગે છે.
- પત્રિકાઓ અથવા પેપર્સને નિર્જીવ સ્થાન અને જ્યાં કોઈનો પગ ન પડે એવી જગ્યા પર, ખાડામાં પરઠીને (નાંખીને) એની ઉપર ધૂળ નાખી દેવી જોઈએ. જેથી કોઈ એની ઉપર ચાલીને અથવા અશુચિ કરીને આશાતના ન કરે.
- આચાર્ય આદિ જ્ઞાનીનો અવિનય, આશાતના કરવાથી, અકાલમાં (અસમય માં) વાંચવાથી અથવા કાલમાં (વાંચવાને માટે નિર્ધારિત સમય પર) નહિ વાંચવાથી જ્ઞાનની આશાતના થાય છે.
- ચોપડીના પાના પલટાવા માટે, નોટ વગેરે ગણવા માટે અને ટિકિટ વગેરે ચોંટાડવા માટે થૂંક નો ઉપયોગ ન કરવો.

- ચોપડીને અહીં-તહીં કે નીચે રાખવી નહીં. ચોપડીનો તકિયો બનાવવો નહીં અને તેનો ટેકો લેવો નહી. ચોપડીને પાસે રાખીને પેશાબ વગેરે કરવો નહીં.
- એઠું મોં અને અશુચિ અવસ્થામાં ન બોલવુ. એમ.સી.માં ત્રણ દિવસ સુધી ચોપડી કે જ્ઞાનના ઉપકરણોનો સ્પર્શ ન કરવો. ચોપડી વાંચવી નહી,અને કંઈ પણ લખવું નહીં તથા ત્રણ દિવસ સંપૂર્ણપણે મૌન રાખવો.
- પેપર, પત્ર વગેરેથી અશુચિ સાફ કરવાથી, પેપરમાં ખાવાથી, ચપલ બાંધવાથી, ચિવડો, નમકીન, મિઠાઈ વગેરેના પેકેટ બાંધીને તથા ફટાકડા ફોડતા સમયે અક્ષરવાળા કાગળને સળગાવાથી જ્ઞાનાવરણીય કર્મનું બંધ થાય છે.

## ભવ આલોચના

પાપ કરવાનો સ્વભાવ જીવનો અનાદિ કાલથી છે અને આ કારણથી ૮૪ લાખ યોનિમાં જીવે બહુધા દુઃખ જ જોયું છે. પૂર્વભવનાં કંઈક પુણ્ય કર્મના કારણે આપણને આ માનવ ભવ તથા જૈન ધર્મ મળ્યો છે.

જેવી રીતે કોઈના શરીરમાં કેંસરની ગાંઠ થઈ જાય, અને એની યોગ્ય ચિકિત્સા કરવામાં આવે તો એ દર્દી એ રોગથી મુક્ત બની જાય છે. એનાથી વિપરીત કોઈના શરીરમાં એક નાનો કાંટો વાગી જાય અને એ કાંટાને નીકાળવામાં ન આવે તો એ નાના કાંટાની પીડા કેટલાક દિવસોમાં એટલી બધી વધી જાય છે કે માણસ મરી પણ જાય છે.એટલે કે કેંસર જેવો મોટો રોગ પણ સહી ઇલાજથી સારો થઈ શકે છે અને એક નાનો કાંટો પણ જીવ ને મારી શકે છે. એવી જ રીતે જીવનમાં મોટા-મોટા પાપ થઈ ગયા હોય, તો પણ શુદ્ધ આલોચના દ્વારા જીવ એ પાપોથી મુક્ત બની શકે છે. પરંતુ એક નાનું પાપ પણ જો મનમાં છુપુ રહી જાય તો તે આત્માના એક-બે ભવ જ નહીં પરંતુ ભવો-ભવ બગાડી દે છે. આ ભવમાં આપણે જેવા કાર્ય કરીએ છીએ તેવા ફળ કર્મસત્તા આપણને આવતા ભવમાં આપે છે. એટલે કે આ ભવમાં કરેલા કર્મો આવતા ભવમાં ઉદયમાં આવે છે. તમે આ ભવમાં પુણ્ય કર્મ કર્યા છે, તો આવવાવાળાં ભવમાં તમને સુખ ઉદયમાં આવશે. અને આ ભવમાં આજ સુધી પાપ જ કર્યા હશે તો આવવાવાળા ભવમાં તમને દુઃખ ઉદયમાં આવશે. જો આજ સુધી તમે જીવનમાં પાપ જ કર્યા છે, પરંતુ આવવાવાળાં ભવમાં એ પાપનાં ઉદય રૂપ દુઃખ ન જોઈએ તો આ દુઃખને નિર્મૂલન કરવાનો એક જ ઉપાય છે **"આલોચના."**

જો તમે આલોચના દ્વારા તમારા પાપોનું પ્રાયશ્ચિત ન કર્યું તો એ કર્મ આવતા ભવમાં એટલા ભયંકર દુઃખ રૂપે ઉદયમાં આવશે કે એ સમયે તમે બચાઓ...બચાઓ...ની પુકાર કરશો અથવા રડશો, તો પણ તમારું દુઃખ ઓછું નહીં થાય. અતઃ તમને તમારો પરભવ સુધારવો હોય તો આ જ ભવમાં પોતાના પાપોની આલોચના કરી લેવી જોઈએ.

અનાદિકાલથી જીવ પાપ કરવાની વૃત્તિમાં પ્રવૃત્ત હોવાથી એના દ્વારા પાપ સહજતાથી થઈ જાય છે. પાપ થઈ ગયા પછી તેને સ્વીકાર કરી ગુરુની સમક્ષ યથાવત્ પશ્ચાતાપ પૂર્વક કહેવું ઘણું દુષ્કર છે. અથવા અત્યારે ગુરુના સમક્ષ આલોચના કરતા આંખોમાં પશ્ચાતાપનાં આંસૂ આવી જાય તો, પરભવમાં દુઃખનાં આંસૂ નહીં રોવા પડે.

- દુઃખમાં રોવું, આ આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન એટલે અશુભધ્યાન છે.
- પાપના પશ્ચાતાપમાં રોવું, આ શુભ ધ્યાન છે.
- દુઃખમાં રોવાથી નવા પાપોનું આગમન થાય છે.
- પાપના પશ્ચાતાપમાં રોવાથી અનેક પાપોનું નિકંદન થાય છે.

પસંદગી તમારા હાથમાં છે. પાપ દુઃખમાં પરિવર્તિત થઈ જાય ત્યારે રોવું કે પહેલાં ? પહેલા રોવું એટલે કે પશ્ચાતાપપૂર્વક પાપની આલોચના કરી લેવી. જેનાથી દુઃખ આવે જ નહીં. કુદરતે અમારી ઉપર એટલી મહેરબાની કરી છે કે પાપ તરત જ દુઃખમાં પલટતું નથી જેથી એને નાબુદ કરવાનો એક ચાન્સ મળી જાય છે.

- શ્રીપાલ રાજાએ પૂર્વભવમાં એક મુનિને કોઢી કહ્યો. પરંતુ તેની શુદ્ધ આલોચના નહી કરવાથી શ્રીપાલ રાજાના ભવમાં નાનપણથી જ એમને કોઢના રોગી બનવું પડ્યું.
- એક ખેડૂતે સોયમાં જૂ ને પરોવી અને એનું પ્રાયશ્ચિત નહીં કર્યું. જેના કારણે એને ૭ ભવ સુધી ફાંસી ઉપર ચઢાવ્યો.
- ભગવાન મહાવીર સ્વામીએ ત્રિપુષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં ગરમાગરમ સીસો નખાવ્યો અને એની આલોચના લીધી નહીં. એ ભવ પૂર્ણ કરીને નરકમાં ૩૩ સાગરોપમ સુધી મહાભયંકર દુઃખોને સહન કર્યા. તો પણ પાપથી મુક્ત થયા નહીં. ત્યાંથી કેટલાય ભવોં સુધી ભટકતાં-ભટકતાં ૨૫માં નંદનમુનિના ભવમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કર્યા. તો પણ તે પાપનું પ્રાયશ્ચિત નથી થયું. છેલ્લે મહાવીર સ્વામીના ભવમાં એ કર્મનો ઉદય થવા પર ગોપાલકે કાનમાં ખીલા ઠોક્યા. પાપ તો કાનમાં સીસા નાખવા જેટલું કર્યું હતું. જેના બદલામાં

નરકની ઘોર યાતના સહન કરી, કઠિન તપસ્યા આદિ કરી. તો પણ એ પાપથી મુક્ત નહીં થયા. કોઈ જીવ અતિ આવેશમાં આવીને રસપૂર્વક કોઈ કર્મ બાંધી લે અને આલોચના કર્યા વગર મરી જાય તો એ કર્મને ભોગવ્યા વગર બીજો કોઈ ચારો રહેતો નથી.

- એક દિવસ છોકરો સ્કૂલથી ઘરે આવ્યો. એને ખૂબ ભૂખ લાગી હતી. માઁ રસોઈ બનાવીને પાણી ભરવા ગઈ હતી. જેવી માઁ ઘરે આવી છોકરાએ ક્રોધમાં આવીને કહ્યું, ''ક્યાં ફાંસીએ લટકવા ગઈ હતી કે આટલું મોડું થઈ ગયું ?'' માઁ ને પણ ગુસ્સો આવ્યો અને એણે પણ કહ્યું ''શું તારા હાથ કપાઈ ગયા હતાં ? કે તુ ખાવાનું લઈને ખાઈ ન શક્યો.'' બંનેએ આલોચના કરી નહી. જેના કારણે આગળનાં ભવમાં માઁ ના હાથ કપાયા અને છોકરાને નિર્દોષ હોવા છતાં પણ ફાંસીએ ચડવું પડ્યું.
- પૂર્વભવમાં આલોચના નહીં કરવાથી મહાસતી સીતા પર અસતીત્વનું કલંક લાગ્યું.
- રાજા હરિશ્ચંદ્રને બાર વર્ષ સુધી ચંડાલના ઘરે નોકરી કરવી પડી. તારા રાણી ઉપર રાક્ષસી હોવાનો આરોપ આવ્યો અને પુત્રનો વિરહ સહવો પડ્યો.
- મહાસતી અંજનાસુંદરીએ પૂર્વ ભવમાં ૨૨ ઘડી સુધી પ્રભુની પ્રતિમાને કચરાનાં ડબ્બામાં છુપાવીને રાખી અને એનું પ્રાયશ્ચિત ન કર્યું. જેના ફલ સ્વરૂપે ૨૨ વર્ષ સુધી પતિનો વિરહ સહેવો પડ્યો. સાથે જ કુલ્ટા થવાનો કલંક આવ્યો અને જંગલમાં ભટકવું પડ્યું.

એના થી વિપરીત અર્જુનમાલી, ચિલાતીપુત્ર જેવા ખૂની પાપનો સ્વીકાર કરીને આલોચના કરીને એજ ભવમાં મોક્ષે ગયા. કુબેરસેના-કુબેરદત્ત અને કુબેરદત્તાએ સંસારની વાસનાને ખતમ કરીને શુદ્ધ પ્રાયશ્ચિત લઈને એજ ભવમાં સિદ્ધગતિ પ્રાપ્ત કરી. આ પ્રમાણે આલોચના નહીં કરવાથી નાના પાપો પણ બહુ મોટા થઈ જાય છે અને આલોચના કરવાવાળા ખૂની એવા મહાપાપી પણ એજ ભવમાં પાર થઈ જાય છે. અતઃ આલોચના કરવી જ જોઈએ.

પ્રાયશ્ચિત કરતી વખતે પ્રસ્તુત પાપની સાથે-સાથે અન્ય ભવોભવનાં પાપ પણ ધોવાઈ જાય છે. આજસુધી કેટલીય આત્માઓ આલોચના લેવાના ભાવ કરતા-કરતા, કેટલાંક આલોચના લેવા માટે ગુરુની સમીપ જતા-જતા, કેટલાંક આલોચના કરતા-કરતા, કેટલાંક આત્માઓ આલોચનાને વહન કરતા-કરતા મોક્ષમાં ગયા છે. અતઃ જે ભવમાં પાપ કર્મ કર્યું હોય, એજ ભવમાં આલોચના થઈ જાય તો એ કર્મ સર્વથા નિર્મૂલન થઈ શકે છે. અન્યથા આગલા ભવમાં એને માત્ર ભોગવવા સિવાય બીજો કોઈ ઉપાય રહેતો નથી.

શાસ્ત્રકાર મહર્ષિ બતાવે છે કે જંબૂદ્વીપમાં મેરુ વગેરે જેટલા પણ પર્વત છે, એ બધા જો સોનાના બની જાય અને જંબૂદ્વીપમાં જેટલી માટી છે એ રત્ન બની જાય તથા આ સોનાનાં અને રત્નોને કોઈપાપી જીવ સાત ક્ષેત્રોમાં દાન દે તો પણ તે એટલો શુદ્ધ નથી બની શકતો. જેટલો એ ભાવપૂર્વક આલોચના દ્વારા પ્રાયશ્ચિત લઈને શુદ્ધ બને છે. એટલું જ નહીં પણ કોઈ આત્મા શુદ્ધ આલોચના કરવા માટે પ્રયત્ન કરે અને તે પ્રાયશ્ચિત કરવાની પહેલાં જ મરી જાય તો પણ તે આરાધક બને છે. એના થી વિપરીત અશુદ્ધ આલોચના કરવાવાળા વિરાધક બને છે. એ માટે આલોચના શુદ્ધ કરવી જોઈએ.

**ભવ આલોચના કરવાથી થવાવાળા લાભ -**

જેમ ભાર વાહક વ્યક્તિ શરીર પરથી ભાર ઉતારીને હળવો થઈ જાય છે. એ જ રીતે આલોચના દ્વારા પાપનો ભાર ઉતરવાથી આત્મા હલ્કાપણાનો અનુભવ કરે છે. આત્મામાં પાપશલ્ય દૂર થઈ જવાથી હૃદય આનંદવિભોર થઈ જાય છે. સરળતા, પ્રસન્નતા આદિ ગુણ એની આત્મામાં વિકસિત થાય છે. અતિચાર રૂપી મેલ ધોવાઈ જવાથી આત્મ-શુદ્ધિ થઈ જાય છે. આ માટે સમ્યક્ આલોચના અભ્યંતર તપની અંતર્ગત આવે છે. આથી જીવ તપ યુક્ત બને છે અને તીર્થંકર ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે.

**આલોચના કેવી રીતે કરવી જોઈએ ?**

સૌપ્રથમ મનમાં પાપો પ્રતિ ઘૃણા ઉત્પન્ન કરીને, કરેલાં પાપોને યાદ કરવા. હૃદયને પશ્ચાતાપથી ગદ્-ગદ્ કરીને એક પણ પાપ છુપાવ્યા વિના આલોચના લખવાની શરુ કરવી. માત્ર પાપોંને લખી લેવું એટલું જ નહીં પરંતુ જે પાપ પોતે અજ્ઞાનતાથી, જાણી-જોઈને, પ્રમાદથી, અભિમાન થી કે અશ્રદ્ધાથી જેવું કર્યું હોય એવું અને જેટલી વાર કર્યું હોય, એને વિસ્તારથી નિઃસંકોચ પણે લખવુ. એની સાથે-સાથે ગુપ્ત (જે પાપ પોતાની આત્મા સિવાય કોઈ ન જાણતું હોય) એવા પાપોની વિશેષ રૂપથી આલોચના કરવી.

એમાં કેટલી વાર પાપ કર્યું હોય એ ફિક્સ યાદ ન આવે તો અંદાજથી પણ લખવું. તે પણ યાદ ન આવે તો એ પાપનો સમય લખવો. જેમ કે ૧૫ વર્ષની ઉંમર સુધી જ્ઞાન હોવા છતાં અથવા તો અજ્ઞાનતાથી કંદમૂલ ખાધા...આ પાપોનું તથા એના સિવાય કોઈ પાપ તમને યાદ હોય પણ એની આલોચના, આલોચના ની પુસ્તકમાં ન આપી હોય, તો એ બધા પાપોને એક પેપર પર લખીને ભવ-આલોચનાની પુસ્તકની સાથે સ્ટેપલર કરી દો. છેલ્લે પુસ્તકને લિફાફામાં બંધ કરીને ગીતાર્થ આચાર્યશ્રી ની પાસે એની આલોચના માંગવી.

કોઈ પણ વ્યક્તિ એક પણ પાપ છુપાયા વગર આલોચના લખે છે, અને એકાદ પાપ એને યાદ નથી આવતું અને લખવાનું રહી જાય તો પણ એના મનમાં બધા પાપોના પ્રતિ પશ્ચાતાપ અને શુદ્ધ આલોચના લેવાના પરિણામ હોવાથી એનું પ્રાયશ્ચિત થઈ જાય છે. આલોચકને આલોચના લખતા સમયે એવું કોઈ ગંભીર પાપ લખવામાં શરમ આવે કે ગુરુભગવંત મારા માટે શું વિચારશે ? એમની દૃષ્ટિમાં હું નીચો પડી જઈશ ? એમને મારા ધાર્મિક હોવા ઉપરથી અવિશ્વાસ થઈ જશે ? વગેરે કુવિચાર ન કરવા. કેમકે આલોચના દાતા ગુરુભગવંતની આ વિશેષતા હોય છે કે હલકાથી હલકા પાપ કરવાવાળાની માટે પણ એના દિલમાં કરુણા જ વહેતી હોય છે. એ જાણે છે કે પાપ હોવું એ સહજ છે. પરંતુ પાપની આલોચના કરવાવાળાં મહાન હોય છે. અતઃ તમે એક પણ વાત છુપાવ્યા વગર જેટલી સૂક્ષ્મતાથી આલોચના લખો છો એટલી અધિક ગુરુ ભગવંતની કૃપા દૃષ્ટિ તમારી ઉપર વરસતી રહે છે. અતઃ ગુરુભગવંતથી કંઈ પણ છુપાવવું નહીં. ગુરુ ભગવંતથી મોટાપાપને છુપાવીને સામાન્ય પાપોની આલોચના કરવાથી અમને ગુરુભગવંત પર વિશ્વાસ ન હોવાનું મહાપાપ લાગે છે.

**નોંધ :** સુગમતાથી ભવ-આલોચના થઈ શકે તે માટે આ પુસ્તકની સાથે નાનકડી ભવ-આલોચના પુસ્તિકા આપવામાં આવેલ છે. તેને ઉપરોક્ત ભાવોથી ભરીને ઓપન-બુક પરિક્ષા ઉત્તરપત્રની સાથે આપવી

ચોપડીના આગળ પોતાનું નામ, સરનામું અને ઉંમર સ્પષ્ટ અક્ષરોમાં લખવુ અને પહેલા ''ભવ આલોચના'' લીધી હોય તો તે ક્યારે અને કોની પાસે લીધી ? અને એનું પ્રાયશ્ચિત પૂર્ણ થયું કે નહીં ? વગેરે પણ લખવું. પહેલા લીધી હોય તેવી ભવ આલોચનામાં યાદ ન આવવાથી અથવા ફરી યાદ આવવાથી શરમ વગેરેથી એ પાપની આલોચના ન કરી હોય અને હવે યાદ આવી હોય, તો આ પ્રમાણે બતાવીને આલોચના કરવી. તપસ્યા કેટલી કરી શકો છો તથા દાનાદિ ની કેટલી શક્યતા છે એ પણ લખવું.

આલોચના દીધા પછી આલોચક નીચેની ગાથા બોલીને મિચ્છામિ દુક્કડમ્ દે અથવા ગુરુ ભગવંત ગાથા સંભળાવીને મિચ્છામિ દુક્કડં અપાવે.

**છઉમત્થો મૂઢમણો કિત્તિયામિત્તં ચ સંભરઈ જીવો.**
**જં જં ન સંભરામિ મિચ્છામિ દુક્કડં તસ્સ ॥૧॥**
**જં જં મણેણ બદ્ધં જં જં વાએણં ભાસિયં પાવં ।**
**જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ ॥૨॥**

**અર્થ :** અજ્ઞાનતા થી છદ્મસ્થ જીવ કેટલુ યાદ કરી શકે છે ? જે-જે પાપો મને યાદ નથી આવી રહ્યા. એ બધાનું પણ મિચ્છામિ દુક્કડમ્ આપું છું.

જે પાપ મનથી કર્યા છે, જે પાપ વચનથી કર્યા છે, તથા જે પાપ શરીરથી કર્યા છે આ બધાને હું અંતરથી મિચ્છામિ દુક્કડમ્ આપું છું. (આ આલોચના લિખિત હોય તો આલોચના લખ્યા પછી પોતે અર્થ સહિત આ ગાથા બોલવી)

## સાધર્મિક ભક્તિ

જે પ્રમાણે છોકરીની સગાઈ થવા માત્રથી એના પતિના બધા સંબંધીની સાથે છોકરીનો સંબંધ તરત જોડાઈ જાય છે. પછી તેને પતિના મમ્મી-પપ્પા, ભાઈ-બહેન, કાકા-કાકી, મામા-મામી વગેરેની સાથે અલગથી સંબંધ જોડવાની જરૂર પડતી નથી. હોંશિયાર છોકરી એના બધા સંબંધિઓને સ્વીકારીને સેવા ભક્તિથી બધાના દિલ જીતીને એના પતિના હૃદયમાં અદ્ભુત સ્થાન પ્રાપ્ત કરી લે છે. પરન્તુ જે છોકરી એના પતિના સંબંધિઓને પરાયા માને છે. એ જીવનભર ઘણા પ્રયત્નો પછી પણ પતિનાં દિલમાં એવું ઊંચું સ્થાન નથી પામી શકતી.

એ જ પ્રમાણે અનાદિકાલથી ભવ અટવીમાં ભટકતા આપણને વીતરાગ પ્રભુ ''સ્વામી''ના રૂપમાં પ્રાપ્ત થયા છે. પ્રભુને ભર્તાર રૂપમાં સ્વીકાર કરવા માત્રથી જ પ્રભુ સાથે જોડાયેલા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા વગેરેની સાથે આપણો સંબંધ સ્વતઃ જ જોડાઈ જાય છે. એટલે આપણે સાધર્મિકની સાથે કઈ રીતે પ્રેમ કરવો એ અલગથી શિખવાની જરૂરત નથી પડતી. જો વ્યક્તિ સાધર્મિકની સાથે પુત્રવત્ પ્રેમ નથી લાવી શકતો તે વ્યક્તિ લાખો પ્રયાસ કર્યા પછી પણ પ્રભુને ખુશ રાખી નથી શકતો.

**''સમાનઃ ધર્મઃ યેષાં તે ઈતિ સાધર્મિકાઃ''** એટલે આપણા સમાન ધર્મવાળાને સાધર્મિક કહે છે. સાધુ-સાધ્વી માટે અન્ય સાધુ-સાધ્વી સાધર્મિક છે અને શ્રાવક-શ્રાવિકાઓ માટે અન્ય શ્રાવક-શ્રાવિકાઓ સાધર્મિક છે. જે પ્રમાણે પરમાત્માએ મોક્ષ માર્ગ દેખાડીને અમારી ઉપર ઉપકાર કર્યો છે, એવી જ રીતે શ્રાવક-શ્રાવિકાઓ એ માર્ગ ઉપર ચાલીને આપની ઉપર ઉપકાર કર્યો છે. તે આ પ્રમાણે છે.

આજ હજારો માણસો સંઘમાં આયંબિલ કરે છે તો આપણને પણ આયંબિલ કરવાની ઈચ્છા થાય છે અને જેને પશુ પણ ના ખાય એવા રુખા-સુખા આહારને મોટામાં મોટા શ્રીમંત પણ પ્રસન્નતાપૂર્વક ખાઈ શકે છે. જે વ્યક્તિને એક દિવસ પણ ભોજન વગર રહેવું દુષ્કર છે, ત્યાં શ્રાવક-શ્રાવિકાઓ માસક્ષમણ જેવા કેટલાક ભીષ્મ તપ સહજતાથી કરી લે છે. આનું કારણ શું છે ? તો એ જ કે દરેકને કરતાં જોઈને આપણા મનમાં પણ હિંમત વધી જાય છે અને ઉત્સાહ આવી જાય છે, જે આપણને આ

દુષ્કર કાર્ય કરવામાં સફળ બનાવે છે. આ જ પ્રમાણે પૂજા-સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ઉપધાન, નવ્વાણુ, છ:રી પાલિત સંઘ અને દીક્ષા લેવી વગેરે સર્વ ધર્માનુષ્ઠાનની સુવિશુદ્ધ પરંપરાને ટકાવી રાખવાનો શ્રેય ધર્મ કરવાવાળા સાધર્મિકોને જ જાય છે.

એટલે આ સિદ્ધ થાય છે કે આજે આપણે જે પણ ધર્મ કરીએ છીએ એ સાધર્મિક બંધુઓના અવલમ્બનથી જ થાય છે. આવા ઉપકારી સાધર્મિક બંધુઓની જેટલી ભક્તિ કરીએ એટલી ઓછી છે. પર્યુષણના પાંચ કર્તવ્ય, વાર્ષિક ૧૧ કર્તવ્ય અને શ્રાવકના ૩૬ કર્તવ્ય વગેરેમાં સાધર્મિક ભક્તિનો વિધાન કરીને જ્ઞાનિયોએ આનું મહત્ત્વ બહુ વધાર્યું છે. પૂ. લક્ષ્મીસૂરિજી મ.સા.એ તો અહીં સુધી કહ્યું છે કે ત્રાજવાનાં એક પલ્લામાં પોતાની બધી આરાધના રાખો અને બીજા પલ્લામાં સાધર્મિકની એકવાર કરેલી ભક્તિ રાખો, તો તેમાં સાધર્મિક ભક્તિનું પડલું જ વધારે ભારે થશે. આ બધું જાણ્યા પછી સાધર્મિક-ભક્તિ કર્યા વગર શ્રાવકને શાંતિથી ઉંઘ કેવી રીતે આવી શકે ?

સાચો પ્રભુ ભક્ત તો એ જ છે જે પ્રભુના ભક્તોનો પણ ભક્ત હોય. જેના હૃદયમાં સાધર્મિક ભક્તિ કરવાનો હંમેશા આદર-બહુમાન ભાવ ઉછળતો હોય છે. એને એક દિવસ પણ સાધર્મિક ભક્તિ કરવાનો અવસર ના મળે તો તે દિવસ નિષ્ફળ લાગવા લાગે. ખાસ ધ્યાન રાખવુ કે સાધર્મિક ક્યારેક આર્થિક સ્થિતિથી કમજોર હોય અને તમે તેને આર્થિક સહયોગ કરી રહ્યા હો ત્યારે પણ તમારા દિલમાં એના પ્રત્યે પ્રેમ અને વાત્સલ્યની જ ભાવના હોવી જોઈએ. પ્રભુનો ભક્ત ક્યારે પણ બિચારો નથી હોતો. તેની ઉપર દયા નહીં અપિતુ પ્રેમ જ હોવો જોઈએ. કોઈ પિતા તેના છોકરાને પૈસા આપતા હોય તો ત્યાં બિચારાપણાનો ભાવ નથી હોતો. અપિતુ વાત્સલ્ય જ ઉછળતું હોય છે. આવો જ ભાવ સાધર્મિક માટે પણ હોવો જોઈએ.

**પ્ર. તમારી આ વાત તો સાચી છે કે સાધર્મિક જ ધર્મને ટકાવી રાખે છે એ માટે એની અહોભાવથી ભક્તિ કરવી જોઈએ. પરંતુ દરેક જૈન-વ્યક્તિ ધર્મ નથી કરતો તો પણ એની ભક્તિ કરવી જોઈએ કે નહીં ?**

જ. ગુણવાન સાધર્મિક ની ભક્તિ કરવાથી આપણા અંદર પણ ગુણ આવે છે. પરંતુ માનો કે કોઈ સાધર્મિક જૈન હોવાના બાવજૂદ પણ કોઈ કુકર્મના ઉદયથી એનું જીવન ખરાબ થઈ ગયું હોય, તે વ્યક્તિ સાત વ્યસનમાં ડુબી ગયો હોય. તો પણ એને જન્મથી વીતરાગ પરમાત્મા, પાંચ મહાવ્રતધારી ગુરુ ભગવંત અને જૈન-કુળને પ્રાપ્ત કર્યો છે, એટલે એ મહાન છે. વ્યક્તિનો જૈન કુળમાં જ ઉત્પન્ન થવું એ જ એની યોગ્યતાનું સૂચક છે. એટલે ધર્મ-વિહીન સાધર્મિકોને ધિક્કારવાના બદલે એને પ્રેમથી સત્કારવું જ હિતાવહ છે.

એક વાત હંમેશા ધ્યાનમાં રાખવી જોઈએ કે ''કોઈને ધિક્કારીને જીતવું એની જગ્યાએ પ્રેમ અને વાત્સલ્યથી હારી જવું હજાર ગણું સારું છે.'' દુરાચારી બનેલા જૈન સાધર્મિકને તમે પ્રેમ, આદર સહિત પ્રોત્સાહન આપો તો તેની અંદર રહેલા દોષ એક દિવસ તમારા પ્રેમના કારણે ગુણમાં પરિવર્તિત થઈ જશે.

એક સાચી ઘટના - પોતાના ધંધા માટે રાજકોટ જઈ રહેલા જૈન યુવકને એક ગુરુ ભગવંતે ત્યાં બિરાજેલા આચાર્ય મ.સા.ને આપવા માટે એક પત્ર આપ્યો. ધર્મથી અનભિજ્ઞ યુવકે રાજકોટ જઈને ત્યાં ચાતુર્માસ હેતુ બિરાજેલા આચાર્ય ભગવંતને પ્રણામ કરીને પત્ર આપ્યો. એ સમયે બહારગામથી આવેલા સાધર્મિકને જોઈને ત્યાંના સ્થાનિક શ્રાવકના દિલમાં સાધર્મિક પ્રતિ વાત્સલ્ય પ્રેમ ઉભરાઈ આવ્યો. એમને યુવકને એમના ઘરે ભોજન માટે આમંત્રણ આપ્યું. આગંતુક યુવાન કોઈ પણ પ્રકારે આમંત્રણને સ્વીકારવા માટે તૈયાર ન હતો. બન્નેની વચ્ચે ઘણી આના-કાની (મહેમાનગીરી) ચાલી. છેલ્લે આગંતુક યુવકે કહ્યું કે, ''તમે જેવો સમજો છો તેવો હું નથી. મારા જીવનમાં ધર્મનું કોઈ ઠેકાણું નથી. તમે મહેરબાની કરીને ઘરે લઈ જવાનો આગ્રહ છોડી દો.''

પરંતુ શ્રાવકે એક જ વાત કરી - ''તમે કોણ છો ? કેવું જીવન જીવો છો ? શું કરો છો ? એનાથી મને કોઈ મતલબ નથી. પરંતુ તમે મારા ગુરુ મહારાજને પ્રણામ કર્યા છે. તો તમે મારા સાધર્મિક છો. એનાથી વધારે મહત્વની વાત મારા માટે શું હોઈ શકે. બસ, હવે તમારે આવવું જ પડશે.''

છેલ્લે શેઠના આગ્રહને આગળ હારીને આગંતુક યુવક તેમની સાથે જવા માટે તૈયાર થઈ ગયો. ઘરે પહોંચીને એ શ્રાવકે એની ધર્મપત્નીને કહ્યું - ''મગની દાળનો શીરો, ભજીયા વગેરે ભોજન તૈયાર કર, મહાપુણ્યોદયથી સાધર્મિક ભાઈ આપણા આંગણે પધાર્યા છે.'' આટલું સાંભળીને આગંતુક ભાઈએ કહ્યું - 'અરે ભાઈ તમારી ધારણા ખોટી છે. તમે મને છોડી દો. હું તો પાપી છું. માત્ર જન્મનો જ જૈન છું.' પણ એની વાતને ધ્યાન પર ન લઈને એ શ્રાવકે યુવકને ભોજન કરવા માટે બેસાડી દીધો. તત્પશ્ચાત્ શ્રાવક અને એમની પત્ની ભાવ-વિભોર થઈને ગરમા-ગરમ શીરો પીરસવા લાગ્યા. તથા પુણ્યોદયથી મળેલા સાધર્મિક ભાઈનો પૂરો લાભ લેવા લાગ્યા.

આ બધું જોઈને આગંતુક યુવકની આંખો છલકાઈ ગઈ અને તે જોર-જોરથી રડવા લાગ્યો. યુવકને આ રીતે રડતો જોઈને શ્રાવક વિચારમાં પડી ગયા. એમણે એ યુવકને રોવાનું કારણ પૂછ્યું ? ત્યારે તે યુવક બહુ મુશ્કેલીથી પોતાના આંસુઓ રોકીને ધીમે-ધીમે બોલવા લાગ્યો. ''ભાઈ ! મને

માફ કરી દો. હું સાત વ્યસનમાં ડુબેલો છું. પાપ નામ થી જણાય એવા દરેક કાર્યો, મેં મારા જીવનમાં કરી લીધા છે. મારી આ પરિસ્થિતિની જાણકારી તમને હોવા છતાં મને તિરસ્કારવાને બદલે તમે ભાવ-વિભોર થઈને મને ખાવાનું ખવડાવો છો. પણ તમે જ મને બતાવો કે હું આ ભોજન કેવી રીતે કરી શકું ? તમારા વાત્સલ્યના પ્રભાવથી મારા દોષ આજે કંપી ઉઠ્યા છે. પહેલાં સૌપ્રથમ તમે મને સાત વ્યસનની જિંદગીભર પ્રતિજ્ઞા આપો. પછી જ હું કોળિયો ખાઈ શકીશ." સાચે જ સાત વ્યસનનું જિંદગી ભર ત્યાગ કર્યા પછી જ એ યુવકે ભોજન કર્યું. કલ્પના કરો કે એ શ્રાવકે એ યુવકના પાપોને ધિક્કાર્યા હોત તો શું આ હૃદય પરિવર્તન થવું સંભવ હતું ? સાધર્મિક ભક્તિએ એક મહાદુરાચારી જીવ ને પણ સાચા માર્ગે ચઢાવી દીધો, ફક્ત એનું જ નહીં પણ તેના આખા કુટુંબનું કલ્યાણ કરી દીધું.

આ પ્રસંગથી તમે સમજી ગયા હશો કે માત્ર જન્મથી જ જૈન એવા વ્યક્તિની કરેલી સાધર્મિક-ભક્તિ કેટલી લાભપ્રદ બની જાય છે. એટલે સમજવાની વાત તો એ છે કે સાધર્મિક ભક્તિ એટલે માત્ર તિલક કરવું અથવા પૈસા દેવા, એટલું જ નથી પરંતુ આપણા વાત્સલ્ય અને પ્રેમપૂર્ણ વ્યવહારથી સાધર્મિકને ધર્મમા જોડવું અને એનાથી પાપ છોડાવવું એ પણ એક વિશિષ્ટ પ્રકારની સાધર્મિક ભક્તિ છે. કેમકે આ જિનશાસન સાધર્મિકોથી જ ચાલી રહ્યું છે અને ચાલશે. પછી આ સાધર્મિક જેવો પણ હોય અમીર હોય કે ગરીબ, ધર્મી હોય કે અધર્મી, વ્રતધારી હોય કે સાત વ્યસનોથી ભરેલો, આપણે એની ઉપેક્ષા ન કરીને બહુમાન ભાવથી એની ભક્તિ કરવી જોઈએ.

જો આપણે કોઈ પણ સાધર્મિકના દોષો અથવા કુકર્મોને જોઈને એના પ્રત્યે તિરસ્કાર ભાવ પેદા કરીએ તો એની આશાતના કરવાથી નિમ્ન દોષોની સંભાવના થાય છે.

૧. આપણે અધિક ધર્મ કરીએ છીએ અને સામેવાળો વ્યક્તિ ધર્મી નથી. તો આપણે એને તિરસ્કાર ભાવથી જોઈએ તો; આનાથી આ સાફ નક્કી થાય છે કે આપણને ધર્મ કરવાનો અહંકાર છે, અભિમાન છે.

૨. આનાથી પ્રભુના શાસનનું ગૂઢ મર્મ હાથથી ચાલ્યું જાય છે.

૩. અહંકારના કારણે, ધર્મ ક્રિયામાં દેખાવો વધશે.

૪. ભારે પાપ કર્મનું બંધ થશે.

૫. સાધર્મિકની અવહેલના કરવાથી એના ધર્મવિરોધી બનવાનું પાપ આપણા માથે ચઢશે.

આ દોષોને ટાળવા માટે હૃદયને વિશાળ બનાવીને સાધર્મિકોને પણ જો આપણે પ્રેમપૂર્વક હૃદયમાં સ્થાન આપીશું, તો એમના માં પણ શાસન પ્રતિ અહોભાવ જાગશે અને તમે અને એ બંને સુલભ બોધિ બનશો. અન્યથા ભવાંતરમાં બન્નેને જૈન ધર્મ મળવાની સંભાવના નહીં રહે. અતઃ

સાધર્મિકના અવગુણોને અણદેખ્યું કરીને માત્ર એના જૈન હોવાની વાતને ગાંઠ બાંધીને એમની ભક્તિ કરવી જોઈએ.

## સાધર્મિક ભક્તિ કેવી રીતે કરવી ?

- પ્રત્યેક સાધર્મિક વ્યક્તિની દિલથી અનુમોદના કરવી અને એમનો ઉત્સાહ વધારવો.
- જે સાધર્મિકોને ધર્મ કરવાની અનુકૂળતા ન હોય તેને અનુકૂળતા કરી આપવી.
- જેમની સ્થિતિ કમજોર હોય તેમનું બહુમાનપૂર્વક તિલક કરીને એમની આર્થિક સ્થિતિનું સમાધાન થઈ જાય એટલું પર્યાપ્ત ધન આપો અથવા એટલી શક્તિ ન હોય તો યથાશક્તિ ભક્તિ કરો.
- બની શકે ત્યાં સુધી સાધર્મિકને ગુપ્ત રીતિથી, એમના કહ્યા પહેલા જ એની માંગ પૂર્ણ કરવી. આ પ્રમાણે કરવાથી આપવાવાળાને અહંકાર નહી આવે અને લેવાવાળાને પણ શર્મ નહીં આવે.
- પ્રત્યેક ધનાઢ્ય વ્યક્તિ જો તેના ખોટા ખર્ચા બંધ કરીને એ પૈસા સાધર્મિક ભક્તિમાં લગાવી દે, તો કેટલાએ સાધર્મિકોનું ઉદ્ધાર થઈ જશે અને બીજું કંઈ નહી પણ માત્ર એના મોજ-શોખની દસ પ્રતિશત રકમ પણ સાધર્મિકોની જરૂરિયાતો પૂરી કરવા પર્યાપ્ત છે.
- પ્રત્યેક સંઘમાં આ વ્યવસ્થા હોવી જોઈએ કે સંઘનો એક ધનાઢ્ય શ્રાવક ઓછામાં ઓછા એક સાધર્મિકના ઘરને સંભાળવાની જવાબદારી લે. જેનાથી સાધર્મિકોના દેખરેખના પ્રશ્નનું સમાધાન થઈ જશે અને જિનશાસનની પ્રભાવનાનું પુણ્ય પણ પ્રાપ્ત થશે.
- સાધર્મિકોનો લાભ લેવા માટે સદૈવ પુરુષાર્થ કરવો. હંમેશા લાભ ન મળતો હોય તો ઓછામાં ઓછો વર્ષમાં એક વાર તો અવશ્ય શક્તિ પ્રમાણે સ્વામીવાત્સલ્ય અથવા તપસ્વિઓનાં પારણાનો લાભ, બહારગામથી આવવાવાળા સાધર્મિકોનો લાભ અથવા કોઈ ગુરુ ભગવંતોની સાથે આવવાવાળાનો લાભ લેવો.
- આ પણ ન થાયે તો સ્વામીવાત્સલ્યમાં યથાશક્તિ પૈસા લખાવવા. જેનાથી સરળતાપૂર્વક કેટલાય સાધર્મિકોની ભક્તિનો લાભ મળી શકે.
- સ્વામીવાત્સલ્યમાં પોતાના હાથોથી સંઘના શ્રાવકોના પગ દૂધથી ધોઈને તિલક કરવું. તથા હાથ જોડીને બહુમાનપૂર્વક બેસાડીને ભોજન કરાવવુ.

લાભ આપવાવાળા શ્રાવક-શ્રાવિકાઓ પણ નિમ્ન વાતોનું ધ્યાન રાખે. જેથી લાભાર્થીની સાથે તે પણ પુણ્યનું ઉપાર્જન કરી શકે.

१. સ્વામીવાત્સલ્ય કરવાવાળાની દિલ ખોલીને પ્રશંસા કરવી.

૨. ભોજનમાં કોઈપણ પ્રકારની ખામી હોય તો તેની નિંદા ન કરવી.

૩. જે પ્રસંગને લઈને સ્વામીવાત્સલ્યનું આયોજન કર્યું હોય તે પ્રસંગમાં ભાગ લેવો. જેમકે

- પોષ વદ ૧૦, કાર્તિક પૂનમના સ્વામીવાત્સલ્યનો પ્રસંગ હોય તો એ દિવસની આરાધના કરવી.અથવા ઘરમાં રસોઈ બનાવવામાં જેટલો સમય લાગે છે ઓછામાં ઓછો એટલો સમય તો પરમાત્માની ભક્તિ અથવા કોઈ પણ ધાર્મિક કાર્યમાં વ્યતીત કરવું.
- સામેવાળો વ્યક્તિ ગુણવાન સમજીને આપણી ભક્તિ કરી રહ્યો હોય, તો આપણે પણ ગુણાનુરાગી બનવાનું તથા ગુણોને આત્મસાત્ કરવાનો પ્રયાસ કરવો.
- વિશેષમાં સ્વામીવાત્સલ્યમાં ભોજન કરવાનો અધિકાર માત્ર સાધર્મિક (શ્રાવક-શ્રાવિકાઓ)ને જ છે. માટે જે પણ જૈન હોય તે ભોજનનો એક પણ દાણો નીચે પાડ્યા વગર થાળી ધોઈને પીવે. નહીં તો ૪૮ મિનિટ પછી અસંખ્ય સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની ઘોર હિંસાનું પાપ લાગે છે.

## સાધર્મિક ભક્તિમાં વિવેક

સ્વામીવાત્સલ્યના નામ ઉપર આજકાલ હોડ, અને દેખાવો વધારે થવા લાગ્યો છે. આવા સાધર્મિક ભક્તિમાં પ્રાયઃ પરમાત્માની આજ્ઞા ગૌણ થઈ જાય છે તથા લોક-સંજ્ઞાની પ્રધાનતા હોય છે એટલે કે લોકોને ખુશ કરવાનુ તથા પોતાનું નામ કરવાનો ભાવ વધારે હોય છે. તેથી પ્રભુ આજ્ઞા અન જયણા કરતાં પણ ભક્ષ્યાભક્ષ્ય નો વિવેક ભૂલી સ્વાદ ની પ્રધાનતાથી રસોઈ બનતી હોય છે. આપણે જે ઉદ્દેશ્યથી સ્વામીવાત્સલ્ય કરાવીએ છીએ વસ્તુતઃ આપણા ભાવોનાં પરમાણુ ભોજનના માધ્યમથી સામેવાળા સુધી પહોંચે છે. જેનાથી સામેવાળા વ્યક્તિને પણ એના અનુસારે ભાવ આવે છે. જો આપણે પરમાત્માની આજ્ઞાને નજર સામે રાખીને જયણા પૂર્વક ગુણવાન શ્રાવકોની ભક્તિના ઉદ્દેશ્યથી સાધર્મિક વાત્સલ્ય કરાવીએ તો સામેવાળાને પણ પરમાત્માના શાસન પ્રતિ અહોભાવ પ્રગટ થાય છે. તથા જો તમે પોતાની કીર્તિ, પ્રશંસા અથવા નામ માટે પ્રભુ આજ્ઞાથી નિરપેક્ષ બની માત્ર સ્વાદની મુખ્યતા કરશો તો લોકો પણ એના અનુરૂપ પોતાની સ્વાદ વૃત્તિનું પોષણ થતાં તમારી પ્રશંસા કરશે. જેનાથી સ્વામીવાત્સલ્ય કરવાવાળાના અહંનું પોષણ થાય છે, તથા ખાવાવાળાની સ્વાદ વૃત્તિમાં આહાર સંજ્ઞાનું પોષણ થાય છે એટલે કે બંનેને નુકસાન થાય છે.


આ તો અમારા જિનશાસનની બલિહારી છે કે શાસનમાં થવાવાળી નાનામા નાની ક્રિયા પોતાને માટે જ નહીં પણ બીજાના પુણ્યોપાર્જનમાં પણ નિમિત્ત બને છે. એવામાં આજકાલ સાધર્મિક

ભક્તિ જેવા મોટા અનુષ્ઠાનમાં પુણ્યના બદલે પાપ કર્મનું બંધ થવાની સંભાવના વધારે ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું.

આજકાલ સ્વામીવાત્સલ્યમાં બુફે-સિસ્ટમ વગેરેના રૂપમાં અજયણા ધીરે-ધીરે આવવા લાગી છે. આવો સિસ્ટમ લોકોને એઠું મુકવા તેમજ ખાતા-ખાતા બોલવા માટે પ્રેરિત કરે છે. લગ્નપ્રસંગોમાં જેવી રીતે રાત્રિભોજન, કંદમૂળ, અભક્ષ્ય, અજયણાએ ઘર કરી લીધું છે. આવી રીતે આપણી બેદરકારીના કારણે એવી જ હાલત સ્વામીવાત્સલ્યની થઈ ગઈ છે. એટલે કે મોક્ષમાં લઈ જવા વાળી ક્રિયા જ દુર્ગતિના રાહ પર લઈ જવા વાળી બની ગઈ છે. એના બદલે બેસાડીને, કાંસાની થાળીમાં આદર-બહુમાનભાવપૂર્વક સાધર્મિક ભક્તિ કરાવાની વ્યવસ્થા શ્રી સંઘમાં થાય તો સામેવાળાનું શાસનના પ્રતિ અહોભાવ તો વધે જ છે. સાથે જ બીજા સાધર્મિકની થાળી ધોઈને પીતા, એઠું નહીં છોડતા તથા વાતો નહીં કરતા સહજતાથી પ્રેરિત થશે. નવા જીવો પણ એ માટે જયણાપૂર્વક ઓછા પૈસામાં સાદગીથી કોઈપણ મહોત્સવ કરાવે તો પૈસાની બહુ વધારે બચત થાય. સાથે જ બચેલી રાશિને યથાયોગ્ય સાત ક્ષેત્રોમાં ખર્ચ કરવાથી ડબલ ફાયદો થાય, અન્યથા આપણે મૂળ ફાયદાથી જ વંચિત થઈ જઈશું. આજકાલ શ્રી સંઘની પાસે પૈસાની કોઈ કમી નથી પરંતુ એના સદ્ઉપયોગ માટે વિવેકની ઉણપ છે. માટે જરૂરત છે એ વિવેકને જાગૃત કરવાની, જેનાથી આપણે વાસ્તવિક લાભને પ્રાપ્ત કરીને શીઘ્ર મોક્ષ માર્ગને પ્રાપ્ત કરી શકીશું.

## જરા વિચારો

**તમારી પાસે જેટલા રૂપિયા હોય કાં તો એટલા નવકાર ગણી લો અને એ માટે તમે તૈયાર ન હો તો છેવટે તમે જેટલા નવકાર ગણ્યા હોય એટલા રૂપિયા રાખીને બાકીના વધારના રૂપિયાનો સન્માર્ગે સદ્વ્યય કરી દો. બેમાંથી એક પણ વિકલ્પ સ્વીકારવાની તમારી તૈયારી ખરી ?**




| | |
|---|---|
| • ટ્રેનની ટિકિટ | સમકિત |
| • ટ્રેનનું નામ | સંયમ એક્સપ્રેસ |
| • ટ્રેન ડ્રાઈવર | અરિહંત ભગવાન |
| • ટ્રેનના ગાર્ડ | નિર્ગ્રંથ ગુરુ |
| • ઊપડવાનું સ્ટેશન | અઢીદ્વીપ ક્ષેત્ર |
| • પહોંચવાનું સ્ટેશન | સિદ્ધક્ષેત્ર |
| • સ્ટેશનનું માપ | ૪૫ લાખ યોજન |
| • મુખ્ય જંક્શન | મનુષ્યભવ |
| • પ્લેટફોર્મ નંબર | ૧૫ કર્મભૂમિ |
| • સાથે શું લઈને જશો ? | કેવળજ્ઞાન, કેવળ દર્શન |
| • ટ્રેન ક્યારે ઉપડે ? | ત્રીજા ચોથા આરામાં |

| | |
|---|---|
| • ટૂર ક્યાં સુધીની ? | લોકાગ્ર સુધીની |
| • ટાઈમ પાસ | સ્વાધ્યાય |
| • સાથીદાર | અષ્ટપ્રવચનમાતા |
| • સીટ નંબર- | ગુણસ્થાન ૬ થી ૧૪ (૧૧મું વર્જીને) |
| • તૈયારી શેની ? | રત્નત્રય આરાધના |
| • સાવધાની ? | કર્મબંધથી બચવાની |
| • રસ્તામાં રોકાણ ? | નોન સ્ટોપ |
| • પહોંચતા સમય | ૧ સમય |
| • ત્યાં કેટલું રોકાશો ? | કાયમ, અનંતકાળ |

સાસુ બની માઁ



# Art of Living

૪

સંસ્કારોનો પાયો





# મંત્ર મહિમા

## ❋ રિદ્ધિ-સિદ્ધિ દાયક મંત્ર

**ૐ હ્રીઁ નમો અરિહંતાણં મમ ઋદ્ધિં વૃદ્ધિં સમીહિતં કુરુ કુરુ સ્વાહા**

પરિણામ : શુદ્ધ વસ્ત્ર પહેરીને સવારે તથા સાંજે ૩૨ વખત આ મંત્રનો જાપ કરવાથી સર્વ પ્રકારની ઋદ્ધિ તથા સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## ❋ લક્ષ્મી પ્રાપ્ત કરવાનો મંત્ર

**ૐ હ્રીઁ નમો અરિહંતાણં, સિદ્ધાણં, સૂરિણં, આયરિયાણં, ઉવજ્ઝાયાણં, સાહૂણં મમ ઋદ્ધિં વૃદ્ધિં સમીહિતં કુરુ કુરુ સ્વાહા**

પરિણામ : આ મંત્રનો રોજ સવારે, બપોરે તથા સાંજે ૩૨-૩૨ વાર જાપ કરવાથી સર્વ પ્રકારની સિદ્ધિ તથા લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

## ❋ રોગ નિવારક મંત્ર

**ૐ નમો આમોસહિપત્તાણં, ૐ નમો ખેલોસહિપત્તાણં, ૐ નમો જલ્લોસહિપત્તાણં ૐ નમો વિપ્પોસહિપત્તાણં, ૐ નમો સવ્વોસહિપત્તાણં, ૐ ઐં હ્રીં ક્લીં ક્લૌં અર્હમ્ નમ:**

પરિણામ : પ્રતિદિન આ મંત્રની એક માળા ગણવાથી રોગ દૂર થાય છે. બિમારી સમયે આ મંત્રનો ખાસ પ્રયોગ કરવો.

## ❋ ચોરનો ભય દૂર કરવાનો મંત્ર



**ૐ હ્રીઁ નમો સિદ્ધાણં, ૐ હ્રીઁ સિદ્ધદેવં નમ:**


પરિણામ : આ મંત્રને સાતવાર બોલીને વસ્ત્રના મોટા છેડામાં ગાંઠ બાંધવી પછી કોઈપણ પ્રવાસમાં ચોરનો ભય નહીં રહે.

## ❋ માથાના દુખાવાની ચિકિત્સા

**ૐ નમો પરમોહિજિણાણં હ્રાઁ હ્રીઁ**

પરિણામ : જેણે સતત માથાનો દુખાવો થાય છે તેઓ આ મંત્રની દરરોજ એક માળા ગણે. માળા જપવાના સમયે સાથે પાણી રાખવું તેણે અભિમંત્રિત કરી પીવું. કોઈ બીજા રોગી વ્યક્તિને પણ અભિમંત્રિત જળ પીવડાવી શકો છો.

## ❋ કાન ચિકિત્સા





**ૐ નમો અણંતોહિજિણાણં હ્રાઁ હ્રીઁ**

પરિણામ : પ્રતિદિન એક માળા ગણવાથી કાનની વેદના દૂર થાય છે.

## ❋ નેત્ર ચિકિત્સા



**ૐ નમો સવ્વોહિ જિણાણં હ્રાઁ હ્રીઁ**

પરિણામ : પ્રતિદિન એક માળા ગણવાથી નેત્ર પીડા દૂર થાય છે.

# "સાસુ બની માઁ"

જૈનિજમના પાછલા ખંડમાં આપણે જોયું કે પોતાના માતા-પિતાની મદદ લેવાની અપેક્ષાથી ડૉલીએ પોતાના ઘરે ફોન કરવાનું વિચાર્યું અને આ બાજુ ડૉલીના ભાગી ગયા પછી સુષમાનું ઘરેથી બહાર આવવા-જવાનું બંધ થઈ ગયું હતું. એમની ઇજ્જત માટીમાં મળી ગઈ હતી. સુષમાનો દિકરો (ડૉલીનો ભાઈ) પ્રિન્સ હવે લગ્નને લાયક થઈ ગયો હતો. પરંતુ ડૉલીના ભાગી જવાને કારણે કોઈ પોતાની દિકરી એ ઘરમાં આપવા માટે તૈયાર ન હતા.

ત્યારે અંતે સુષમાએ પૈસાના બળે એક મધ્યમ પરંતુ સારા ખાનદાનની છોકરી ખુશબૂની સાથે પ્રિન્સની સગાઈ નક્કી કરી. સગાઈ કરતાં જ સુષમાએ અરમાનોના મહેલ ચણવાનું શરૂ કરી દીધું. એણે વિચાર્યું કે જે સુખ મને ડૉલીથી નથી મળ્યું, તે સુખ ખુશબૂ મને આપશે. ડૉલી માટે મારે સવારમાં ઉઠીને ચા બનાવવી પડતી હતી પરંતુ હવે વહુના આવી ગયા પછી હું આરામથી ઉઠીશ અને ઉઠતાં જ ગરમા-ગરમ ચા મારી માટે તૈયાર રહેશે. ૨૫ વર્ષ ખાવાનુ બનાવતા-બનાવતા આ હાથ થાકી ગયા છે. હવે આ હાથોને આરામ મળશે. આદિત્ય અને પ્રિન્સ તો સવારે ૯ વાગે જ ઓફીસ જતાં રહે છે અને રાત્રે ૯ વાગે આવે છે. હું એકલી ઘરે બોર થઈ જાઉં છું પરંતુ હવે વહુના આવવાથી મારો સમય પણ સારી રીતે વીતી જશે. આજકાલ તો નોકરો આમ પણ વધારે નથી ટકતા અને ઘણીવાર મારે જ ઘરનું બધું કામ કરવું પડે છે, હવે વહુના આવવાથી નોકરોની ઝંઝટ જ મટી જશે. સુષમાના અરમાનોથી અજાણ ખુશબૂએ પણ કેટલાક સપના સજાવ્યા હતા કે સાસરે ગયા પછી આટલા પૈસાવાળા ઘરમાં હું રાણીની જેમ રાજ કરીશ. મારા સારા વર્તનથી બધાનું દિલ જીતી લઈશ. સાસુ-સસરા-પતિ બધાને મારા વશમાં કરી લઈશ. મારા સાસરે કોઈને પણ ડૉલીની યાદ ન આવે એ માટે બધાની સાથે દિકરીના જેવો વ્યવહાર કરીશ.

આ પ્રમાણે પોત-પોતાના અરમાનોને સજાવતા-સજાવતાં લગ્નનો દિવસ પણ નજીક આવી ગયો. અને શુભ દિવસે શુભ મુહૂર્તમાં પ્રિન્સ અને ખુશબૂના લગ્ન ધામધૂમથી થયા. ખુશબૂ જેવી સુંદર અને ખાનદાની પત્નીને પામીને પ્રિન્સ પણ એના નસીબને ધન્ય માનવા લાગ્યો. લગ્નના એક સપ્તાહ પછી જે દિવસે પ્રિન્સના ફોઈ, કાકા, કાકી, મામા-મામી વગેરે વિદાય થયા, એ રાત્રે ખુશબૂને સૂતાં-સૂતાં જ એક વાગી ગયો. માટે બીજા દિવસે ખુશબૂને ઉઠવામાં મોડું થઈ ગયું. પરંતુ એને કાંઈ ચિંતા નહતી કેમકે એ તો એજ વિચારી રહી હતી કે મમ્મીજીને તો ખબર જ છે ને કે કાલે હું કેટલી

મોડી સૂતી હતી. માટે મોડું ઉઠવું તો સ્વાભાવિક છે. અને અહીં સુષમા એ વિચારીને ન ઉઠી કે હવે તો વહુ આવી ગઈ છે. તે આંદિત્ય અને પ્રિન્સને ચા બનાવીને આપી દેશે. પરંતુ ઓફીસનો સમય થતાં જ આદિત્ય ચા માટે સુષમાને જગાડવા આવ્યો. ખુશબૂ હજુ સુધી સૂતી છે એ વાત જાણીને સુષમાને આશ્ચર્ય થયું અને સાથે જ ગુસ્સો પણ આવ્યો ત્યારે -

**સુષમા :** શું વહુના આવ્યા પછી પણ ઘરનું કામ મારે જ કરવું પડશે ?

**આદિત્ય :** સુષમા એ તો તું જાણે અને તે જાણે મારે તો મારી ચા થી મતલબ છે.

અનિચ્છાએ સુષમાએ ઉઠીને બંને માટે ચા બનાવી આપી. જ્યારે આદિત્ય અને પ્રિન્સ ઓફિસ માટે નીકળ્યા ત્યારે જ ખુશબૂ નાહી-ધોઈને બહાર આવી, એના આવતાં જ -

**સુષમા :** ખુશબૂ, હવે તુ પિયરમાં નહીં સાસરે છે. માટે ઉઠવાના સમયનું ધ્યાન રાખ.

**ખુશબૂ :** મમ્મીજી કાલે મોડી સૂતી હતી. માટે આંખ જ ન ખુલી.

**સુષમા :** આ તો હવે રોજનું થશે. લગ્ન થયા પછી સાસરીયાના બધા સદસ્યોને સંભાળવાનું કર્તવ્ય તારુ છે. તારી જવાબદારીઓ હવે વધી ગઈ છે. તારા સસરાજી અને પ્રિન્સ ૮ વાગ્યા સુધી ઓફિસ ચાલ્યા જાય છે. એમના નીકળતા પહેલા એમના ચા-નાસ્તા વગેરે બધા કામનું ધ્યાન તારે જ રાખવાનું છે. માટે કાલથી ઉઠવાનું ધ્યાન રાખજે.

સુષમાના આ શબ્દોથી ખુશબૂના દિલને ઉંડો આઘાત લાગ્યો. તે કોઈ બીજા જ સપનામાં હતી. પરંતુ સુષમાના શબ્દોએ એના સપનાને ચૂર-ચૂર કરી દીધા. એ સમયે તો એ ચુપ રહી. પરંતુ એના હૃદયમાં સુષમા પ્રત્યે અસદ્ભાવરુપી બીજનું રોપણ થઈ ગયું. આ પ્રમાણે સ્વભાવવશ સુષમા દિન-બ-દિન ખુશબૂને નાની-નાની વાતો ઉપર ટોકવા લાગી. અને એક દિવસ -

**ખુશબૂ :** પ્રિન્સ લગ્ન પછી આપણે હનીમૂન નથી ગયા ચાલોને થોડા દિવસ ફરીને આવીએ. (પ્રિન્સ આ વાત પોતાની મમ્મીને પૂછવા ગયો.)

**પ્રિન્સ :** મૉમ, હું અને ખુશબૂ થોડા દિવસ માટે ક્યાંક ફરવા જવા માંગીએ છીએ.

**સુષમા :** નહી બેટા ! તારા પપ્પાની તબિયત કેટલી ખરાબ રહે છે. તમારા ગયા પછી ઓફિસનાં બધા કામનો લોડ એમની ઉપર આવી જશે. એક કામ કરો. તમે થોડા દિવસ પછી જજો.

**પ્રિન્સ :** ઠીક છે મૉમ

પ્રિન્સે જઈને બધી વાત ખુશબૂને બતાવી. વાત સાંભળીને ખુશબૂનું મૂડ ઓફ થઈ ગયુ. એને લાગ્યું કે સાસુજીને અમારી ખુશી પસંદ નથી. માટે એમણે આવું કર્યું છે. આ વાતથી ખુશબૂના

પૂર્વના વિચારોને વધારે બળ મળી ગયું એક દિવસ જ્યારે ખુશબૂના ઘરેથી ફોન આવ્યો અને ખુશબૂ એ સમયે રસોઈ ઘરમાં હતી. ફોન સુષમાએ ઉઠાવ્યો.

**સુષમા :** હેલો, કોણ ?

**લલિતા :** વેવાણજી ! હું ખુશબૂની મૉમ બોલું છું.

**સુષમા :** વેવાણજી ! કેમ છો તમે ?

(સુષમાને આ રીતે વાતો કરતા જોઈને ખુશબૂને ખબર પડી ગઈ કે ફોન મારી માઁ નો છે. ઘણા દિવસો પછી માઁ સાથે વાતો કરવા મળશે. એવું વિચારીને ખુશબૂ બહુ જ ખુશ થઈ. પરંતુ થયું કંઈક બીજું જ)

**સુષમા :** શું ? તમારો ભત્રીજો આવ્યો છે માટે ખુશબૂને મોકલું. નહીં વેવાણજી ! હું હવે એને નહી મોકલી શકું. મહેમાનને કારણે ઘરમાં બહુ જ કામ છે. કોઈ વિશિષ્ટ પ્રસંગ હોત તો હું ના ન પાડત.

**લલિતા :** ઠીક છે, એક વાર મારી ખુશબૂ સાથે વાત કરાવી દો.

**સુષમાં :** એ શું છે ને કે ખુશબૂ પાડોશમાં ગઈ છે એ આવશે ત્યારે ફોન કરાવી દઈશ.

**લલિતા :** ઠીક છે !

સુષમાએ ફોન મૂકી દીધો પરંતુ એ જાણતી નહતી કે આ વાત ખુશબૂએ સાંભળી લીધી છે. ત્યાંથી સુષમા સીધી પોતાના રૂમમાં ચાલી ગઈ. એણે આ વાતનો ખુલાસો પણ ખુશબૂ સાથે ન કર્યો. પોતાની સાસુનો આ વ્યવહાર જોઈને ખુશબૂ સ્તબ્ધ રહી ગઈ. આમ જ એક દિવસ -

**સુષમા :** શું વાત છે ખુશબૂ ! આજે બજારમાં આટલું મોડું થઈ ગયું ?

**ખુશબૂ :** મમ્મીજી ! પડોશના આંટી મળી ગયા હતા. એમની સાથે વાત કરવા રોકાઈ ગઈ હતી.

**સુષમા :** ખુશબૂ ! આ રીતે રસ્તા ઉપર લોકો સાથે વાત કરવી સારી નહી. મને આ બિલકુલ પસંદ નથી.

**ખુશબૂ :** પણ મમ્મીજી તેઓ મને રસ્તા પર નહી પરંતુ આપણી બિલ્ડિંગની નીચે જ મળ્યા હતા.

**સુષમા :** (ગુસ્સામાં આવીને) જીભ ન ચલાવ. મેં એક વાર કહી દીધું ને વાત નહી કરવાની મતલબ નહી કરવાની સમજી.

(પોતાની ભૂલ ન હોવા છતાં પણ વારે-વારે પોતાની સાસુના ટોકવાથી ખુશબૂનું મન ધીમે-ધીમે પોતાની સાસુ ઉપરથી ઉતરવા લાગ્યું. ધીમે-ધીમે સુષમાએ પોતાના અધિકારોના બળ પર ખુશબૂને તંગ કરવાની બધી જ હદો પાર કરી દીધી. એણે ખુશબૂને બહાર ક્યાંય પણ મોકલવાનું બંધ કરી દીધું.

એટલું જ નહી પણ જ્યારે સુષમા બહાર જાય ત્યારે ઘરના ફોનને લોક કરીને જાય, જેથી ખુશબૂ કોઈની પણ સાથે વાત કરી ન શકે. ખુશબૂના પિયરથી પણ ક્યારેક ફોન આવતો તો પાસે જ ઉભી રહીને બધી વાતો સાંભળતી. એને કંઈ પણ પર્સનલ વાતો કરવા નહી દેતી અને એને પિયર પણ જવા દેતી નહીં. ખુશબૂએ આ બધું થોડા દિવસ તો સહન કર્યું. પરંતુ ધીમે-ધીમે એણે પણ આજકાલની વહુઓની જેમ પોતાનો રંગ બતાવવાનો શરૂ કર્યું. પહેલાં તો એ સુષમાથી ડરી-ડરીને રહેતી હતી. પરંતુ રોજ-રોજ સુષમાની ટોક-ટોકથી એણે પણ સામો જવાબ આપવાનું શીખી લીધું. એણે વિચાર્યું કે જો મારે આ ઘરમાં ખુશીથી રહેવું હોય તો મારે સૌથી પહેલા પ્રિન્સને મારા હાથમાં લેવો પડશે એમ વિચારીને એણે પોતાના પ્રેમ ભર્યા વ્યવહારથી ધીમે-ધીમે પ્રિન્સનું દિલ જીતી લીધું. એક દિવસ આદિત્ય-સુષમા કોઈ નજીકના સંબંધીના લગ્નમાં ગયા હતા. એ દિવસે ખુશબૂને થાકને કારણે તાવ આવી ગયો. રાત્રે જ્યારે પ્રિન્સ ઓફિસથી ઘરે આવ્યો ત્યારે ખુશબૂને ઓઢીને સૂતેલી જોઈ એની પાસે ગયો -

**પ્રિન્સ :** અરે ખુશબૂ ! તને તો ખૂબ વધારે તાવ છે, મૉમ-ડેડ લગ્નમાંથી આવ્યા નથી ?

**ખુશબૂ :** નહીં ! હજી સુધી આવ્યા નથી અને કંઈ કહીને પણ નથી ગયા કે ક્યારે આવશે.

**પ્રિન્સ :** ખુશબૂ મૉમ-ડેડ ઘરે નહોતા. અને તને આટલો વધારે તાવ હતો તો મને એક ફોન તો કરવો હતો ને. હું જ ડૉક્ટરને લઈને ઘરે આવી જાત.

**ખુશબૂ :** (ગુસ્સામાં) શું ધૂળ ફોન કરું ? તમારી મૉમ બહાર જાય છે, તો ફોન લોક કરી દે છે જેથી હું કોઈની પણ સાથે વાત ન કરી શકું.

**પ્રિન્સ :** શું ? આ શું કહી રહી છે તું ? મૉમ એવું કરે છે, ઇમ્પોસીબલ.

**ખુશબૂ :** તો શું હું જુઠું બોલું છું ? વિશ્વાસ ન હોય તો જઈને જોઈ લો. એટલું જ નહીં, મૉમ ઘરે હોયને મારા માટે કોઈ ફોન આવે ત્યારે પણ મને ફોન નથી આપતા અને આપે તો પણ નજીકમાં જ ઉભા રહે છે જેથી હું કોઈ પર્સનલ વાત ન કરું. મારું બહાર આવવા જવાનું બંધ કરી દીધું છે, ત્યાં સુધી કે હું પિયર પણ નથી જઈ શકતી. (આટલું કહીને ખુશબૂ રડવા લાગી.)

**પ્રિન્સ :** ખુશબૂ ! આટલું બધું થઈ ગયું અને તે મને કહ્યું પણ નહીં ? મૉમ આટલા જુલ્મો કરતી રહી અને તું ચુપચાપ સહન કરતી રહી ? બસ, ખુશબૂ ! હવે હું તારી આંખોમાં વધારે આસૂં નથી જોઈ શકતો. આ લે મારો મોબાઈલ તું જ્યારે ઇચ્છે, જેની સાથે વાત કરવી હોય કરજે. અને હાં હવેથી તારે મૉમથી ડરવાની જરૂર નથી. તારે જો ક્યાંય જવું હોય કે કંઈપણ જોઈતું હોય તો મને કહેજે. હું મારી રીતે મૉમથી વાત કરીશ.

(પ્રિન્સની વાત સાંભળીને ખુશબૂના ચહેરા ઉપર ખુશી આવી ગઈ)

**ખુશબૂ :** પ્રિન્સ ! ખબર છે, હું સવારે છ વાગે ઉઠું છું તો સીધી રાત્રે ૧૧ વાગે આરામની વાત આવે છે.

**પ્રિન્સ :** આટલું વહેલું તારે શું કામ છે ? આરામથી ઉઠવાનું રાખ.

**ખુશબૂ :** પણ પ્રિન્સ જો હું નહીં ઉઠું તો તમને ચા કોણ બનાવીને આપશે ? એક કામ કરોને, તમે ઓફિસમાં ચા પી લો તો ન ચાલે ?

**પ્રિન્સ :** ઠીક છે. મને તો કાંઈ પ્રોબ્લમ નથી. મારે તો ચા પીવાથી મતલબ છે. પછી હું ઘરે પીવું કે ઓફિસમાં.

આ પ્રમાણે ખુશબૂ પ્રિન્સને પોતાની માઁથી વિરુદ્ધ ભડકાવવામાં સફળ થઈ ગઈ. જોવા જઈએ તો આમાં ખુશબૂની પણ કોઈ ભૂલ નથી. મૂળમાં તો સુષમાની ટોકવાની આદતોએ તથા એની શંકિત દષ્ટિએ ખુશબૂને આ પગલું ભરવામાં મજબૂર કરી હતી. સુષમાની આ આદતો એના ભવિષ્યને ખતરામાં નાખવાનું કામ કરી રહી હતી. પરંતુ પોતાના અધિકારના મદમાં સુષમા આ જાણી ન શકી. ખુશબૂ તો આ જ ઇચ્છતી હતી. બીજા દિવસે આદિત્યએ ચા માટે સુષમાને ઉઠાડી. ડાયાબીટીઝ અને હાર્ટ પ્રોબ્લમને કારણે આદિત્ય બહારની ચા પણ પી શકતા નહતા. ગુસ્સામાં સુષમા ઉઠી તો ગઈ પરંતુ ખુશબૂના બહાર આવતાં જ એની ઉપર વરસી પડી.

**સુષમા :** (ગુસ્સામાં) ખુશબૂ, તને કેટલી વાર સમજાવવું પડશે કે હવે તું કોઈના ઘરની વહુ છે.

**ખુશબૂ :** કેમ મમ્મીજી એવું મેં શું કરી દીધું ?

**સુષમા :** શું કરી દીધું ? લે હું જ બતાવી દઉં છું. શું આ તારો ઉઠવાનો સમય છે કે પછી રૂમની ઘડિયાળ બંધ થઈ ગઈ હતી ? ઓફિસ જવા વાળાને ચા ન મળવાથી લેટ થઈ જાય છે. માટે હવેથી સમયસર ઉઠવાનું ધ્યાન રાખ.

**ખુશબૂ :** સૉરી મમ્મીજી, રોજ ૫-૫ વાગે ઉઠીને હું થાકી ગઈ છું અને આમ પણ પ્રિન્સ તો ચા ઓફિસમાં જ પીવે છે. તો હું વગર કારણે આટલી વહેલી ઉઠીને શું કરું ?

**સુષમા :** ખુશબૂ, ભલેને પ્રિન્સ ઓફિસમાં ચા પીતો હોય પરંતુ તારા સસરાજીનું શું ? હાર્ટ પ્રોબ્લમ હોવાથી તેઓ બહારની ચા નથી પી શકતા.

**ખુશબૂ :** આ મારી પ્રોબ્લમ નથી મમ્મીજી ! એ તો તમે જાણો ને પપ્પા જાણે.

(ખુશબૂનો આવો જવાબ સાંભળીને સુષમા ચોંકી ગઈ. તે આગળ કંઈ બોલી ન શકી. સુષમાને આ રીતે ખામોશ જોઈને ખુશબૂએ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવતાં કહ્યું -

**ખુશબૂ :** અને હાં મમ્મીજી ! પ્રિન્સના મોડા આવવાને કારણે અમે ઘણીવાર રાત્રે મોડા જ જમીએ છીએ કે પછી બહાર જઈએ છીએ. માટે સાંજનું ખાવાનું તમારા અને પપ્પાનું જ બને છે. તેથી મારાથી બે-બે વખત ખાવાનું નહી બને. માટે સારું એ જ રહેશે કે તમે, તમારા અને પપ્પા માટે જાતે જ ખાવાનું બનાવી દેશો.

**સુષમા :** (લડતાં) ખુશબૂ ! તું આ ઘરની વહુ છે. વહુની હદમાં રહે. મહારાણી બનવાની કોશિશ ન કર.

**ખુશબૂ :** અવાજ ધીમી રાખો મમ્મીજી ! હું કંઈ તમારી નોકરાણી નથી કે તમારી આંગળીઓ ઉપર નાચતી રહું. મારી પોતાની જિંદગી છે, એને હું જેમ ઇચ્છું તેમ જીવી શકું છું સમજ્યા તમે.

(આટલું કહીને ખુશબૂ પોતાના રૂમમાં જતી રહી. ખુશબૂને પહેલીવાર આટલું બોલતાં જોઈને સુષમાના આશ્ચર્યનો પાર ન રહ્યો. એના પછી તો રોજ-બરોજ સાસુ-વહુની વચ્ચે અણબણ થવા લાગી. પિયરમાં ક્યારેય પૈસા ન જોયા હોવાને કારણે કરોડપતિ સાસરિયામાં ખુશબૂના ખર્ચા સાતમા આસમાને પહોંચવા લાગ્યા અને એક દિવસ -)

**સુષમા :** આટલી તૈયાર થઈને ક્યાં જાય છે ?

**ખુશબૂ :** મેં મૉમ ને ફોન કર્યો હતો. એમની તબિયત ઠીક નથી માટે હું એમને મળવા જાઉં છું.

**સુષમા :** ક્યાંથી કર્યો તારી મૉમ ને ફોન ?

**ખુશબૂ :** ટેન્શન ન લો. તમારા ફોનથી નથી કર્યો. પ્રિન્સે મને હવે પર્સનલ મોબાઈલ આપી દીધો છે.
(સુષમા કંઈ બોલે તે પહેલા પ્રિન્સ ત્યાં આવ્યો.)

**પ્રિન્સ :** અરે ખુશબૂ, તું હજુ સુધી તૈયાર નથી થઈ. જલ્દી કર મોડું થઈ જશે.

**સુષમા :** પણ પ્રિન્સ ઘરમાં આટલું કામ છે આજે જ જવું થોડું જરૂરી છે. કાલે - પરમ દિવસે જતા રહેજો.

**પ્રિન્સ :** મૉમ ઘરનું કામ તો જિંદગીભર ચાલતું જ રહેશે તો શું આ ક્યારેય પિયર ના જાય ? ચાલ ખુશબૂ.

(આટલું કહીને પ્રિન્સ અને ખુશબૂ ત્યાંથી જતા રહ્યા. સુષમા તો બસ એમને જોતી જ રહી ગઈ. પ્રિન્સે બોલેલા શબ્દો પર તો એને હજુ સુધી વિશ્વાસ જ નહોતો આવતો. પ્રિન્સ અને ખુશબૂ બજારથી ઘણી ચીજો લઈને ખુશબૂના પિયર ગયા. ત્યાંથી તે બંને સીધા શૉપિંગ કરવા ગયા. ઘણીબધી શૉપિંગ કરીને સાંજે બંને ઘરે આવ્યા. બેલ વાગવાથી સુષમાએ પોતે દરવાજો ખોલ્યો)

**સુષમા :** આટલું બધું શું લઈને આવી છે ?

**ખુશબૂ :** આવતી વખતે શો-રૂમમાં સારી સાડીઓ જોઈ તો બે-ચાર ખરીદી લીધી.

**સુષમા :** પણ ખુશબૂ હજુ લગ્ન થયાને છ મહિના પણ નથી થયા અને અત્યારથી શોપિંગ શરૂ થઈ ગઈ.

**પ્રિન્સ :** મૉમ, શું તમે પણ ? એની પાસે ઢંગની કોઈ સાડી નહતી. માટે મેં જ અપાવી છે.

**સુષમા :** પણ બેટા ! હમણાં લગ્નના પ્રસંગ ઉપર તો મેં એને કેટલી બધી સાડીઓ આપી હતી.

**પ્રિન્સ :** મૉમ, એ બધી જૂની થઈ ગઈ છે. ફેશનના હિસાબે ચાલવું પડે છે.

(પોતાના દિકરાને પણ પોતાની વિરુદ્ધ સાંભળીને સુષમાને ગુસ્સો આવી ગયો)

**સુષમા :** પોતાના ઘરેથી તો એક ફૂટી કોડી પણ લઈને નથી આવી અને અહીં આવતાં જ પૈસા ઉડાવવાના શરૂ કરી દીધા. પૈસા શું ઝાડ પર ઉગે છે ?

**ખુશબૂ :** મમ્મીજી ! મારા પિયરને વચ્ચે લાવવાની કોઈ જરૂર નથી. તમારી પાસે તો પૈસા નથી માંગ્યાને. મારો પતિ કમાય છે ને હું ખર્ચ કરું છું. જે દિવસે એ કમાવવાનું બંધ કરી દેશે હું તમારી પાસે ફૂટી કોડી પણ નહીં માંગુ.

સુષમાએ વિચાર્યું હતું કે ખુશબૂના આવા જવાબ ઉપર પ્રિન્સ જરૂર એને વઢશે. પરંતુ પ્રિન્સ પણ કંઈ બોલ્યા વિના ખુશબૂની સાથે પોતાની રૂમમાં ચાલ્યો ગયો. આ જોઈને સુષમાને જોરદાર ઝટકો લાગ્યો. એને પોતાનો દિકરો પોતાના હાથેથી જતો નજર આવ્યો. અને બીજે દિવસે તો ઘરમાં રામાયણ મચી ગયું. થયું એવું કે પ્રિન્સ અને ખુશબૂ બંને બીજા દિવસે પાછા ખુશબૂના પિયર ગયા અને ત્યાંથી બંને ફરવા ચાલ્યા ગયા. શોખથી ખુશબૂ પિયરથી જીન્સ પહેરીને ગઈ. સંજોગવશાત્ સુષમા પોતાની કેટલી સહેલીઓની સાથે એ જ જગ્યાએ આવી. અને એણે ખુશબૂને જોઈ લીધી. હરી-ફરીને ખુશબૂ પાછી પિયર જઈને કપડાં બદલીને સાસરે આવી. ખુશબૂના આવતાં જ -

**સુષમા :** ખુશબૂ, ઘરની મર્યાદાનો ખ્યાલ પણ છે કે નહીં ?

**પ્રિન્સ :** કેમ મૉમ ! આજે પાછું શું થયું ?

**સુષમા :** લગ્ન પછી આવા કપડાં પહેરીને બહાર જવું આપણી ખાનદાની મર્યાદાની વિરુદ્ધ છે.

**ખુશબૂ :** મર્યાદા ! કઈ મર્યાદાની વાત કરી રહ્યા છો તમે ? તમને આ ખાનદાની મર્યાદા એ સમયે યાદ ન આવી જ્યારે તમારી દિકરી ડૉલી ઘરેથી ભાગી ગઈ હતી ? જો એને પણ મારી જેમ મર્યાદા શીખાવી હોત તો આજે તમારે આ દિવસ ન જોવો પડત.

(અવાજ સાંભળતાં જ આદિત્ય પણ પોતાના રૂમમાંથી બહાર આવી ગયા. ખુશબૂની વાત સાંભળીને સુષમા રડવા લાગી.)

**આદિત્ય :** આ શું થઈ રહ્યું છે ?

**ખુશબૂ :** હું તમારી દિકરીની જેમ લફંગા છોકરાઓની સાથે ગુલછર્રાં ઉડાવવા નથી ગઈ. પોતાના પતિની સાથે જ ગઈ હતી, સમજ્યા.

**આદિત્ય :** પ્રિન્સ, એને ચુપ કર.

**પ્રિન્સ :** સાચું જ તો બોલી રહી છે. શું ખોટું કહ્યું એણે ?

**સુષમા :** પ્રિન્સ ! શરમ આવવી જોઈએ તને આવી વાત બોલતાં શું તું ભૂલી ગયો કે ડૉલી તારી સગી બહેન છે ? વરસો સુધી જે બહેનની સાથે તું રમ્યો-કૂદ્યો આજે આના આવવાથી તું એ બહેનને ભૂલી ગયો. કાલની આવેલી આ, તારી બહેન વિશે આવી વાત કરે અને તું ચુપચાપ સાંભળી રહ્યો છે.

**પ્રિન્સ :** ન સાંભળું તો બીજું શું કરું ? કામ જ એણે એવા કર્યાં છે.

**ખુશબૂ :** કેટલું પણ કરો મમ્મીજી ! સચ્ચાઈ કડવી જ હોય છે. કોના-કોના મોંઢા બંધ કરાવશો તમે ?

**સુષમા :** ખબરદાર, જો આથી વધુ ડૉલીના વિષયમાં કંઈપણ કહ્યું તો મારાથી બુરું કોઈ નહીં હોય. એ મારી દિકરી છે. એને જેમ જીવવું છે તે જીવી રહી છે. તારે એમાં વચ્ચે બોલવાની જરૂર નથી.

**ખુશબૂ :** એ જો તમારી દિકરી છે તો હું પણ કોઈની દિકરી છું. જ્યારે એ પોતાની મરજીથી પોતાની જિંદગી જીવી શકે છે તો મને પણ મારી જિંદગી સારી રીતે જીવતા આવડે છે.

**પ્રિન્સ :** હાં મૉમ, ખુશબૂ બિલકુલ ઠીક કહી રહી છે. આ તો અમારી હરવા-ફરવાની ઉંમર છે, આજે તો ખુશબૂએ બહાર જ જીન્સ પહેર્યું છે. કાલે જો એની ઇચ્છા હોય તો ઘરે પણ પહેરી શકે છે. માટે સારું એ જ રહેશે કે તમે લોકો પોતાના આ જૂના વિચારોને છોડી દો કે પછી પોતાના માટે અલગ ઘર શોધી લો. નહીંતર હું તમારા લોકોની વૃદ્ધાશ્રમમાં વ્યવસ્થા કરાવી લઉં છું. જો તમારે આ ઘરમાં ખુશીથી રહેવું હોય તો તમે તમારી જીભને હવે આરામ આપો. આ મારી લાસ્ટ વોર્નિંગ છે.

પ્રિન્સની વાત સાંભળીને આદિત્ય અને સુષમા તો સુન થઈ ગયા. સુષમાના અરમાનોનો મહેલ એક ઝટકામાં તૂટી ગયો. વૃદ્ધાશ્રમનું નામ સાંભળતાં જ સુષમાની આંખોની સામે સ્વયંના દુઃખદ ભવિષ્યના ચિત્રો તરતા નજર આવવા લાગ્યા. સુષમાના હૃદયમાં એ ડર બેસી ગયો કે જો સાચ્ચે પ્રિન્સ અમને ઘરેથી બહાર કાઢીને વૃદ્ધાશ્રમમાં મોકલી દેશે તો અમારી શું હાલત થશે ? તે અસમંજસમાં ફસાઈ ગઈ હતી. એ ન તો પોતાની વહુને આટલી સ્વતંત્ર જોઈ શકતી હતી કે ન તો પોતાના દિકરાને

છોડીને વૃદ્ધાશ્રમમાં રહી શકતી હતી. ડૉલીના ગયા પછી સુષમાને જીવવાનો એકમાત્ર સહારો પ્રિન્સ જ હતો. દરેક માઁ ની જેમ એ પણ પ્રિન્સ પાસે ઘડપણમાં સહારાની અપેક્ષા રાખતી હતી. પરંતુ પોતાના દિકરાને આવી રીતે પોતાની પત્નીની પાછળ પાગલ જોઈ એની બધી આશા નિરાશામાં બદલાઈ ગઈ.

જો આપણે ખુશબૂની વાત કરીએ તો ભૂતકાળમાં લગ્ન પહેલાં એણે એવા અરમાન સજાવ્યા હતા કે એ ઘરમાં એ એટલા પ્રેમથી રહેશે કે ઘરવાળાઓને ક્યારેય પણ ડૉલીની યાદ સુદ્ધા નહી આવે. આમ એ તો આ ઘરમાં દિકરી બનીને રહેવાની ઈચ્છાથી જ આવી હતી. પરંતુ સુષમાના વર્તને આજે એને જાણી-જોઈને ડૉલીની વાત કરવા અને એના વિરુદ્ધ બોલવા માટે મજબૂર કરી દીધી. અહીં સુષમાને હવે એવા સહારાની જરૂર હતી કે જે એને સાચો રસ્તો બતાવી શકે. જે એની વહુને સમજાવીને એને વૃદ્ધાશ્રમ જવાથી બચાવી શકે. એવામાં એને પોતાની જૂની સહેલી જયણાની યાદ આવી અને તે તરત જયણાના ઘરે પહોંચી ગઈ. ઘણા દિવસો પછી સુષમાને જોઈને જયણા આશ્ચર્યમાં પડી ગઈ -

**જયણા :** અરે સુષમા તું ! આવ-આવ, ઘણા દિવસો પછી આવવાનું થયું ? કેમ છે ?

**સુષમા :** એકદમ ઠીક છું જયણા ! તું કેમ છે ?

**જયણા :** દેવગુરુની કૃપાથી એકદમ શાતામાં છું. આવ બેસ.

સુષમા જ્યારે જયણાના ઘરે આવી રહી હતી ત્યારે એક પલ માટે તો એને બહુ જ સંકોચ થઈ રહ્યો હતો કે એ જયણા સાથે કેવી રીતે વાત કરશે ? શું કહેશે ? પરંતુ જયણાના પ્રેમભર્યા વ્યવહારને જોઈને સુષમાનું દિલ થોડું હલ્કું થઈ ગયું. એટલામાં જયણાની વહુ દિવ્યા આવી -

**દિવ્યા :** પ્રણામ આન્ટીજી, કેમ છો તમે ?

(દિવ્યા અંદરથી પાણી લઈને આવી)

**દિવ્યા :** આ લો આન્ટીજી, હવે પહેલા તમે એ કહો કે તમે ચા લેશો કે શરબત ?

**સુષમા :** નહી બેટા, કંઈ નહીં.

**દિવ્યા :** નહી આન્ટીજી, એવું કેવી રીતે થઈ શકે ? તમે આટલા દિવસો પછી અમારા ઘરે આવ્યા છો. તમારે મારા હાથે કંઈને કંઈ તો લેવું જ પડશે.

**સુષમા :** ઠીક છે બેટા ! તું આટલું કહી રહી છે તો અડધો કપ ચા બનાવી દે.

(થોડીવાર પછી દિવ્યા ચા અને નાસ્તો લઈને આવી. અને સુષમાની આગળ ટેબલ ઉપર રાખ્યો અને પોતે જ્યાં જયણા સોફા ઉપર બેઠી હતી ત્યાં એની નજીકમાં જમીન ઉપર બેસી ગઈ.

જેવી જ દિવ્યા નીચે બેઠી તેવી જ સુષમાની આંખોમાંથી ધડ-ધડ આસૂં વહેવા લાગ્યા. ત્યારે દિવ્યા એ વિચારીને અંદર ચાલી ગઈ કે જરૂર આન્ટીજી પોતાના મનની કોઈ વાત મમ્મીજીને કહેવા આવ્યા હશે. માટે મારે અહીં બેસવું ઉચિત નથી.)

**જયણા :** અરે સુષમા ! કેમ રડી રહી છે ? શું વાત છે ? શું થયું ? શું ડૉલીની યાદ આવી ગઈ ?

**સુષમા :** (બહુ મુશ્કેલથી પોતાની જાતને રોકતાં) જયણા ! હું અત્યાર સુધી બે વાર તારા ઘેર સમાધાન લેવા આવી અને બંને વાર તારા ઘરનું વાતાવરણ જોઈને મારી આંખોમાં આસુંઓને હું રોકી ન શકી.

**જયણા :** કેમ સુષમા, એવું શું થયું ?

**સુષમા :** જયણા પહેલા હું ડૉલી માટે આવી હતી. ત્યારે મોક્ષાનો વિનય જોઈને મારી આંખોમાં આંસુ આવ્યા હતા અને આજે દિવ્યાનો વિનય જોઈને મને રડવું આવી ગયું.

**જયણા :** સુષમા ! તું બહુ જ ટેન્શનમાં હોય એવું લાગે છે. દિલ ખોલીને બતાવ કે શું થયું ?

**સુષમા :** જયણા ! ડૉલીના ગયા પછી મારો એકમાત્ર સહારો હતો મારો દિકરો પ્રિન્સ ! કેટલાય અરમાનો સજાવીને ખૂબ ધૂમ-ધામથી એના લગ્ન કરાવીને વહુને ઘરમાં લાવી. પરંતુ આજે મારો દિકરો અને વહુ મને જ ઘરમાંથી બહાર કાઢવા માટે ષડયંત્ર રચી રહ્યા છે. (આટલું કહીને સુષમાએ શરૂઆતથી લઈને પ્રિન્સની ધમકી સુધીની બધી વાતો જયણાને કહી)

**સુષમા :** જયણા, તું જ બતાવ કે શું ઉણપ રાખી છે મેં પ્રિન્સને પ્રેમ આપવામાં ? પ્રિન્સની ભૂલ હોવા છતાં પણ હંમેશા હું ડૉલીને વઢતી. પ્રિન્સ માટે ક્યારેક એના પપ્પાની સાથે તો ક્યારેક ડૉલીની સાથે ઝઘડો કર્યો. પણ ક્યારેય પ્રિન્સને આંચ પણ આવવા દ્દીધી નહી. એજ પ્રિન્સ જે મારી દરેક વાત માનતો હતો, ક્યારેય મારી સામું પણ બોલતો નહતો. તે આજે પોતાની પત્નીના કહ્યામાં આવીને મને વૃદ્ધાશ્રમમાં મોકલવાની વાતો કરી રહ્યો છે. તો વિચાર એ ખુશબૂ કેવી હશે ? વિચાર્યું હતું કે ખુશબૂના આવ્યા પછી ઘરની જવાબદારીઓમાંથી નિવૃત્ત થઈ જઈશ, પરંતુ આ ખુશબૂ તો મને ઘરમાંથી જ નિવૃત્ત કરવાની રાહ જુએ છે. માત્ર સાત દિવસોમાં એણે પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું. હવે તું જ ખુશબૂને કંઈક સમજાવ જયણા.

**જયણા :** સુષમા ! જો એની કોઈ ભૂલ હોય, તો હું એને સમજાવું ને ? જ્યારે એની કોઈ ભૂલ જ નથી તો એને કંઈ કહીને શો ફાયદો ?

**સુષમા :** શું ? આ શું કહે છે જયણા ? આટલું બધું સાંભળ્યા પછી તું એમ કહે છે કે ખુશબૂ નિર્દોષ છે ? જયણા ડૉલીના મામલામાં તો હું માનું છું કે મારા જ સંસ્કારોની ઉણપ હતી જેથી મારે આવા દિવસો

જોવા પડ્યા. પણ જયણા, ખુશબૂ તો કોઈ બીજા ઘરમાંથી સંસ્કારિત થઈને આવી છે તો શું મારા ઘરે આવ્યા પછી એના બધા સંસ્કાર ચાલ્યા ગયા. એની ભૂલો તો છોડ જયણા એણે મને વૃદ્ધાશ્રમમાં મોકલવા સુધીનું કહી દીધું અને આટલું થયા પછી પણ તું એમ કહી રહી છે કે ભૂલ એની નથી ? તો શું હું ખોટી છું ?

**જયણા :** હાં સુષમા, તું ખોટી છે. માન્યું કે એણે પણ કેટલીક ભૂલો કરી છે, પણ એ બધાના મૂળમાં તો તું જ છે. તેં એને આવી ભૂલો કરવા મજબૂર કરી. જો હું સમજાવું છું. સૌથી પહેલી ભૂલ તો તે ખુશબૂ પાસે જાત-જાતની અપેક્ષા રાખીને કરી છે. તે મને જણાવ્યું કે તે કેટલાક અરમાનો સજાવ્યા હતા જેમકે ખુશબૂના આવતાં જ હું ઘરથી નિવૃત્ત થઈ જઈશ ને બધું જ કામ વહુ કરી લેશે. પરંતુ જ્યારે તારા અરમાનોને ખુશબૂ પૂરા ન કરી શકી ત્યારે તે એની સાથે ખોટો વ્યવહાર કર્યો. પણ તે ક્યારેય એ વાત ઉપર ધ્યાન આપ્યું છે કે આ ઘરમાં આવ્યા પહેલા એ કયા-કયા અરમાનોને સજાવીને આવી હતી ? શું તે એના સપનાઓને પૂરા કરવાની કોશિશ કરી ? પૂરા કરવાના તો છોડ પણ તે તો એ જાણવું પણ જરૂરી ન સમજ્યું.

**સુષમા :** જયણા, તું કયા સપનાની વાત કરી રહી છે ? હું કંઈ સમજી નહીં ?

**જયણા :** તું એ દિવસની જ વાત જોઈ લે જેવી રીતે તે વહુ પાસે ચા બનાવવાની અપેક્ષા રાખી તો, શું એ મોડા ઉઠ્યા પછી પણ તારા પ્રેમની અપેક્ષા ન રાખી શકે ? એણે તને કહ્યું પણ હતું કે કાલે હું બહુ જ મોડી સૂતી હતી માટે ઉઠવામાં મોડું થઈ ગયું. એણે તને પોતાની માનીને વિચાર્યું હશે કે હજુ તો હું નવી-નવી આવી છું, મૉમ મને કંઈ નહી કહે. પરંતુ તે તો આવતા ની સાથે જ એના ઉપર કર્તવ્યોનો બોજો નાંખી દીધો.

**સુષમા :** જંયણા મેં એને એના કર્તવ્યો બતાવીને શું ખોટું કર્યું ?

**જયણા :** ખોટું તો નથી કર્યું. પણ તે બહુ જ ઉતાવળ કરી દીધી. અહીં જો થોડા સમય સુધી તે માત્ર એને પ્રેમ આપ્યો હોત તો તારે એને આ બધી વાતો જણાવવાની જરૂર જ ન પડત. તારા પ્રેમથી એ બધી વાતો પોતાની મેળે શીખી લેત. સુષમા નવી વહુને નવજાત શિશુની ઉપમા આપી છે. શું તું નવજાત શિશુ પાસે તરત જ ચાલવાની, બોલવાની, કામ કરવાની અપેક્ષા રાખી શકે છે ? નહી ને. તું એ નવજાત શિશુને શીખવાડીશ, એનું ધ્યાન રાખીશ, એને પ્રેમ આપીશ. જો છતાં પણ એ ન શીખે તો તું એની ઉપર ગુસ્સો ન કરીને એને હજુ વધારે પ્રેમ કરીને વધુ શીખવાડીશ. બસ, આ જ વાત વહુ ઉપર પણ લાગુ પડે છે. ૨૦-૨૦ વર્ષ સુધી પોતાના માતા-પિતા તથા પરિવારજનોના પ્રેમમાં ઉછરેલી

છોકરી, પોતાના પૂરા પરિવારને છોડીને પારકા ઘરે આવે છે. માતાપિતાના ઘરને છોડીને અજાણ્યા ઘરમાં રહેવું કેટલું કઠીન છે ? છતાં પણ છોકરી આટલો મોટો ત્યાગ કરીને સાસરે આવે છે. માટે તો એને સંતાનથી પણ વધારે પ્રેમ આપવો જોઈએ. કેમકે સાસરીયામાં આવવું એ તો એની માટે નવો જન્મ લેવા જેવું છે. શરૂઆતમાં તો વાત્સલ્ય નિધિ બનીને વાત્સલ્યથી પુત્રવધુનું નિર્માણ કરવું જોઈએ. વહુના પિયરના રીતિ-રિવાજો, ખાન-પાન, રીતભાત બધુ અલગ હોય છે અને નવા પરિવારમાં રહેવામાં, નવા રીતિ-રિવાજોને સમજવામાં, એના અનુસાર ચાલવામાં સમય તો લાગે જ છે અને એની સાથે જરૂરત હોય છે સાસુના પ્રેમની. સુષમા તે એને તો એના કર્તવ્યો બતાવ્યા પણ શું તે ક્યારેય પોતાના કર્તવ્યોની તરફ ધ્યાન આપ્યું ?

**સુષમા :** જયણા ! મારું શું કર્તવ્ય છે ? વહુના આવ્યા પછી તો સાસુ કર્તવ્યથી મુક્ત થઈ જાય છે. તું પોતાની જાતને જ જોઈ લે, તું કેટલી ફ્રી છે. કેમકે તારી વહુ સારી રીતે પોતાના કર્તવ્યોનું પાલન કરે છે. એના માટે તે કયા કયા કર્તવ્યો નિભાવ્યા ?

**જયણા :** હું તને મારા ઉદાહરણથી જ સમજાવું છું કે - આજ વહુને આટલી યોગ્ય બનાવવામાં મેં મારા કર્તવ્યોનું કઈ રીતે પાલન કર્યું. એથી તને તારા બધા પ્રશ્નોનું સમાધાન મલી જશે. દિવ્યા નવી-નવી હતી ત્યારે એને અનુકૂળ વાતાવરણ બનાવવા માટે હું વધારામાં વધારે સમય એની પાસે રહેતી. એને કામ-કાજ શીખાવતી. ઘરના રીતિ-રિવાજોથી પરિચિત કરાવતી, શરૂઆતમાં તો જે વસ્તુ એની પ્રિય હતી તે જ ઘરમાં બનતી, પણ સાથે જ ઘરના લોકોની પ્રિય વસ્તુઓની જાણકારી પણ એને આપતી. કપડામાં એની પસંદને હંમેશા વધારે ગણી અને ઘરના લોકોની જે પસંદ છે એની પણ એને જાણ આપતી, આડોશ-પાડોશના લોકો સાથે એનો પરિચય કરાવ્યો. એમના સ્વભાવની જાણકારી તથા એમની પાસે કામ કેવી રીતે લેવું, એ વિષે એને સમજાવ્યું. એની સહેલીઓ કે પિયરથી કોઈપણ આવે તો એમની પાસે બેસવા માટે એને પૂરતો સમય આપતી. જેથી બધા જ ખુશ થઈને જતા. એટલું જ નહી લગ્ન પછી થોડા મહિના સુધી તો સમય-સમય પર એને પિયર મોકલતી. જેથી પિયરથી જ્યારે તે પાછી સાસરે આવે તો ખુશ જ રહે. એ રીતે એની પસંદને અનુકૂળ માહોલ ઉભું કરી દીધું. મારો આટલો પ્રેમ મળવાથી વહુએ પણ હવે પોતાના કર્તવ્યોને, પોતાની જવાબદારીઓને પોતાની સમજી. પોતાની કાર્ય-કુશળતાથી ઘરના બધા લોકોનું દિલ જીતી લીધું. હવે પોતાની જાતને એ આ પરિવારનું મહત્ત્વપૂર્ણ અંગ સમજે છે. મેં છ મહિના પોતાના અરમાનો છોડીને એના અરમાનોને મુખ્યતા આપી પરિણામ સ્વરૂપ આજે હું આરામથી જ્યાં ઇચ્છું ત્યાં જઈ શકું છું, જે ઇચ્છું તે કરી શકું છું.

**સુષમા :** જયણા ! હું તારી વાત બરાબર સમજી નહી. છોકરી ૨૦-૨૦ વર્ષ સુધી પિયરમાં રહીને આવે છે. એ તો બધાને ખબર જ છે કે દિકરીઓ પારકું ધન હોય છે, અને એના અનુસાર માઁ પોતાની દિકરીને સંસ્કાર આપે છે. દિકરી સાસરે જશે એવું વિચારીને માઁ એને ઘર-ગૃહસ્થીનું બધુ કામ શીખવાડે છે. એટલે કે છોકરી પૂરી રીતે સંસ્કારિત થઈને જ સાસરે આવે છે. તો પછી એની પાછળ આટલો સમય બરબાદ કેમ કરવો ? શરૂઆતના છ મહિના દિવ્યાની સાથે વિતાવીને તું ઘણીબધી ધર્મારાધના ન કરી શકી. પોતાના ઘણાબધાં કાર્યોને ગૌણ કર્યા હશે, માટે મારો પ્રશ્ન એ જ છે કે જ્યારે વહુ પિયરથી બધુ શીખીને જ આવે છે તો પછી ફરી એને આ બધુ શીખવવાની શી જરૂર ?

**જયણા :** નહી સુષમા તું જેવું વિચારે છે તેવું નથી. નવી-નવી વહુ ઘરમાં આવે છે ત્યારે તે અંદર ને અંદર બહુ ડરેલી રહે છે. એક તો નવું વાતાવરણ, નવા લોકો અને ઉપરથી ભૂલ થવા પર ઠપકો મળવાનો, પોતાની પ્રેસ્ટિઝ ઓછી થવાનો કે પછી પિયરનું નામ ખરાબ થવાનો ભય. આવી સ્થિતિમાં સાસુએ પ્રેમથી એને સહાનુભૂતિ આપીને એને પોતાની બનાવવી જોઈએ. સુષમા ! વહુ ચાહે ખાવાનું બનાવવામાં કેટલી પણ હોશિયાર કેમ ન હોય, સાસરે આવ્યા પછી એના મનમાં એટલો ડર હોય છે કે એ કંઈને કંઈ ગડબડ કરી જ બેસે છે. કાં તો મીઠું જ ન નાંખે કે પછી ડબલ નાખી દે. આવું થવું સ્વાભાવિક છે.

તું પોતાનો ભૂતકાળ જ જોઈ લે. સાસરે આવ્યા પછી તારી પણ કંઈક આવી જ હાલત હતી. એવામાં કામ તો એને બધુ આવડે જ છે એટલે કે વહુને કામ શીખવાડવું એ સાસુનું કર્તવ્ય નથી. પરંતુ પ્રેમ આપીને એના ભયને દૂર કરીને પોતાપણાનો અહેસાસ કરાવવો એ સાસુનું કર્તવ્ય છે. એના બદલે તે એને પ્રેમ આપવો તો દૂર એની મહેંદીનો રંગ ઉડ્યા પહેલા જ બધા કામનો ભાર એના નાજુક ખભા ઉપર નાંખી દીધો. શું તે ક્યારેય એને પ્રેમથી બેસાડીને પૂછ્યું કે બેટા ક્યાંક તને તારી માઁ ની યાદ તો નથી આવતીને ? એવું પૂછવું તો દૂર તેં તો એને પોતાની માઁ સાથે વાત પણ કરવા ન દીધી. હજી સુધી તો તે પોતાના માતા-પિતાને ભૂલી નહતી અને તેં તો હંમેશ હંમેશને માટે પિયરથી એનો સંબંધ તોડવાની કોશિશ કરી.

સુષમા ! માન્યું કે એણે જિન્સ પહેર્યું, પરંતુ એને એટલી તો શરમ હતી કે તે તારી સામે પહેરીને ન આવી. તું ઇચ્છત તો આજ વાત તું એને પ્રેમથી સમજાવી શકતી હતી. પણ તે પ્રેમ આપવાના બદલે એને વઢી અને એને નીચુ દેખાડવા માટે તું ખોટા રસ્તે ગઈ અને પોતાની દિકરી ડૉલીનો પક્ષ લીધો, તો પછી એ બિચારી ચુપ કેવી રીતે રહી શકે ? એના અરમાન તો એજ રહ્યા હશે કે હું બધાને પોતાના

બનાવી લઈશ, પરંતુ તારો વ્યવહાર હંમેશા એને પારકાપણાનો અહેસાસ કરાવતો રહ્યો. તારા વર્તનથી એના મનમાં ફિટ થઈ ગયું કે અહીં બધા પારકા છે. બધા મારા દુશ્મન છે. તે વ્યવહાર પારકા જેવો રાખ્યો અને અપેક્ષા પોતાના વ્યક્તિ કરતા પણ વધારે રાખી. ડૉલી તારી સાથે ૨૦ વર્ષ સુધી રહી. પણ એણે ક્યારેય તને ચા બનાવીને આપવી તો દૂર પાણીનો ગ્લાસ પણ ભરીને આપ્યો હતો ? જ્યારે તારી દિકરી પાસેથી તને કોઈ અપેક્ષા નહતી તો ઘરમાં આવેલી તારી નવી વહુ પાસે તું એનાથી પણ મોટી અપેક્ષાઓ કેવી રીતે રાખી શકે છે ? અને તે એને દિકરીની જેમ પ્રેમ આપવાના બદલે હંમેશા એને ટોકી, એની સાથે ખરાબ વ્યવહાર કર્યો, એના ઉપર નિયંત્રણ રાખ્યા. આ ક્યાંનો ન્યાય છે ?

**સુષમા :** જયણા, ડૉલીના ગયા પછી મને ડર હતો કે આવવાવાળી વહુ ક્યાંક પ્રિન્સને બહેકાવીને મારાથી દૂર ન કરી દે. ડૉલીને મેં ખૂબ પ્રેમ આપ્યો. પરિણામ, એ મને જ દગો આપીને ચાલી ગઈ. મને વહુને વિષે પણ આજ ડર હતો. માટે હું એને ક્યાંય બહાર મોકલતી ન હતી. હું એને પિયર આ ડરથી જ નહોતી મોકલતી કે ક્યાંક પોતાની માઁ ના કહ્યામાં આવીને તે મારા દિકરાને મારાથી દૂર ન કરી દે. ડૉલી ઉપર નિયંત્રણ ન રાખ્યું માટે અંતમાં મારે પસ્તાવવું પડ્યું. માટે સાવધાન બનીને મેં પહેલેથી જ ખુશબૂ ઉપર નિયંત્રણ રાખવું શરૂ કર્યું તો મેં શું ખોટું કર્યું ?

**જયણા :** સુષમા ! તે દિકરીની જેમ એની ઉપર નિયંત્રણ રાખ્યું, પણ શું દિકરીની જેમ એને વાત્સલ્ય આપ્યું ? દિકરી જેવો પ્રેમ કર્યો ? દિકરીની જેમ એની ભૂલોને માફ કરવાની કોશિશ કરી ? નહી, માત્ર પોતાના અધિકારોનો ઉપયોગ કર્યો. પરંતુ ક્યારેય પોતાના કર્તવ્યનુંપાલન કર્યુ ? તું કહી રહી છે કે નિયંત્રણ રાખીને મેં કોઈ ભૂલ જ નથી કરી. અરે ! આજ તો તારી સહુથી મોટી ભૂલ હતી. સુષમા ! નિયંત્રણ બાળકો ઉપર લગાવી શકાય છે. વહુઓ ઉપર નહી. એને તો સ્વતંત્ર જ રાખવી જોઈએ. પણ સાથે જ તે ક્યાંક સ્વચ્છંદ ન બની જાય. એનું પૂરે-પૂરું ધ્યાન રાખવું જોઈએ.

તું જ બતાવ, પ્રિન્સ જ્યારે નાનો હતો. તે તારી આંગળી છોડીને પહેલી વાર ચાલ્યો ત્યારે તને કેટલી ખુશી થઈ હતી. જ્યારે પહેલી વખત એણે તને મૉમ કહીને બોલાવી હતી ત્યારે તારી ખુશીનો કોઈ પાર ન હતો. ધીરે-ધીરે એ મોટો થયો, પોતાની જાતે સ્કૂલ જવા લાગ્યો, કૉલેજ ગયો અને આજે પોતાના પગ ઉપર ઉભો થઈ ગયો છે. આ પ્રમાણે જીવનની પ્રત્યેક સીઢીમાં એ જેટલો સ્વતંત્ર થતો ગયો એટલી જ તને ખુશી થવા લાગી. પરંતુ સાથે જ તે સ્વચ્છંદી ન બની જાય એનું તે પૂરેપુરૂં ધ્યાન રાખ્યું. એને ચાલતાં શીખવાડ્યું પરંતુ તે ચાલીને ક્યાંક ખોટા રસ્તે ન જાય એનું તે ધ્યાન રાખ્યું. તે પોતાની જાતે સ્કૂલ જવા લાગ્યો. ત્યારે તને ખુશી થઈ પરંતુ તે સ્કૂલનું નામ લઈને

ક્યાંય બીજે તો નથી જતો ને ? એની તે સાવધાની રાખી. બસ આ જ પ્રમાણે વહુના વિષયમાં કરવું હતું. તારે એને પિયર મોકલવાની હતી પરંતુ ત્યાંથી શીખેલી ખોટી શિક્ષા એના દિલો-દિમાગમાં ફીટ ન થઈ જાય એનું ધ્યાનં તારે રાખવાનું હતું. તારે એને બહાર મોકલવી હતી પણ બહાર જઈને ખરાબ લોકોની સાથે- સંબંધ તો નથી કરી રહી, એનું ધ્યાન તારે રાખવું જોઈતું હતું. ત્યારે તુ સાચા અર્થમાં સાસુમાંથી માઁ બની શકત પરંતુ તે તો એની ઉપર બધું જ નિયંત્રણ રાખી દીધું. તારો આશય સારો હતો પરંતુ પદ્ધતિ એકદમ ખોટી હતી. ફળ સ્વરૂપ તારો દિકરો પણ તારા હાથમાંથી જતો રહ્યો.

**સુષમા :** સાચે જ હવે મને મારી ભૂલનો અહેસાસ થવા લાગ્યો છે. હવે મને લાગે છે કે ભૂલ ખુશબૂની નહી પણ મારી છે. હવે હું શું કરું ? ખુશબૂના દિલમાં મારા પ્રત્યે પારકાપણાની ભાવના બેસી ગઈ છે. એને કેવી રીતે દૂર કરું ? જયણા સગાઈ પછી એકવાર ખુશબૂએ મને કહ્યું પણ હતું કે, ''મમ્મીજી હું તમારા ઘરમાં તમારી દિકરી બનીને રહેવા માંગું છું. મારી કોશિશ તો એજ રહેશે કે મારા આવ્યા પછી તમને ક્યારેય પણ ડૉલીની યાદ ન આવે.'' પરંતુ મારા નિયંત્રણોએ એના બધા અરમાનોને ચૂર-ચૂર કરી દીધા.

**જયણા :** સુષમા તને પોતાની ભૂલનો અહેસાસ થઈ ગયો છે એજ બહુ મોટી વાત છે. સુષમા, જે વ્યક્તિથી આપણને અપેક્ષા નથી હોતી એ જો આપણને થોડો પ્રેમ આપે તો આપણને વધારે આનંદ આવે છે. ભાઈ, બહેન, માઁ, સહેલી ત્યાં સુધી કે પતિનો અઢળક પ્રેમ મેળવ્યા પછી પણ જો વહુને સાસુનો થોડો પણ પ્રેમ મળી જાય તો એની ખુશીનો પાર નથી રહેતો. પછી તો એ જયાં જાય છે ત્યાં પોતાની સાસુમાઁની જ પ્રશંસા કરે છે. એવી સ્થિતિમાં દિકરો પણ માઁ ના ચરણોમાં જ રહે છે.

સાસરીયામાં વહુ માટે પતિથી પણ વધારે સાસુ ઉપયોગી બને છે. પરંતુ આ વાત સમજવામાં આજકાલની સાસુઓ માર ખાઈ જાય છે, સાસુઓ દિકરી સાથે તો દિલથી વ્યવહાર કરે છે અને વહુની સાથે વ્યવહાર રાખવામાં દિમાગનો ઉપયોગ કરે છે. તે એ નથી વિચારતી કે દિકરીઓ તો એક દિવસ આપણને છોડીને સાસરે ચાલી જશે અને આપણે પૂરી જિંદગી વહુની પાસે જ ગુજારવાની છે. માટે જો તેઓ વહુની સાથે પણ દિલથી વ્યવહાર કરે તો એમનું ઘર ખુશીઓથી ભરાઈ જશે.

**સુષમા :** જયણા ! આ દિલ અને દિમાગનો વ્યવહાર હું કંઈ સમજી નહીં.

**જયણા :** સુષમા ! હું તને એક દૃષ્ટાંતથી સમજાવું છું, તને જલ્દી સમજમાં આવી જશે. બે સહેલીઓ મળી. એકે પૂછ્યું, ''દિકરાના નવા-નવા લગ્ન થયા છે વહુ કેવી છે ?'' વહુનું નામ સાંભળતાં જ ચહેરો બગાડતાં બીજી સહેલીએ પોતાની વાત શરૂ કરી, ''હે ભગવાન, કોણ જાણે કેવા કર્મ કર્યા છે

કે આવી વહુ ગળે પડી છે. મૉ-બાપે સંસ્કાર તો આપ્યા જ નથી. સાત વાગે મહારાણી ઉઠે છે અને આઠ વાગ્યા સુધી નીચે આવે છે. ભગવાન જાણે રૂમમાં શું કરે છે ? પછી ૮ વાગે નીચે આવીને સીધી ભગવાનના દર્શન કરીને રસોઈમાં નાસ્તો કરવા જાય છે. કેસર-બદામવાળું દૂધ અને ઇલાયચીવાળી કડક ચા અને નાસ્તામાં પણ જાત-જાતની આઈટમ વગર તો એને ચાલતું જ નથી. ત્યાંથી એ ધર્મની પૂંછડી નાહી-ધોઈને સીધી પૂજા કરવા જાય છે. કોઈ મ.સા. હોય તો વ્યાખ્યાનમાં ગયા વગર તો એ રહી જ નથી શકતી. ત્રણ-ચાર કલાક પછી એ પૂજારણ ઘરે આવે છે. અને પછી વાસણ વગાડી-વગાડીને બતાવવાની કોશિશ કરે છે કે હું કામ કરી રહી છું. પછી થાળી લઈને બેસી જાય છે. મિઠાઈ અને ફરસાણની સાથે પેટ ભરીને ખાવાનું ખાધા પછી કોને ઉંઘ ન આવે ? ખાધા પછી એક કલાક સૂઈ જાય છે. અને ઉઠતાં જ કડક ચા પીને કામ ન કરવું પડે માટે સામાયિક કરવા બેસી જાય છે. ઉઠીને બજારમાં શાકભાજી ખરીદવા ચાલી જાય છે. બજારમાં કામ ૧૦ મિનિટનું પણ અડધો કલાક બહાર ફરીને આરામથી આવે છે અને આવતાં જ ચોવિહાર કરવા બેસી જાય છે. પછી સાંજે મને મસ્કા મારવા આવી જાય છે. કહે છે, કેમ છો મૉમ, તબિયત તો ઠીક છે ને ? કોઈપણ કામ હોય તો મને જરૂર કહેજો. અને પછી પ્રતિક્રમણ કરીને પહોંચી જાય છે મારા દિકરાની પાસે. ખબર નહીં શું જાદુ કરી દીધો છે મારા દિકરા ઉપર કે એ પણ એના વખાણ જ કરતો ફરે છે.''

ત્યારે પેલી સહેલી બોલી, ''અરે રે ! આ તો બહુ જ ખરાબ થયું. આજકાલ તો જમાનો જ ખરાબ છે સારું એ તો બતાવ કે તારી દિકરી કેમ છે ? એને સાસરે તો બધુ બરાબર છે ને ?'' દિકરીનું નામ સાંભળતાં જ એના ચહેરા ઉપર ચમક આવી ગઈ, એ કહેવા લાગી - ''અરે ! શું કહું તને ? ભવો-ભવના પુણ્યના ફળ સ્વરૂપ આવું સાસરું મળ્યું છે. ખાનદાની પરિવાર, પૈસાવાળા છે માટે નોકરોની કોઈ કમી નથી. મારી દિકરી આરામથી આઠ વાગ્યા સુધી ઉઠે છે. અને પછી ભગવાનના દર્શન કરી સીધી નાસ્તો કરવા જાય છે. પૈસાવાળા છે અને મોટો પરિવાર છે. માટે ઇલાયચીવાળી ચા, કેસર-બદામવાળું દૂધ અને બે-ચાર નાસ્તા તો રોજે બને જ છે. પછી એ નાહી-ધોઈને મંદિર જાય છે. મેં એને કેટલા સુંદર સંસ્કાર આપ્યા છે કે મંદિર ગયા વિના અને ગુરૂ મહારાજનું પ્રવચન સાંભળ્યા વિના તો એને ચેન જ નથી પડતું. માટે ત્રણ-ચાર કલાક તો મંદિરમાં થઈ જ જાય છે. ત્યાંથી રસોડામાં થોડી ઘણી મદદ કરાવીને બધા જમવા બેસે છે. આટલો મોટો પરિવાર બધા હળી-મળીને જમવા બેસે છે. એની સાસુ તો એની ઉપર એટલી ખુશ છે કે કેટલીય વાર તો પોતાના હાથે એને ખવડાવે છે. પૈસાવાળા છે એટલે રોજ નવા-નવા મિષ્ઠાન બને છે. પછી બપોરે કંઈ કામ ન હોવાને

કારણે એક-બે કલાક સૂઈ જાય છે, મારી દિકરીના સંસ્કારોને વિષે તો હું શું કહું ? રોજ એક સામાયિક નો એનો નિયમ છે. અને સાસરે ગયા પછી પણ એણે આ નિયમને ચાલુ રાખ્યો છે. ઉંઘીને ઉઠ્યા પછી એ એક સામાયિક કરી લે છે. સામાયિક કર્યા પછી માર્કેટ જતી રહે છે શાકભાજી ખરીદવા. ત્યાંથી આવીને રસોડામાં કામ કરાવીને પાછા બધા જમવા બેસી જાય છે. રાત્રિભોજન તો એણે જિંદગીમાં ક્યારેય કર્યું જ નથી. પછી સાંજે પોતાની સાસુના પગ દબાવવા બેસી જાય છે. એની સાસુ તો એના વખાણ કરતાં થાકતી નથી.'' બોલ સુષમા મારું દૃષ્ટાંત સાંભળીને તને શું મહસુસ થયું ? દિકરી-બહુ બંનેની દૈનિક ક્રિયા એક જેવી. પરંતુ દિકરી હોવાથી એ જે કરે તે સારું લાગે છે અને વહુ હોવાથી એ જ કામ બિલકુલ ગમ્યું નહીં.

**સુષમા :** હાઁ ! જયણા તારી વાત સાચી છે. મને ખબર હતી કે ડૉલીએ જે કર્યું તે ખોટું હતું. છતાંય મેં એનો પક્ષ લીધો. અને બિચારી વહુ નિર્દોષ હોવા છતાં પણ મેં એની સાથે ખોટો વ્યવહાર કર્યો. મેં દિકરીની સાથે દિલથી અને વહુની સાથે દિમાગનો પ્રયોગ કર્યો. જયણા હવે હું મારી ભૂલ સુધારવા માંગું છું. તું જ મને માર્ગદર્શન આપ કે મારે હવે શું કરવું ?

**જયણા :** સુષમા ! આજ સુધી તે એની સાથે સાસુ જેવો વ્યવહાર કર્યો. બસ ! હવે તું એની સાસુમાઁ બની જા. દેખજે તારો વ્યવહાર તારી વહુને પણ દિકરી બનાવી દેશે. તું એને પોતાની દિકરીથી પણ વધારે પ્રેમ આપ, એને સમય-સમય પર પિયર મોકલ, ફરવા મોકલ. એ કામ કરવા આવે ત્યારે તું એમ કહેવાનું રાખ, ''દિકરી હવે તો તારા હરવા-ફરવાના દિવસો છે. કામ તો તારે જિંદગીભર કરવાનું જ છે.'' દિકરાની સામે પોતાની વહુની એના કામની એની રસોઈની પ્રશંસા કર. હાથખર્ચીના માટે એને આગળથી પૈસા આપ, એના પિયરવાળા સાથે પણ સારા સંબંધ રાખ. જો જે સુષમા તું એને પ્રેમ આપે ને એ તને પ્રેમ ન આપે. એ તો બની જ ન શકે. સુષમા ! ''જે પડાવે વહુની આંખમાંથી આંસુ એનું નામ સાસુ'' આ કહેવતને પોતાના જીવનમાં સાર્થક ન થવા દેજે.

**સુષમા :** જયણા ! હું તારી કહેલી બધી વાતોનો અમલ કરવાની પૂરી કોશિશ કરીશ.

**જયણા :** સુષમા ! એક મુખ્ય વાત. તું તારી વહુને આટલો પ્રેમ આપીશ તો એ નિશ્ચિત છે કે એ તને ઘરની બધી જવાબદારીઓથી મુક્ત કરી દેશે. પરંતુ એનો એ મતલબ નથી કે તું ફરીથી કિટી પાર્ટીઓમાં અને શૉપિંગમાં લાગી જાય. સુષમા ! હવે અટકી જા. આ રીતે એશોઆરામની જિંદગીનું પરિણામ તેં સાક્ષાત્ જોઈ લીધું છે. ક્યાંક એવું ન થાય કે ડૉલીની જેમ ભવિષ્યમાં તારો દિકરો અને વહુ પણ તારા હાથમાં ન રહે. તું સુખી બનવાની ઈચ્છા રાખે છે પરંતુ સુખી બનવા માટે પુણ્ય જોઈએ અને પુણ્ય પ્રાપ્તિ

માટે ધર્મ કરવો આવશ્યક છે. આ અણમોલ માનવ ભવ મળ્યો છે. હજુ પણ સમય છે જીવનને ધર્મમાર્ગે લગાવીને સાર્થક કર. નહીંતર ક્યાંક એવું ન થાય કે આવતા ભવમાં તને મનુષ્ય શરીર જ ન મળે માટે હવે ધર્મમય વાતાવરણમાં પોતાનું જીવન વીતાવવાની સાથે તારી વહુને પણ ધર્મમાં જોડ.

**સુષમા :** સાચું જયણા, આજ સુધી તે મારા હિત માટે જે પણ કહ્યું મેં હંમેશા એની અવગણના જ કરી છે. પરંતુ આજે મને એવું લાગે છે કે જો મેં તારી વાત માનીને ધાર્મિક જીવન વ્યતીત કર્યું હોત અને ડૉલીને પણ સંસ્કાર આપ્યા હોત તો મારે ક્યારેય પણ દુઃખી ન થવું પડત. આજથી તારી દરેક હિતશિક્ષાને જીવનમાં ઉતારીને પોતાના જીવનને સુધારવાની કોશિશ કરીશ. જયણા ! ખબર નથી પડતી કે કયા શબ્દોમાં તારો આભાર વ્યક્ત કરું.

**જયણા :** સુષમા મને તારા આભારની કોઈ આવશ્યક્તા નથી. મારા કહ્યા અનુસાર જો તું ધર્મમાં જોડાઈ જઈશ તો હું માનીશ કે મારું કહેવું સાર્થક થયું.

(આ પ્રમાણે હિતશિક્ષા લઈને સુષમા પોતાના ઘરે આવી. આજે એના ચહેરા ઉપર એક અલગ જ પ્રસન્નતા હતી તથા હૃદયમાં એક અનોખો આનંદ હતો. આ આનંદ હજારો કિટી પાર્ટીઓ અટેંડ કર્યા પછી પણ એને ક્યારેય મહસૂસ નથી થયો. ઘરમાં આવીને સુષમા હૉલમાં બેસીને વિચારી રહી હતી કે હું ખુશબૂથી વાત કરવાની શરૂઆત કેવી રીતે કરું ? અને અહીં અચાનક મિક્સીમાં ચટણી બનાવતા સમયે ખુશબૂનો હાથ મિક્સીની બ્લેડથી કપાઈ જવાને કારણે લોહી નીકળવા લાગ્યું. દર્દને કારણે ખુશબૂ જોરથી રડવા લાગી. એક બાજુ હાથ કપાયાનું દર્દ અને બીજી બાજુ હમણાં મૉમ આવીને ચીલ્લાવશે કે જોઈને કામ નથી કરી શકતી, એ વાતનો ડર ખુશબૂના ચહેરા ઉપર સાફ દેખાતો હતો ખુશબૂના રડવાનો અવાજ સાંભળીને સુષમા તરત ત્યાં આવી)

**સુષમા :** અરે બેટા ! તને તો કેટલું વાગ્યું છે, કેટલું લોહી નીકળે છે. ઉઠ બહાર આવ.

(આટલું કહીને સુષમા હાથ પકડીને એને હૉલમાં લાવી અને ડેટોલથી એના હાથનો ઘા સાફ કરવા લાગી.)

**સુષમા :** બેટા ! બહુજ દર્દ થાય છે ને ? તું રડ નહીં. હું હમણાં જ ડૉ.ને ફોન કરું છું.

(સુષમાએ ડૉ.ને ફોન કરીને બોલાવ્યા અને જ્યાં સુધી ડૉ. આવ્યા નહીં ત્યાં સુધી ખુશબૂની પાસે જ બેસી રહી. અને તેને ધીરજ આપતી રહી. એટલામાં ડૉ. આવી ગયા અને ખુશબૂના ઘા ઉપર ડ્રેસિંગ કરવા લાગ્યા.

ડૉ. : જુઓ ઘા વધારે હોવાને કારણે તથા લોહી વધારે વહી જવાને કારણે આમને દસ દિવસ સુધી પાણીમાં હાથ ન નાખવા દેતા, નહીંતર સેપ્ટીક થવાની પૂરેપૂરી સંભાવના છે અને જો સેપ્ટીક વધી ગયું તો હાથ પણ કપાવવો પડશે. (આટલું કહીને ડૉ. ત્યાંથી નિકળી ગયા. એટલામાં ખુશબૂ પણ ઉઠીને કિચનમાં જવા લાગી ત્યારે)

**સુષમા :** ખુશબૂ બેટા ક્યાં જઈ રહી છે ?

**ખુશબૂ :** મમ્મીજી એ ચટની...?

**સુષમા :** અરે ચટણી તો હું સાફ કરી લઈશ, તું જા આરામ કર.

(ખુશબૂ ત્યાંથી જતી રહી. એ તો વિચારતી હતી કે સાસુમાઁ આજે વઢ્યા કેમ નહીં ? વઢવાને બદલે આજે એમના મોંઢામાંથી આવા મીઠા શબ્દો કેવી રીતે નીકળી રહ્યા છે ? અચાનક પોતાની સાસુના બદલાયેલા વ્યવહારથી એના આશ્ચર્યનો પાર ન રહ્યો. ચાર દિવસ સુધી તો સુષમાએ ખુશબૂને જરા પણ કામ કરવા ન દીધું. જો ખુશબૂ કિચનમાં આવી પણ જતી તો એને પ્રેમથી પાછી આરામ કરવા મોકલી દેતી. અહીં સુધી કે સાંજનું ખાવાનું પોતાના માટે અલગ બનાવીને પછી રાત્રે જ્યારે પ્રિન્સ ઘરે આવતો ત્યારે ખુશબૂ અને પ્રિન્સને માટે અલગથી જે ખુશબૂને પસંદ હોય તેવું ગરમાગરમ ખાવાનું બનાવીને આપતી.)

(એક દિવસ ખુશબૂનો ભાઈ કેતન અચાનક એને મળવા આવ્યો.)

**ખુશબૂ :** અરે, ભાઈ તમેં અહીં ક્યાંથી ?

**કેતન :** ખુશબૂ ! પહેલાં તું એ બતાવ કે તારી તબિયત કેમ છે, ઘા ભરાઈ ગયો કે નહીં ?

**ખુશબૂ :** તને કેવી રીતે ખબર પડી ?

**કેતન :** તારી સાસુમાઁએ જ બતાવ્યું અને એમના જ કહેવાથી હું તને લેવા આવ્યો છું.

(કેતનની વાત સાંભળતાં જ ખુશબૂ વિચારમાં પડી ગઈ. એટલામાં સુષમા ત્યાં આવી)

**સુષમા :** અરે કેતન બેટા ! તું ક્યારે આવ્યો ? આવ બેસ.

(આટલું કહીને સુષમા કેતનની માટે પાણી લઈને આવી. ખુશબૂ તો માત્ર આંખો ફાડીને બધું દેખતી જ રહી ગઈ.)

**કેતન :** આન્ટીજી ! હું ખુશબૂને લેવા માટે આવ્યો છું.

**સુષમા :** અરે, હાઁ બેટા ! ખુશીથી લઈ જાવ. (ખુશબૂની તરફ) જાઓ બેટા બે-ચાર દિવસ રહીને આવો.

**ખુશબૂ :** મમ્મીજી ! શું આપે ભાઈને ફોન કરીને બોલાવ્યા છે ?

**સુષમા :** હાં બેટા, મેં વિચાર્યું કે તું અહીં રહીશ તો નાનું-મોટું કોઈને કોઈ કામ કરતી જ રહીશ. રેસ્ટ મળવો મુશ્કેલ છે. ચાર દિવસ પિયર રહીશ તો આરામ મળશે અને જલ્દી ઠીક થઈ જઈશ. હવે વધારે ન વિચાર. જા તારી પેકિંગ કર. હું કેતનને ચા આપીને તને હેલ્પ કરાવવા આવું છું.

**સુષમા :** કેતન ! તું ચા-નાસ્તો કર. હું હમણાં આવું છું.

(સુષમા ખુશબૂની પાસે ગઈ.)

**સુષમા :** ખુશબૂ આ લે તારા પિયર માટે કેટલીક ચોક્લેટ્સ અને આ ૫ હજાર રૂપિયા તારી પાસે રાખ.

**ખુશબૂ :** પણ મમ્મીજી આ પૈસાની શું જરૂર છે ?

**સુષમા :** બેટા તારી પાસે રાખ, ક્યાંક બહાર જવાનું થાય અને કંઈ પસંદ આવે તો ખરીદી લેજે.

આ પ્રમાણે સુષમાએ ખુશબૂને પિયર મોકલીને ધીમે-ધીમે ખુશબૂના મનમાં પોતાના માટે સદ્ભાવ જગાવવાની કોશિશ કરવા લાગી. એ સમય-સમય પર ખુશબૂની તબિયત પૂછવા માટે એને ફોન કરતી. પ્રિન્સને પણ રોજ ખુશબૂને મળવા માટે મોકલતી. આ પ્રમાણે ચાર દિવસ પછી સંપૂર્ણ સ્વસ્થ થઈને ખુશબૂ પાછી સાસરે આવી અને આવતાં જ -

**પ્રિન્સ :** ખુશબૂ તારી માટે એક બહુ જ મોટી ખુશખબરી છે.

**ખુશબૂ :** શું પ્રિન્સ ?

**પ્રિન્સ :** આ જો.

(આટલું કહીને પ્રિન્સે ખુશબૂના હાથમાં કંઈક આપ્યું.)

**ખુશબૂ :** Wow ! આપણા બંને માટે મલેશિયા જવા માટે ટિકિટ્સ એ પણ પૂરા ૧૦ દિવસ માટે (થોડા સમય પછી) પણ શું પ્રિન્સ તમે મૉમને પૂછ્યું ?

**પ્રિન્સ :** અરે ખુશબૂ, હું તો હનીમૂનની વાત જ ભૂલી ગયો હતો. આ તો મૉમે જ મને યાદ દેવડાવ્યું અને મલેશિયા જવાનો આઈડિયા આપ્યો.

(આ સાંભળીને ખુશબૂના આશ્ચર્યનો પાર ન રહ્યો. પ્રિન્સ અને ખુશબૂ બંને ફરવા ગયા. હવે ધીમે-ધીમે ખુશબૂના મનમાં પણ પોતાની સાસુમાઁ માટે પ્રેમ જાગવા લાગ્યો. હનીમૂનથી ઘરે આવ્યા બાદ ખુશબૂ પણ એકદમ બદલાઈ ગઈ. એ હવે સુષમાને કોઈ કામ કરવા નહોતી દેતી અને હવે બંને વચ્ચે સંબંધ સારા થઈ ગયા. એટલામાં એક ઘટના બની. એના પછી તો સુષમા અને ખુશબૂના વચ્ચે મા-દિકરી જેવો સંબંધ થઈ ગયો. એક દિવસ -)

**પ્રિન્સ :** ખુશબૂ, શું થયું ? શું શોધી રહી છે ? આટલી ટેન્શનમાં કેમ દેખાય છે ?

**ખુશબૂ :** પ્રિન્સ આપણા લગ્નમાં મમ્મીજીએ મને સાત હજારની નથણી આપી હતી. એ મલતી નથી. સવારથી શોધી રહી છું. મમ્મીજી પૂછશે તો શું જવાબ આપીશ.

(પ્રિન્સ પણ એની સાથે શોધવા લાગ્યો. અને એટલામાં સુષમા ત્યાં આવી.)

**સુષમા :** અરે તમે બંને મળીને શું શોધો છો ?

**ખુશબૂ :** મમ્મીજી...એ...એ....

**પ્રિન્સ :** મૉમ તમે લગ્નમાં જે સાત હજારની હીરાની નથણી આપી હતી તે મળતી નથી, લાગે છે કે એ ખોવાઈ ગઈ.

**સુષમા :** પ્રિન્સ ગાડી નીકાળ. (એમ કહીને સુષમા પ્રિન્સ અને ખુશબૂને લઈને જ્વેલર્સ શૉપમાં ગઈ અને ખુશબૂને ૧૬ હજારની હીરાની નથણી અપાવી. ઘરે આવતાની સાથે જ ખુશબૂએ પોતાની માઁ ને ફોન કર્યો.)

**ખુશબૂ :** હેલો માઁ, મને તમારાથી પણ સવાઈ માઁ મળી ગઈ છે. હવે તમે મારી ચિંતા કરતા નહી.

આ પ્રમાણે સુષમાના બદલાયેલા વ્યવહારથી ખુશબૂનો પણ વ્યવહાર બદલાઈ ગયો. પોતાની પરિસ્થિતિને સાક્ષાત્ બદલતી જોઈને હવે સુષમા સમય-સમય પર જયણાને મળતી અને એનાથી ઉપાય લેતી. હવે ખુશબૂને પણ અવાર-નવાર જયણાને ત્યાં લઈ જતી. એક બીજાને ઘરે આવી રીતે આવવા જવાથી જયણા અને સુષમાની સાથે-સાથે દિવ્યા અને ખુશબૂ પણ સારી સહેલી બની ગઈ. જયણા અને દિવ્યા સમય-સમય પર સુષમા અને ખુશબૂને ધર્મમાં જોડવા લાગ્યા. આ પ્રમાણે બંને પરિવારોના સંબંધો સારા થઈ ગયા. હવે સુષમાના ઘરમાં નિત્ય જિનપૂજા, આઠમ-ચૌદસ રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, સામાયિક વગેરે નિયમોનું પાલન શરૂ થઈ ગયું. ડૉલીના ગયા પછી એક લાંબા સમય સુધી દુઃખના વાતાવરણમાં રહ્યા પછી સુષમાના જીવનમાં ફરીથી ખુશીઓ આવી ગઈ. સાચે હવે સુષમા ડૉલીને પૂરી રીતે ભૂલી ગઈ હતી. અને આ ખુશિઓમાં ત્યારે વધારો થયો જ્યારે ખુશબૂએ ગર્ભ ધારણ કર્યો. હવે સુષમા ખુશબૂના ગર્ભના વિષે જરા પણ લાપરવાહી નથી રાખતી. એ જયણાને પૂછીને એના અનુસાર ખુશબૂને ગર્ભનું પાલન કરાવતી. તથા ખુશબૂ પણ પોતાના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે પોતાની સાસુમાઁની દરેક આજ્ઞાનું ખુશીથી પાલન કરતી. પહેલી વાર ગર્ભ ધારણ કરવાને કારણે નવમા મહિને ખુશબૂના પિયરવાળા એને લઈને ગયા. હવે તો સુષમા હંમેશા ફોનની રાહ જોતી હતી કે ક્યારે ફોન આવે અને દાદી બન્યાની ખુશખબરી મળે.

આ બાજુ જિંદગીના સુખરૂપી પડાવને જોયા પછી હવે ડૉલીના દુઃખી જીવનની શરૂઆત થઈ ગઈ હતી. સમીરની સાથે મળીને એણે જે સપના સજાવ્યા હતા શરૂઆતના દિવસોમાં સમીરે એ સપના સાકાર કરી બતાવ્યા. પરંતુ આખરે સચ્ચાઈ છુપાતી નથી. ધીમે-ધીમે સમીરની બધી સચ્ચાઈ ડૉલીની નજરોમાં આવવા લાગી. અને એની સાથે જ એના સપનાનો મહેલ ગબડવા લાગ્યો. હવે શું થાય છે ડૉલીની સાથે શું એ પોતાના મહેલને સંભાળી શકશે કે પછી કોઈ હવાનું ઝોકું આવશે જે એના મહેલને તહસ-નહસ કરી દેશે ?

પોતાના મહેલને આધાર આપવા માટે ડૉલીએ પોતાની માઁ પાસે સહાયતાની અપેક્ષાથી એને ફોન કરવા માટે રિસિવર ઉઠાવ્યું અને આ બાજુ ખુશખબરી જાણવા માટે ઉત્સુક બનેલી સુષમાના ઘરે પણ ફોનની ઘંટડી વાગી ગઈ. પણ શું આ ફોન ખુશબૂના પિયરથી જ છે કે બીજે ક્યાંકથી ? ક્યાંક આ ફોન ડૉલીનો તો નથી ને ? શું આ ફોન સુષમાના ચહેરા ઉપર ખુશી લાવે છે કે આંખોમાં આંસુ ? શું આ ફોન સુષમાના ભૂતકાળના દુઃખોને ફરીથી તાજા કરી દે છે કે એના ભવિષ્યને ખુશીઓથી ભરી દે છે ? શું આ ફોનથી સુષમાના સપનાનો મહેલ તૂટી જાય છે કે પછી ડૉલીનો. આવો જોઈએ જૈનિજમના આગલા ખંડ 'તૂટ્યો સપનાનો મહેલ'માં.

## સંસ્કારોનો પાયો

જૈનિજમના પાછલા ખંડમાં આપે જોયું કે જયણા દ્વારા વિરાસતમાં મળેલી સંસ્કારોની ધરોહર મોક્ષાની જિંદગીમાં કેટલી મદદગાર સાબિત થઈ. એજ સંસ્કારોના આધાર ઉપર મોક્ષાએ પોતાની સાસુમાઁનું દિલ જીતીને પૂરા પરિવારમાં પ્રસન્નતાની સાથે-સાથે ધર્મમય વાતાવરણ ઉભું કરી દીધું. આ બાજુ મોક્ષાના પિયરમાં એની માઁ જયણાએ પોતાના પ્રેમ અને વાત્સલ્યના બળ ઉપર દિવ્યાને વહુમાંથી દિકરી બનાવી દીધી. જયણાના હંસતા રમતાં પરિવારમાં ખુશીઓમાં વધારો થયો જ્યારે પરિવારજનોને ખબર પડી કે દિવ્યા માઁ બનવાની છે.

સાસરે આવ્યા પછી ધર્મમય વાતાવરણમાં જોડાવવાના કારણે દિવ્યા એ જાણતી હતી કે ગર્ભસ્થ શિશુને પૂર્ણ રૂપમાં સંસ્કારિત કરવા માટે ગર્ભાવસ્થામાં જ સંસ્કાર આપવા જોઈએ. હવે ગર્ભ ધારણ કર્યા પછી દિવ્યાના મનમાં એ જિજ્ઞાસા થઈ કે જો બાળક સામે હોય તો આપણે એને સંસ્કાર આપી શકીએ છીએ. પરંતુ ગર્ભસ્થ શિશુને સંસ્કાર કેવી રીતે આપવા ? સાથે જ પોતાની નણંદ મોક્ષાના જીવનને જોઈને દિવ્યાના મનમાં પણ એજ ઇચ્છા હતી કે એની સંતાન પણ મોક્ષાની જેમ

સુસંસ્કારિત બનીને સ્વ-પર કલ્યાણ કરે. પોતાની આ જ શંકાઓ અને જિજ્ઞાસાઓનું સમાધાન પ્રાપ્ત કરવા માટે એક દિવસ -

**દિવ્યા :** મમ્મીજી ! જો આપની પાસે સમય હોય તો મારે તમને થોડીક વાતો કરવી છે.

**જયણા :** અરે બેટા ! એમાં સમયની શું વાત છે ? બેસ અને બોલ શું વાત છે ?

**દિવ્યા :** મમ્મીજી ! મોક્ષા દીદીના જીવનને જોઈને એવો વિચાર આવે છે કે આપે એમને કેવા સંસ્કાર આપ્યા હશે કે આજે સાસરીયામાં એ બધાની પ્રિય છે. મમ્મી મારી પણ એ ઇચ્છા છે કે ભવિષ્યમાં મારી સંતાન પણ એવી બને. માટે મારા મનમાં એ જિજ્ઞાસા છે કે ગર્ભસ્થ શિશુને સંસ્કાર કેવી રીતે આપવા ?

**જયણા :** બેટા ! તારી આ જિજ્ઞાસા બહુ જ સારી છે. આજકાલ તો જન્મના પછી પણ માતા-પિતાને સંસ્કાર આપવાનો વિચાર નથી આવતો અને તું તો ગર્ભમાં રહેલા બાળકને સંસ્કાર આપવાની વાત કરી રહી છે. તે એકદમ જ સારા સમયે પ્રશ્ન કર્યો છે, કેમકે ગર્ભરૂપમાં રહેલા જીવ પર નવ માસ દરમ્યાન માતાની નાનામાં નાની હલચલનો ઉંડો પ્રભાવ પડે છે. આના આધારે કોઈ ભગવાન બને છે તો કોઈ શૈતાન કોઈ સ્થૂલિભદ્ર કે મયણા સુંદરી બને છે. તો કોઈ શાહરૂખ કે એશ્વર્યા. એટલે કે આ વાત માતા પર જ નિર્ભર છે કે ભવિષ્યમાં એમનો પુત્ર શું બને ?

**દિવ્યા :** મમ્મીજી ! જો આ વાત છે તો મારી પણ ઇચ્છા છે કે મારા ગર્ભમાં રહેલું બાળક સંસ્કારિત બને. એના માટે મારે શું કરવું પડશે ? મારે કઈ-કઈ વાતો ઉપર ધ્યાન આપવાનું રહેશે ? એ બધું આપ મને બતાવો.

**જયણા :** ગર્ભમાં વધી રહેલા બાળકને સંસ્કારિત બનાવવા માટે માતાનો આચાર, વિચાર, વ્યવહાર વગેરે બધુ સારું હોવું જોઈએ. કેમકે આ બધી વાતોની અસર માતાના ગર્ભમાં રહેલા જીવ ઉપર અવ્યક્ત રૂપે પડે છે. માટે કહે છે કે માતા બનવાવાળી દરેક સ્ત્રીને, જેને એની સંતાન બહુ જ પ્રિય હોય એને ગર્ભાવસ્થાના નવ મહિનામાં કેટલીક ધાર્મિક તેમજ પ્રાકૃતિક વાતોનું ધ્યાન રાખવું જોઈએ.

**દિવ્યા :** મમ્મીજી ! એ ધાર્મિક વાતો કઈ-કઈ છે ?

**જયણા :** બેટા ! નવ મહિના ધર્મમય વાતાવરણમાં વ્યતીત કરવા માટે તારે નીચેના નિયમોનું પાલન કરવાની કોશિશ કરવી પડશે. જેમકે -

૧. તું સવાલાખ અથવા જેટલો થઈ શકે તેટલો નમસ્કાર મહામંત્રનો જાપ કર.

૨. નિત્ય પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવી. તેમજ ત્રિકાલ ભક્તિ કરવી.

૩. સમય મળે ત્યારે ધાર્મિક સ્વાધ્યાય કરવો કે મહાપુરુષોના ચરિત્ર વાંચવા. જેથી તમારું બાળક મહાપુરુષોની જેમ સંસ્કારિત બને.

૪. સાથે સાથે ગરીબોને દાન આપવું, અતિથિઓનો સત્કાર કરવો.
૫. તું ગુરુજનોનો તથા મોટાઓનું પૂજન-બહુમાન વગેરે કાર્ય કરતી રહે.
૬. આમ તો તું રાત્રિભોજન વગેરે નથી કરતી છતાં પણ આ નવમાસમાં તો બધી સગર્ભા સ્ત્રીઓએ રાત્રિભોજન તેમજ કંદમૂળનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.
૭. તું તારા સ્વભાવને ગંભીર, પ્રસન્નચિત્ત, ઉદાર, સહિષ્ણુ, પ્રમોદ વગેરે ગુણોથી ઓતપ્રોત બનાવ.

આ બધાની પાછળ તારા મનમાં એ દૃઢ સંકલ્પ હોવો જોઈએ કે આ બધા સુકૃતોના પ્રભાવથી મારું સંતાન પરમાત્મા તેમજ ગુરુજનોનો ભક્ત બને, જીવમાત્રનો મિત્ર બને, એનું જીવન પવિત્ર (અકલંકિત) રહે. થવાવાળું સંતાન બાલિકા હોય તો એ લજ્જાગુણથી સુશોભિત બને અને જો એ બાળક હોય તો સર્વ લક્ષણોથી યુક્ત વીર પુરુષ બને.

આવા સંકલ્પપૂર્વક કરવામાં આવેલી ક્રિયાઓની એટલી તીવ્ર અને ઉંડી અસર બાળકની આત્મા ઉપર પડે છે કે એ બાળક પ્રાયઃ મહાન જ પેદા થાય છે. એ ગુણોનો ભંડાર બને છે. એનામાં અવગુણ શોધવા છતાં પણ નથી મળતા.

**દિવ્યા :** મમ્મીજી ! જેમ આપે બતાવ્યું છે તેમ ધર્મમય વાતાવરણમાં હું મારા નવમાસ પૂરા કરવાની કોશિશ કરીશ. પરંતુ એના સિવાય કંઈ પ્રાકૃતિક વાતોનું મારે ધ્યાન રાખવાનું રહેશે ? શું બહારની પ્રકૃતિની અસર ગર્ભમાં પોસાઈ રહેલા બાળક ઉપર પડે છે ?

**જયણા :** હાઁ બેટા ! બહારની પ્રકૃતિની અસર પણ ગર્ભમાં પોષાઈ રહેલા બાળક ઉપર પડે છે. પ્રાકૃતિક વાતોને ધ્યાનમાં રાખીને પ્રાચીન કાળમાં સગર્ભા સ્ત્રીને

૧. વિભિન્ન પુષ્પોથી ભરેલા બગીચામાં બેસાડવામાં આવે છે, જેથી એનું મન પ્રસન્ન રહે. તેમજ નિરંતર હરિયાળીને દેખતાં રહેવાથી એના સંતાનની આંખો તેજસ્વી બને.
૨. એને ધ્રુવતારાના દર્શન કરાવવામાં આવતા હતા કે જેથી એના સ્થૈર્યના દર્શનથી બાળક ધૈર્યવાન બને.
૩. સમુદ્રની ગંભીરતાને નિહારવાવાળી સ્ત્રીનું બાળક સમુદ્રની જેમ ગંભીર બને છે.
૪. પૂનમના ચાંદને નિહારવાવાળી માતાનું બાળક સ્વભાવથી સૌમ્ય બને છે.
૫. સિંહની ગર્જના સાંભળવાવાળી માતાનું બાળક સિંહ જેવો પરાક્રમી અને શૂરવીર બને છે. આ પ્રમાણે બહારની પ્રકૃતિની અસર ગર્ભમાં પોષાઈ રહેલા બાળક ઉપર પડે છે.

એના સિવાય એક બીજી વાતનું તું વિશેષ ધ્યાન રાખજે.

**દિવ્યા :** શું મમ્મીજી ?

**જયણા :** આ નવમાસ દરમ્યાન તું ભૂલથી પણ અબ્રહ્મનું સેવન ન કરતી.

**દિવ્યા :** મમ્મીજી બીજી વાતો તો બરાબર છે પણ અબ્રહ્મથી ગર્ભસ્થ શિશુને શું લેવાદેવા ?

**જયણા :** બેટા ! આ બહુ જ મહત્ત્વપૂર્ણ વાત છે. પણ આજકાલની મોર્ડન સ્ત્રીઓ ઉપર મૉડર્નિટિનું એવું ભૂત સવાર થઈ ગયું છે કે તે આ વાતને એટલી ગંભીરતાપૂર્વક નથી વિચારતી. પરંતુ દિવ્યા ! ગર્ભસ્થ સ્ત્રી જ્યારે-જ્યારે પણ પતિની સાથે અબ્રહ્મનું સેવન કરે છે, ત્યારે ત્યારે ગર્ભમાં રહેલા બાળકને હથોડીના માર જેટલી પીડા સહન કરવી પડે છે. એટલા માટે તો પ્રાચીનકાળથી પ્રથમ પ્રસૂતિના સમયે પિયર મોકલવાની પ્રથા આજે પણ ચાલી આવે છે. જેથી સહજતાથી બ્રહ્મચર્યનું પાલન થઈ જાય છે. જ્યારે ઘણા દિવસો પછી પતિ પોતાની પત્નીને મળવા પિયરમાં આવે ત્યારે પતિને જોઈને પત્નીને જે આનંદ અને તાજગીનો અહેસાસ થાય છે, તે સીધો ગર્ભસ્થ શિશુમાં સ્થાનાંતરિત થઈ જાય છે. ક્યારેક માની લો કે સગર્ભા સ્ત્રી સાસરે જ રહીને પોતાના માતૃત્વથી ગર્ભમાં પોષાઈ રહેલા સંતાનના પોષણ માટે પોતાની પૂરી શક્તિ લગાવી રહી હોય, ત્યારે એના પતિએ પણ અબ્રહ્મનું સેવન કરીને પોતાની પત્નીની શક્તિ નાશ કરવાનું અકાર્ય કદાપિ ન કરવું જોઈએ. સાથે જ એમણે દેહસંબંધ કરતા સમયે પણ પૂર્ણ સાવધાની રાખવી જોઈએ. નહીંતર એની અસર ગર્ભસ્થ શિશુ ઉપર પડે છે.

**દિવ્યા :** મમ્મીજી ! મેં ક્યારેય સપનામાં પણ વિચાર્યું ન હતું કે આવું અકાર્ય કરવાથી મારા બાળકને આટલી પીડા થશે. સાચ્ચે જૂની પ્રથાઓનું કેટલું બધું મહત્ત્વ હોય છે. તમે મને સહી સમય ઉપર યોગ્ય હિતશિક્ષા આપી. હું અને મોહિત આ વાતનું પૂર્ણપણે પાલન કરીશું.

(જયણાએ કેટલું વાત્સલ્ય આપ્યું હશે દિવ્યાને કે જીવનના આ મહત્ત્વના વળાંકમાં દિવ્યાને કોઈ ડૉક્ટરની પાસે ન જતા પોતાની સાસુમાઁની પાસેથી ઉકેલ લેવો વધારે લાભદાયી લાગ્યું. સાથે જ દિવ્યાએ પણ પોતાની સાસુમાઁ સાથે કેટલો સમર્પણભર્યો વ્યવહાર કર્યો હશે કે અંગત જિંદગીથી જોડાયેલા આવા સવાલોનો જવાબ આપતા પણ જયણાને હિચકિચાહટ મહસૂસ ન થઈ.)

**દિવ્યા :** પરંતુ મમ્મીજી ! આપે દેહસંબંધ કરતાં સમયે જે સાવધાનીની વાત કહી છે. તમારી આ વાત ઉપર મને તો વિશ્વાસ થઈ ગયો છે, પરંતુ લોકો આ વાતને માને એ બહુ જ મુશ્કેલ છે. માટે કોઈ પ્રમાણ હોય તો બતાવો ?

**દિવ્યા :** દિવ્યા ! પતિની સાથે દેહસંબંધના ક્ષણોમાં કરેલી ભૂલની કેટલી ઉંડી અસર ગર્ભમાં પોષાઈ રહેલા બાળક ઉપર પડે છે. એ પ્રાચીન તેમજ વર્તમાનની ઘણી ઘટનાઓ દ્વારા આપણે જોઈ શકીએ છીએ. જેથી નક્કી થાય છે કે સગર્ભા સ્ત્રીની નાની ભૂલનો પણ ગર્ભ ઉપર ખરાબ પ્રભાવ પડે છે.

૧. રુપ અને ગુણોની અંબાર દ્રૌપદી સ્વભાવથી ક્રોધી કેમ હતી? એ ક્રોધના ભયાનક આવેશમાં આવીને આગ જેવી કેમ બની જતી હતી? પોતાના પતિ યુધિષ્ઠિરને વારે-વારે અપશબ્દ કેમ સંભળાવતી હતી? આનું એકમાત્ર કારણ એના પિતા દ્રુપદ હતા. કેમકે એમણે પોતાના શરીરની ક્રોધાગ્નિની જ્વાળાને ઠંડી કર્યા વગર જ એમની પત્નીની સાથે દેહસંબંધ કરી લીધો અને એજ સમયે એમની પત્ની સગર્ભા બની. પછી એમણે દ્રૌપદીને જન્મ આપ્યો. વીર્યમાં વ્યાપ્ત પિતાનો ક્રોધ એમની લાડલી દ્રૌપદીના રોમ-રોમમાં વ્યાપ્ત થઈ ગયો.

૨. રાજા કર્ણદિવે રાણી મીનલદેવીની સાથે દેહસંબંધના ક્ષણોમાં પરસ્ત્રીની સાથે કામવાસનાની કલ્પના કરી. રાણીને ગર્ભ રહ્યો, એમણે પુત્રને જન્મ આપ્યો. એ જ પુત્ર આગળ જઈને મહાપરાક્રમી સિદ્ધરાજ જયસિંહ બન્યો. એમના પરાક્રમની ગાથાઓ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખવામાં આવી. પરંતુ એ રાણકદેવી ઉપર કામુક હતો. પિતાની એક ભૂલના કારણે એમના સુવર્ણાક્ષરે લખેલા ઈતિહાસ ઉપર પાણી ફરી ગયું. હવે તું જ બતાવ દિવ્યા આમાં દોષ કોનો? પુત્રનો કે પિતાનો?

૩. રક્ત તેમજ વીર્યની સાથે જ માઁ-બાપના સંસ્કાર બાળકોમાં ઉતરે છે. આ વાત ઉપર ઔરંગજેબને પૂરો વિશ્વાસ હતો. એના આધારે એક દિવસ રાજસભામાં એક આઠ વર્ષની છોકરીના પિતા હોવાનો બે વ્યક્તિઓએ દાવો કર્યો. એમાંથી એક લેખક અને બીજો સૈનિક હતો. ફેંસલો કરવા માટે બાદશાહે પહેલા એ છોકરીને તલવાર ઉઠાવવાનું કહ્યું. એ કોશિશ કરતી જ રહી પરંતુ ઉઠાવી ન શકી. અને જ્યારે એને બોટલમાંથી કલમમાં શાહી ભરવાનું કહેવામાં આવ્યું. ત્યારે એણે એ કામ સહજતાથી કુશળતા પૂર્વક કરી બતાવ્યું. આ જોઈને ઔરંગજેબે આ છોકરી લેખકની જ છે, એવો ફેંસલો સંભળાવ્યો.

૪. વર્તમાનકાળમાં યુરોપમાં ઘટેલી એક ઘટનાના અનુસારે દેહ સંબંધની ક્ષણોમાં દિવાલ ઉપર ટાંગેલી કાળી હબ્શી વ્યક્તિનું ચિત્ર દેખતી, ગોરી યુરોપિયન સ્ત્રીની સંતાન પણ કાળી હબ્સી જેવી જ પેદા થઈ. બાળકના જન્મ ઉપર પતિ-પત્ની બંનેને બહુ જ આશ્ચર્ય થયું કેમ કે તે બંને યુરોપિયન તેમજ ગોરી ચામડીવાળા હતા. પતિએ પત્ની ઉપર સંદેહ કર્યો અને એની ઉપર દુરાચારિણી હોવાનો આરોપ લગાવ્યો. મામલો કોર્ટ સુધી પહોંચ્યો. જજે બંને પક્ષોની વાતોને ધ્યાનથી સાંભળી. એ બંનેના શયનકક્ષની પણ તપાસ કરી. બંનેની સાથે વિસ્તારથી વાતચીત કરી. વાતચીત કરતી વખતે પત્નીએ કહ્યું કે રોજ રાત્રે સૂતા પહેલા એ દિવાલ ઉપર ટાંગેલી કાળા હબ્સીની તસ્વીર જ એની આંખોની સામે રહેતી હતી અને સહેવાસના સમયે પણ એની નજર એ તસ્વીર ઉપર જ હતી. આનાથી જજ સમજી ગયા કે બાળક હબ્શી જેવો કાળો કેમ પેદા થયો તથા સ્ત્રી નિર્દોષ સાબિત થઈ ગઈ. કહેવાનું તાત્પર્ય એ છે કે માતા જે વિચારે છે, જુએ છે, એની અસર ગર્ભ ઉપર પડ્યા વગર રહેતી નથી.

**દિવ્યા :** મમ્મીજી ! આપના આ દૃષ્ટાંતોથી મારી જ નહીં પરંતુ બધા લોકોના મનમાં રહેલી શંકાઓનું સમાધાન થઈ જશે.

**જયણા :** બેટા ! આ તો થઈ દેહસંબંધી વાતો પણ એના સિવાય પણ ગર્ભકાળમાં માતા જે પણ કાર્ય કરે છે એની બાળક ઉપર ઉંડી અસર પડે છે.

૧. એક મહિલા સગર્ભા બની. એના ઘરની સામે જ એક કસાઈની દુકાન હતી. એ કસાઈ પ્રતિદિન જે સમયે બકરાઓને કાપતો એ સમયે જ એ મહિલા એને જોતી હતી. સમય પૂરો થતાં એણે એક બાળકને જન્મ આપ્યો. આઠ વર્ષની ઉંમરમાં એણે પોતાના સ્કૂલમાં ભણવાવાળા બાળકોની સાથે ઝઘડામાં પાંચ બાળકોને છરી ભોંકીને મારી નાખ્યા. જજની સામે એને આરોપી બનાવીને હાજર કરવામાં આવ્યો. જજને બહુ જ આશ્ચર્ય થયું. એમણે એ બાળકના વિષે સર્વાંગીણ તપાસ શરૂ કરી. ત્યારે ખબર પડી કે માતાના ગર્ભકાળમાં માતા દ્વારા જોવામાં આવેલા પશુઓના કતલના સંસ્કાર ગર્ભમાં પોષાઈ રહેલા બાળક ઉપર પડ્યા અને પરિણામે આ ક્રૂર ઘટના ઘટી.

૨. વિદેશમાં એક કિસ્સો બન્યો. સગર્ભા પુત્રવધૂની પાસે એના સસરાએ પાછલા વર્ષોનો ઘરના ખર્ચાઓનો હિસાબ માંગ્યો. વહુએ એવો કોઈ વ્યવસ્થિત હિસાબ-કિતાબ રાખ્યો નહતો. એ અસમંજસમાં પડી ગઈ. એણે પોતાના ગર્ભાવસ્થાના એ નવ મહિનાને હિસાબ-કિતાબમાં લગાવી દીધા. પરિણામસ્વરૂપ એણે જે બાળકને જન્મ આપ્યો તે એ દેશનો સર્વોત્કૃષ્ટ ગણિતશાસ્ત્રી બન્યો.

**દિવ્યા :** મમ્મીજી ! આપની વાતથી એ તો સાફ સાબિત થાય છે કે બાળકોના જીવનને બગાડવાનો કે સંસ્કારિત કરવાનો પૂરો શ્રેય માતા-પિતાને જાય છે. ગર્ભકાળ દરમ્યાન માતા જો પોતાના સ્વભાવને સારો રાખે તથા પિતા પણ એમાં પોતાનો સહયોગ આપે તો ભવિષ્યમાં બાળક મહાન જ બનશે એમાં કોઈ શંકા નથી.

**જયણા :** તે બિલકુલ ઠીક કહ્યું બેટા ! અને પોતાના સ્વભાવને સારો રાખવા માટે તો તે સાંભળ્યું જ હશે ''જેવું ખાઓ અન્ન તેવું થાય મન'' માટે ગર્ભવતીએ પોતાના ભોજન ઉપર સદૈવ ધ્યાન રાખવું જોઈએ.

૧. વાત-વાયુકારક ચણા, સેમીના બીજ, ચોળા, મઠ, ટમાટર વગેરે તથા ઠંડા પદાર્થ ખાવાથી પ્રાયઃ બાળકો કુબડા, બામેન, ઠીંગણા પેદા થાય છે.
૨. પિત્તકારક તીખા-ખારા ખાટ્ટા પદાર્થોના સેવનથી બાળકોના નેત્ર, શરીરાદિ પીળા પડવાની સંભાવના રહે છે.
૩. કફકારક દહીં, ગોળ, આઈસ્ક્રીમ વગેરે પદાર્થોના સેવનથી પ્રાયઃ બાળકો ચિત્તકબરા અને પાંડુરોગવાળા પેદા થાય છે. ભવિષ્યમાં એમને સફેદ કોઢ થવાની સંભાવના રહે છે.
૪. ગર્ભવતી સ્ત્રી જો વધારે મીઠાવાળા ખારા પદાર્થો ખાય અને આંખોમાં વિશેષ કાજલ લગાવે તો

પ્રાયઃ એના બાળકો આંધળા, નેત્રરોગી થાય છે. સાથે વધારે ઠંડો આહાર કરે તો વાયુનો પ્રકોપ થાય છે.

૫. ગર્ભવતી સ્ત્રી અતિ ગરમ પદાર્થોનું સેવન કરે તો પ્રાયઃ બાળકો નિર્બળ પેદા થાય છે.

**દિવ્યા :** ત્યારે જ મમ્મીજી ! આપ મને ખાવાની દરેક વાત ઉપર કંઈને કંઈ હિદાયત આપતા રહો છો. ખાવા-પીવાની આ વાતોની પાછળ આટલું મોટું રહસ્ય હશે. એ તો મને આજે ખબર પડી.

**જયણા :** દિવ્યા ! આ ખાવા-પીવાની વાતો સિવાય ગર્ભવતીએ નીચેની વાતોનું અવશ્ય ધ્યાન રાખવું જોઈએ.

૧. ગર્ભવતી સ્ત્રી ઘણું રુદન ન કરે. રોવાથી પ્રાયઃ બાળકોની આંખો ચપટી, વધારે ફિલ્મી ગીતો ગાવાથી પ્રાયઃ બાળકો બહેરા, (બધિર) અધિક બોલવાથી પ્રાયઃ બાળકો વાચાલ ઘણી ગાળોની બૌછાર કરવાથી પ્રાયઃ બાળક દુરાચારી પેદા થાય છે.

૨. ગર્ભવતી સ્ત્રીઓના અધિક હસવાથી પ્રાયઃ બાળકોના હોઠ તેમજ દાંત કાળા થઈ જાય છે. ગર્ભવતી સ્ત્રી ચાંદની (ખુલ્લાસ્થાન)માં સુવાથી પ્રાયઃ બાળકો બાડા (રાવણખંડા) પેદા થાય છે.

૩. ઘરવાળાઓએ પણ ગર્ભવતી સ્ત્રીઓને સદા પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. એને વાત-વાતમાં અપમાનિત કરીને ચિડાવવુ, અથવા એને ભયાનક, ચિંતાજનક શોક સમાચાર નહી સંભળાવવા જોઈએ.

૪. ગર્ભવતી સ્ત્રીએ આવશ્યક પરિશ્રમ તેમજ વિશ્રામ પણ અવશ્ય કરવો જોઈએ.

૫. ગર્ભવતીનું જો સ્વાસ્થ્ય ઠીક ન હોય તો એને ડૉક્ટરની સંમતિ વગર કોઈ દવા ન આપવી જોઈએ.

૬. ગર્ભવતી સ્ત્રીએ પ્રતિદિન આમળાનું સેવન કરવું જોઈએ. એમાં પ્રવાલ, વંશલોચન અને ગલોસત્વ વગેરે મેળવીને ખાવાથી ભાવિ સંતાનની મસ્તિષ્ક શક્તિ બહુ તેજ થાય છે.

૭. ગર્ભવતીએ સૂર્ય કે ચંદ્ર ગ્રહણના સમયે ઘરેથી બહાર ન નીકળવું જોઈએ. સાથે જ ગ્રહણના સમયે સોય, કાતર, ચાકુ જેવા શસ્ત્રોનો ઉપયોગ ન કરવો જોઈએ. વાળ ઓળાવવા નહી અને ઝાડું પણ નહી કાઢવું જોઈએ. કેમકે એનાથી ગર્ભ ઉપર બહુ ખરાબ અસર થાય છે.

૮. વિશેષ - ગર્ભવતી સ્ત્રીઓએ પોતાની ઇચ્છાઓને અતૃપ્ત ન રાખવી જોઈએ. પરિવારજનોએ પણ ગર્ભિણીના મનોભાવોને પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપથી સમજીને એને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ ઇચ્છાનું બીજું નામ છે દોહદ. ઇચ્છા અપૂર્ણ રહી જવાથી સંતાન દુર્બલ હૃદયી અને લાલચુ પેદા થાય છે.

**દિવ્યા :** મમ્મીજી ! આપનો આભાર હું કયા શબ્દોમાં વ્યક્ત કરું ? મારા તથા મારા બાળકો માટે જે હિતકર અને કલ્યાણકારી માર્ગ આપે બતાવ્યો છે એની માટે હું હંમેશા આપની ઋણી રહીશ.

**જયણા :** બેટા ! તું કેટલાક મહિના પછી પિયર ચાલી જઈશ. માટે આ બધુ તને આજે જ બતાવું છું કે બાળકનો જન્મ થતાં જ એના કાનોમાં નમસ્કાર મહામંત્ર સંભળાવવાનો ભૂલતી નહી.

**દિવ્યા :** શું મમ્મીજી નવકાર ? આશાતના નહી થાય ?

**જયણા :** નહી દિવ્યા, એકવાર નવકારમંત્ર બોલ્યા પછી તું જો બીજીવાર ફરીથી બોલે તો એ આશાતના થાય. બાળકનું કલ્યાણ ઈચ્છતી માતા જ વાસ્તવિક હોય છે બીજી તો સ્વાર્થસાધક છે. સ્વાર્થથી પ્રેરિત આવી માતાઓ બાળકના ચરિત્ર નિર્માણમાં અને મુક્તિમાં બાધક બને છે.

**દિવ્યા :** મમ્મીજી ! હું એક માઁ થઈને મારા બાળકના કલ્યાણમાં બાધક બનવા નથી માંગતી. માટે આપની બતાવેલી દરેક હિતશિક્ષાનો હું સ્વીકાર કરું છું. મમ્મીજી, આપ મને એવા આશીર્વાદ આપો કે હું, મારું અને મારા બાળકનું ભવિષ્ય સુંદર બનાવી શકું. (જયણા પાસેથી આશીર્વાદ લઈને દિવ્યા પોતાની રૂમમાં ચાલી ગઈ.)

(પોતાની સાસુમાઁ પાસેથી મળેલી હિતશિક્ષા અનુસાર ગર્ભના વ્યવસ્થિત પરિપાલન માટે દિવ્યા હવે મેગ્જીન, નોવેલ વગેરે નથી વાંચતી, નથી જ ટી.વી. દેખતી, નથી રાગવર્ધક ગીતગાનનું શ્રવણ કરતી અને નથી આવેશમાં આવતી. નથી પતિનો સંગ કરતી અને નથી કફકારક - પિત્તકારક આહાર લેતી. નથી વધારે બોલતી અને નથી જ કોઈની નિંદા કરતી એટલે કે દિવ્યાએ બધા જ અશુભ કાર્યોનો ત્યાગ કરી દીધો હતો. એની સાથે એ નિત્ય દેવ-ગુરુને વંદન તેમજ પૂજન કરતી, મહાપુરુષોના સાહિત્યનું વાંચન કરતી, પાંચ પ્રકારના યથા અવસર દાન આપતી, વ્યાખ્યાન શ્રવણ કરતી, ૧૬ પ્રકારની ભાવનાઓનું મનન કરતી, સારા-સારા મનોરથો કરતી જેમ કે હું ચારિત્ર લઈશ, દાન આપીશ, મંદિર બનાવીશ, છ'રી પાલિત સંઘ કાઢીશ, ઉપધાન કરાવીશ. જયણા અને મોહિતે પણ દિવ્યાના ગર્ભપાલનમાં પૂર્ણપણે સહયોગ આપ્યો. દિવ્યાની દરેક ઈચ્છાને મોહિત પૂર્ણ કરતો. સાથે જ પરિવારના બધા સદસ્ય દિવ્યાને હંમેશા પ્રસન્ન રાખતા. સાતમાં મહિને દિવ્યાના પિયરવાળા એને લેવા આવ્યા. શુભમુહૂર્તમાં આશીર્વાદ આપીને જયણાએ એને પિયર મોકલી. દેખતાં દેખતાં જ નવ માસ પણ પૂરા થઈ ગયા અને દિવ્યાએ એક દિકરીને જન્મ આપ્યો. જન્મ થતાં જ દિવ્યાએ પોતાની દિકરીને નવકારમંત્રનું શ્રવણ કરાવ્યું. દિવ્યા જાણતી હતી કે નવજાત શિશુના જન્મના ચાર કલાકની અંદર એને છાતીથી લગાવીને અપાર પ્રેમ આપવામાં આવે તો એ બાળકના આરોગ્ય સંબંધી ચિંતા કરવાની કોઈ જરૂર નથી પડતી. માટે એણે પોતાની દિકરીને છાતીથી લગાવીને

એને ભરપૂર પ્રેમ આપ્યો. પુત્રીના જન્મની ખબર દિવ્યાના સાસરે આપી. તરત જયણા પોતાના પતિ અને પુત્રની સાથે દિવ્યાને મળવા હોસ્પિટલમાં પહોંચી ગયા.

જયણાએ દિવ્યાને માતાના દૂધની મહત્તા, સમજાવતાં કહ્યું

**જયણા :** ''માતાના અડધા લિટર જેટલી દૂધની તાકાત ડેરીના સો લિટર દૂધમાં પણ નથી હોતી. સ્તનપાન કરાવવાવાળી માતા જો એ સમયે પ્રસન્ન હોય તો બાળકના તન અને મનનો વિકાસ સારો થાય છે. અને સ્તનપાન કરાવતા સમયે માઁ જો ભયંકર ક્રોધમાં હોય તો એ દૂધ પણ ઝેર બની જાય છે.''

માઁ ના દૂધનું કેટલું મહત્ત્વ છે સાંભળ - મિત્ર દેશની રાણીએ યુદ્ધમાં રાજકુમારની પાસે સેનાની મદદ માંગી. રાજકુમાર રાજમાતાને આ વિષયમાં પૂછવા આવ્યો. રાજમાતાએ કહ્યું 'તું મને પૂછવા જ કેમ આવ્યો ? તારે તો તરત એમની મદદ માટે દોડવું જોઈતું હતું' આવો વિચાર કરવાવાળી રાજમાતાએ ઉદાસીભરેલા સ્વરમાં કહ્યું કે ''જ્યારે તું નાનો હતો ત્યારે એકવાર તને હું દાસીને સોંપીને હું હોજમાં સ્નાન કરવા ગઈ. એકાએક તું રડવા લાગ્યો, તો દાસીએ તને ભૂખ લાગી છે, એમ સમજીને પોતાનું સ્તનપાન કરાવ્યું. અચાનક મારી નજર એની તરફ ગઈ. હું હોજમાંથી બહાર આવી. મેં તને ઉલ્ટો કરી તારા મોંઢામાં આંગળી નાંખી. અને દૂધની ઉલ્ટી કરાવી. પરંતુ હવે તારી આ કાયર ક્રિયા જોઈને મને એવું લાગે છે કે કમ સે કમ આઠ-દસ ટીપાં દાસીનું દૂધ તારા પેટમાં રહી જ ગયું હશે. નહીંતર તું આવું ક્યારેય ન કરત.''

આર્યદેશની સન્નારી માતા પોતાની સંતાનને ક્યારેય પણ સ્તનપાન સિવાય બીજું દૂધ આપતી નહતી અને દાસી વગેરેનું દૂધ પણ પીવા દેતી ન હતી. કેમકે આવું કરવાથી બાળક શરીરથી દુર્બલ અને મનથી કંગાલ બની શકે છે. એટલા માટે વર્તમાનમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની આંધળી દોડમાં દોડી રહેલી સર્વે માતાઓ ! પોતાના દૂધની કિંમત જાણીને પોતાના સંતાનને સ્તનપાન કરાવવાથી વંચિત ન રાખવી.

પોતાના સાસુમાઁ પાસેથી મળેલી શીખના અનુસારે દિવ્યા પ્રસન્ન મનથી પોતાની દિકરીને સમયે-સમયે સ્તનપાન કરાવતી. પરંતુ બોટલનું દૂધ ક્યારેય નહી પીવડાવ્યું. મોક્ષાએ પોતાની ભત્રીજીનું નામ "ક્ષમા" આપ્યું. મોટી થતી ક્ષમાને સંસ્કારી બનાવવા માટે દિવ્યા વિશેષ સાવધાન રહેવા લાગી. પોતાની પુત્રીને સંસ્કારી બનાવવા માટે જેમણે પોતાના પુત્રને સંસ્કાર આપવામાં કોઈ કમી રાખી નહતી. એવી ઘણી મહાન સંસ્કારદાત્રી માતાઓને એને પોતાની આદર્શ બનાવી હતી.

- અતિમુક્તક (અઈમુત્તામુનિ)ની માતા. જેમણે છ વર્ષની ઉંમરમાં પોતાના દિકરાને દીક્ષા અપાવી. જેથી નવ વર્ષની ઉંમરમાં દિકરાને કેવળજ્ઞાન થયું.

◆ દેવકી-જેણે પોતાના ગજસુકુમાલ જેવા પુત્રની પાસેથી વચન લીધું કે એને (દેવકીને) સંસારની અંતિમ માઁ બનાવજે (એટલે કે આ ભવમાં જ મોક્ષ પ્રાપ્ત કરજે.)

◆ આર્યરક્ષિતની માતાએ બહુ ચાલાકીથી પોતાના દિકરાઓને સાધુ બનાવ્યા. પછી અંતમાં પોતાના પતિની સાથે પોતે પણ દીક્ષા લીધી.

મદાલસા, અનુસૂયા, એવી કેટલીય માતાઓ છે.

(ઓ... સર્વ માતા-પિતાઓ જયણા તેમજ દિવ્યાની જેમ જ જો આપની સર્વ પ્રિય વસ્તુ આ જગતમાં તમારી સંતાન છે, તો એની આત્મામાં રહેલા સુસંસ્કારોના તમે હત્યારા ન બનતા. ગર્ભથી લઈને જ્યાં સુધી એનામાં સાચી સમજ ન આવે,પોતાના પગ ઉપર ઉભા ન થાય ત્યાં સુધી તમે પૂરી સાવધાની રાખજો. જ્યાં સુધી એ નાદાન છે, એનામાં ડહાપણની દાઢ નથી આવી, ત્યાં સુધી એમને તમે તમારા આધીનતામાં રાખજો. તે તમારા આશ્રિત છે. એમણે પોતાનું મસ્તક તમારા અધિકારની સીમામાં સુરક્ષિત રાખવા માટે તમને સોંપ્યુ છે. શું આપ એમના જીવન નિર્માણના સંબંધનમાં ઉપેક્ષા કરશો ? શું તમે અમર્યાદિત જીવનમાં એમને ક્યાંક પટકી દેશો ? શું તમે એમને અતિ લાડપ્યાર કરીને એમના જીવનને ઉન્નત થવાથી રોકશો ? તમારા ખોળામાં રહેલા એમના મસ્તક ઉપર શું તમે કોન્વેંટની ઘાતક છૂરીથી વાર કરશો ?

જો તમારો જવાબ હા મા છે તો સાંભળી લો કે આપ સંસ્કારોના હત્યારા કહેવાશો. તમારી તુલનામાં એ પશુની હત્યા કરવાવાળા કસાઈની કોઈ ગણતરી નથી, કેમકે પશુ હત્યા કરવાવાળા વ્યક્તિથી પણ મહાપુણ્યથી સાધના કરવા માટે તમારા ઘરમાં જન્મ લેવાવાળાં સંતાનોના સુસંસ્કારની હત્યા અતિ ભીષણ અને ભયાનક ગણવામાં આવશે.

શિક્ષા આદમીને ડૉક્ટર, વકીલ કે મિનિસ્ટર વગેરે બનાવી શકે છે. જ્યારે સંસ્કાર વ્યક્તિને ઈન્સાન બનાવે છે. તમારી સંતાન સ્વામી વિવેકાનંદ, શિવાજી, ભગતસિંહ, ધર્માત્મા કુમારપાળ, વસ્તુપાળ, મયણા, સુલસા, મીરાબાઈ કે અનુપમા બને, હેમચંદ્રાચાર્ય કે હીરસૂરિજી બને, એવી તમારી કોઈ મહત્ત્વકાંક્ષા છે તો આજે જ તમારા બાળકોમાં સંસ્કારોનું બીજારોપણ કરવાનું શરૂ કરી દો.

સમય પૂર્ણ થતાં જ જયણા એ દિવ્યાને પાછી સાસરે બોલાવી લીધી. દિવ્યા પણ જયણાની સલાહ લઈને પોતાની દિકરીનું સારી રીતે પાલન-પોષણ કર્યું.

(આ બાજુ પોતાની સાસુ અને નણંદની સાથે દિકરી અને બહેન જેવો સંબંધ સ્થાપિત કરવામાં કામયાબ બનેલી મોક્ષાના સાસરાનું વાતાવરણ વિધિના લગ્નના પ્રસંગથી ઝગમગી ઉઠે છે.

અગ્નિની સાક્ષીમાં લીધેલા સાત ફેરાના પવિત્ર બંધનમાં બંધાયેલા વિધિ અને દક્ષના સુખમયજીવનની શરૂઆત થઈ અને એમના સુખમાં વૃદ્ધિ થઈ જ્યારે વિધિએ ગર્ભ ધારણ કર્યો, પરંતુ એમની ખુશીને કદાચ કોઈની નજર લાગી ગઈ. કેટલાય પ્રકારની ગેરસમજો અને ખોટીધારણાઓથી ગ્રસ્ત એ બંનેના મનમાં સંઘર્ષ છેડાઈ ગયો. અને એવી સ્થિતિમાં છૂટાછેડા અને ગર્ભપાતનો નિર્ણય કરી વિધિ પોતાના પિયર આવી ગઈ. હવે શું એમની વચ્ચેના Competition નું કોઈ Solution નીકળી શકશે કે પછી પાછી કોઈ અનહોની ઘટના ઘટશે. જોઈએ છીએ જૈનિજમના આગળના ખંડ "No Compitition But Solution" માં)

## આત્માને સાચવી લેવા ત્યાગ માટે મન તૈયાર ?

તબિયત અચાનક એકદમ બગડે છે અને માણસ નજીકમાં રહેલ દવાખાને પહોંચી જઈને અજાણ્યા એવા પણ ડૉક્ટરને પોતાની તબિયત બતાવીને એ માંગે એટલા રૂપિયા આપી દે છે. ઑફિસમાં અચાનક 'રેડ' પડે છે અને માણસ અજાણ્યા એવા પણ ઑફિસરના હાથમાં બે પાંચ લાખ પકડાવી દેવા તૈયાર થઈ જાય છે.

પ્રશ્ન તો મનમાં એ ઊઠે છે કે તબિયત સાચવવા અજાણ્યા ડૉક્ટરને અને પૈસા સાચવવા અજાણ્યા ઑફિસરને બે-પાંચ લાખ પકડાવી દેવા તૈયાર થઈ જતો માણસ પોતાના આત્માને સાચવી લેવા, પોતાના હૃદયના કોમળ ભાવોને સાચવી લેવા અજાણ્યા ગરીબ માણસને કે ભિખારીને બે-પાંચ લાખ રૂપિયા આપી દેવા તૈયાર કેમ નહીં થતો હોય ? અંતઃકરણ પાસેથી આ જવાબ મેળવી લેજો.

# સૂત્ર (મને યાદ કરવાથી આપને શિવ સુખ મળશે)

# અર્થ

(મારો બરાબર ઉપયોગ કરો)

# કાવ્ય વિભાગ

(મને યાદ કરી ભૂલી ન જતા)





# વાતો નાની પણ મોટા કામની...




## આંખોનું દર્દ :

- ચાર ગ્રેન (બે રતી) ફટકરીને બારીક પીસીને ૩૦ ગ્રામ ગુલાબજળમાં ભેળવી તેના બે-બે ટીંપા બે-ત્રણવાર આંખમાં નાંખવાથી આંખનું દર્દ દૂર થાય છે
- બદામગિરિ, વરીયાળી, સાકરને સરખા ભાગે લઈ પીસીને બારીક ચૂર્ણ બનાવી કાંચની બોટલમાં રાખવું. ૪૦ દિવસ સુધી રોજ ૧૦ ગ્રામની માત્રામાં ૨૫૦ગ્રામ દૂધ સાથે લેવાથી આંખોનું તેજ તથા સ્મરણશક્તિ વધે છે.
- ત્રિફળાનું ચૂર્ણ ૧૦૦ગ્રામ અને વરીયાળી ૧૦૦ગ્રામ મિક્સ કરીને સવાર-સાંજ ૧ ચમચી પાની કે ઘી સાથે લેવાથી આંખોનું તેજ વધે છે.
- આંબલીના ક્યૂકાને પત્થર પર ઘસીને આંખની ફોલ્લી પર લગાડવાથી ફોલ્લી મટી જાય છે.

## ઘૂંટણનો દુખાવો :



- મેથીના દાણાનું બારિક ચૂર્ણ કરી એક કે બે ચમચીની માત્રામાં પાની કે દૂધ સાથે એક-બે મહિના સુધી લેવાથી ઘૂંટણનો દુખાવો દૂર થાય છે.
- કાર્તિક પૂનમથી ફાગણ સુદ-૧૪ સુધી સવારે ભૂખ્યા પેટે ૩-૪ અખરોટ ખાવાથી ઘૂંટણનો દુખાવો દૂર થાય છે.



## સર્દી :

- અજમાને પીસી, ગરમ કરી એક કપડામાં બાંધીને સુંઘવાથી સર્દી દૂર થાય છે.
- દૂધમાં કાળા મરીનો પાઉડર અને ખાંડ નાખીને પીવાથી સર્દી દૂર થાય છે.
- પાનીમાં સૂંઠ નાખીને, ગરમ કરીને પાની પીવાથી સર્દી દૂર થાય છે.
- કાળા મરી અને શેકેલી હલ્દીના પાઉડરને ગરમ દૂધ સાથે લેવાથી સર્દી દૂર થાય છે.

# સૂત્ર-વિભાગ

## ૧. 'વંદિત્તુ'-સૂત્ર (સાવગ-પડિક્કમણ-સૂત્ર)

**ભાવાર્થ :** આ સૂત્રમાં સમ્યક્ત્વ સહિત શ્રાવકના બાર વ્રતના અતિચાર બતાવીને દિવસ અથવા રાત્રિમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ, નિંદા, ગર્હા બતાવી છે. પાપોના પ્રત્યે પશ્ચાતાપપૂર્વક આ સૂત્ર બોલવું જોઈએ.

**નોટ :** આ સૂત્રમાં જ્યાં A.B.C વગેરે લખ્યું છે તે એ-એ વ્રતના અતિચાર છે.

| | |
|---|---|
| **[૪]વંદિત્તુ [૧]સવ્વસિદ્ધે,** | [૧]સર્વ સિદ્ધભગવંતોને |
| **[૨]ધમ્માયરિયે અ [૩]સવ્વસાહૂ આ** | તથા [૨]ધર્માચાર્યોને અને [૩]સર્વસાધુઓને [૪]વંદન કરીને |
| **[૮]ઇચ્છામિ [૭]પડિક્કમિઉં,** | [૫]શ્રાવક [૬]ધર્મ સંબંધી અતિચારોથી હું |
| **[૫]સાવગ [૬]ધમ્માઇઆરસ્સ॥૧॥** | [૭]નિવૃત્ત થવા [૮]માંગું છું.॥૧॥ |

**બીજી-ત્રીજી-ચોથી અને પાંચમી ગાથામાં સામાન્ય આલોચના કરવામાં આવી છે.**

| | |
|---|---|
| **[૧]જો [૨]મે [૩]વયાઈઆરો,** | [૧]જે [૨]મારા [૩]વ્રતના અતિચારમાં અને |
| **[૪]નાણે તહ [૫]દંસણે [૬]ચરિત્તે [૭]આ** | [૪]જ્ઞાન, [૫]દર્શન, [૬]ચારિત્ર તેમજ [૭]ચ શબ્દથી તપ, વીર્ય તેમજ |
| **[૮]સુહુમો અ [૯]બાયરો વા,** | સંલેખનાના વિષયમાં [૮]નાનો અથવા [૯]મોટો દોષ લાગ્યો હોય |
| **[૧૦]તં [૧૧]નિંદે તં ચ [૧૨]ગરિહામિ॥૨॥** | [૧૦]એની હું આત્મસાક્ષીથી [૧૧]નિન્દા અને ગુરુસાક્ષીથી [૧૨]ગર્હા કરું છું.॥૨॥ |
| **[૧]દુવિહે [૨]પરિગ્ગહમ્મી,** | [૧]નોકર, સ્ત્રી વગેરે સચિત્ત અને સોનું, વસ્ત્ર વગેરે અચિત્ત આ બંને પ્રકારના [૨]પરિગ્રહને કારણે |
| **[૩]સાવજ્જે [૪]બહુવિહે અં [૫]આરંભે ।** | અને [૩]પાપકારી [૪]અનેક પ્રકારના [૫]આરંભ, |
| **[૬]કારાવણે અ [૭]કરણે,** | [૬]બીજાની પાસે કરાવવાથી તેમજ [૭]પોતે કરવાથી (જે |
| **[૧૦]પડિક્કમે [૮]દેસિઅં [૯]સવ્વં ॥૩॥** | અતિચાર લાગ્યા હોય) [૮]દિવસમા લાગેલા [૯]બધા અતિચારોનું [૧૦]હું પ્રતિક્રમણ કરું છું.॥૩॥ |
| **[૩]જં [૪]બદ્ધમિંદિએહિં[૨]** | [૧]અપ્રશસ્ત [૨]ઇન્દ્રિયો દ્વારા મેં [૩]જે [૪]કર્મ બાંધ્યા, |

| | |
|---|---|
| [૫]ચઉહિં [૬]કસાએહિં [૧]અપ્પસત્થેહિં । | [૫]ક્રોધાદિ ચાર [૬]કષાયો દ્વારા જે કર્મ બાંધ્યા, |
| [૭]રાગેણ વ [૮]દોસેણ વ, | અને [૭]રાગ તેમજ [૮]દ્વેષ દ્વારા જે કર્મ બાંધ્યા, |
| [૯]તં [૧૦]નિંદે તં ચ [૧૧]ગરિહામિ ॥૪॥ | [૯]એની [૧૦]હું નિંદા અને [૧૧]ગર્હા કરું છું ॥૪॥ |
| [૪]આગમણે [૫]નિગ્ગમણે, | [૧]અજાણપણાથી (ઉપયોગ નહી રહેવાથી) |
| [૬]ઠાણે [૭]ચંકમણે [૧]અણાભોગે । | [૨]કોઈના બળાત્કાર (દબાવ)થી અને [૩]નોકરી વગેરેની |
| [૨]અભિઓગે અ [૩]નિઓગે, | પરાધીનતાથી [૪]આવતાં, [૫]જતાં, [૬]ઉભા રહેવામાં, [૭]ફરવામાં |
| [૧૦]પડિક્કમે [૮]દેસિઅં [૯]સવ્વં ॥૫॥ | [૮]દિવસમાં લાગેલા [૯]બધા અતિચારોનું [૧૦]હું પ્રતિક્રમણ કરું છું. ॥૫॥ |

## સમ્યક્ત્વના અતિચાર

| | |
|---|---|
| [A]સંકા [B]કંખ [C]વિગિચ્છા, | [A]જિન વચનમાં સંદેહ, [B]અન્ય મતની ઈચ્છા [C]મલમલિન ગાત્ર, વસ્ત્રવાળા સાધુઓ ઉપર અભાવ થવો |
| [D]પસંસ તહ [E]સંથવો કુલિંગીસુ । | [D]અન્ય ધર્મની પ્રશંસા કરવી અને [E]એમનો પરિચય રાખવો. |
| [૧]સમ્મત્તસ્સ [૨]ઈઆરે, | આ પાંચ [૧]સમ્યક્ત્વના [૨]અતિચાર છે. |
| [૫]પડિક્કમે [૩]દેસિઅં [૪]સવ્વં ॥૬॥ | [૩]દિવસમાં લાગેલા [૪]બધા અતિચારોનું [૫]હું પ્રતિક્રમણ કરું છું. ॥૬॥ |

## છઃકાય વિરાધના

| | |
|---|---|
| [૧]છક્કાય [૨]સમારંભે | [૧]પૃથ્વી વગેરે છઃકાયના [૨]આરંભમાં |
| [૬]પયણે અ [૭]પયાવણે અ [૮]જે [૯]દોસા । | [૩]પોતાના માટે તેમજ [૪]બીજા માટે અને [૫]સ્વપર બંને માટે |
| [૩]અત્તટ્ઠા ય [૪]પરટ્ઠા, | [૬]આહારાદિને પકાવાથી અને [૭]બીજાની પાસે પકાવવાથી |
| [૫]ઉભયટ્ઠા ચેવ [૧૦]તં [૧૧]નિંદે ॥૭॥ | [૮]જે [૯]દોષ લાગ્યો હોય [૧૦]એની [૧૧]હું નિંદા કરું છું.॥૭॥ |

## બાર વ્રત

| | |
|---|---|
| [૧]પંચણ્હ [૨]મણુવ્વયાણં, | [૧]પાંચ [૨]અણુવ્રતોના |
| [૪]ગુણવ્વયાણં ચ [૩]તિણ્હ [૭]મઈઆરે । | અને [૩]ત્રણ [૪]ગુણવ્રતોના |
| [૬]સિક્ખાણં ચ [૫]ચઉણ્હં, | અને [૫]ચાર [૬]શિક્ષાવ્રતોના [૭]અતિચારમાં જે દોષ લાગ્યો હોય, |
| [૧૦]પડિક્કમે [૮]દેસિઅં [૯]સવ્વં ॥૮॥ | [૮]દિવસમાં લાગેલા [૯]બધા અતિચારોનું [૧૦]હું પ્રતિક્રમણ કરું છું.॥૮॥ |


વંદિત્તુ સવ્વસિદ્ધે
અરિહંત
સિદ્ધ
આચાર્ય
ઉપાધ્યાય
સાધુ
વંદિત્તુ
જો મે વયાઈયારો
જ્ઞાન
ચારિત્ર
દર્શન
દુવિહે પરિગ્ગહમ્મિ
સચિત્ત પરિગ્રહ
અચિત્ત પરિગ્રહ
સાવજ્જે બહુવિહે અ આરંભે
પડિક્કમે
આગમણે નિગ્ગમણે
ચંકમણે
ઠાણે
આગમણે
નિગ્ગમણે
અભિઓગે
નિઓગે
સંકાકંખ વિગિચ્છા
મોક્ષ
દેવ
શઙ્કા
દેવલોક
ગુરુ
નરક
સાધુ પ્રત્યે દ્વેષભાવ
વિચિકિત્સા
બીજા ધર્મની
ઈચ્છા = કાઙ્ક્ષા
બીજા દર્શનાર્થીઓનો
પરિચય-પ્રશંસા



પયાવણે
વહ
અઇભારે
છવિચ્છેએ
બંધ
ભત્તપાણવુચ્છેએ
પયણે
છક્કાયસમારંભે
પઢમે અણુવ્વયમ્મિ
બીએ અણુવ્વયમ્મિ
કન્યા-ગૌ-ભૂમ્યલિક
ન્યાસાપહાર
કૂટસાક્ષી
મોસુવએસે
કૂડલેહે
તઈએ અણુવ્વયમ્મિ
તેના હડ-પ્પઓગે
સહસા-રહસ્સદારે
કૂડતુલ કૂડમાણે
ચઉત્થે અણુવ્વયમ્મિ
તિવ્વ-અણુરાગે
અપરિગ્ગહિઆ
ઇત્તર
અણંગ
વિવાહ
ઇત્તો અણુવ્વએ પંચમમ્મિ
ધન્ન
વત્થુ
રુપ્પ-સુવન્ને
અ કુવિઅપરિમાણે
દુપએ ચઉપ્પયમ્મી ય
ધણ
ખિત્ત

| | |
|---|---|
| [૧]પઢમે [૨]અણુવ્વયમ્મિ, | [૧]પ્રથમ [૨]અણુવ્રતમાં |
| [૩]થૂલગ [૪]પાણાઈવાય [૫]વિરઈઓ। | [૩]સ્થૂલ [૪]પ્રાણાતિપાત [૫]વિરમણ = સ્થૂલહિંસાથી અટકવારુપ |
| [૧૦]આયરિય [૭]મપ્પસત્થે, | [૬]આ પહેલા વ્રતમાં [૭]અશુભ ભાવ તેમજ [૮]પ્રમાદના |
| [૬]ઈત્થ [૮]પમાય [૯]પ્પસંગેણં ॥૯॥ | [૯]નિમિત્તથી જે કંઈ વિપરીત [૧૦]આચરણ કર્યું હોય ॥૯॥ (તે આ પ્રમાણે છે.) |

## પ્રથમ અણુવ્રતના પાંચ અતિચાર

| | |
|---|---|
| [A]વહ [B]બંધ [C]છવિચ્છેએ, | [A]મનુષ્ય, પશુ વગેરેને ચાબુક વગેરેથી પીટવા, [B]એમને સાંકળ વગેરેથી બાંધવા અને [C]એમના નાક, કાન, પૂંછડી વગેરે શરીરના અવયવોને છેદવા. |
| [D]અઈભારે [E]ભત્ત-પાણ-વુચ્છેએ। | [D]પશુ, નોકર વગેરે ઉપર વધારે બોજો (ભાર) નાખવો, [E]એમને સમય ઉપર ખાવાનું ન આપવું કે ઓછું આપવું. |
| [૧]પઢમ [૨]વયસ્સઈઆરે, | [૧]પ્રથમ [૨]વ્રતના આ પાંચ અતિચારોમાંથી |
| [૫]પડિક્કમે [૩]દેસિઅં [૪]સવ્વં ॥૧૦॥ | [૩]દિવસમાં લાગેલા [૪]બધા અતિચારોનું [૫]હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૦॥ |
| [૧]બીએ [૨]અણુવ્વયમ્મિ, | [૧]દ્વિતીય [૨]અણુવ્રતમાં |
| [૩]પરિથૂલગ [૪]અલિય [૫]વયણવિરઈઓ | [૩]સ્થૂલ [૪]મૃષાવાદની [૫]વિરતિ = મોટા જૂઠથી અટકવારુપ |
| [૧૦]આયરિય [૭]મપ્પસત્થે | [૬]આ વ્રતમાં [૭]અશુભભાવ તેમજ [૮]પ્રમાદના [૯]નિમિત્તથી |
| [૬]ઈત્થ [૮]પમાય [૯]પ્પસંગેણં ॥૧૧॥ | જે કંઈ વિપરીત [૧૦]આચરણ કર્યું હોય ॥૧૧॥ (તે આ પ્રમાણે છે.) |

## દ્વિતીય અણુવ્રતના પાંચ અતિચાર

| | |
|---|---|
| [A]સહસા [B]રહસ્સ [C]દારે, | [A]વિના વિચાર્યે કોઈની ઉપર કલંકારોપણ કરવું [B]કોઈની ગુપ્ત વાતો પ્રગટ કરવી [C]પોતાની સ્ત્રીની ગુપ્ત વાતો પ્રગટ કરવી |
| [D]મોસુવએસે અ [E]કૂડલેહે અ | [D]જૂઠી સલાહ આપવી અને [E]જૂઠો લેખ લખવો, |
| [૧]બીયવયસ્સ [૨]ઈઆરે, | [૧]બીજા વ્રતના આ પાંચ [૨]અતિચારોમાંથી |
| [૫]પડિક્કમે [૩]દેસિઅં [૪]સવ્વં ॥૧૨॥ | [૩]દિવસમાં લાગેલા [૪]બધા અતિચારોનું [૫]હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૨॥ |

| | |
|---|---|
| **[૧]તઈએ [૨]અણુવ્વયમ્મિ,** | [૧]તૃતીય [૨]અણુવ્રતમાં (અદત્તાદાન વિરમણ વ્રત) |
| **[૩]થૂલગ [૪]પરદવ્વ-હરણ [૫]વિરઈઓ ।** | [૩]સ્થૂલ [૪]પરદ્રવ્ય હરણની [૫]વિરતિ = મોટી ચોરીથી અટકવારુપ |
| **[૧૦]આયરિય [૭]મપ્પસત્થે,** | [૬]આ ત્રીજા વ્રતમાં [૭]અશુભ ભાવ તેમજ [૮]પ્રમાદના [૯]નિમિત્તથી જે કંઈ |
| **[૬]ઈત્થ [૮]પમાય [૯]પ્પસંગેણં ॥૧૩॥** | વિપરીત [૧૦]આચરણ કર્યું હોય ॥૧૩॥ (તે આ પ્રમાણે છે.) |

## ત્રીજા અણુવ્રતના અતિચાર

| | |
|---|---|
| **[A]તેનાહડપ્પઓગે,** | [A]ચોરોને ચોરી કરવાની પ્રેરણા આપવી અને એમને સહયોગ આપવો, |
| **[B]તપ્પડિરુવે [C]વિરુદ્ધ-ગમણે અ** | [B]અસલી વસ્તુ બતાવીને નકલી (ખંરાબ) વસ્તુ આપવી, [C]રાજાના નિયમોના વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી, [D]ખોટા તોલ |
| **[D]કૂડતુલ [E]કૂડમાણે,** | અને [E]ખોટા પ્રમાણ દ્વારા લોકોને ઠગવું. [૧]દિવસમાં લાગેલા |
| **[૩]પડિક્કમે [૧]દેસિઅં [૨]સવ્વં ॥૧૪॥** | [૨]બધા અતિચારોનું [૩]હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૪॥ |
| **[૧]ચઉત્થે [૨]અણુવ્વયમ્મિ,** | [૧]ચતુર્થ [૨]અણુવ્રતમાં |
| **[૩]નિચ્ચં [૪]પરદાર [૫]ગમણ [૬]વિરઈઓ** | [૩]હંમેશા માટે [૪]પારકી સ્ત્રીની સાથે [૫]ભોગવિલાસ કરવાની |
| **[૧૧]આયરિય [૮]મપ્પસત્થે,** | [૬]વિરતિ રુપ [૭]આ વ્રતમાં [૮]અશુભ ભાવ તેમજ [૯]પ્રમાદના |
| **[૭]ઈત્થ [૯]પમાય [૧૦]પ્પસંગેણં ॥૧૫॥** | [૧૦]નિમિત્તથી જે કંઈ વિપરીત [૧૧]આચરણ કર્યું હોય ॥૧૫॥ (તે આ પ્રમાણે છે.) |

## ચોથા અણુવ્રતના અતિચાર

| | |
|---|---|
| **[A]અપરિગ્ગહિઆ [B]ઈત્તર,** | [A]કુંવારી કન્યા, વિધવા અથવા વેશ્યાની સાથે ભોગ કરવો, [B]કેટલાક સમય માટે ખરીદેલ સ્ત્રીની સાથે ભોગ કરવો. |
| **[C]અણંગ [D]વિવાહ [E]તિવ્વ અણુરાગે** | [C]સૃષ્ટિ વિરુદ્ધ કામક્રીડા કરવી, [D]બીજાઓના વિવાહ કરાવવા, [E]કામભોગની તીવ્ર ઈચ્છા કરવી. |
| **[૧]ચઉત્થવયસ્સ [૨]ઈઆરે;** | [૧]ચોથા વ્રતના આ પાંચ [૨]અતિચારોમાંથી |
| **[૫]પડિક્કમે [૩]દેસિઅં [૪]સવ્વં ॥૧૬॥** | [૩]દિવસમાં લાગેલા [૪]બધા અતિચારોનું [૫]હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૬॥ |

| | |
|---|---|
| ઈત્તો [૨]અણુવ્વએ [૧]પંચમમ્મિ, | [૧]પાંચમા [૨]અણુવ્રતમાં |
| [૯]આયરિય [૬]મપ્પસત્થમ્મિ । | [૩]પરિગ્રહના પ્રમાણનું [૪]ઉલ્લંઘન ન કરવા રૂપ [૫]આ વ્રતમાં |
| [૩]પરિમાણ [૪]પરિચ્છેએ, | [૬]અશુભ ભાવ તેમજ [૭]પ્રમાદના [૮]નિમિત્તથી |
| [૫]ઈત્થ [૭]પમાય [૮]પ્પસંગેણં ॥૧૭॥ | જે કંઈ વિપરીત [૯]આચરણ કર્યું હોય ॥૧૭॥ (તે આ પ્રમાણે છે.) |

## પાંચમાં વ્રતના અતિચાર

| | |
|---|---|
| [A]ધણ ધન્ન [B]ખિત્ત-વત્થુ, | [A]ધન, ધાન્ય-અનાજ, [B]ક્ષેત્ર, ઘર, દુકાન, નોરા વગેરે વસ્તુ |
| [C]રુપ્પ-સુવન્ને અ [D]કુવિઅ-પરિમાણે । | [C]ચાંદી, સોનુ અને [D]તાંબા, પિત્તળ લોખંડ વગેરે ધાતુના પ્રમાણનું |
| [E]દુપએ ચઉપ્પયમ્મિ ય, | [E]બે પગવાળા નોકર વગેરે અને ચાર પગવાળા ગાય, બળદ, વગેરેના પ્રમાણનું ઉલ્લંઘન કર્યું હોય. |
| [૩]પડિક્કમે [૧]દેસિઅં [૨]સવ્વં ॥૧૮॥ | [૧]દિવસમાં લાગેલા [૨]બધા અતિચારોનું [૩]હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૮॥ |

## છઠ્ઠા વ્રત (પહેલા ગુણવ્રત દિગ્ પરિમાણવ્રત)ના અતિચાર

| | |
|---|---|
| [૨]ગમણસ્સ ઉ [૧]પરિમાણે, | [A]ઉર્ધ્વદિશા [B]અધોદિશા અને [C]તિર્ચ્છી દિશાના |
| દિસાસુ [A]ઉડ્ઢં [B]અહે અ [C]તિરિઅંચ । | [૧]પ્રમાણમાં [૨]ગમનનું ઉલ્લંઘન કરવાથી, |
| [D]વુડ્ઢિ [E]સઈ-અંતરદ્ધા, | [D]ક્ષેત્રનું પ્રમાણ વધારી દેવાથી [E]ક્ષેત્રનું પ્રમાણ ભૂલી જવાથી |
| [૩]પઢમમ્મિ [૪]ગુણવ્વએ [૫]નિંદે ॥૧૯॥ | [૩]પ્રથમ [૪]ગુણવ્રતમાં લાગેલા દોષોની [૫]હું નિંદા કરું છું. ॥૧૯॥ |

## સાતમાં વ્રત (બીજા ગુણવ્રત ભોગોપભોગ વિરમણ વ્રત) ના અતિચાર

| | |
|---|---|
| [A]મજ્જમ્મિ અ [B]મંસમ્મિ અ, | [A]મદિરા અને [B]માંસ વગેરે અભક્ષ્ય વસ્તુઓના ભક્ષણથી |
| [C]પુપ્ફે અ ફલે અ [D]ગંધ [E]મલ્લે અ । | તથા [C]ફૂલ-ફળ, [D]સુગંધી પદાર્થ અને [E]પુષ્પમાલા વગેરેનું |
| [૧]ઉવભોગ [૨]પરિભોગે, | [૧]ઉપભોગ, [૨]પરિભોગ કરવાથી [૩]બીજા [૪]ગુણવ્રતમાં |
| [૩]બીઅમ્મિ [૪]ગુણવ્વએ [૫]નિંદે ॥૨૦॥ | લાગેલા અતિચારોની [૫]હું નિંદા કરું છું. ॥૨૦॥ |

(ઉપભોગ : એક જ વાર ઉપયોગમાં આવવાવાળી વસ્તુઓ. પરિભોગ : ઘણીવાર ઉપયોગમાં આવવાવાળી વસ્તુઓ)


## સાતમાં વ્રતના અતિચાર

| | |
|---|---|
| [A]સચ્ચિત્તે [B]પડિબદ્ધે, | [A]પ્રમાણાધિક સચિત્ત તેમજ [B]સચિત્ત-મિશ્ર વસ્તુઓ વાપરવાથી |
| [C]અપ્પોલ [D]દુપ્પોલિઅં ચ આહારે । | [C]અપક્વ અને [D]અર્દ્ધપક્વ વસ્તુ ખાવાથી, |
| [E]તુચ્છોસહિ-ભક્ખણયા, | [E]તુચ્છ વનસ્પતિ, ફળનું ભક્ષણ કરવાથી |
| [3]પડિક્કમે [1]દેસિઅં [2]સવ્વં ॥૨૧॥ | [1]દિવસમાં લાગેલા [2]બધા અતિચારોનું [3]હું પ્રતિક્રમણ કરું છું.॥૨૧॥ |

## શ્રાવક માટે માન્ય પંદર કર્માદાન (પાપ) વાળા ધંધા ત્યાજ્ય છે.

| | |
|---|---|
| [A]ઇંગાલી [B]વણ [C]સાડી, | [A]**અઙ્ગાર કર્મ** - અગ્નિ સંબંધી કુંભાર, સોની વગેરેનો કામધંધો, [B]**વન કર્મ** - જંગલના ઠેકા લેવા, એને કાપવા, કાપવાના ધંધા [C]**શકટ કર્મ** - ગાડી, ઉંટ, મોટર વગેરેનો ધંધો, |
| [D]ભાડી [E]ફોડી [2]સુવજ્જએ [1]કમ્મં । | [D]**ભાટક કર્મ** - ઘોડા, ઉંટ વગેરે ભાડે આપવાનો ધંધો, [E]**વિસ્ફોટક કર્મ** - કુવો, તળાવ, ખાણ વગેરે ખોદવો - ખોદાવવાનો ધંધો [1]આ પાંચ કર્મ શ્રાવકને [2]ત્યાગ કરવા યોગ્ય છે. |
| [F]વાણિજ્જં ચેવ દંત, | [F]**વાણિજ્ય કર્મ** - હાથીદાંત, છીપ, મોતી પ્રમુખનો ધંધો. |
| [G]લક્ખ [H]રસ [I]કેસ - | [G]**લાખ**, ગોંદ વગેરેનો ધંધો, [H]ગોળ, તેલ, ઘી, દૂધ વગેરે |
| [J]વિસ વિસયં ॥૨૨॥ | **રસનો** ધંધો, [I]પશુ, મનુષ્ય, પોપટ, હંસ વગેરેના કેશ તેમજ પાંખ વગેરેનો ધંધો, [J]સોમલ, અફિમ વિષ વગેરે ઝેરીલા પદાર્થો તેમજ શસ્ત્ર વગેરેના ધંધા શ્રાવકને ત્યાગ કરવા જોઈએ.॥૨૨॥ |
| [1]એવં ખુ [K]જંતપિલ્લણ | [1]આ રીતે [K]**યન્ત્રપીલનકર્મ** : ચક્કી, ચરખા, ઘાણી, ઘટ્ટી, |
| કમ્મં [L]નિલ્લંછણં ચ [M]દવ-દાણં । | ઝીણ, મીલ વગેરેનો ધંધો, [L]**નિર્લાંછન કર્મ** : બળદ વગેરે પશુઓના નાક, કાન વગેરે અવયવોને છેદવા, [M]**દવદાન કર્મ** : ઘર, જંગલ ગામ વગેરેમાં આગ લગાડવાનો ધંધો |


ગમણસ્સઉપરિમાણે
ઉડું
अहे अ
तिरिअं च
મજ્જમ્મિ અ મંસમ્મિ અ સચિત્તે પડિબદ્ધે
મદ્ય
માઁસ
પુષ્પ
ફળ
આઇસ્ક્રીમ
મધ
રાત્રિભોજન
રિંગણા
કંદમૂળ
મક્ખન
પંદર કર્માદાન
અંગાર કર્મ
વન કર્મ
શકટ કર્મ
ભાટક કર્મ
સ્ફોટક કર્મ
દંત વાણિજ્ય
લક્ખ વાણિજ્ય
રસ વાણિજ્ય
કેસ વાણિજ્ય
વિષ વાણિજ્ય
જતપિલ્લણ કર્મ
નિલ્લંછણ કમ્મં
સર-દહ-તલાય સોસં
દવગ્ગિદાણં
અસઇપોસં



તઈઅમ્મિ ગુણવ્વએ નિંદે
સત્થ
અગ્ગિ
મુસલ
જંતગ
તણ-કટ્ઠે
મંત-મૂલ-ભેસજ્જે
ણ્હાણુવ્વટ્ટણ
વન્નગ
સદ્દ-રુવ-રસ-ગંધે
રુવ
રસ
ગંધે
વત્થ
આસણ
આભરણે
કંદપ્પે
કુક્કુઈએ
અહિગરણ
ભોગ-અઈરિત્તે
શિક્ષાવ્રત ૧-સામાયિક

| | |
|---|---|
| [N]સર-દહ-તલાય-સોસં, | [N]શોષણ કર્મ : સરોવર, દ્રહ, મોટા તળાવ અને જળાશયોને |
| [O]અસઈ-પોસં ચ [2]વજ્જિજ્જા ॥૨૩॥ | સૂકાવવા, [O]અસતી પોષણ : હિંસક પશુઓનો, વ્યભિચારી પુરુષોનો, કુલ્ટા તેમજ વેશ્યા જેવી સ્ત્રીઓનું પાલન કરવું, આ બધાનો શ્રાવકે [2]ત્યાગ કરવો જોઈએ. ॥૨૩॥ |

## આઠમાં વ્રત (ત્રીજા ગુણવ્રત અનર્થ દંડ વિરમણવ્રત)ના અતિચાર

| | |
|---|---|
| [૧]સત્થગ્ગિ [૨]મુસલ [૩]જંતગ | [૧]શસ્ત્ર, અગ્નિ, [૨]મુસલ, [૩]ચક્કી વગેરે યંત્ર |
| [૪]તણ [૫]કટ્ઠે [૬]મંત [૭]મૂલ [૮]ભેસજ્જે | [૪]તૃણ (ઝાડૂ વગેરે), [૫]કાષ્ઠ, [૬]મંત્ર, [૭]મૂલકર્મ અને |
| [૯]દિન્ને [૧૦]દવાવિએ વા, | [૮]ઔષધિઓ આ હિંસાના સાધન [૯]બીજાને આપવામાં અને |
| [૧૩]પડિક્કમે [૧૧]દેસિઅં [૧૨]સવ્વં ॥૨૪॥ | [૧૦]અપાવવામાં [૧૧]દિવસમાં લાગેલા [૧૨]બધા અતિચારોનું [૧૩]હું પ્રતિક્રમણ કરું છું. ॥૨૪॥ |
| [૧]ણ્હાણુવ્વટ્ટણ [૨]વન્નગ | [૧]અયતનાથી સ્નાન કરવાથી, શરીરનો મેલ ઉતારવાથી, |
| [૩]વિલેવણે [૪]સદ્દ-[૫]રુવ-[૬]રસ-[૭]ગંધે । | [૨]વસ્ત્રાદિ રંગવાથી, [૩]ચંદનાદિનું વિલેપન, [૪]શબ્દ, [૫]રુપ, [૬]રસ તેમજ, [૭]ગંધમાં આસક્તિ અથવા દ્વેષ રાખવાથી |
| [૮]વત્થાસણ [૯]આભરણે, | [૮]વસ્ત્ર, આસન અને [૯]આભૂષણોમાં આસક્ત થવા વગેરેમાં |
| [૧૨]પડિક્કમે [૧૦]દેસિઅં [૧૧]સવ્વં ॥૨૫॥ | [૧૦]દિવસમાં લાગેલા [૧૧]બધા અતિચારોનું [૧૨]હું પ્રતિક્રમણ કરું છું. ॥૨૫॥ |
| [A]કંદપ્પે [B]કુક્કુઈએ, | [A]કામવાસનાજનક વાતો કરવાથી [B]વિજાતીયની સાથે કુચેષ્ટા કરવાથી, |
| [C]મોહરિ [D]અહિગરણ [E]ભોગ-અઈરિત્તે; | [C]નિરર્થક વચન બોલવાથી [D]હથિયાર, ઔજાર તૈયાર કરવાથી, [E]ભોગની વસ્તુઓને જરુરિયાતથી વધારે રાખવાથી. |
| [૧]દંડમ્મિ અણટ્ઠાએ, | [૧]અનર્થ દંડ નામના [૨]ત્રીજા [૩]ગુણવ્રતમાં લાગેલા આ |
| [૨]તઈઅમ્મિ [૩]ગુણવ્વએ [૪]નિંદે ॥૨૬॥ | અતિચારોની [૪]હું નિંદા કરું છું. ॥૨૬॥ |

## નવમાં વ્રત (પ્રથમ શિક્ષાવ્રત સામાયિક)ના અતિચાર

| | |
|---|---|
| [ABC]તિવિહે દુપ્પણિહાણે, | સામાયિકમાં [A]મન [B]વચન તેમજ [C]કાયાના દુષ્પ્રણિધાન થી, |
| [D]અણવટ્ઠાણે [E]તહા-સઈ વિહૂણે; | [D]અનાદરથી સામાયિક કરવાથી [E]સામાયિક કરવાનું ભૂલી જવાથી. |
| [૧]સામાઇય [૨]વિતહ- [૩]કએ, | [૧]સામાયિક વ્રત [૨]વિધિપૂર્વક નહી [૩]કરવાથી, |
| [૪]પઢમે [૫]સિક્ખાવએ [૬]નિંદે ॥૨૭॥ | [૪]પ્રથમ [૫]શિક્ષા વ્રતમાં લાગેલા આ અતિચારોની [૬]હું નિંદા કરું છું. ॥૨૭॥ |

## દસમાં વ્રત (બીજુ શિક્ષાવ્રત દેશાવગાસિક)ના અતિચાર


| | |
|---|---|
| [A]આણવણે [B]પેસવણે, | [A]નિયમિત ભૂમિની બહારની કોઈ વસ્તુ મંગાવવાથી [B]બહાર |
| [C]સદ્દે [D]રુવે અ [E]પુગ્ગલ-ક્ખેવે; | મોકલવાથી [C]શબ્દ દ્વારા ઉપસ્થિતિ બતાવવાથી [D]રુપ |
| [૧]દેસાવગાસિઅમ્મિ, | બતાવવાથી અને [E]કંકર વગેરે ફેંકીને પોતાના કાર્યને માટે |
| [૨]બીએ [૩]સિક્ખાવએ [૪]નિંદે ॥૨૮॥ | કોઈને બોલાવવાથી [૧]દેસાવગાસિક નામના [૨]બીજા [૩]શિક્ષાવ્રતમાં લાગેલા આ અતિચારોની [૪]હું નિંદા કરું છું. ॥૨૮॥ |

## અગિયારમાં વ્રત (ત્રીજુ શિક્ષાવ્રત પૌષધ)ના અતિચાર

| | |
|---|---|
| [A]સંથારુ [B]ચ્ચારવિહિ, | [A]સંથારા અને [B]સ્થંડિલ માત્રા વગેરેની ભૂમિનું વિધિપૂર્વક પડિલેહણ, પ્રમાર્જન નહી કરવાથી |
| [C]પમાય તહ ચેવ [D]ભોઅણાભોએ; | [C]પ્રમાદ કરવાથી તથા [D]ભોજનની ચિંતા કરવાથી |
| [E]પોસહ વિહિ-વિવરીએ, | અને [E]પૌષધની વિધિમાં વિપરીત આચરણ કરવાથી |
| [૧]તઈએ [૨]સિક્ખાવએ [૩]નિંદે॥૨૯॥ | [૧]ત્રીજા [૨]શિક્ષાવ્રતમાં લાગેલા આ અતિચારોની [૩]હું નિંદા કરું છું. ॥૨૯॥ |

## બારમાં વ્રત (ચોથું શિક્ષા વ્રત અતિથિ સંવિભાગ)ના અતિચાર

| | |
|---|---|
| [A]સચ્ચિત્તે નિક્ખિવણે, | [A]આપવા યોગ્ય વસ્તુને સચિત્ત ઉપર રાખવાથી |
| [B]પિહિણે [C]વવએસ [D]મચ્છરે ચેવ; | [B]અચિત્ત વસ્તુને સચિત્ત વસ્તુથી ઢાંકી દેવાથી [C]પારકી વસ્તુને પોતાની કે પોતાની વસ્તુને પારકી કહેવાથી [D]ઇર્ષ્યાદિ, કષાયપૂર્વક આહારાદિ વગેરે દાન આપવાથી અને |


આણવણે પેસવણે
આણવણે
સદ્દે
રુવે
પેસવણે
પુગ્ગલક્ખેવે
સંથારુચ્ચારવિહી
અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય સંથારએ
અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય સિજ્જા
અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય ઉચ્ચાર-પાસવણભૂમિ
અતિથિ સંવિભાગ
ઇહલોગાસંસપ્પઓગ
પરલોગાસંસપ્પઓગ
ઇહલોએ પરલોએ
જીવિઆસંસપ્પઓગ
મરણાસંસપ્પઓગ
કામભોગાસંસપ્પઓગ



તં પિ હુસપડિક્કમણં
જહા વિસં કુટ્ઠગયં
એવં અટ્ઠવિહં કમ્મં
ચિરસંચિય પાવ-પણાસણીઇ, ભવસયસહસ્સમહણીએ ।
ચઉવ્વીસજિણવિણિગ્ગયકહાઇ
વોલંતુ મે દિઅહા
મમમંગલમરિહંતા
સિદ્ધા
સાહૂ
સુઅં ચ ધમ્મો અ
દિંતુ
સમાહિં ચ
બોહિં ચ
સમ્મદિટ્ઠી દેવા
ખામેમિ સવ્વજીવે
તિર્યંચ
દેવ
તિર્યંચ
મનુષ્ય
વિકલેન્દ્રિય
નરક
વનસ્પતિ
પૃથ્વી
અપ્
તેઉ
વાઉ

| | |
|---|---|
| **[E]કાલાઈક્કમ-દાણે,** | [E]ગોચરીનો સમય વીતી ગયા પછી ગોચરી માટે આમંત્રણ |
| **[૧]ચઉત્થે [૨]સિક્ખાવએ [૩]નિંદે॥૩૦॥** | આપવાથી [૧]ચોથા [૨]શિક્ષાવ્રતમાં લાગેલા આ અતિચારોની [૩]હું નિંદા કરું છુ. ॥૩૦॥ |
| **[૧]સુહિએસુ અ [૨]દુહિએસુ અ** | [૧]સંયમગુણ અને વસ્ત્રાદિ ઉપધિ સંપન્ન મુનિવરોની તથા [૨]વ્યાધિથી પીડિત, તપસ્યાથી ખિન્ન અને વસ્ત્ર, પાત્રાદિ ઉપધિથી રહિત દુઃખી સુવિહિત સાધુઓની |
| **જા મે [૩]અસ્સંજએસુ [૪]અણુકંપા,** | [૩]પાર્શ્વસ્થાદિ અસંયતિયો (પતિત સાધુ)ની [૪]ભક્તિ |
| **[૫]રાગેણ વ [૬]દોસેણ વ,** | [૫]રાગ કે [૬]દ્વેષને વશ થઈને કરી હોય. |
| **[૭]તં [૮]નિંદે તં ચ [૯]ગરિહામિ ॥૩૧॥** | [૭]એમની [૮]હું નિંદા અને [૯]ગર્હા કરું છું. ॥૩૧॥ |
| **[૪]સાહૂસુ [૮]સંવિભાગો,** | [૧]તપસ્વી, [૨]ચારિત્રશીલ અને [૩]ક્રિયાપાત્ર [૪]સાધુઓને |
| **[૯]ન કઓ [૧]તવ [૨]ચરણ [૩]કરણ-જુત્તેસુ;** | [૫]દાન આપવા યોગ્ય [૬]વસ્તુઓ [૭]ઉપસ્થિત હોવા છતાં પણ |
| **[૭]સંતે [૬]ફાસુઅ [૫]દાણે,** | [૮]એમાંથી એક ભાગ [૯]ન આપ્યો હોય તો [૧૦]પોતાના આ |
| **[૧૦]તં [૧૧]નિંદે તં ચ [૧૨]ગરિહામિ ॥૩૨॥** | દુષ્કૃત્યની હું [૧૧]નિંદા કરું છું અને [૧૨]ગર્હા કરું છું. ॥૩૨॥ |

## સંલેખના વ્રતના અતિચાર

| | |
|---|---|
| **[A]ઇહલોએ [B]પરલોએ [C]જીવિઅ-,** | [A]ધર્મના પ્રભાવથી આ લોકમાં સુખની ઇચ્છા [B]પરલોકમાં દેવેન્દ્રાદિના વૈભવ મળવાની વાંછા [C]અનશનાદિનો પ્રભાવ |
| **[D]મરણે અ [E]આસંસ-પઓગે;** | જોઈને જીવવાની ઇચ્છા [D]અપમાનથી ગભરાઈને મરવાની ઇચ્છા [E]અને કામભોગની તીવ્ર ઇચ્છા. |
| **[૧]પંચવિહો [૨]અઈઆરો,** | [૧]સંલેખના વ્રતના પાંચ [૨]અતિચાર |
| **[૫]મા મજ્જ [૬]હુજ્જ [૩]મરણંતે ॥૩૩॥** | [૩]મરણના અંતિમ સમય સુધી [૪]મને [૫]ન [૬]હો. ॥૩૩॥ |
| **[૨]કાએણ [૧]કાઈઅસ્સ,** | [૧]કાયાથી લાગેલા અતિચાર (દોષો)ને [૨]કાયાના શુભ યોગથી |
| **[૮]પડિક્કમે [૩]વાઈઅસ્સ [૪]વાયાએ,** | [૩]વચનથી લાગેલા અતિચાર (દોષો)ને [૪]વચનના શુભ યોગ થી |
| **[૬]મણસા [૫]માણસિઅસ્સ** | [૫]મનથી લાગેલા અતિચાર (દોષો)ને [૬]મનના શુભ યોગથી |

[૭]સવ્વસ્સ [૮]વયાઈઆરસ્સ ॥૩૪॥

[૭]બધા [૮]વ્રતોના અતિચારોનું [૯]હું પ્રતિક્રમણ કરું છું. ॥૩૪॥

[૧]વંદણ [૨]વય [૩]સિક્ખા
[૪]ગારવેસુ [૫]સન્ના [૬]કસાય [૭]દંડેસુ;
[૮]ગુત્તીસુ અ [૯]સમિઈસુ અ,
[૧૦]જો [૧૧]અઈયારો અ [૧૨]તં [૧૩]નિંદે ॥૩૫॥

[૧]વંદન, [૨]બારવ્રત, [૩]ગ્રહણ અને આસેવન રુપ બે પ્રકારની શિક્ષામાં [૪]રસ-ઋદ્ધિ તેમજ શાતાગારવ,, [૫]આહારાદિ ચાર સંજ્ઞા, [૬]ક્રોધાદિ ચાર કષાય અને [૭]મન, વચન, કાયારુપ ત્રણ દંડોના વશથી, [૮]ત્રણ ગુપ્તિઓમાં અને [૯]પાંચ સમિતિયોમાં, [૧૦]જે [૧૧]અતિચાર દોષ લાગેલા હોય [૧૨]એમની [૧૩]હું નિંદા કરું છું. ॥૩૫॥

[૧]સમ્મદિટ્ઠિ [૨]જીવો,
[૩]જઈ વિ હુ [૫]પાવં [૬]સમાયરે [૪]કિંચિ;
[૯]અપ્પો [૭]સિ હોઈ [૮]બંધો,
[૧૦]જેણ [૧૨]ન [૧૧]નિદ્ધંધસં [૧૩]કુણઈ॥૩૬॥

[૧]સમકિતવંત [૨]જીવ-સ્ત્રી કે પુરુષ [૩]પોતાના નિર્વાહના નિમિત્તથી જે પણ [૪]કોઈ [૫]પાપ [૬]વ્યાપાર કરે છે. તો પણ [૭]એને [૮]કર્મબંધ [૯]અલ્પ જ હોય છે, [૧૦]કેમકે એ [૧૧]નિર્દય ભાવથી અતિપાપ વ્યાપાર ને [૧૨]નથી [૧૩]કરતો ॥૩૬॥

[૫]તં પિ હુ [૪]સપડિક્કમણં,
[૬]સપ્પરિઆવં [૭]સઉત્તરગુણં ચ;
[૮]ખિપ્પં [૯]ઉવસામેઈ,
[૩]વાહિવ્વ [૧]સુસિક્ખિઓ [૨]વિજ્જો ॥૩૭॥

જેમ [૧]કુશળ [૨]વૈદ્ય [૩]વ્યાધિ (રોગ)નેં નાશ કરે છે તેવી જ રીતે [૪]પ્રતિક્રમણ ક્રિયા દ્વારા [૫]અલ્પ કર્મબંધક કાર્યને પણ શ્રાવક [૬]પશ્ચાતાપ અને [૭]ઉત્તરગુણના સદાચરણથી [૮]શીઘ્ર [૯]શાન્ત (નાશ) કરે છે ॥૩૭॥

[૧]જહા [૩]વિસં [૨]કુટ્ઠ - ગયં,
[૪]મંત [૫]મૂલ [૬]વિસારયા,
[૭]વિજ્જા [૯]હણંતિ [૮]મંતેહિં,
તો [૧૦]તં [૧૨]હવઈ [૧૧]નિવ્વિસં ॥૩૮॥

[૧]જે પ્રમાણે [૨]કોષ્ઠગત (પેટમાં ગયેલા) [૩]વિષ (ઝેર)ને [૪]મંત્ર અને [૫]જડી-બુટીના [૬]જાણકાર [૭]વૈદ્ય લોકો [૮]મંત્રથી [૯]ઉતારી દે છે. [૧૦]એનાથી પેટ [૧૧]વિષરહિત [૧૨]થાય છે ॥૩૮॥

[૧]એવં [૨]અટ્ઠવિહં [૩]કમ્મં,
[૪]રાગ [૫]દોસ [૬]સમજ્જિઅં;
[૮]આલોઅંતો અ [૯]નિંદંતો,
[૧૦]ખિપ્પં [૧૧]હણઈ [૭]સુસાવઓ ॥૩૯॥

[૧]એજ પ્રમાણે [૨]જ્ઞાનાવરણીય વગેરે આઠ [૩]કર્મરુપી ઝેરને [૪]રાગ [૫]દ્વેષથી [૬]ઉપાર્જિત પાપને [૭]સુશ્રાવક ગુરુદેવના સમીપ [૮]આલોચના અને [૯]નિંદા કરતા [૧૦]જલ્દીથી [૧૧]નાશ કરી લે છે.॥૩૯॥

| | |
|---|---|
| [૨]કય [૧]પાવો વિ [૩]મણુસ્સો, | [૧]પાપ [૨]કરવાવાળા [૩]મનુષ્ય પણ |
| [૫]આલોઈઅ [૬]નિંદિઅ [૪]ગુરુસગાસે; | [૪]ગુરુમહારાજની પાસે [૫]પાપોની આલોચના અને [૬]નિંદા કરીને |
| [૧૧]હોઈ [૯]અઈરેગ [૧૦]લહુઓ, | [૭]ભાર ઉતરી ગયેલા [૮]મજૂરની જેમ, |
| [૭]ઓહરિઅ - ભરુવ્વ [૮]ભારવહો ॥૪૦॥ | [૯]કર્મભારથી અતિશય [૧૦]હલકો [૧૧]થઈ જાય છે. ॥૪૦॥ |
| [૬]આવસ્સએણ [૫]એએણ, | [૧]જો [૨]શ્રાવક [૩]અનેક આરંભ, સમારંભ અને પરિગ્રહાદિ આશ્રવ |
| [૨]સાવઓ [૧]જઈવિ [૩]બહુરઓ [૪]હોઈ; | વાળા [૪]હોય છે તો પણ [૫]આ [૬]આવશ્યક (પ્રતિક્રમણ) ક્રિયા દ્વારા |
| [૭]દુક્ખાણ [૮]મંતકિરિઅં; | એ [૭]દુ:ખોનો [૮]અન્ત (નાશ) |
| [૧૧]કાહી [૯]અચિરેણ [૧૦]કાલેણ ॥૪૧॥ | [૯]સ્વલ્પ [૧૦]કાળમાં જ [૧૧]કરી લે છે. ॥૪૧॥ |
| [૩]આલોયણા [૪]બહુવિહા, | [૧]પાંચ અણુવ્રત રુપ મૂલગુણ અને [૨]સાત વ્રત રુપ ઉત્તરગુણના વિષયમાં |
| [૮]ન ય [૭]સંભરિચા [૫]પડિક્કમણ [૬]કાલે; | [૩]આલોચના [૪]બહુ પ્રકારની હોય છે; એ બધી |
| [૧]મૂલગુણ [૨]ઉત્તરગુણે, | જો [૫]પ્રતિક્રમણના [૬]સમયે [૭]યાદ [૮]ન આવી હોય, |
| [૯]તં [૧૦]નિંદે તં ચ [૧૧]ગરિહામિ ॥૪૨॥ | તો [૯]એ બધાની [૧૦]હું નિંદા અને [૧૧]ગર્હા કરું છું. ॥૪૨॥ |
| [૩]તસ્સ [૪]ધમ્મસ્સ [૧]કેવલિ [૨]પન્નત્તસ્સ | [૧]કેવલી ભગવંતે [૨]કહેલા [૩]આ [૪]શ્રાવકધર્મની |
| [૬]અબ્ભુટ્ઠિઓ મિ [૫]આરાહણાએ, | [૫]આરાધના કરવા માટે [૬]હું સાવધાન (ઉદ્યત) થયો છું અને |
| [૮]વિરઓ મિ [૭]વિરાહણાએ, | [૭]શ્રાવકધર્મની વિરાધનાથી [૮]નિવૃત્ત (અલગ) થયો છું. |
| [૯]તિવિહેણ [૧૦]પડિક્કંતો, | [૯]ત્રિવિધયોગપૂર્વક [૧૦]અતિચારો (દોષ)થી નિવૃત્ત થઈને |
| [૧૩]વંદામિ [૧૨]જિણે [૧૧]ચઉવ્વીસં ॥૪૩॥ | [૧૧]ઋષભદેવ વગેરે ચોવીશ [૧૨]જીનેશ્વરોને ભાવથી [૧૩]વંદન કરું છું. ॥૪૩॥ |
| [૧]જાવંતિ [૨]ચેઈઆઈ, | [૧]જેટલા [૨]ચૈત્ય (મંદિર) અને બિંબ |
| [૩]ઉડ્ઢે અ [૪]અહે અ [૫]તિરિઅલોએ અ; | [૩]ઉર્ધ્વલોક, [૪]અધોલોક અને [૫]તિર્ચ્છાલોકમાં છે, |
| [૯]સવ્વાઈ [૮]તાઈ [૧૨]વંદે, | [૬]ત્યાં [૭]રહેલા [૮]એ [૯]બધા જિનબિંબોને |
| [૧૦]ઈહ [૧૧]સંતો [૬]તત્થ [૭]સંતાઈ ॥૪૪॥ | હું [૧૦]અહીયાં [૧૧]રહીને [૧૨]વંદન કરું છું. ॥૪૪॥ |

| | |
|---|---|
| [૧]જાવંત કે વિ [૨]સાહૂ, | [૧]જેટલા પણ [૨]સાધુ |
| [૩]ભરહેરવય - [૪]મહાવિદેહે અ; | [૩]ભરત, ઐરાવત અને [૪]મહાવિદેહરુપ પંદર કર્મભૂમિમાં |
| [૮]સવ્વેસિં [૭]તેસિં [૧૦]પણઓ [૯]તિવિહેણ | વિદ્યમાન છે. જે [૫]ત્રણ દંડોથી [૬]રહિત છે, |
| [૫]તિદંડ [૬]વિરયાણં ॥૪૫॥ | [૭]એ [૮]બધાને [૯]ત્રિવિધયોગથી [૧૦]વંદન કરું છું. ॥૪૫॥ |
| [૧]ચિર [૨]સંચિઅ [૩]પાવ [૪]પણાસણીઈ, | [૧]બહુ કાળથી [૨]એકઠા થયેલા [૩]પાપોને [૪]નાશ કરવાવાળી અને |
| [૬]ભવ [૫]સય સહસ્સ [૭]મહણીય; | [૫]લાખો [૬]ભવોના ભ્રમણને [૭]મટાવવાવાળી એવી |
| [૮]ચઉવીસ [૯]જિણ [૧૦]વિણિગ્ગય, | [૮]ચોવીસ [૯]જીનેશ્વરોના મુખેથી [૧૦]નીકળેલી |
| [૧૧]કહાઈ [૧૪]વોલંતુ [૧૨]મે [૧૩]દિઅહા॥૪૬॥ | [૧૧]કથા દ્વારા [૧૨]મારો [૧૩]દિવસ [૧૪]વ્યતીત હો ॥૪૬॥ |
| [૬]મમ [૭]મંગલ [૧]મરિહંતા, | [૧]અરિહંત ભગવાન, [૨]સિદ્ધ ભગવાન, [૩]સાધુ મહારાજ |
| [૨]સિદ્ધા [૩]સાહૂ [૪]સુઅં ચ [૫]ધમ્મો અ; | [૪]શ્રુતધર્મ અને [૫]સંયમધર્મ આ બધા [૬]મારા માટે [૭]મંગલરુપ હો અને |
| [૮]સમ્મ તસ્સય [૯]શુદ્ધિં (સમ્મદિટ્ઠી દેવા) | મારા [૮]સમ્યક્ત્વની [૯]શુદ્ધિ કરો (સમ્યક્દૃષ્ટિ દેવ) તેમજ |
| [૧૨]દિંતુ [૧૦]સમાહિં ચ [૧૧]બોહિં ચ ॥૪૭॥ | મને [૧૦]સમાધિ તથા [૧૧]બોધિ (જિનધર્મ) [૧૨]પ્રદાન કરો. ॥૪૭॥ |
| [૧]પડિસિદ્ધાણં [૨]કરણે, | [૧]નિષેધ કરેલા હિંસાજનક પાપ કાર્યોને [૨]કરવાથી |
| [૩]કિચ્ચાણમકરણે અ [૭]પડિક્કમણં । | [૩]સામાયિક, પૂજાદિ કરવા યોગ્ય કાર્યો નહીં કરવાથી |
| [૪]અસદ્દહણે અ તહા, | [૪]જિનેન્દ્ર ભાષિત તત્ત્વોમાં અવિશ્વાસ રાખવાથી અને |
| [૫]વિવરીઅ [૬]પરુવણાએ અ ॥૪૮॥ | [૫]જિનાગમોથી વિરુદ્ધ [૬]પ્રરુપણા કરવાથી જે પાપદોષ લાગ્યો હોય એનું [૭]પ્રતિક્રમણ કરવામાં આવે છે. ॥૪૮॥ |
| [૩]ખામેમિ [૧]સવ્વ [૨]જીવે, | [૧]સર્વ [૨]જીવોને [૩]હું ખમાવું છું, |
| [૪]સવ્વે [૫]જીવા [૭]ખમંતુ [૬]મે । | [૪]સર્વ [૫]જીવ [૬]મને [૭]ક્ષમા કરો. |
| [૧૦]મિત્તી [૯]મે [૮]સવ્વભૂએસુ, | [૮]સમસ્ત જીવોની સાથે [૯]મારી [૧૦]મૈત્રી છે. (બધા જીવ મારા |
| [૧૩]વેરં [૧૨]મજ્ઝ [૧૪]ન [૧૧]કેણઈ ॥૪૯॥ | મિત્ર છે.) [૧૧]કોઈ જીવની સાથે [૧૨]મારો [૧૩]વૈરભાવ (દુશ્મનાવટ) [૧૪]નથી. ॥૪૯॥ |
| [૧]એવમહં [૨]આલોઈઅ, | [૧]આ પ્રમાણે [૨]હું આલોચના કરીને, |
| [૩]નિંદિઅ [૪]ગરહિઅ [૫]દુગંછિઅં સમ્મં । | [૩]નિંદા કરીને, [૪]ગર્હા કરીને અને [૫]પાપોની ઘૃણા કરીને |
| [૬]તિવિહેણ [૭]પડિક્કંતો, | [૬]મન, વચન, કાયારુપ પાપોથી [૭]નિવૃત્ત થઈને |
| [૧૦]વંદામિ [૯]જિણ [૮]ચઉવ્વીસં ॥૫૦॥ | [૮]ચોવીસે [૯]તીર્થંકરોને [૧૦]હુ વંદન કરું છું. ॥૫૦॥ |

## ૨. આયરિય ઉવજ્ઝાએ સૂત્ર

ભાવાર્થ : આ સૂત્રમાં આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય વગેરેના પ્રત્યે કષાયોથી જે અપરાધ થયો હોય એની ક્ષમા માંગવામાં આવી છે. આ પ્રમાણે સકલ જીવરાશિના જીવોને ક્ષમા માંગીને એને ક્ષમા આપવામાં આવી છે.

| | |
|---|---|
| **[1]આયરિય [2]ઉવજ્ઝાએ,** | [1]આચાર્ય [2]ઉપાધ્યાય |
| **[3]સીસે [4]સાહમ્મિએ [5]કુલગણે ય ।** | [3]શિષ્ય, [4]સાધર્મિક, [5]કુલ-ગણ પ્રતિ |
| **[7]જે [6]મે [8]કેઈ [9]કસાયા,** | [6]મેં [7]જે [8]કોઈ [9]કષાય કર્યા હોય |
| **[10]સવ્વે [11]તિવિહેણ [12]ખામેમિ ॥૧॥** | [10]એ બધાની [11]મન-વચન-કાયાથી હું [12]ક્ષમા માંગું છું.॥૧॥ |
| **[2]સવ્વસ્સ [3]સમણસંઘસ્સ,** | [1]પૂજ્ય એવા [2]સકલ [3]શ્રમણ-સંઘને |
| **[1]ભગવઓ [5]અંજલિં કરિઅ [4]સીસે ।** | [4]મસ્તક ઉપર [5]હાથ જોડીને |
| **[6]સવ્વં [7]ખમાવઈત્તા** | [6]બધા પાસે [7]ક્ષમા માંગીને |
| **[10]ખમામિ [9]સવ્વસ્સ [8]અહયંપિ ॥૨॥** | [8]હું પણ [9]બધાને [10]ક્ષમા કરું છું ॥૨॥ |
| **[5]સવ્વસ્સ [6]જીવરાસિસ્સ** | [1]ભાવથી [2]ધર્મના વિષયમાં [3]સ્થાપિત કર્યું છે [4]ચિત્ત જેણે |
| **[1]ભાવઓ [2]ધમ્મ [3]નિહિય [4]નિયચિત્તો ।** | એવો હું [5]સર્વ [6]જીવરાશિના |
| **[7]સવ્વં [8]ખમાવઈત્તા,** | [7]બધા જીવો પાસે [8]ક્ષમા માંગીને |
| **[11]ખમામિ [10]સવ્વસ્સ [9]અહયંપિ ॥૩॥** | [9]હું પણ [10]બધાને [11]ક્ષમા કરું છું. ॥૩॥ |

## ૩. શ્રુત દેવતાની સ્તુતિ

ભાવાર્થ : પક્ખી પ્રતિક્રમણમાં આ સ્તુતિનો ઉપયોગ થાય છે.

| | |
|---|---|
| **[1]સુઅદેવયાએ [3]કરેમિ [2]કાઉ.અન્નત્થ** | હું [1]શ્રુતદેવીનો [2]કાયોત્સર્ગ [3]કરૂં છું. |
| **[5]સુઅદેવયા [4]ભગવઈ,** | [4]હે ભગવતી [5]શ્રુતદેવી શારદા ! |
| **[11]નાણાવરણીય [12]કમ્મસંઘાયં;** | [6]જેઓની [7]શ્રુતરુપી સમુદ્રના વિષયમાં [8]સદા [9]ભક્તિ છે. |
| **[10]તેસિં [13]ખવેઉ [8]સયયં** | [10]તેઓના [11]જ્ઞાનાવરણીય [12]કર્મના સમૂહનો આપ |
| **[6]જેસિં [7]સુઅસાયરે [9]ભત્તી ॥૧॥** | [13]ક્ષય કરો. ॥૧॥ |

## ૪. ક્ષેત્ર દેવતાની સ્તુતિ (પુરુષો માટે)

| | |
|---|---|
| **[૧]ખિત્તદેવયાએ [૩]કરેમિ [૨]કાઉ.અન્નત્થ** | હું [૧]ક્ષેત્ર દેવતાનો [૨]કાયોત્સર્ગ [૩]કરું છું. |
| **[૪]જિસે [૫]ખિત્તે [૬]સાહૂ,** | [૪]જેના [૫]ક્ષેત્રમાં [૬]સાધુગણ |
| **[૭]દંસણ [૮]નાણેહિં [૯]ચરણસહિએહિં** | [૭]સમ્યગ્દર્શન [૮]જ્ઞાન, [૯]ચારિત્ર સહિત |
| **[૧૧]સાહંતિ [૧૦]મુક્ખમગ્ગં** | [૧૦]મોક્ષમાર્ગને [૧૧]સાધે છે. |
| **[૧૨]સા [૧૩]દેવી [૧૫]હરઉ [૧૪]દુરિઆઈ ॥૧॥** | [૧૨]તે [૧૩]ક્ષેત્રદેવતા [૧૪]વિઘ્નોને [૧૫]દૂર કરો. ॥૧॥ |

## ૫. અડ્ઢાઈજ્જેસુ સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્ર વડે અઢી દ્વીપમાં રહેલા સર્વ સાધુ મુનિરાજોને વંદના કરાય છે.

| | |
|---|---|
| **[૧]અડ્ઢાઈજ્જેસુ [૨]દીવ [૩]સમુદ્દેસુ** | [૧]અઢી [૨]દ્વીપ [૩]સમુદ્રમાં રહેલા |
| **[૪]પણ્ણરસસુ [૫]કમ્મભૂમિસુ** | [૪]પંદર [૫]કર્મભૂમિમાં રહેલા |
| **[૬]જાવંત [૭]કે વિ [૮]સાહૂ** | [૬]જે [૭]કોઈ [૮]સાધુ [૯]રજોહરણ [૧૦]ગુચ્છ અને [૧૧]પાત્રા |
| **[૯]રયહરણ [૧૦]ગુચ્છ [૧૧]પડિગ્ગહ [૧૨]ધારા ॥૧॥** | વગેરેને (દ્રવ્યલિંગ) [૧૨]ધારણ કરનારા ॥૧॥ |
| **[૧]પંચમહવ્વય [૭]ધારા** | [૧]પાંચ મહાવ્રત, |
| **[૨]અટ્ઠારસ [૩]સહસ્સ [૪]સીલંગ ધારા** | [૨]અઢાર [૩]હજાર [૪]શીલાંગ, |
| **[૫]અક્ખુયાયાર- [૬]ચરિત્તા** | [૫]અક્ષત આચાર અને [૬]ચારિત્ર વગેરે (ભાવલિંગ)ને |
| **[૮]તે [૯]સવ્વે [૧૦]સિરસા [૧૧]મણસા** | [૭]ધારણ કરનારા છે [૮]તે [૯]સર્વને [૧૦]કાયા તેમજ [૧૧]મનથી |
| **[૧૨]મત્થએણ વંદામિ ॥૨॥** | [૧૨]વંદન કરું છું. ॥૨॥ |

## ૬. નમોડસ્તુ વર્ધમાનાય સૂત્ર

**નોટ :** આ સૂત્ર માત્ર પુરુષો માટે છે. બહેનોએ યાદ ન કરવું.

| | |
|---|---|
| **[૨]ઈચ્છામો [૧]અણુસટ્ઠિં** | હે ગુરુદેવ ! [૧]આપની આજ્ઞાને [૨]અમે સ્વીકાર કરીએ છીએ. |
| **[૪]નમો [૩]ખમાસમણાણં** | [૩]ક્ષમાશ્રમણોને [૪]નમસ્કાર હો, |
| **[૫]નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ** | [૫]અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વસાધુઓને નમસ્કાર હો. |


અડ્ઢાઇજ્જેસુ...



ન મો ઽ સ્તુ વ ર્દ્ધ મા ના ય
સ્પર્દ્ધમાનાય કર્મણા
તજ્જયાવાપ્તમોક્ષાય
પરોક્ષાય કુતીર્થીનામ
નમોઽસ્તુ વર્દ્ધમાનાય
યેષાં વિકચારવિન્દરાજ્યા
કષાય તાપાર્દિત જન્તુનિર્વૃતિં

| | |
|---|---|
| [૭]નમોઽસ્તુ [૬]વર્ધમાનાય | જે [૧]કર્મવૈરી સાથે [૨]જિતવાની સ્પર્ધા કરતાં [૩]જય દ્વારા |
| [૨]સ્પર્ધમાનાય [૧]કર્મણા | મોક્ષ પ્રાપ્ત કરવાવાળા છે, |
| [૩]તજ્જયાવાપ્તમોક્ષાય | જેમનું સ્વરૂપ [૪]મિથ્યાત્વિયો માટે [૫]અગમ્ય છે એવા |
| [૫]પરોક્ષાય [૪]કુતીર્થિનામ્ ॥૧॥ | [૬]શ્રી મહાવીરપ્રભુને [૭]મારા નમસ્કાર હો. ॥૧॥ |
| [૧]યેષાં [૪]વિકચાર [૫]વિન્દરાજ્યા | [૧]જેમના [૨]સુંદર [૩]પદકમલ દેવરચિત [૪]વિકસિત [૫]કમળની |
| [૨]જયાયઃ [૩]ક્રમકમલાવલિં [૬]દધત્યા | શ્રેણી પર [૬]ધારણ કરવાથી જાણે એવું લાગે છે |
| [૭]સદૃશૈરિતિ [૮]સઙ્ગતં [૯]પ્રશસ્યં | કે [૭]સમાનની સાથે [૮]સમાગમ હોવો [૯]પ્રશંસનીય છે. |
| [૧૦]કથિતં [૧૪]સન્તુ [૧૩]શિવાય | [૧૦]આ પ્રકારે કહેલા [૧૧]તે [૧૨]જિનેન્દ્ર ભગવાન |
| [૧૧]તે [૧૨]જિનેન્દ્રાઃ ॥૨॥ | [૧૩]મોક્ષ માટે [૧૪]હો ॥૨॥ |
| [૪]કષાય [૫]તાપાર્દિત [૬]જન્તુ [૭]નિર્વૃતિં | [૧]જે વાણીનો સમૂહ [૨]જિનેશ્વરપ્રભુના |
| [૮]કરોતિ [૧]યો [૨]જૈન [૩]મુખામ્બુદોદ્ગતઃ। | [૩]મુખરુપી મેઘથી નીકળેલો [૪]કષાય રુપ [૫]તાપથી પીડિત |
| | [૬]પ્રાણિયોને [૭]શાન્તિ [૮]આપે છે. |
| [૯]સ [૧૦]શુક્રમાસોદ્ભવ [૧૧]વૃષ્ટિ [૧૨]સન્નિભો | [૯]તે [૧૦]જયેષ્ઠમાસની [૧૧]વર્ષા [૧૨]જેવી છે. |
| [૧૭]દધાતુ [૧૬]તુષ્ટિં [૧૫]મયિ | [૧૩]એવી આપની વાણીનો [૧૪]વિસ્તાર [૧૫]મારી |
| [૧૪]વિસ્તારો [૧૩]ગિરામ્ ॥૩॥ | ઉપર [૧૬]અનુગ્રહ [૧૭]કરો. ॥૩॥ |

## ૭. શ્રુત દેવતાની સ્તુતિ (સ્ત્રીઓ માટે)

| | |
|---|---|
| [૧]કમલ [૨]દલ [૩]વિપુલ [૪]નયના, | [૧]કમળ [૨]પત્ર જેવા [૩]વિશાળ [૪]નયનોવાળી, |
| [૫]કમલ [૬]મુખી [૭]કમલ | [૫]કમળ જેવા [૬]મુખવાળી, [૭]કમળના [૮]મધ્યભાગ |
| [૮]ગર્ભ [૯]સમ [૧૦]ગૌરી; | [૯]જેવા [૧૦]ગૌર વર્ણવાળી |
| [૧૧]કમલે [૧૨]સ્થિતા [૧૩]ભગવતી, | અને [૧૧]કમલ ઉપર [૧૨]સ્થિત એવી [૧૩]પૂજ્ય |
| [૧૬]દદાતુ [૧૪]શ્રુત-દેવતા [૧૫]સિદ્ધિમ્ ॥૧॥ | [૧૪]શ્રુતદેવતા [૧૫]સિદ્ધિ [૧૬]પ્રદાન કરો. ॥૧॥ |

## ૮. ક્ષેત્ર દેવતાની સ્તુતિ (સ્ત્રીઓ માટે)

| | |
|---|---|
| [૧]ખિતદેવયાએ [૨]કરેમિ [૩]કાઉ. અન્નત્થ | [૧]ક્ષેત્રદેવતા ની આરાધના ના નિમિત્તે [૨]હું [૩]કાયોત્સર્ગ કરું છું. |
| [૧]યસ્યાઃ [૨]ક્ષેત્રં [૩]સમાશ્રિત્ય, | [૧]જેમના [૨]ક્ષેત્ર નો [૩]આશ્રય લઈને [૪]સાધુઓ દ્વારા [૫]મોક્ષમાર્ગ |
| [૪]સાધુભિઃ [૬]સાધ્યતે[૫]ક્રિયા | ની આરાધના [૬]કરાય છે, [૭]તે [૮]ક્ષેત્રદેવતા [૯]અમને [૧૦]સદા |
| [૭]સા [૮]ક્ષેત્રદેવતા [૧૦]નિત્યં, | [૧૧]સુખ દેનારી [૧૨]થાઓ ॥૧॥ |
| [૧૨]ભૂયાન્નઃ[૯] [૧૧]સુખદાયિની ॥૧॥ | |

(**નોટ :** ઉપરોક્ત ત્રણે સ્તુતિનો ઉપયોગ ત્રિસ્તુતિક મતમાં નહી હોવાથી ત્રિસ્તુતિકવાળાઓને કંઠસ્થ કરવાની આવશ્યક્તા નથી.)

## ૯.'ચઉક્કસાય' સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રમાં પાર્શ્વનાથ પ્રભુની સ્તવના કરવામાં આવી છે. દેવસિઅ પ્રતિક્રમણના અંતમાં અને સંથારા પોરસી ભણતા સમયે આ સૂત્ર ચૈત્યવંદનના રૂપમાં બોલાય છે.

| | |
|---|---|
| [૧]ચઉક્કસાય [૨]પડિમલ્લુલ્લૂરણુ, | [૧]ક્રોધાદિ ચાર કષાયરૂપી [૨]શત્રુ યોદ્ધાઓને નાશ કરવાવાળા |
| [૩]દુજ્જય [૪]મયણ [૫]બાણ [૬]મુસુમૂરણુ; | [૩]કઠિનાઈથી જીતી શકેલા એવા [૪]કામદેવના [૫]બાણોને |
| [૭]સરસ [૮]પિયંગુ [૯]વણ્ણુ [૧૦]ગય [૧૧]ગામિઉ, | [૬]તોડવાવાળા, [૭]નવીન [૮]પ્રિયઙ્ગુલતાના જેવા [૯]વર્ણવાળા, |
| [૧૫]જયઉ [૧૪]પાસુ [૧૨]ભુવણત્તય [૧૩]સામિઉ ॥૧॥ | [૧૦]હાથી સમાન [૧૧]ગતિવાળા [૧૨]ત્રણ ભુવનના [૧૩]સ્વામિ |
| | શ્રી [૧૪]પાર્શ્વનાથપ્રભુની [૧૫]જય હો ॥૧॥ |
| [૧]જસુ [૨]તણુકંતિ - કડપ્પ [૩]સિણિદ્ધઉ, | [૧]જેમના [૨]શરીરનો તેજોમણ્ડલ [૩]મનોહર છે |
| [૧૦]સોહઈ [૪]ફણિ-મણિ [૫]કિરણા [૬]લિદ્ધઉ; | જે [૪]નાગમણિની [૫]કિરણોથી [૬]યુક્ત છે. |
| [૭]નં [૯]નવજલહર [૮]તડિલ્લયલંછિઉ, | જે [૭]વસ્તુતઃ [૮]વિજળીથી યુક્ત [૯]નવીન મેઘથી [૧૦]શોભિત છે, [૧૧]એવા |
| [૧૧]સો [૧૩]જિણુ [૧૨]પાસુ [૧૫]પયચ્છઉ [૧૪]વંછિઉ ॥૨॥ | [૧૨]શ્રી પાર્શ્વનાથ [૧૩]પ્રભુ [૧૪]મનોવાંછિત ફળ [૧૫]પ્રદાન કરો.॥૨॥ |

# દેવસિઅ પ્રતિક્રમણ વિધિ

- પ્રથમ સામાયિક લઈને મુઁહપત્તિ પડિલેહણ, બે વાંદણા દઈને પચ્ચક્ખાણ.
- એક ખમા. ચૈત્યવંદન, જંકિંચિ, નમુત્થુણં, અરિહંત ચેઈયાણં, અન્નત્થ એક નવકારનો કાઉ., પહેલી સ્તુતિ, લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈયાણં અન્નત્થ. એક નવકાર નો કાઉ. બીજી સ્તુતિ, પુક્ખરવર. સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉ. અન્નત્થ એક નવકારનો કાઉ. ત્રીજી સ્તુતિ, સિદ્ધાણં બુદ્ધાણં. (ચાર થોયવાળા વૈયાવચ્ચગરાણં, એક નવકારનો કાઉ. ચોથી સ્તુતિ)
- નમુત્થુણં થી જયવીયરાય. (ચાર થોયવાળાને માત્ર નમુત્થુણં બોલવું) એક-એક ખમા. આપતા ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં બોલીને ચરવળા ઉપર હાથ રાખીને ઈચ્છા. દેવસિઅ પડિક્કમણે ઠાઉં ? ઈચ્છં સવ્વસ્સવિ દેવસિઅ.
- કરેમિભંતે, ઈચ્છામિ ઠામિ. તસ્સ ઉત્તરી. અન્નત્થ. નાણંમિ. સૂત્ર ન આવડે તો આઠ નવકારનો કાઉ. પ્રગટ લોગસ્સ મુઁહપત્તિ, બે વાંદણા.
- ઈચ્છા. દેવસિઅ આલોઉં ? ઈચ્છં, સાત લાખ. પહલે પ્રાણાતિપાત. સવ્વસ્સવિ.
- જમણો ઘૂંટણ ઉભો કરીને એક નવકાર. કરેમિ ભંતે. ઈચ્છામિ પડિક્કમિઉં. વંદિત્તુ. બે વાંદણા, અબ્ભુટ્ઠિઓ, બે વાંદણા.
- આયરિઅ ઉવજ્ઝાય. કરેમિ ભંતે. ઈચ્છામિ ઠામિ. તસ્સ ઉત્તરી. અન્નત્થ. બે લોગસ્સનો કાઉ. પ્રગટ લોગસ્સ. સવ્વલોએ અરિહંત ચેઈયાણં. અન્નત્થ. એક લોગસ્સનો કાઉ. પુક્ખરવર. સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉ. અન્નત્થ. એક લોગસ્સનો કાઉ. સિદ્ધાણં-બુદ્ધાણં (ચારથોયવાળા સુઅદેવયાએ કરેમિ કાઉ. એક નવકાર કાઉ. કમલદલની સ્તુતિ. ખિત્તદેવયાએ કરેમિ કાઉ. એક નવકારનો કાઉ. યસ્યા : ક્ષેત્રની સ્તુતિ.)
- મુઁહપત્તિ, બે વાંદણા, સામાયિક ચઉવિસત્થો વંદણ પડિક્કમણ કાઉ. પચ્ચક્ખાણ કર્યું છે જી ઈચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં તહત્તિ. પુરુષોને નમોऽસ્તુ વર્ધમાનાય તેમજ સ્ત્રિઓને સંસાર દાવાનલ. નમુત્થુણં, સ્તવન, એક એક ખમા આપતાં ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં સર્વસાધુહં બોલવુ પછી અઙ્ઢાઈજ્જેસુ.
- ઈચ્છા. દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉ. કરું ? ઈચ્છં દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉ. અન્નત્થ. ચાર લોગસ્સનો કાઉ. પ્રગટ લોગસ્સ.
- એક ખમા.ઈચ્છા.સજ્ઝાય સંદિસાહું ? ઈચ્છં. એક ખમા. ઈચ્છા. સજ્ઝાય કરું ? ઈચ્છં. એક નવકાર.સજ્ઝાય. એક નવકાર.

- એક ખમા. દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કાઉ. કરું ? ઇચ્છં દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કરેમિ કાઉ. અન્નત્થ. સંપૂર્ણ ચાર લોગસ્સનો કાઉ. (ચાર થોયવાળા લઘુ શાંતિ) પ્રગટ લોગસ્સ.
- ખમા. ઈરિયાવહિયં. તસ્સ. અન્નત્થ. એક લોગસ્સનો કાઉ. પ્રગટ લોગસ્સ. ચઉક્કસાય. નમુત્થુણં થી જયવીયરાય પછી મુઁહપત્તિ પડિલેહણની વિધિથી સામાયિક પારવાની વિધિ પૂરી કરવી.

## તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ અબ્ભતટ્ઠં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, પાણહાર પોરસી, સાઢ્ઢપોરસી, સૂરે ઉગ્ગએ પુરિમુઢ્ઢ, અવઢ્ઢ, મુઢ્ઢિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુ લેવેણવા, સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ। (વોસિરામિ)

## ચઉવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવિહંપિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

**નોટ :** બે ઉપવાસનું પચ્ચક્ખાણ લેવું હોય તો અબ્ભત્તટ્ઠંના બદલે છટ્ઠંભત્તં બોલવું।

ત્રણ ઉપવાસનું પચ્ચક્ખાણ લેવું હોય તો અબ્ભત્તટ્ઠંના બદલે અટ્ઠંભત્તં બોલવું અને આગળ જેટલા ઉપવાસના પચ્ચક્ખાણ લેવા હોય તો તેના ડબલ કરીને બે જોડીને જેટલા ભત્તં બને છે. એ અબ્ભત્તટ્ઠંના બદલે બોલવું. ઉદાહરણ - ચાર ઉપવાસના પચ્ચક્ખાણ લેવા હોય તો ચાર ના ડબલ = ૮ + ૨ એટલે દશમ્ ભત્તં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખાંમિ) આ પ્રમાણે બોલવું.

**આજે તમારી પત્ની શું કહે છે ?**

**આર્ય દેશની સ્ત્રી પોતાના પતિને કહેતી હતી કે "જે હશે તેમાં ચલાવી લઈશું પણ વધારે મોજશોખ કરવા માટે પૈસા કમાવવા પાપ નહીં કરતા"... આજે તમારી પત્ની શું કહે છે ....??? વિચારજો...**

# ત્રણ થોયનો કાવ્ય વિભાગ

## પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

(નોટઃ ત્રણ થોયવાળાઓએ આ કાવ્યવિભાગને કંઠસ્થ કરવો)

ગુણીજન વિષે પ્રીતિ ધરુ, નિર્ગુણ વિષે મધ્યસ્થતા,
આપત્તિ હો સંપત્તિ હો, રાખુ હૃદયમાં સ્વસ્થતા।
સુખમાં રહુ વૈરાગ્યથી, દુઃખમાં રહુ સમતાધરી,
પ્રભુ આટલું જનમોજનમ, દેજે મને કરુણા કરી ॥૧॥

માતા તમે પિતા તમે, મુજ જીવન ના નેતા તમે,
સખા તમે ભ્રાતા તમે, સહુ જીવના ત્રાતા તમે।
ચંદા તમે સૂરજ તમે, ત્રૈલોક્યના દીપક તમે,
હે નાથ હૈયુ દઈ દીધું, હવે આજથી મારા તમે ॥૨॥

નયનો મેં શાંતિ હૈ અસીમ, મુદ્રા ભી શાંત પ્રશાંત હૈ,
સંસાર કે સંતાપ સે, પ્રભુ દિલ મેરા અશાંત હૈ।
મૈં પરમ શાંતિ પાને કો, પ્રભુ શાંતિ કે દરિસન કરું,
એસે પ્રભુ શ્રી શાંતિજિન કો, મૈં ભાવ સે વંદન કરું ॥૩॥

## સીમંધર જિન ચૈત્યવંદન

પરમ શુદ્ધ પરમાતમા, પરમ જ્યોતિ પરવીન;
પરમ તત્ત્વ જ્ઞાતા પ્રભુ, ચિદાનંદ સુખલીન...॥૧॥

વિદ્યમાન જીન વિચરતા, મહાવિદેહ મઝાર,
સીમંધર આદે સદા, વંદુ વારંવાર...॥૨॥

જે દિન દેખશું દૃષ્ટિ મેં, તે દિન ધન્ય ગીણેશ;
સૂરિ રાજેન્દ્ર ના સંગથી, કાટીશ સકલ ક્લેશ...॥૩॥

## શત્રુંજય ચૈત્યવંદન

સિદ્ધાચલ વંદો ભવિ, સિદ્ધ અનંતનો ઠામ;
અવર ક્ષેત્રમાં એહવો, તીર્થ નહી ગુણધામ...॥૧॥

પૂર્વ નવ્વાણુ ઋષભજિન, આવ્યા તીરથ એહ;
નેમ વિના સહુ જિનપતિ, ફરસે ગિરિ શુભ નેહ...॥૨॥
નામ ઈકવીસ જપે ભવિ, પામે ભવનો પાર;
સૂરિ રાજેન્દ્ર પણો લહી, મોક્ષ શ્રી ભરતાર...॥૩॥

## વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન

વાસુપૂજ્ય મહારાજજી, અવધારો અમ આશ;
દુરબલને દેખી કરી, બિરુદ વિચારો ખાસ...॥૧॥
તુજ મુદ્રા દરસણ થકી, ચિત્ત પાવે અતિ ચેન;
મિથ્યામતિ માને નહી, ભમશે બહુ ભવ લેન...॥૨॥
સૂરિ વિજય રાજેન્દ્રજી, સંજમના દાતાર;
પ્રમોદ રુચિ ધ્યાવે સદા, મિથ્યા દૂર નિવાર...॥૩॥

## સીમંધર જિન સ્તુતિ

સીમંધર સ્વામી ને વંદન કીજે, શ્રેયાંસ કુલના દીવાજી,
પુંડરીક નગરી મેં પ્રભુ જન્મે, ચોરાસી લક્ષ આયુ પૂર્વજી;
સત્યકી માતા ગુણ મણિ જાણી, ચૌદહ સ્વપ્ના અવલોકેજી,
રુકમણિના પતિ કહલાયે, નિજ ગુણ સે અરિદલ રોકેજી...॥૧॥
દશ ક્ષેત્રોમેં જિનવર વિચરે, પદ કમલ મેં આવે દેવોજી,
નમન કર ગુણ ગરિમા ગાવે, મુખડો જોઈ જોઈ ધ્યાવેજી,
સમવસરણ રચના વર છાજે, જિનવર પીઠ બિરાજેજી,
જગ જન્તુ હિત મધુરી ધ્વનિ, માલકોષ મેં ગાજેજી...॥૨॥
ચૌવિધ શ્રી સંઘ સ્થાપન કરતે, ઈંદ્રાણી મંગલ ગાવેજી,
ગણનાયક લાયક પદ સ્થાપે, સબ જીવો કે મન ભાવેજી,
સૂરિ રાજેન્દ્ર કી વાણી ગૂંથે, સ્યાદ્‌વાદ્ સિદ્ધાંત બતાવેજી,
વિદ્યાચંદ્ર યતીન્દ્ર સૂરિ સે, આતમ નિર્મલ પાવેજી....॥૩॥

## શત્રુંજય સ્તુતિ

સકત તીરથમાં સોહતું એ, સિદ્ધાચલ શણગાર તો;
કર્મ કાટ મુગતે ગયાએ, અનંતા અનંત અણગાર તો ...॥૧॥

चौविसे જીનવર તણાએ, ચૈત્યઈહા ઉતંગ તો;
વંદો ભવિયણ ભાવશું એ, પામો શીવસુખ ચંગ તો...॥૨॥
દ્રવ્ય ભાવ તીરથ કહ્યાએ, દેખો જિન સિદ્ધાંત તો;
સૂરિ રાજેન્દ્ર ના સૂત્રનેએ, વંદો ધરી મન ખન્ત તો...॥૩॥

## શાંતિનાથ જિન સ્તુતિ

શાંતિ જિનેશ્વર જગ પરમેશ્વર,વિશ્વસેન રાયનંદાજી,
અચિરા જનની કુખથી જનમ્યા, ચંદ્ર વદન સુખ કંદાજી
જ્યોતિ ઝગમગ ઝગમગ દીપે, અનુપમ રુપ સોહન્દાજી,
સુર કિન્નર મિલિ નિત વંદે, ચઉસઠ સુરપતિ ઈન્દાજી...॥૧॥
શાંતિકર જગ શાંતિ પ્રભુજી સંજમ ધર વૈરાગીજી,
કેવલ પામી સમવસરણ મેં બૈઠે, કર્મભય ત્યાગીજી,
મધુર ધ્વનિ ઉપદેશ દઈ પ્રભુ, અનુભવ જ્યોતિ જાગીજી,
પર્ષદા દ્વાદશ સુણતા ભવિની, ભવભય ભાવઠ ભાંગીજી...॥૨॥
સૂત્ર સિદ્ધાંત મેં તેહ વખાણ્યા, સોલમા જિન જયવંતાજી,
સમેતશિખર ઉપર જઈ સિદ્ધા, કરી અનશન ગુણવંતાજી,
સૂરીશ્વર રાજેન્દ્ર પસાયા, ભયભંજન ભગવંતાજી,
નિતપ્રતિ અમૃતમુનિ વંદે, ટાલે કર્મ કા ફંદાજી....॥૩॥

## સીમંધર સ્વામી સ્તવન

(રાગઃ-સોનામાં સુગંધ ભળે )

સહુ જીવાને તારવાજી, તારણ તરણ જહાજ,
આપ સરુપી આપ છો જી, વિનંતી તુમથી આજ,
સીમંધર જિન સુણીયે મુજ અરદાસ....॥૧॥
હું છુ દીન દયામણોજી, તુમ છો દીન દયાલ,
નિગોદ પીડા મેં સહી જી, તુમ જાણો નિરધાર... સીમંધર જિન સુણીયે...॥૨॥
જન્મ મરણના દુઃખ સહ્યાજી, તેહનો નહી છે પાર,
અનંત વાર માત પિતાજી, થાતે ન થાયે આધાર...સીમંધર જિન સુણીયે ॥૩॥
સુખ જાણી જે જે આચર્યાજી, તે સહુ દુઃખ થયા સ્વામ,
વિષય વિશેષ વિષ થયો જી, અરતિ તણો... વિસરામ સીમંધર જિન સુણીયે...॥૪॥

હવે તુમચો શરણો સાહિયોજી, સૂરિ રાજેન્દ્ર મહારાજ,
ભવ ભયથી ઉદ્ધારજો રે, તારણ તરણ જહાજ... સીમંધર જિન સુણીયે...॥૫॥

## શત્રુંજય સ્તવન

(રાગઃ-એ મેરે પ્યારે વતન)

વિમલતા પ્રસરે સદા, વિમલગિરિ કો દેખતા,
મલિનતા દૂરે ખસે, વિમલગિરિ કો પેખતા...
પૂર્વ નવ્વાણુ સમોસરે, રાયણ તલે પ્રભુ આવતા,
ઈન્દ્ર ચંદ્ર નાગેન્દ્ર સબ મિલ, પાય પ્રભુ કે સેવતા...॥૧॥
સંઘ સકલ મિલ આયકે, આદિ પ્રભુ ગુણ ગાવતાં,
શુદ્ધ ભાવસે ભક્તિ કર, નિજ કર્મકો સંહારતા...॥૨॥
જન મન રંજન નાથ નિરંજન, ભક્તો ગણો કો તારતા,
દે દર્શન દાન ભાવુક જન કો, જન્મ જરા ભય વારતા...॥૩॥
તુમ ખજાને ખુટ નહીં પ્રભુ, ઈસ અધમ કો ઉગારતા,
તુજ ચરણ સેવી નિર્બલો પણ, શિવપુરી કો જાવતા...॥૪॥
વિજય રાજેન્દ્ર સૂરીશ કો, યતીન્દ્ર વાચક વંદતા,
વિદ્યામુનિ શુદ્ધ ભાવે, ગિરિરાજ દર્શન પાવતા...॥૫॥

## શાંતિનાથ ભગવાન સ્તવન

એ તો શાંતિ જિણંદ બલિહારી, સુખકારી રે જિનેશ્વર ભેટિયે
શાંતિ જિન ભેટ્યા દુઃખ જાવે, મન વાંછિત મંગલ થાવે,
એ તો રિદ્ધી અચિંતી પાવે...॥૧॥ જિનેશ્વર ભેટિયે[૨]
પ્રભુ કાઉસ્સગ્ગ મુદ્રા ઠાઢે, ગિરી મેરુ અચલ જિમ ગાઢે,
તપ ફોજ કરમ દલ કાઢે...॥૨॥ જિનેશ્વર ભેટિયે[૨]
મનવાંછિત આશા પૂરે, કોઈ દેવ ઔર સનૂરે,
મેં તો ધ્યાઉ જિણંદ ગુણ પૂરે...॥૩॥ જિનેશ્વર ભેટિયે[૨]
મન ભોલે જગ મેં ભટક્યો, મિથ્યામતિ વેગલો છટક્યો,
એક ધ્યાન જિણંદ મેં અટક્યો...॥૪॥ જિનેશ્વર ભેટિયે[૨]
પ્રભુ તાર તુહિ બડભાગી, અબ ઔર કી આશ ન લાગી,
જિન ચરણ સેવા મેં માંગી...॥૫॥ જિનેશ્વર ભેટિયે[૨]

જિનરાજ મેરે દિલ વસિયા, અરિ ફોજ કરમ દલ ખસીયાઁ,
સૂરિ રાજેન્દ્ર શિવપદ રસીયા...॥૬॥ જિનેશ્વર ભેટિયે[૨]
મેં તો બુદ્ધિ રહિત ગુણહિનો, પ્રભુ ચરણ સુધારસ પીનો,
તુમ પ્રમોદ રુચિ પદ લીનો...॥૭॥ જિનેશ્વર ભેટિયે[૨]

## સમકિત સૂચક સજ્ઝાય

**(રાગઃ- પ્રભુ પાર્શ્વનુ મુખડુ જોવા)**

સમકિત વિના હો ભાઈ, જીવ રુલે ગતિ ચઉમાંહિ,
ઈમ કહે જિનેશ્વર વાણી, ભવિ જીવદયા દિલ આણીજી,
વિન સમકિત તરો ન ભાઈ, જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૧॥ સમકિત વિના.
તપ જપ ક્રિયા સહુ ફોક, ઈમ ભાખે સદ્‌ગુરુ લોક,
તુમ શંકા કરો ન કાંઈ, જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૨॥ સમકિત વિના.
બહુ જીવદયા નિત્ય પાલી, વિણ સરધા ગઈ સહુ ખાલી,
તમે તજો કુગુરુ સંગ ભાઈ, જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૩॥ સમકિત વિના.
બ્રહ્મચર્ય ભલી વિધ પાલ્યો, વલી દોષ ઝૂંઠ પિણ ટાલ્યો,
નવિ આતમ કરણી પાઈ, જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૪॥ સમકિત વિના.
પરિગ્રહની મમતા મોડી, ધર્યા લિંગ અનંત કોડી,
પિણ ગરજ સરી નહીં કાંઈ, જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૫॥ સમકિત વિના.
ત્રણ કાલ કરી જિનપૂજા, તિહાં ભાવ થયા નહીં દૂજા,
પિણ સરધા સાંચી ન જાઈ,જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૬॥ સમકિત વિના.
ભણ્યો ગણ્યો સહુ ધૂલ, જિમ જાણે પલાસનો ફૂલ,
એહ વાતમાં સૂત્ર સખાઈ,જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૭॥ સમકિત વિના.
ઈમ સૂરિરાજેન્દ્ર પ્રકાશે, ભવિ સમકિત ભજો ઉલ્લાસે,
જિમ હોવે સિદ્ધ સગાઈ,જીવ રુલે ગતિ ચઉમાંહિ ॥૮॥ સમકિત વિના.

## ચાર થોયનો કાવ્ય વિભાગ

**નોંધ :** ચાર થોયવાળાએ આ કાવ્ય વિભાગ યાદ કરવો. અને આની સાથે પ્રભુ સન્મુખ બોલવાની ત્રણ સ્તુતિઓ પાના નં. ૭૩ પરથી શીખી લેવી.

## સીમંધર સ્વામી ચૈત્યવંદન

સમવસરણે બિરાજતા, સીમંધર સ્વામી
મધુર ધ્વનિ દિએ દેશના, વાણી સુધા સમાણી...॥૧॥
પર્ષદા બેઠી સાંભળે, વાણી નો વિસ્તાર,
સહુ-સહુ ના મનમાં થયો, આનંદ હર્ષ અપાર...॥૨॥
જાતિ વૈર શમાવવા, પ્રભુ અતિશય અદ્ભુત,
સંશય સર્વ ના ટાલીને, કરે ભવિ ને પવિત્ર...॥૩॥
હું નિર્ભાગી રઝલું ઈહાં, શા કીધા મેં પાપ,
જ્ઞાન વિનાની ગોઠડી, ક્યા જઈ કરુ વિલાપ...॥૪॥
માત વિના નો બાલુડો અથડાતો કુટાતો,
આવ્યો છુ તુજ આગલે, રાખો તો કરું વાતો...॥૫॥
ક્રોડ - ક્રોડ વંદના માહરી એ, અવધારો જિનદેવ,
માંગુ નિરંતર આપણા, ચરણ કમલ ની સેવ...॥૬॥

## સિદ્ધાચલ-ચૈત્યવંદન

સોના રુપા ના ફૂલડે, સિદ્ધાચલ વધાવો,
ધ્યાન ધરી દાદા તણુ, આનંદ મન માં લાવું...॥૧॥
પૂજા એ પાવન થયા, અમ મન નિર્મલ દેહ,
રચના રચુ શુભ ભાવથી, કરુ કર્મનો છેહ...॥૨॥
અભવી ને દાદા વેગળા, ભવી ને હિયડે હજૂર,
તન-મન-ધ્યાન એક લગન થી, કીધાં કર્મ ચકચૂર...॥૩॥
કાંકરે-કાંકરે સિદ્ધ થયા, સિદ્ધ અનંત નું ઠામ,
શાશ્વત જિનવર પૂજતા, જીવ પામે વિશ્રામ...॥૪॥
દાદા-દાદા હું કરું, દાદા વસીયા દૂર,
દ્રવ્યથી દાદા વેગળા, ભાવથી હૈડે હજુર...॥૫॥
દુઃષમ કાલે પૂજતા, ઈન્દ્ર ધરી બહુ પ્યાર,
તે પ્રતિમા ને વંદતા, શ્વાસ માંહે સૌ વાર...॥૬॥
સુવર્ણ ગુફાએ પૂજતા એ, રત્ન પ્રતિમા ઈન્દ્ર,
જ્યોતિ શુ જ્યોતિ મિલે, પૂજે મલી ભવિ સુખકંદ...॥૭॥
ઋદ્ધિ સિદ્ધિ ઘેર સંપજે, પહોંચે મનની આશ,
ત્રિકરણ શુદ્ધિ પૂજતા, જ્ઞાન વિમલ પ્રકાશ...॥૮॥

## પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી...॥૧॥
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહિએ,
પ્રભુ નામે ભવ ભયતણા, પાતક સવિ દહિએ ...॥૨॥
ૐ હ્રીં વર્ણ જોડી કરી, જપીએ જિનવર નામ,
વિષ અમૃત થઈ પરિણમે, લહિએ અવિચલ ઠામ...॥૩॥

## સીમંધર સ્વામી સ્તુતિ

પૂર્વદિશિ ઉત્તરદિશિ વચમાં, ઈશાન ખૂણે અભિરામજી;
પુક્ખલવઈ વિજયે પુંડરિકગિરિ, નગરી ઉત્તમ ઠામજી,
શ્રી સીમંધર જિન સંપ્રતિ કેવલી, વિચરંતા જય જયકારજી
બીજ તણે દિન ચંદ્રને વિનવુ, વંદના કહેજો અમારીજી...॥૧॥
જંબૂદ્વીપમાં ચાર જિનેશ્વર, ધાતકી ખંડે આઠજી;
પુષ્કર અરધે આઠ મનોહર, એહવો સિદ્ધાંતે પાઠજી ,
પંચ મહાવિદેહે થઈને, વિહરમાન જિન વીશજી;
જે આરાધે બીજ તપ સાધે, તસ મન હુઈ જગીશજી...॥૨॥
સમવસરણે બેસીને વખાણી, સુણી ઈન્દ્ર-ઈન્દ્રાણીજી
શ્રી સીમંધર જિન પ્રમુખની વાણી, મુઝ મન શ્રવણે સુહાણીજી
જે નરનારી સમકિતધારી, એ વાણી ચિત્ત ધરશેજી
બીજ તણો મહિમા સાંભળતા, કેવલ કમલા વરશેજી...॥૩॥
વિહરમાન જિન સેવાકારી, શાસન દેવી સારીજી;
સકલ સંઘને આનંદકારી, વાંછિત ફલ દાતારીજી
બીજ તણો તપ જે નર કરશે, તેહની તુ રખવાલીજી;
વીરસાગર કહે સરસ્વતી માતા, દીઓ મુઝ વાણી ઓસાલીજી...॥૪॥

## શત્રુંજય સ્તુતિ

શ્રી સિદ્ધાચલ આદિજિન આવ્યા, પૂર્વ નવ્વાણુ વારજી;
અનંતલાભ તિહાં જિનવર જાણી, સમવસર્યા નિરધારજી,
વિમલગિરિ નો મહિમા મોટો, સિદ્ધાચલ એ ઠામજી;
કાંકરે કાંકરે અનંત સિદ્ધા, એકસો ને આઠ ગિરિનામજી...॥૧॥

પુંડરિક પર્વત પહોલો કહીએ, એશી યોજન નું માનજી;
વીશ કોડીશું પાંડવ સિધ્યા, ત્રણ કોડીશું રામજી,
શાંબ પ્રદ્યુમ્ન સાડી આઠ કોડી, સિધ્યા દશ કોડી વારીખિલ્લ જાણોજી;
પાઁચ કોડિશુ પુંડરિક ગણધર, સકલ જિનની વાણીજીયા...॥૨॥

સકલ તીરથ ના એ વળી રાજા, શ્રી શત્રુંજય કહીએજી;
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને, અવિચલ પદવી લહીએજી,
છઃરીપાલી ની યાત્રા કરતા, કેવલ કમલા વરિએજી;
શ્રુત સિદ્ધાંત નો રાજા કહીએ, તીરથ હૃદયમાં ધરીએજી...॥૩॥

સિદ્ધક્ષેત્ર શેત્રુંજો કહીએ, શ્રી આદિશ્વર રાયજી;
ગૌમુખ ને ચક્કેશ્વરી દેવી, સેવે પ્રભુ ના પાયજી,
શાસન દેવી સમકિતધારી, સ્નાત્ર કરે સંભાલીજી;
રંગવિજય ગુરુ એણી પેરે બોલે, મેરુ વિજય જયજયકારીજી...॥૪॥

## પાર્શ્વનાથ સ્તુતિ

પોષ દશમ દિન પાસ જિનેસર, જન્મ્યા વામામાયજી;
જન્મમહોત્સવ સુરપતિ કીધો, વલીય વિશેષે રાયજી,
છપ્પન દિક્કુમારી હુલરાયો, સુરનરકિન્નર ગાયોજી;
શ્રી અશ્વસેન કુલ કમલા વતંસે, ભાનુઉદય સમ આયોજી...॥૧॥

પોષ દશમીદિન આંબેલ કરિયે, જિમ ભવસાગર તરીયેજી;
પાસ જિણંદનુ ધ્યાન ધરંતા, સુકૃત ભંડાર ભરિયેજી,
ઋષભાદિક જિનવર ચોવીસે, જે સેવો ભવિ ભાવેજી;
શિવરમણી તવરી નિજ ઘર બેઠા, પરમપદ સોહાવેજી...॥૨॥

કેવલ પામી ત્રિગડે બેઠા, પાસ જિનેશ્વર સારાજી;
મધુર ગીરાએ દેશના દેવે, ભવિજન મન સુખકારીજી,
દાન-શીયલ તપ ભાવે આદરશે, તે તરશે સંસારજી;
આ ભવ પરભવ જિનવર જપતાં, ધર્મ હોશે આધારજી...॥૩॥

સકલ દિવસમાં અધિકો જાણી, દશમી દિન આરાધોજી;
તેવીસમો જિન મનમાં ધ્યાતા, આતમ સાધન સાધોજી,
ધરણેન્દ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગેજી;
શ્રી હર્ષ વિજય ગુરુ ચરણ કમલની, રાજવિજય સેવા માંગેજી...॥૪॥

## સીમંધર સ્વામી સ્તવન

**(રાગ:- સિદ્ધાચલના વાસી)**

પ્યારા સીમંધર સ્વામી, તમે મુક્તિગામી, વિદેહ વાસી, સીમંધર ને વંદના અમારી
તને જોવા તલશું મને પ્રીત તુઝશું, વિદેહવાસી, વિહરમાન ને વંદના અમારી...॥૧॥
મારા મનમાં તારો એક જાપ, તોયે પજવે છે ત્રિવિધે તાપ,
આધિ-વ્યાધિ વારો, ઉપાધિ ટાળો, વિદેહવાસી...॥૨॥
મને સમવસરણે બોલાવો, મીઠી મધુરી વાણી સુણાવો;
મોહ તિમિર બલે, મિથ્યાત્વ ટલે, વિદેહવાસી...॥૩॥
થાય દરિસન તુમારા પવિત્ર, તમે જગના ગુરુ જગમિત્ર;
તમે જગના બંધુ, તમને ભાવે વંદુ, વિદેહવાસી...॥૪॥
તમે શ્રેયાંસ રાય કુલચંદ, સતી સત્યકી માતા ના નંદ;
તમે જગ મન રંજન, આજ જ્ઞાન અંજન, વિદેહવાસી...॥૫॥
મહાવિદેહ વાસી પ્યારો, હું તો અંતરથી થયો કાલોવાલો;
જ્ઞાનવિમલ ગુણધારો, આ ભવ પાર ઉતારો, વિદેહવાસી...॥૬॥

## શત્રુંજય સ્તવન

**(રાગ:- જિંદગી પ્યાર કા ગીત હૈ...)**

ડુંગર ઠંડો ને ડુંગર શીતડો, એ ગિરિ સિધ્યા સાધુ અનંત,
ડુંગર પોલો ને ડુંગર ફુટડો, જ્યાં વસે છે સુનંદા નો કંત...॥૧॥
પહલે આરે શ્રી પુંડરીકગિરિ, એંશી યોજન નું પરિમાણ,
બીજે આરે સીતેર યોજન જાણીએ, ત્રીજે સાઠ યોજન નું માન...॥૨॥
ચોથે આરે પચાસ યોજન જાણીએ, પાંચમે બાર યોજન નું માન,
છઠ્ઠે આરે સાત હાથ જાણીએ, એણી પેરે બોલે શ્રી વર્ધમાન...॥૩॥
એ ગિરિ ઋષભ જિણંદ સમોસર્યા, પૂર્વ નવ્વાણુ વારી વાર,
યાત્રા નવ્વાણુ જે જુગતે કરે, ધન ધન તેહનો અવતાર...॥૪॥
જે નર શેત્રુંજય ભેટ્યા સહી, જે નર પૂજ્યા શ્રી આદિ જિણંદ,
દાન સુપાત્ર જેણે દિધા સહી, તે ફરી ન આવે ગર્ભાવાસ...॥૫॥
જે નર શેત્રુંજય ભેટ્યા નહી, જે નર પૂજ્યા નહી આદિ જિણંદ,
દાન સુપાત્ર જેણે દીધા નહી, તેના નવી છૂટે કર્મ ના બંધ...॥૬॥
ડુંગર નિરખી ડુંગર જે ચઢે, ડુંગર ફરસે સો-સો વાર,
મુક્તિ સામા જે પગલા ભરે, તેના નવી થાય કર્મના બંધ...॥૭॥
ઉદયરત્ન કહે અવસર પામીને, યાત્રા કરશે જે નર નાર...
શ્રી શત્રુંજય મહાત્મ્ય માં કહ્યું, તસ ઘર હોંશે મંગલ માલ...॥૮॥

## પાર્શ્વનાથ જિન સ્તવન

**(રાગઃ-યાદ આવે મોરી માઁ.... )**

ભવજલ પાર ઉતાર (૨), શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર મારો તું એક આધાર...॥૧॥
કાલ અનંતો ભમતા-ભમતા, ક્યાંય ન આવ્યો આરો,
ધન્ય ઘડી તે મારી આજે, દીઠો તુમ દેદાર...॥૨॥
તું વીતરાગી, તુ અવિનાશી, તુ નિરાબાધી નાથ,
હું રાગી છું પાપી જીવડો, ભમતો ભવ અપાર...॥૩॥
આ દુનિયા માં તારા જેવો, કોઈ ન તારણહાર,
વામા નંદન-ચંદન થી, પણ શીતલ જેની છાઁવ...॥૪॥
ભવોભવ તુમ ચરણ સેવા, માંગુ છુ દીનદયાલ,
રંગવિજય કહે પ્રેમશું રે, વિનંતી એ અવધાર...॥૫॥

## સુંદરી તપની સજ્ઝાય

**(રાગઃ- ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં ..)**

સરસ્વતી સ્વામીની કરું સુપસાય, સુંદરી તપ ની ભણુ સજ્ઝાય....॥૧॥
ઋષભદેવ તણી અંગ જાત, સુંદરીની સુનંદા માત,
ભવિજન ભાવે એ તપ કીજે, મનુષ્ય જન્મનો લ્હાવો લીજે...॥૨॥
ઋષભદેવ જબ દીક્ષા લીધી, સુંદરી ને આજ્ઞા નવિ દીધી,
ભરત જાણે મુઝ થાસે નારી, મુઝ પ્રાણ થકી એ છે પ્યારી...॥૩॥
ભરત રાય જબ ષટ્ખંડ સાધ્યો, સુંદરીએ તપ માંડી આરાધ્યો,
સાઠ હજાર વર્ષ લગે સાર, આયંબિલ તપ કીધો નિરધાર...॥૪॥
ચૌદ રતન ને નવ નિધાન, લાખ ચોરાશી હાથી નું માન,
લાખ ચોરાશી જેહને બાજી, ભરત રાય આવ્યા ગાજી....॥૫॥
ભરતરાય મોટા નરદેવ, દોય સહસ યક્ષ કરે સેવ,
અયોધ્યા નયરીયે ભરતજી આવ્યા, મહીલા સર્વે મોતીડે વધાવ્યા...॥૬॥
આ કુણ દીશે દુર્બલ નારી, સહુ કહે સુંદરી બેન તમારી,
કેમ તુમે એને દુર્બલ કીધી, મુઝ બેનડી ની ખબર ન લીધી...॥૭॥
સહુ કહે આયંબિલ તપ કીધો, સાઠ હજાર વર્ષ પ્રસિદ્ધો,
જાઓ બેની તુમ દીક્ષા પાલો, ઋષભદેવ નુ કુળ અજવાળો....॥૮॥
ભરતરાયની પામી શિક્ષા, સુંદરીએ તવ લીધી દીક્ષા,
કર્મ ખપાવી ને કેવલ પામી, કાંતિ વિજય પ્રણમે શિરનામી...॥૯॥

# જૈન ઈતિહાસ

## ૪



રુક્મિણીની દૃષ્ટિ રાજસભામાં શીલસન્નાહ મંત્રી ઉપર સ્થિર થઈ ગઈ



છઃ મહીનામાં ૧૨૬૦ હત્યા કરવાવાળા અર્જુનમાલીને જિન પ્રવચનના રસિક બનાવવાવાળા
કાયોત્સર્ગ કરતા શેઠ સુદર્શન. શેઠના ધર્મ પ્રભાવ થી અર્જુનના દેહમાંથી ભાગતો યક્ષ



પિતાની આજ્ઞાપાલન માટે પોતાની બન્ને આંખ ફોડે છે.



કુણાલ પત્ર વાંચે છે.



# સિદ્ધિના સોપાન

| | |
|---|---|
| • મારવા માંગો તો | ખરાબ ઈચ્છાઓને મારો |
| • જીતવા માંગો તો | ક્રોધ-તૃષ્ણાને જીતો |
| • ખાવા માંગો તો | ગુસ્સાને ખાઓ |
| • પીવા માંગો તો | ઈશ્વર ભક્તિનો શરબત પીવો |
| • આપવા માંગો તો | નીચી નજર કરી આપી પછી ભૂલી જાઓ |
| • પહેરવા માંગો તો | નેકીનો જામો પહેરો |
| • લેવા માંગો તો | માતા-પિતા, ગુરુના આશીર્વાદ લો |
| • છોડવા માંગો તો | માન, અભિમાન, ઘમંડ છોડો |
| • બોલવા માંગો તો | સત્ય, મીઠા વચન બોલો |
| • ખરીદવા માંગો તો | પ્રેમભાવ ને ખરીદો |
| • જોવા માંગો તો | પોતાની બુરાઈને જુઓ |
| • સાંભળવા માંગો તો | ગુણીજનોના ગુણગાન સાંભળો |
| • કરવા માંગો તો | સાધુ-સંતો, અબળા, વૃદ્ધો, તપસ્વિઓની સેવા, વૈયાવચ્ચ કરીને માનવ જીવનને સફળ કરો. |

# જ્ઞાનની આશાતનાથી બચીએ

## વરદત્ત અને ગુણમંજરીની કથા

જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં સર્વશોભા યુક્ત પદ્મપુર નામનું નગર હતું. ત્યાંના રાજા અજિતસેન અને રાણી યશોમતિને વરદત્ત નામનો પુત્ર હતો. જ્યારે એ આઠ વર્ષનો થયો ત્યારે રાજા-રાણીએ તેને પંડિતની પાસે ભણવા માટે મોકલ્યો. પરંતુ જ્ઞાનાવરણીય કર્મના ઉદયના કારણે તે એક પણ અક્ષર ભણી શક્યો નહીં. વરદત્તકુમાર જ્યારે યૌવનાવસ્થામાં આવ્યો ત્યારે તેને કોઢ રોગ થયો. કોઢ રોગથી કુમારનું શરીર બેડોળ અને કુત્સિત થઈ ગયું, રાજા-રાણીએ ઘણા ઉપચાર કરાવ્યાં પણ બધું નિરર્થક ગયું, રોગ ઓછો ન થયો. એજ પદ્મપુર નગરમાં એક સિંહદાસ નામના શેઠ રહેતા હતા. તેને કર્પૂરતિલકા નામની પત્ની અને ગુણમંજરી નામની પુત્રી હતી. એની પુત્રી જન્મથી જ રોગી મૂંગી અને બહેરી હતી. માતા-પિતાએ ગુણમંજરીના રોગ અને બોબડાપણાને દૂર કરવા માટે અનેક પ્રયાસો કર્યા, પણ રોગ ગયો નહી.

એક દિવસ એ નગરના ઉદ્યાનમાં ચતુર્જ્ઞાની શ્રી વિજયસેનસૂરિજી પધાર્યા. નગરના લોકો તેમને વંદન કરવા માટે ઉમટી પડ્યા. રાજા પણ સપરિવાર વંદન કરવા માટે ગયા. આચાર્યપ્રવરે ધર્મદેશના આપી. દેશના પશ્ચાત્ સિંહદાસ શેઠે ઉભા થઈને જ્ઞાની ગુરુને પૂછ્યું - હે ભન્તે ! મારી પુત્રી ગુણમંજરીએ એવું કયું નિકૃષ્ટ કર્મ બાંધ્યું જેના ફળસ્વરૂપે એને રોગી મૂંગી અને બહેરી થવું પડ્યું ? ત્યારે જ્ઞાની ગુરુએ કહ્યું - હે દેવાનુપ્રિયે ! આ વિશ્વ અનેક સંકટો અને વિપદાઓનું સ્થાન છે. આ વિશ્વમાં જીવ જેવું કર્મ બાંધે છે એવું જ ફળ ભોગવે છે. તારી પુત્રી પણ પૂર્વભવમાં બાંધેલા કર્મને કારણે રોગી અને દુઃખી બની છે. એનો પૂર્વભવ આ પ્રમાણે છે -

ધાતકીખંડના ભરતક્ષેત્રમાં ખેટકપુર નામનાં નગરમાં જિનદેવ નામનો એક વ્યાપારી રહેતો હતો. એની પત્નીનું નામ સુંદરી હતું. એમને ૫ પુત્ર અને ૪ પુત્રીઓ હતી. જિનદેવે પાંચે પુત્રોને અધ્યયન કરવા માટે પાઠશાળા મોકલ્યા. પરંતુ એ પાંચે ઉન્મત થઈને રમવા-કૂદવામાં જ લીન રહેતા હતા. એકવાર એ બાળકોના તોફાનથી કંટાળીને અધ્યાપકે થોડા માર્યા-પીટ્યા. આથી એ પાંચે રોતા-રોતા એમની માઁ પાસે ગયા. માઁ એ મમતાવશ એમના પુત્રોને કહ્યું, કે ''બેટા ! આજ પછી તમારે ભણવા માટે જવાની જરૂરત નથી. તમારા પિતાની પાસે ધનની ક્યાં કમી છે ? તમે લોકો

ઘરમાં જ આરામથી રહો.'' આ પ્રમાણે કહીને તે પોતે પાઠશાળા ગઈ. ત્યાં અધ્યાપકની સાથે કલહ (ઝઘડો) કર્યો તથા ચોપડિયો-પાટીઓ વગેરે જે ભણવાના સાધનો હતા, તે બધા અગ્નિમાં નાંખી દીધા. જ્યારે જિનદેવને આ વાતની ખબર પડી ત્યારે તે બહુ દુઃખી થયો. એને એની પત્નીને બહુ જ સમજાવી. પરંતુ તેની પત્ની સમજવાની બદલે જિનદેવ પર વધારે ક્રોધ કરવા લાગી.

અહીંયા એ પાંચે પુત્રો મોટા થયા. પાંચે દેખાવમાં તો સુંદર અને સુશીલ હતા. પરંતુ હતા અનપઢ, મૂર્ખ. તેથી કોઈ પણ શ્રેષ્ઠીએ એમને પોતાની પુત્રી આપી નહીં. આ વાત ઉપર જિનદેવ અને એમની પત્ની સુંદરીની વચ્ચે પ્રતિદિવસ ઝઘડો થતો હતો. બન્નેજણ પુત્રોને અનપઢ રહેવાના કારણો એક-બીજાને બતાવતાં. એક દિવસ બન્ને વચ્ચે ઝઘડો બહુ વધી ગયો અને ગુસ્સામાં જિનદેવે એક મોટો પથ્થર સુંદરીના માથામાં મારી દીધો. એનાથી સુંદરીનું માથું ફાટી ગયું અને ત્યાં જ તેનું મૃત્યુ થયું. એ સુંદરી જ મરીને તારી પુત્રી ગુણમંજરી બની છે. એણે પૂર્વભવમાં જ્ઞાન અને જ્ઞાની ની આશાતના કરી હતી, જેથી કરીને આ ભવમાં એની આવી દશા થઈ છે.

આચાર્ય ભગવંતની વાણી સાંભળીને ગુણમંજરીને ત્યાં જ જાતિસ્મરણ જ્ઞાન થયું અને એણે પોતાનું પૂર્વભવ દેખ્યું. એણે ઈશારો કરીને ગુરુભગવંતને કહ્યું કે તમે જે કીધું તે સત્ય અને યથાર્થ છે. સિંહદાસે ગુરુભગવંતને ગુણમંજરીના રોગને દૂર કરવાનો ઉપાય પૂછ્યો. ત્યારે ગુરુભગવંતે કહ્યું કે ''નિકાચિત કર્મોનાં ક્ષય માટે તપ અમોઘ ઉપાય છે.'' એમણે ગુણમંજરીને જ્ઞાન-પંચમીના તપની વિધિ બતાવી. એજ સમયે રાજા અજિતસેને પણ જ્ઞાની ગુરુને પોતાના પુત્ર વરદત્તના રોગોત્પત્તિનું કારણ પૂછ્યું. ત્યારે જ્ઞાની ગુરુ એ વરદત્તનો પૂર્વભવ સંભળાવ્યો.

ભરતક્ષેત્રના શ્રીપુર નામના નગરમાં વસુ નામક એક ધનાઢ્ય શેઠ રહેતા હતા. એ શેઠને વસુસાર અને વસુદેવ નામના બે પુત્રો હતા. મુનિસુંદર નામના આચાર્યથી પ્રતિબોધિત થઈને બંનેએ દીક્ષા લીધી. નાનો ભાઈ વસુદેવ બુદ્ધિમાન હોવાથી ગુરુએ એમને આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કર્યા. હવે વસુદેવ આચાર્ય પ્રતિદિવસ પાંચસો સાધુઓને ભણાવતા હતા. એક દિવસ વસુદેવાચાર્ય મધ્યાહ્ન સમયે આરામ કરવા જઈ રહ્યા હતા એટલામાં જ એક મુનિએ આવીને કોઈ સૂત્ર પદનો અર્થ પૂછ્યો. આચાર્યશ્રીએ એનું સમાધાન કરીને મોકલ્યા કે એટલા માં બીજા મુનિ આવ્યા, બીજાના પછી ત્રીજા, ત્રીજાના પછી ચોથા મુનિ આવ્યા. આચાર્યએ બધાને સંતુષ્ટ કરીને મોકલ્યા. એના પછી આચાર્યશ્રી સુઈ ગયા. હજુ ઉંઘ આવી હતી કે એક ક્ષુલ્લક શિષ્યએ આવીને આચાર્યશ્રીની ઉંઘ ભંગ કરી દીધી. આવી રીતે વારંવાર ઉંઘમાં સ્ખલના થવાથી આચાર્યશ્રી સંતપ્ત થઈને વિચાર કરવા લાગ્યા કે મારો મોટો ભાઈ વાસ્તવમાં પુણ્યશાળી છે. એ શાંતિપૂર્વક ખાઈ, પીને, ઉંઘી શકે છે. પણ હું તો મારી ઈચ્છાથી ઉંઘી પણ નથી શકતો. વાસ્તવમાં મૂર્ખતાએ એને સુખી કર્યો છે. હું પણ મારા ભાઈની જેમ મૂર્ખ હોત તો આજે શાંતિથી ઉંઘી શકત.

આવા વિચારોથી એમણે નિર્ણય લીધો કે આજ પછી ના હું પોતે ભણીશ અને ના બીજા કોઈને ભણાવીશ. આ પ્રમાણે ક્રોધાવિષ્ટ થયેલા આચાર્ય વસુદેવસૂરિએ બાર અહોરાત્ર મૌન રાખીને જ્ઞાન વિરાધના કરી. આલોચના કર્યા વગર જ મરીને હે રાજન્ ! આ તારો પુત્ર વરદત્ત થયો છે. આનો મોટો ભાઈ માનસરોવરમાં હંસ થયો છે. આચાર્યદેવની આ વાત સાંભળીને વરદત્તકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેણે પણ પોતાનો પૂર્વભવ દેખ્યો. રાજા અજિતસેને આચાર્ય ભગવંતને એમના પુત્રના રોગ નિવારણ કરવાનો ઉપાય પૂછ્યો. ત્યારે આચાર્ય ભગવંતે જ્ઞાનપંચમીની જેવી વિધિ ગુણમંજરીને બતાવી હતી, એવી જ વિધિ વરદત્તને પણ બતાવી.

ગુણમંજરી અને વરદત્ત બંનેએ ભાવપૂર્વક પંચમી તપની આરાધના કરી. તપના પ્રભાવથી બંને નિરોગી અને સ્વરૂપવાન બન્યા. પ્રૌઢાવસ્થામાં જ બંનેએ સંયમ અંગીકાર કર્યો અને અનુત્તર વિમાનમાં દેવ બન્યાં. ત્યાંથી ત્રીજા ભવમાં કેવલી બનીને મોક્ષમાં જશે.

## માષતુષ મુનિ

કોઈ આભીર (રબારી)ના પુત્રે મોટી ઉંમરમાં દીક્ષા ગ્રહણ કરી. આવશ્યક સૂત્રના યોગોદ્વહન પશ્ચાત્ ઉત્તરાધ્યયના યોગોદ્વહનના સમયે પૂર્વે સંચિત જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થવાથી એમને ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનનો એક અક્ષર પણ યાદ ન થયો. બહુ મેહનત કરી પણ નિષ્ફળ ગયા. ત્યારે ગુરુદેવે એમને બે શબ્દો યાદ કરવા માટે આપ્યા - મા રુષ, મા તુષ અર્થાત્ દ્વેષ નહીં કરવો, રાગ નહીં કરવો. આ પદ એ યાદ કરવા લાગ્યા. પરંતુ એટલું પણ એમને ઠીક થી યાદ ન થયું. અને મારુષ, માતુષના બદલે માષતુષ, માષતુષ યાદ કરવા લાગ્યા. આજુબાજુના છોકરાઓએ હાસ્ય અને નિંદાથી એમનું નામ જ 'માસતુષ મુનિ' રાખી દીધું.

હવે માષતુષ મુનિ લોકો માટે હાસ્યસ્પદ બની ગયા. પરંતુ એ બધા પ્રત્યે મનમા સમતાનો ભાવ રાખીને અને પોતાના પૂર્વ સંચિત કર્મોને દોષ દઈને મુનિ ''માષતુષ'' પદને જ યાદ કરવા લાગ્યા. આ પ્રમાણે બાર વર્ષ વીતી ગયા. પરંતુ એમણે હિંમત ના હારી અને એમને પ્રયાસ ચાલુ રાખ્યો. અને એક દિવસ એ પદને યાદ કરતા-કરતા મુનિ શુભ ધ્યાન દ્વારા ક્ષપકશ્રેણી પર આરુઢ થયા અને લોકાલોકને પ્રકાશ કરવાવાળું કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યુ. માષતુષ મુનિની બાર વર્ષની મેહનત રંગ લાવી. આજ સુધી આપણે એક સૂત્રની એક ગાથાને યાદ કરવામાં કેટલી મેહનત કરી છે. એ વિચારણીય છે.

## અશોક રાજા

પાટલીપુત્રના રાજા અશોકને કુણાલ નામનો પુત્ર હતો. સોતેલી માતાના ડરથી અશોક રાજાએ કુણાલને નાની ઉંમરમાં જ અવન્તિ નગરી મોકલી દીધો હતો. જ્યારે કુણાલ આઠ વર્ષનો થયો ત્યારે અશોક રાજાએ કુણાલના નામે એક પત્ર લખ્યો. ''હે કુમાર ! ત્વયાઽધીતવ્યમિતિ મદાજ્ઞાઽચિરેણ વિધેયા।'' હે કુમાર ! તમારે અત્યારે અધ્યયન કરવું છે, આ મારી આજ્ઞા છે.'' આ પ્રમાણેનો પત્ર લખીને અશોક રાજા કોઈ કાર્યમાં વ્યસ્ત થઈ ગયા. એજ સમયે કુણાલની સોતેલી માઁ ત્યાં આવી અને તેણે એ પત્ર વાંચ્યો. પત્ર વાંચીને તેણે વિચાર કર્યો કે જ્યાં સુધી આ કુમાર રહેશે ત્યાં સુધી મારા પુત્રને રાજ્ય નહીં મળે. એના માટે મારે કંઈક કરવું પડશે. અને પત્રમાં જ્યાં રાજાએ 'અધીતવ્યં' (અધ્યયન કરવા યોગ્ય) લખ્યું હતું. ત્યાં એને એની આંખમાં લગાવેલ કાજળથી 'અ' અક્ષર ઉપર એક મીંડુ લગાવી દીધુ એટલે અધીતવ્યં ના બદલે અંધીતવ્યં થઈ ગયું. એટલે તું આંધળો બનવા યોગ્ય છે. અને એણે એ પત્ર બંધ કરીને ત્યાંજ મુકી દીધો.

રાજા અશોકે એ પત્ર વાંચ્યા વિના જ અવન્તિ મોકલી દીધો. કુણાલે જ્યારે પત્ર વાંચ્યો ત્યારે એને બહુ જ દુઃખ લાગ્યું. પરંતુ તેણે પિતાની આજ્ઞાને શિરોધાર્ય કરીને એણે પોતાના જ હાથોંથી ગરમ લોખંડનો સળીયો પોતાની આંખોમાં નાંખી દીધો. હવે કુણાલ આંધળો થઈ ગયો. અહો ! માત્ર એક અનુસ્વાર રૂપી માત્રા વધી જવાથી અર્થનો અનર્થ થઈ ગયો.

આ પ્રમાણે આપણે પણ સૂત્ર અશુદ્ધ ન શીખવું જોઈએ. જે માત્રા જ્યાં હોય, એનો ઉચ્ચાર પણ ત્યાં જ થવો જોઈએ જેનાથી અર્થનો અનર્થ ના થઈ જાય. સૂત્ર યાદ કરતા સમયે જ અક્ષર, પદ, માત્રા, સંપદા વગેરે બરાબર જોઈ લેવા જેનાથી સૂત્ર યાદ કરતા સમયે ભૂલ ન થાય.

### માઁ-બાપને ભૂલશો નહીં

**ઘરનું નામ માતૃછાયા અને પિતૃછાયા પણ એમાં માઁ બાપનો પડછાયો પણ ન પડવા દે તો એ મકાનનું નામ પત્નીછાયા રાખવું વધારે ઉચિત છે.**

# સાધર્મિક ભક્તિના દૃષ્ટાંત

## ૧. મહારાજ કુમારપાલની સાધર્મિક ભક્તિ

એક દિવસ એક શ્રાવકે કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત હેમચંદ્રાચાર્યને જાડુ વસ્ત્ર વહોરાવ્યું. એ જ વસ્ત્ર પહેરીને એકવાર એ ભવ્ય રથયાત્રામાં ગયા. કુમારપાળે એ વસ્ત્રોમાં આચાર્યશ્રીને જોયા તો એમનું હૃદય દુઃખી થઈ ગયું. એ વખતે તો એમણે ગુરુદેવશ્રીને કશું જ ના કહ્યું. પરંતુ રથયાત્રા પશ્ચાત્ કુમારપાળ રાજા તરત જ ઉપાશ્રયમાં આવ્યા અને કહ્યું ''ગુરુદેવ આ શું છે ? અમારા જેવા ભક્તો હોવા છતાં પણ તમારા શરીર ઉપર આવું ખાદીનું વસ્ત્ર ? પ્રભુ ! લોકો શું કહેશે ? અઢાર દેશના રાજા કુમારપાળ ! અને એમના ગુરુ પાસે આવા વસ્ત્રો ? લોકો મને કૃપણ કહેશે અને મારી ટીકા કરશે ? આ તો મારા માટે કેટલી શર્મની વાત છે.''

ત્યારે ગુરુદેવે કહ્યું - ''કુમારપાળ ! તમને એવો વિચાર કેમ ન આવ્યો કે મારા રાજયમાં આવા વસ્ત્રો વહોરાવવા વાળા સાધર્મિક બન્ધુ પોતાનું નિર્વાહ કેવી રીતે કરી રહ્યા હશે ? એમની સ્થિતિ કેવી હશે ? તમને શરમ તો એ વાતની આવવી જોઈએ કે તમે આરામથી રાજ-સુખ ભોગવી રહ્યા છો અને મારા સાધર્મિક કષ્ટપૂર્વક જીવન જીવી રહ્યા છે.'' આ સાંભળીને કુમારપાળે ત્યાં જ પ્રતિજ્ઞા લીધી કે હું દર વર્ષે એક કરોડ સોનામહોરો સાધર્મિક ભક્તિ માટે ખર્ચ કરીશ. આ પછી કુમારપાળ મહારાજ ૧૪ વર્ષ સુધી જીવિત રહ્યા અને એમણે ૧૪ વર્ષમાં ૧૪ કરોડ સોનામહોરો સાધર્મિક ભક્તિ માટે ખર્ચ કરી. તે નિર્ધન સાધર્મિકને ઓછામાં ઓછી ૧૦૦ સોનામહોરો આપતા હતા અને સાથે જ જેને જેટલી જરૂરત હોય એટલી પણ આપતા હતા.

એક વર્ષ પૂરું થયા પછી એક દિવસ સાધર્મિક ભક્તિની દેખ-રેખ કરવાવાળા આભડશેઠે કુમારપાળ રાજાને કહ્યું કે ''હે રાજન્ ! આ વર્ષની ભક્તિનો લાભ મને આપો. હું એના પૈસા રાજ ભંડારમાંથી લેવા માંગતો નથી.'' ત્યારે કુમારપાળ રાજાએ કહ્યું ''- ના ભાઈ ! આવું ના થઈ શકે ! પહેલાથી જ હું કૃપણ કહેવાઉં છું. અને તમને લાભ આપી દઈશ તો વધારે કૃપણ કહેવાઈશ. મને ધન ઉપર રહી મૂર્છા ઉતારવાનો અણમોલ અવસર પ્રાપ્ત થયો છે. તમે કોષાધ્યક્ષની પાસેથી તમારી એક કરોડ સોનામહોરો પાછી લઈ લો.''

આભડશેઠે કેટલીય દલીલો કરીને એ લાભ લેવાની કોશિશ કરી. પરંતુ કુમારપાળે આભડશેઠની વિનંતીનો અસ્વીકાર કર્યો. આ પ્રમાણે ૧૪ વર્ષ સુધી કુમારપાળ રાજાએ દર વર્ષે એક કરોડ સોનામહોરોની સાધર્મિક ભક્તિ કરી. ધન્ય છે ! આવા મહાન સાધર્મિક ભક્તિ કરવાવાળા રાજાને.

## ૨. વઢવાણના શ્રાવક

વઢવાણ શહેર ની વાત છે. ત્યાંના રહેવાસી જીવદયાને પોતાનો જીવન-પ્રાણ માનતા હતા. એક દિવસ એક સાધર્મિક બંધુ બિમાર થયા. પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે તે દવા પણ ન ખરીદી શક્યા. બિમારીના કારણે એ સાધર્મિક રાત્રે બહુ જ હેરાન-પરેશાન થઈ રહ્યા હતા. એ જ શહેરના એક નામી શ્રાવકને આ વાતની ખબર પડી. એ દિવસે એમનું મૌન હતું. ચતુરાઈપૂર્વક સંકેતથી દવાના નામનું પેપર મેળવીને એમણે બજારમાંથી બધી દવાઓ ખરીદી લીધી. અને રાતના ૧૧.૦૦ વાગે એ ધીમેથી ગરીબ સાધર્મિકના ઘરે ગયા. અંધારામાં અંદર જઈને બધી દવાઓ ચુપચાપ મુકીને એ શ્રાવક પાછા ફરી રહ્યા હતા કે અચાનક એમને કોઈ વસ્તુની ઠોકર વાગી. અવાજથી ત્યાંના લોકો સાવધાન થઈ ગયા અને જોર-જોરથી ચોર-ચોર ચિલ્લાવા લાગ્યા. કોલાહલ સાંભળીને આજુ-બાજુના લોકો ભેગા થઈ ગયા અને એ શ્રાવકને પકડીને ચોર સમજીને મારવા લાગ્યા. શ્રાવક મૌન રહ્યા. આ વિષયમાં એ કંઈપણ જાહેર કરવા માંગતા ન હતા. લોકોએ એમને બહુ જ માર્યા. તો પણ તેમણે મોંમાથી એક શબ્દ પણ ન નીકાળ્યો.

છેલ્લે કોઈક સમજદાર વ્યક્તિએ કહ્યું, ''આ ચોર નહીં હોય. કારણ કે ચોર ક્યારેય પણ ચુપચાપ આટલી માર ના ખાઈ શકે, દીવો સળગાવો.'' દીવો લાવીને જોયું તો એમના આશ્ચર્યનો પાર ના રહ્યો. ''અરે ! આ આપણે શું કર્યું ? આવેશમાં આવીને કોણે માર્યા ? આ તો આપણા શેઠ છે.'' આવુ કહીને બધા લોકો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. એ શ્રાવક તો ત્યાંથી ચુપચાપ નીકળી ગયા. પછી બધાને સાચી વાતની ખબર પડી. આવા પરોપકારી, સાધર્મિક ભક્તિ કરવાવાળા આજ પણ છે.

## ૩. મન્ત્રીશ્વર પેથડ઼

મંત્રીશ્વર પેથડ઼ માંડવગઢ઼ના મંત્રી હતા. એક વર્ષમાં છેત્તાલીસ મણ સોનું તેમનું વેતન હતું. અઢળક સંપત્તિના માલિક પેથડ઼ શેઠ રાજસભામાં જતા સમયે જયારે પાલકીમાં બેસીને જતા હોય ત્યારે સામેથી કોઈ સાધર્મિક બંધુ ને આવતા જુએ તો પાલકીમાંથી નીચે ઉતરીને સાધર્મિકને પ્રેમથી ગળે લગાવે. પછી તેમને આમંત્રણ આપે કે ''બંધુ ઘરે પધારો''. માંડવગઢ઼ના મંત્રી જયારે એમણે ગળે લગાવે અને ઘરે આવવાનું આમંત્રણ આપે તો કોણ અસ્વીકાર કરે ?

પેથડ઼ શાહ સ્વયં રાજ-દરબારમાં જતા અને એ સાધર્મિકને ઘરે મોકલતા હતા. ત્યાં પેથડ઼ની માઁ તેમનું સ્વાગત કરતી. વાતચીત કરીને પૂછી લેતી હતી કે, ''તમે ક્યાંથી આવ્યા છો ? શું ધંધો કરો છો ? તમારે કઈ વસ્તુની જરૂર છે ?'' એ સાધર્મિકને ભવિષ્યમાં કોઈ પણ વાતની ચિંતા ન રહે એવી પહેરામણી ભેંટ આપતી હતી. આવી અપૂર્વ હતી એમની સાધર્મિક ભક્તિ !

# ૪. સદાસોમ

એક નગરમાં સદાચંદ નામના શેઠ રહેતા હતા. ત્યાંના બહુ મોટા વ્યાપારીઓમાં એમની ગણતરી હતી. દેશ-પરદેશમાં એમનો ધંધો ચાલતો હતો. એક વાર સમુદ્રમાં તોફાન આવવાને કારણે પરદેશથી આવતું શેઠનું જહાજ એમાં ફસાઈ ગયું. પરંતુ હજુ સુધી ડુબ્યુ કે નહી એના સમાચાર લોકોને મળ્યા નહોતા. તો પણ લોકોએ માની લીધું કે જહાજ ડુબી ગયું છે. આ માટે તેઓએ અફવાહ ફેલાવી કે સદાચંદ શેઠની પેઢી ઉઠવાની લાગે છે આ સાંભળીને બધા લોકો પોતાની જમા કરાયેલી રકમ શેઠની પાસે લેવા આવ્યા. શેઠે લેણદારોને શક્ય હતું તેટલું આપી દીધું.

એક દિવસ એક મોટો વેપારી તેના ૧ લાખ રૂપિયા લેવા માટે શેઠને ઘરે આવ્યો. પરિસ્થિતિ વશાત્ શેઠે કહ્યું ''ભાઈ થોડા દિવસ રોકાઈ જા. હજુ સુધી જહાજના સમાચાર આવ્યા નથી.'' પરંતુ લેણદાર તો માનવા માટે તૈયાર જ ન થયો. સદાચંદ શેઠ બહુ જ પરેશાનીમાં આવી ગયા કે ''હવે હું શું કરું ?'' એમણે પરમાત્માનું સ્મરણ કરી નવકારમંત્રનું ધ્યાન શરૂ કર્યું. ત્યારે જ તેમને સોમચંદ શેઠની યાદ આવી અને એમણે અમદાવાદ નિવાસી સોમચંદ શેઠને રોતા-રોતા એક કાગળ લખ્યો જેમાં એમણે કાગળ લઈને આવનારને ૧ લાખ રૂપિયા આપવાનું કહ્યું. કાગળ લખતા સમયે આંસુના બે ટીપાં કાગળ ઉપર પડ્યા. લેણદાર એ કાગળ લઈને સોમચંદ શેઠને ત્યાં પહોંચ્યા અને એમને કાગળ આપ્યો. સોમચંદ શેઠે સદાચંદ શેઠની માત્ર ખ્યાતી જ સાંભળી હતી. ન તો એમની વચ્ચે કોઈ વ્યાપારિક સંબંધ હતો અને ના તો કોઈ ઓળખાણ. સોમચંદ શેઠે એ કાગળને આગળ-પાછળ ફેરવીને વાંચ્યો. સદાચંદ શેઠનું ખાતું તો તેમની ચોપડીમાં ક્યાંય નજર ના આવ્યું. વિચાર કરતા-કરતા એ સદાચંદ શેઠના કાગળને જોઈ રહ્યા હતા ને અચાનક આંસુના ટપકાથી પલળેલા કાગળ ઉપર એમની નજર પડી. એટલે એમને વિચારી લીધું કે જરૂર સદાચંદ શેઠે પરિસ્થિતિ વશાત્ આ કાગળ લખ્યો છે. અને એમણે એ વેપારીને એક લાખ રૂપિયા આપી દીધા. એમની કોઈ હુંડી પોતાના ખાતામાં લખી નહી. કેવી જ્વલંત સાધર્મિક ભક્તિ !

આ બાજુ થોડા દિવસોમાં સદાચંદ શેઠના બધા જહાજ પાછા આવી ગયા. વેપાર વ્યવસ્થિત થઈ ગયો. થોડા પૈસા કમાયા પછી સદાચંદ શેઠ એમનું દેવું ઉતારવાના ઉદ્દેશ્યથી એક લાખ રૂપિયા લઈને અમદાવાદ પહોંચ્યા. સોમચંદ શેઠને મળ્યા પછી એ બોલ્યા - ''શેઠજી આ તમારા એક લાખ રૂપિયા.'' સોમચંદ શેઠે કહ્યું, ''તમે કોણ છો ?'' ત્યારે એ બોલ્યા ''હું સદાચંદ શેઠ છું. કેટલાક મહિના પહેલા મારા કાગળ લખવાથી તમે એક લાખ રૂપિયાની હુંડી સ્વીકારી હતી. તમે એ વખતે

મારી સહાયતા કરી એના માટે ધન્યવાદ ! હવે આ રાશિ સ્વીકારીને મને ઋણ મુક્ત કરો." ત્યારે સોમચંદ શેઠે બહીખાતું નીકાળીને જોયું. પરંતુ એમાં એમનું નામ ક્યાંય નહોતું. સોમચંદ શેઠે કહ્યું, "શેઠજી મારા બહીખાતામાં તમારું નામ નથી." સદાચંદ શેઠે કહ્યું "આ કેવી રીતે થઈ શકે છે. તમે યાદ કરો, એક લાખની રકમ એ કોઈ મામૂલી વસ્તુ નથી. આ રૂપિયા તમારા જ છે." સોમચંદ શેઠે એ રૂપિયા સ્વીકાર્યા નહી. સદાચંદ શેઠ પણ એ પરાયા ધનને સ્વીકારવા માટે તૈયાર ન થયા. બંને વચ્ચે કેટલાક સમય સુધી આનાકાની ચાલી. છેલ્લે બંને મળીને એક રસ્તો નીકાળ્યો કે આ પૈસાથી આપણે પરમાત્માનું જિનાલય બનાવી દઈએ. પ્રભુનો ભક્ત આના સિવાય વિચારી પણ શું શકે ? અને બંને મળીને ગિરિરાજ ઉપર ભવ્ય જિનાલય બનાવ્યું જે આજે પણ "સદા-સોમાની ટુંક" નામથી એમની યશો ગાથા ગાઈ રહ્યા છે.

બે બુંદ આંસુની કથા જુઓ. જે વ્યક્તિને જોયા નથી માત્ર જેમનું નામ સાંભળ્યું છે એવા સોમચંદ શેઠને સદાચંદ શેઠે રોતા એક કાગળ લખ્યો અને બે પરોક્ષ આંસુએ આ કાર્ય કર્યું. આવી અપૂર્વ હતી આપણા પૂર્વજોની સાધર્મિક ભક્તિ.

## ૫. પુણિયા શ્રાવક

પુણિયા શ્રાવક પહેલા પૂનમચંદ શેઠના નામથી પ્રખ્યાત હતા. એમના ઘરમાં લક્ષ્મીનો સાક્ષાત્ વાસ હતો. દુનિયાભરનાં બધા સુખ એના પગમાં હતા. એક દિવસ એમણે પ્રભુ વીરની દેશના સાંભળી અને ધનની મૂર્છા અને એના પરિગ્રહથી થવાવાળા ભયંકર પરિણામને જાણ્યા.

ધન આ સર્વ અનર્થોની ખાણ છે. આ માટે ધનના વિષયમાં કંઈક તો મર્યાદા રાખવી જોઈએ. આવું જાણીને પૂનમચંદ શેઠે પોતાના પાસે રહેલી અપાર સંપત્તિનો સાતે ક્ષેત્રોમાં ખર્ચો કરી નાખ્યો. પોતે પોતાના હાથેથી કાંતેલા રૂને વેચવાનો સામાન્ય ધંધો કરવાનું ચાલુ કરી દીધું અને ગામનાં છેડે એક ઝુંપડીમાં રહેવા માટે ચાલ્યા ગયા. એમણે પરિગ્રહનું પરિમાણ કરી લીધું અને એમાં જ સંતોષ માનવા લાગ્યા. હવે એ રોજ એટલું જ કમાય છે કે જેમાં પતિ-પત્નીના એક સમયના ભોજનની વ્યવસ્થા થઈ જાય.

એક વાર પ્રભુ વીરની પાસે એમણે સાધર્મિક ભક્તિની મહિમા સાંભળી. ત્યારે તેમના હૃદયમાં નિત્ય સાધર્મિક ભક્તિ કરવાનો ભાવ જાગૃત થયો. ઘરે આવીને એમણે આ વાત પોતાની પત્નીને કહી. પત્નીને પણ આ સત્કાર્ય ગમી ગયું. પરંતુ હવે તકલીફ એ ઉભી થઈ ગઈ કે સાધર્મિક ભક્તિ કરવા માટે પૈસા ક્યાંથી લાવવા ? હજુ પણ એ વધારે ધન કમાઈ શકતા હતા. પરંતુ એમને

એવો રસ્તો જોઈતો હતો જેમાં વધારે કમાવું પણ ન પડે અને સાધર્મિક ભક્તિ પણ થઈ જાય. અને અંતર હૃદયમાં જો સાચી ભાવના હોય તો કોઈ પણ કાર્ય કઠિન નથી. આખરે રસ્તો મળી ગયો. પુણિયાને કર્મપત્ની નહીં પરંતુ ધર્મપત્ની મળી હતી. બંને મળીને એકાંતર ઉપવાસ કરવાનો નિર્ણય કરી લીધો. અને પ્રતિદિવસ એક સાધર્મિકને ભોજન કરાવવા લાગ્યા. પુણિયા શ્રાવકે સાધર્મિકનું મહત્ત્વ કેટલું આત્મસાત કર્યું હશે કે પોતાના પ્રતિકૂળ સ્થિતિમાં પણ એકાંતર ઉપવાસ કરીને સાધર્મિક ભક્તિ કરવા લાગ્યા. ધન્ય છે એ પુણિયા શ્રાવકને !

## ૬. જગડુશાહ

રાજા વીરધવલ પછી એમની રાજગાદી ઉપર વિશલદેવ નામના રાજા થયા. એકવાર એમના રાજ્યમાં ભયંકર દુષ્કાળ પડ્યો. ત્યારે એજ નગરના નિવાસી જગડુશાહ શેઠે ત્રણ વર્ષ સુધી અકાળના સમયમાં દાનશાળા ચલાવી. દાન આપતી વખતે જગડુશાહ પોતે પડદાની પાછળ બેસતા હતા. જેનાથી દાન લેવાવાળાને શરમ કે સંકોચની અનુભૂતિ ન થાય. વાસ્તવમાં જમણા હાથે જે આપ્યું, તે ડાબા હાથને ખબર પણ ન પડે એવી રીતે દાન કરવું જોઈએ.

રાજા વિશલદેવ જગડુશાહની પરીક્ષા કરવાના વિચારથી વેશ બદલીને જગડુશાહની દાનશાળામાં ગયા. ત્યાં વિશલદેવ રાજાએ પડદાની બહાર ઉભા રહીને પોતાનો હાથ લંબાવ્યો. જગડુશાહે હાથ જોયો. એમાં રહેલી રેખા જોઈને જગડુશાહને ખબર પડી ગઈ કે આ કોઈ રાજાનો હાથ છે. એમણે વિચાર કર્યો કે ''રાજા પણ આ હાલતમાં છે ? તો તેમને વિશેષ દાન આપવું જોઈએ.''

જેમ કોઈ વ્યક્તિ ૨ રોટલી ખાતો હોય અને કોઈ ૧૨ રોટલી ખાતો હોય, અને આપને બંનેને એટલે કે ૧૨ + ૨ = ૧૪ના અડધી = ૭ એટલે બંનેને ૭-૭ રોટલી આપીએ તો બે રોટલી ખાવાવાળાને અજીર્ણ થાય અને ૧૨ રોટલી ખાવાવાળો તો ભૂખ્યો જ રહી જશે. એટલે બે રોટલી ખાવાવાળાને ૨ અને ૧૨ રોટલી ખાવાવાળાને ૧૨ રોટલી જ આપવી જોઈએ.

એટલા માટે જગડુશાહે વિશલદેવ રાજાના હાથમાં કિંમતી રત્ન મુક્યું. વિશલદેવે જ્યારે રત્ન જોયું તો પૂછ્યું ''કોણે આ રત્ન કોને આપ્યું છે''. જગડુશાહે કહ્યું, ''તમારા ભાગ્યે તમને આપ્યું છે'' આવું સાંભળીને તરત જ વિશલદેવ રાજાએ પડદો હટાવ્યો અને જગડુશાહ શેઠને જોઈને એમને ભેટી પડ્યા. આવા મહાન ગુપ્ત દાની હતા જગડુશાહ.

## ૭. માણેકલાલ શેઠ

મુંબઈ નગરના મોટા વ્યાપારી શેઠ માણેકલાલ ચુનીલાલના ઘર મંદિરમાં રહેલી સોનાની મૂર્તિ કોઈ શ્રાવકે ચોરી લીધી. એ સમયે માણેકલાલ પણ મંદિરમાં જ હતા. ચોરી કરવાવાળા શ્રાવકને એમણે ચોરી કરતા જોઈ લીધો હતો. એ માટે એ જલ્દી મંદિરની બહાર આવી ગયા અને જ્યારે એ શ્રાવક પણ મંદિરથી બહાર આવ્યો ત્યારે એને બોલાવીને ઘરે ભોજન માટે આમંત્રણ આપ્યું. શેઠના આમંત્રણને સાંભળીને ચોર કાંપી ઉઠ્યો. પરંતુ તેમની પાસે બીજો કોઈ રસ્તો નહોતો એ માટે એ શેઠની સાથે એમના ઘરે ચાલ્યો ગયો. ત્યાં જમતા સમયે શેઠે એને ચોરી કરવાનું કારણ પૂછ્યું. ડરતાં-ડરતાં એ શ્રાવકે કહ્યું કે "હું જુગારમાં એંશી હજાર રૂપિયા હારી ગયો છું. એને ચુકવવા માટે મેં ચોરી કરી છે." શેઠે એ જ સમયે એક લાખ રૂપિયા નકદ એ સાધર્મિક ભાઈને પહેરામણીના રૂપમાં ભેંટ આપ્યા. એ શ્રાવક રોવા લાગ્યો. ત્યારે શેઠે કહ્યું ''ભાઈ રોવો નહી ! તમે તો મને સાધર્મિક ભક્તિનો લાભ આપ્યો છે. તમે તો મારા ઉપકારી છો." આવી હોવી જોઈએ જીવનમાં સાધર્મિક ભક્તિ.

## ૮. સાધર્મિક ભક્તિથી મળ્યા ઉદયનમંત્રી, કુમારપાળ અને હેમચંદ્રાચાર્ય

પરમાત્મા મહાવીરદેવના પરમભક્ત શ્રેણિક મહારાજ પણ જેટલું જીવદયાનું પાલન પોતાના રાજ્યમાં નથી કરાવી શક્યા એનાથી પણ કેટલુંય વધારે જીવદયાનું પાલન કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યએ કુમારપાળના હાથે કરાવ્યું. આવા સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય આપણને મળ્યા એની પાછળ ઉદયનમંત્રીની વિચક્ષણતા અને શાસન સ્નેહ હતું. પરંતુ આ ઉદયનમંત્રી આપણને મળે એના મૂળમાં હસુમતિબહેનના હૃદયમાં રહેલી સાધર્મિક ભક્તિ જ હતી.

ઉદા નામનો એક વણિક નિર્ધન બની ગયો હતો. ગરીબીથી લડતા એણે ઘર છોડીને બીજા નગરમાં વ્યાપાર કરવાનો વિચાર કરી લીધો. તે પોતાની પત્ની અને છોકરાઓને સાથે લઈને ત્રણ દિવસ ભૂખ્યા-તરસ્યા ચાલતા-ચાલતા એક નગરમાં પહોંચ્યા. પણ હવે જવું ક્યાં ? ના કોઈ સંબંધી છે અને ના કોઈની સાથે ઓળખાણ. દુઃખી અને પાપી જીવ માટે આ વિશ્વમાં કોઈ સહારો હોય તો, તે ભગવાનનો ! ઉદા પણ તેના પરિવારને લઈને મંદિરમાં પહોંચી ગયો. દર્શનાદિ કરીને પ્રભુની સ્તવના કરવા લાગ્યો. પતિ-પત્ની બંને પ્રભુ ભક્તિમાં એટલા તલ્લીન થઈ ગયા કે પોતાની તકલીફો પણ ભૂલી ગયા. ખરાબ સ્થિતિમાં બેસેલા, પ્રભુ ભક્તિમાં લીન એવા કુટુંબ ઉપર એ જ નગરની શ્રીમંત વિધવા શ્રાવિકા હસુમતિબહેનની નજર પડી.

એણે ઉદાની પરિસ્થિતિને જાણી લીધી. જ્યારે ઉદા કુટુંબ સાથે મંદિરની બહાર નીકળ્યા ત્યારે હસુમતિ એમની પાસે ગઈ અને એમણે ભોજનનું આમંત્રણ આપીને બધાને ઘરે લઈ આવી. સત્કારપૂર્વક એ કુટુંબની સાધર્મિક ભક્તિ કરી ને એમને પહેરામણી આપી. હસુમતિબહેને પૂછ્યું - ''ભાઈ ! નિસંકોચ થઈને મને બતાવો કે તમે લોકો આ નગરમાં ક્યાં રહેશો અને શું કરશો ?'' ઉદાએ જવાબ આપ્યો - ''અત્યારે મારા હાથમાં થોડી રકમ છે. હું વણિક પુત્ર છું. શું ધંધો કરવો અને કેવી રીતે પૈસા કમાવવા એની બુદ્ધિ મારી પાસે છે. હવે સવાલ માત્ર રહેવાનો છે. ભગવાનની કૃપાથી રહેવા માટે એક છત મળી જાય તો સારું.'' ત્યારે હસુમતિએ પોતાનું એક નાનું ઘર એને રહેવા માટે આપ્યું. ત્યારે ઉદાએ આગ્રહ કરીને ઘરનું ભાડું નક્કી કર્યું.

ઉદાના ભાગ્યે સાથ આપ્યો અને વેપારથી એણે સારા પૈસા કમાવ્યા. કેટલાક સમય પછી એણે હસુમતિનો ઘર ખરીદવાની વાત કરી. હસુમતિ માટે તો સાધર્મિક ભક્તિનો સુનહરો અવસર હતો. એ માટે એણે ઓછા પૈસામાં ઉદાને ઘર વહેંચી દીધું. બીજા દિવસે ઉદાએ ઘરને નવ નિર્માણ કરવાના હેતુથી ઘરને તોડાવવાનું શરૂ કર્યું. ખોદતા સમયે એક સોનાનો ચરુ બહાર નીકળ્યો. ચરુ લઈને ઉદા હસુમતિને ઘરે ગયો અને ચરુ હસુમતિને સોંપવા લાગ્યો. પરંતુ હસુમતિએ લેવાની ના પાડી. એણે કહ્યું કે ''મેં ઘર વહેંચી દીધું છે. હવે આ ઘર ઉપર અને ચરુ બંને ઉપર મારી માલિકી નથી રહી. જો આ મારા કિસ્મતમાં હોત તો વર્ષો થી આ ઘર મારી પાસે જ હતું તો મને પહેલાથી જ મળી જાત. પણ તમારા ઘર ખરીદ્યા પછી જ આ બહાર આવ્યું છે. એટલે આ તમારું જ છે.'' પરંતુ ઉદાને હરામ ની વસ્તુ લેવાનું ક્યારેય પસંદ ન હતો.

એણે સિદ્ધરાજ જયસિંહ રાજાના દરબારમાં જઈને શિકાયત કરી. રાજાએ બંને પક્ષોની વાત સાંભળીને ચરુના માલિક ઉદાને કહ્યું. આ ન્યાય સાંભળીને હસુમતિ બહુજ આનંદિત થઈ. પરંતુ ઉદાને આ ચરુ હરામ ની વસ્તુ લાગવાથી એણે આ ધનથી જિનમંદિર બનાવવાનો નિર્ણય કર્યો. અને બીજા જ દિવસે શિખરબંધી જિનાલય બનાવવાનું કાર્ય શરૂ થઈ ગયું. ચરુની બધી સંપત્તિ જિનાલયમાં લગાવી દીધી. જયારે સિદ્ધરાજ જયસિંહને આ વાતની ખબર પડી તો એણે ઉદાની ઉદારતાથી પ્રભાવિત થઈને ઉદાને મંત્રી પદ ઉપર નિયુક્ત કર્યો. ઉદા હવે ઉદાયન મંત્રી બની ગયા. એ જિનના ભક્ત, ગુરુના દાસ, સાધર્મિકના પ્રેમી અને જિન ધર્મના વફાદાર સેવક બન્યા.

એ જ સમયે પૂજ્યપાદ દેવચન્દ્રસૂરિશ્વરજી મહારાજા એ સમયના સનાતન ધર્મિઓ તરફથી જૈન ધર્મ પર આવી રહેલા આક્ષેપો અને આક્રમણથી વ્યથિત હતા. એક રાત્રે શાસનદેવીએ સ્વપ્નમાં

આવીને કહ્યું કે ''ધંધુકામાં ચાચિંગ નામના અજૈન વણિક્ અને પાહિની નામની જૈન માતાના પુત્ર ચાંગાને જૈન દીક્ષા આપવાની પ્રેરણા કરો. તમારી બધી મનોવ્યથાનો અંત આ ચાંગા કરશે.'' આ સ્વપ્ન ના અનુસારે સૂરિજી ધંધુકા જઈને પિતાની ગેરહાજરીમાં માતાની હર્ષપૂર્ણ સંમતિથી ચાંગાને વહોરીને ખંભાત આવી ગયા. ઘરે આવીને જ્યારે ચાચિંગને આ વાતની ખબર પડી. ત્યારે તે બહુ જ ક્રોધિત થયો અને પુત્રને પાછો લાવવા માટે ખંભાત આવ્યો.

સૂરિજીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમણે મહામંત્રી ઉદાયનને બધી વાતથી અવગત કરાવ્યો. ઉદાયન મંત્રીએ એમને આશ્વાસન આપ્યું કે તમે ચિંતા ન કરો. હું બધું જ સંભાળી લઈશ. જેવો જ ચાચિંગ ઉપાશ્રય પહોંચ્યો કે તરત જ ઉદાયન મંત્રીના સેવકે એમને ભોજન માટે ઘરે લઈ ગયા. એ સમયે ચાંગા મંત્રીશ્વરના ઘરે જ રમી રહ્યો હતો. પિતાને જોઈને ચાંગા એના પિતાને ચોંટી ગયો. જાતે જ ઉદાયન મંત્રીએ એમને ભોજન કરાવ્યું. ભોજનના પછી મંત્રીશ્વરે પહેરામણી ના રુપમાં ચાચિંગની આગળ એક જોડી ધોતી અને ત્રણ લાખ સોનામહોર રાખી. તત્પશ્ચાત્ પોતાના બે યુવાન પુત્રોને પણ બોલાવ્યા. મંત્રીશ્વરે ચાચિંગને કહ્યું ''ભાઈ ! અમારા સમગ્ર જૈન સંઘમાં અત્યંત આદરણીય એવા પ્રિય ગુરુદેવ શ્રી દેવચન્દ્રસૂરીજીને દેવીના પાસેથી તમારા લાડલા પુત્ર ચાંગાને અતિભવ્ય ભાવીના માટે આગાહી પ્રાપ્ત થઈ છે. તમારો આ ચાંગો અમારા જિન શાસનના ગગનનો ચાંદ બનવાનો છે. મને ખબર છે કે આપને આપનો પુત્ર બહુ જ પ્રિય છે. તો પણ હું સમસ્ત જૈન સંઘ તરફથી વિનંતી કરું છું કે, અમારા ગુરુદેવશ્રીની ઈચ્છાને તમે પૂરી કરો. હું તમને અતિથિ સત્કારમાં પહેરામણીના રૂપમાં એક જોડી ધોતી અને ત્રણ લાખ સોનામહોરો અર્પણ કરું છું. સાથે જ મારા આ બે જુવાન પુત્રો જે વેપારના ખિલાડી છે એમને પણ તમને અર્પણ કરું છું. તમે મને અતિ હર્ષપૂર્વક તમારા લાડલા પુત્રને સમર્પિત કરો.'' ઉદાયન મંત્રીની વાતો સાંભળીને ચાચિંગ ગદ્ગદ્ થઈ ગયો અને કહેવા લાગ્યો, ''મંત્રીશ્વર બસ કરો, તમારે આગળ કાંઈ જ કહેવાની આવશ્યક્તા નથી. મે મારો આ પુત્ર તમને સોંપી દીધો. મારો પુત્ર જિનશાનનો ચમકતો સિતારો બનશે. આવું સદ્ભાગ્ય મારા રંકની લલાટ પર ક્યાંથી...? તમે ખુશીથી એનો સ્વીકાર કરો અને તમારા પ્રેમના પ્રતીક રૂપમાં આ એક ધોતીની પહેરામણી હું સ્વીકાર કરું છું.''

તત્પશ્ચાત્ ઉલ્લાસપૂર્વક ચાંગાની દીક્ષા થઈ. એમનું 'સોમચન્દ્ર વિજયજી' નામકરણ થયું. આ મુનિરાજ જ ભવિષ્યમાં 'કલિકાલ સર્વજ્ઞ આચાર્યદેવ હેમચન્દ્રાચાર્ય' બન્યા. આમની નિશ્રામાં જ પરમાર્હત્ ગૂર્જરેશ્વર કુમારપાળ રાજાએ જૈન શાસનમાં અમારિ પ્રવર્તનનો ડંકો વગાડ્યો હતો. આ મહાન આત્માઓનાં મિલનમાં કારણભૂત હસુમતિબહેનની સાધર્મિક ભક્તિ જ હતી. જૈન ધર્મના તમામ અંગોને મજબૂત કરે છે - સાધર્મિક ભક્તિ.

## ૯. ઝાંઝણ શેઠ

ઝાંઝણ શેઠ મહાન સાધર્મિક ભક્ત શેઠ પેથડ શાહના પુત્ર હતા. 'બાપથી બેટો સવાયો' આ વાતને ચરિત્રાર્થ કરવાવાળી એમનાં જીવનની આ ઘટના છે. ઝાંઝણ શેઠે કર્ણાવતી (અમદાવાદ)થી છ:રી પાલિત સંઘ નીકાળ્યો. એ સંઘમાં અઢી લાખ યાત્રાળુઓ હતા. એ સમયે કર્ણાવતીમાં સારંગદેવ રાજા રાજ કરી રહ્યા હતા. એમણે ઝાંઝણ શેઠને કહ્યું કે ''તમારા સંઘમાં જેટલા પણ સુખી યાત્રાળુઓ છે, એમને હું ભોજન માટે આમંત્રણ આપું છું. એમને તમે મારા ત્યાં ભોજન માટે મોકલો.'' શેઠે કહ્યું ''મારા સંઘમાં સુખી-દુ:ખીનું કોઈ ભેદભાવ નથી. મારા માટે બધા યાત્રાળુઓ એક સમાન જ છે.'' ત્યારે રાજાએ કહ્યું ''ઠીક છે તમે તમારા સંઘના મુખ્ય ૨-૩ હજાર લોકોને ભોજન માટે લઈ આવો.'' ત્યારે શેઠે પ્રત્યુત્તરમાં કહ્યું ''હું એ પણ નથી કરી શકતો કારણ કે મારા માટે બધા એક સમાન છે.'' આટલું કહીને એમણે રાજાના નિમંત્રણને સાભાર અસ્વીકાર કરી દીધું અને કહ્યું ''જો તમારી આજ્ઞા હોય તો હું પૂરા ગુજરાતને ભોજન કરાવવા માગું છું.'' ત્યારે રાજાએ હસતા હસતા કહ્યું કે, ''મારા જેવો રાજા અઢી લાખ યાત્રાળુઓને ભોજન નહીં કરાવી શકે અને તમે પૂરા ગુજરાતને ભોજન કરાવવાની વાત કરો છો. ઠીક છે, હું તમારું આમંત્રણ સ્વીકાર કરું છું.'' સંઘ-કાર્ય પુરું થયા પછી પૂરા ગુજરાતને ભોજન કરાવવાનું નક્કી થયું.

રાજાએ ઝાંઝણ શેઠને નીચા દેખાડવા માટે જોર-શોરથી પૂરા ગુજરાતમાં આ આમંત્રણનું પ્રચાર કર્યો એટલે વધારેમાં વધારે લોકો આવ્યા. ઝાંઝણ શેઠે પણ 'સેર પર સવાશેર' બનીને એક દિવસ નહીં પરંતુ પૂરા ૫ દિવસ સુધી પૂરા ગુજરાતને ભોજન કરાવ્યું. ૫ દિવસ પછી ઝાંઝણ શેઠે રાજાને પોતાના રસોઈ-ઘરમાં આવવા માટે આમંત્રણ આપ્યું. રસોઈ ઘરમાં મિઠાઈઓના ઢગલા જોઈને સારંગદેવ રાજા આશ્ચર્ય ચકિત થઈ ગયા. વિરાટકાયવાળા રાક્ષસનું પેટ ભરાઈ શકે તેટલી મિઠાઈઓ ૫ દિવસ પછી પણ બચી હતી. અદ્ભુત અને અકલ્પનીય ભક્તિ દ્વારા ઝાંઝણ શેઠે સાધર્મિક ભક્તિનો લાભ લીધો.

## ૧૦. સાંતનુ અને જિનદાસ

ભગવાન મહાવીર સ્વામીના સમયમાં સાંતનુ નામનો પુણ્યશાળી શ્રાવક હતો. એની પત્નીનું નામ કુંજીદેવી હતું. એ જ નગરમાં જિનદાસ નામના શેઠ હતા. સાંતનુ અને જિનદાસ બંને સંઘના અગ્રગણ્ય હતા. સાંતનુના દુષ્કર્મોના ઉદયથી લક્ષ્મીએ ચારે તરફથી મોઢું ફેરવી લીધું. એમને ધંધામાં બહુ મોટું નુકસાન થયું. અહીં સુધી કે ખાવા-પીવાના માટે એક દાણો પણ નસીબમાં ન રહ્યો. એક

વાર રાત્રિમાં સાંતનુ પોતાની પત્નીસાથે વિચાર-વિમર્શ કરી રહ્યો હતો, કે ''હવે શું કરીશું ? કંઈ જ સમજમાં નથી આવતું ? '' ત્યારે પત્નીએ સલાહ આપી કે ''એક કામ કરો તમે ચોરી કરો'' જિનદાસે કહ્યું ''શું'' ''હાં ! હું સાચું કહી રહી છું. જિનદાસ શેઠ પ્રતિક્રમણમાં તેમનો મૂલ્યવાન હાર ઉતારીને રાખે છે. એને તમે ચોરી લો.'' આ સાંભળીને એકવાર તો સાંતનુને એક ઝાટકો લાગ્યો, પરંતુ સાંતનુને એની પત્ની ઉપર પૂરી શ્રદ્ધા હતી. કેમકે કુંજીદેવી સ્વયં શ્રાવિકા હતી. એની પાસે વીતરાગનો ધર્મ હતો. એને કંઈક સમજી-વિચારીને જ આવી સલાહ આપી હશે. આવું વિચારીને બીજા દિવસે સાંતનુએ એ હાર ચોરી કરીને ઘરે પહોંચ્યો. આ બાજુ જિનદાસ શેઠે હાર ના જોયો તો વિચાર કર્યો કે ''આજે મારી પાસે સાંતનુ સિવાય બીજું કોઈ વ્યક્તિ નહોતું. હોય ના હોય આ હાર જરૂર સાંતનુ એ જ લીધો છે.'' પરંતુ એ સમયે જિનદાસ કંઈ પણ બોલ્યા વગર ઘરે આવી ગયા.

એ જ રાતમાં સાંતનુને વિચાર આવ્યો કે મેં ક્યારેય જીવનમાં અનીતિ-અન્યાયનું કાર્ય નથી કર્યું. જો હું પકડાઈ ગયો તો ? મારા પૂર્વજોએ મહેનતથી કમાયેલી ખ્યાતિ પર કલંક લાગી જશે. એમણે એમનો વિચાર એમની પત્નીને બતાવ્યો. ત્યારે કુંજીદેવીએ ધીરતાપૂર્વક કહ્યું, ''તમે કોઈપણ પ્રકારની ચિંતા ન કરો. હવે આ હાર તમે જિનદાસજીની દુકાનમાં જ ગીરવી રાખો.'' સાંતનુ બીજા દિવસે ડરતા હૃદયથી જિનદાસની દુકાન પર ગયા અને તે હાર ગીરવી રાખવાનું કહ્યું. જિનદાસ શેઠ સાંતનુની પરિસ્થિતિથી પરિચિત હતા. છતાં એમણે અજાણ બનીને ૫ હજાર રૂપિયા આપીને હાર ગીરવી લઈ લીધો. સાંતનુ દુઃખી મનથી ઘરે પહોંચ્યો.

પત્નીએ સમજાવ્યા કે ''દુઃખી થવાની જરૂર નથી. હવે આ નીતિના ધનથી વ્યાપાર કરો. દેખવું છે કે આ નીતિનું ધન શું રંગ લાવે છે.'' સાંતનુએ ધંધો ચાલુ કર્યો. વેપાર સારો ચાલ્યો. થોડાક જ સમયમાં પૂર્વવત્ પૈસા કમાવ્યા. પરંતુ મનમાં ચોરી કરવાનો પશ્ચાતાપ હતો. એક દિવસ પોતાના પાપનો ઇકરાર કરવાની ભાવનાથી વ્યાજ સહિત રૂપિયા લઈને સાંતનુ જિનદાસ શેઠની પાસે ગયો અને કહ્યું, ''શેઠજી ! આ આપની રકમ !'' શેઠે કહ્યું, ''હાં ! ભાઈ આપી દો અને આપનો હાર પાછો લઈ લો.'' એ સમયે સાંતનુ રડી પડ્યો અને શેઠને કહ્યું ''શેઠજી અજાણ શું કામ બની રહ્યા છો ? કોણો હાર પાછો આપી રહ્યા છો ?'' એ સમયે જિનદાસ શેઠની આંખોમાં પણ આંસુ આવી ગયા અને એ બોલ્યા ''સાંતનુ ગલતી મારી જ છે. આપણે બંન્ને એક જ ગાદી ઉપર બેઠવાવાળા, ટીપ વગેરેમાં પણ એક સમાન પૈસા લખવાવાલા. તો પણ તમારી પરિસ્થિતિ બગડી અને મેં ધ્યાન ન આપ્યું. ગુનેગાર તમે નથી હું છું.'' આટલું કહીને બન્ને ભેટી પડ્યા. આ છે પરમાત્માનું શાસન. આવી હોય છે સાધર્મિક ભક્તિ.

## 'રુકિમરાજા'

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજાની રુકમણી નામની પુત્રી હતી. જુવાનીમાં એક સુંદર રાજકુમારની સાથે તેના લગ્ન કરાવવામાં આવ્યા. લગ્ન સાનંદ સંપન્ન થયા. પરંતુ કર્મવશાત્ લગ્નના દિવસે જ રુક્મિણીના પતિનું મૃત્યુ થઈ જવાથી દુર્ભાગ્ય વશ એની બધી ખુશીઓ ગમમાં પલટાઈ ગઈ. અત્યંત શોકાકુલ બનેલી રુક્મિણીએ પોતાના પતિની સાથે ચિતામાં પ્રવેશ કરવાનો નિર્ણય કરી લીધો. એને આ નિર્ણય એના પિતાજીને સંભળાવ્યો. એના પિતાજીએ એને સમજાવીને કહ્યું કે, ''પુત્રી ! આ જગતમાં દરેક વ્યક્તિ દુઃખી જ છે. પરંતુ મહાન તો તે જ બને છે, જે દુઃખોનો સામનો કરી શકે છે. હું તારા દુઃખોને સમજી શકું છું, પરંતુ મૃત્યુને શરણે જવું તે દુઃખ મુક્તિનો સાચો ઉપાય નથી.'' રુક્મિણીએ દુઃખિત અવાજમાં કહ્યું, ''પિતાજી ! હું દુઃખોથી ડરીને મરવા નથી માંગતી, પરંતુ મને ડર એ છે કે ભર જુવાનીના કારણે આ વિધવાના વેશમાં હું તમારા કુળને કલંકિત ના કરી દઉં.'' રુકમણીનો વિચાર સાંભળીને રાજાનું હૃદય ગદ્-ગદ્ થઈ ગયું, એમની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયા. એમણે કહ્યું, ''રુક્મિણી ! શીલ સંબંધી તારી સાવધાની સાંભળીને મને બહુ જ ખુશી થઈ. પરંતુ આવી કલ્પનાથી આપણા માનવ જીવનને ખત્મ કરવું ઉચિત નથી. આ અમૂલ્ય માનવ ભવ તો સુકૃતોથીં ભરવા માટે છે.'' ત્યારે રુક્મિણીએ કહ્યું - ''પિતાજી આટલું કહેવા માત્રથી મારી સમસ્યાનું સમાધાન નથી થઈ જતું, મારા શીલની રક્ષાનું શું ?'' ત્યારે રાજાએ કહ્યું ''રુક્મિણી ! હું તારા માટે એક અલગ મહેલની વ્યવસ્થા કરી દઈશ. તું ત્યાં રહીને ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યનું પાલન કરજે. સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં રહીને ધર્મારાધના કરજે. રુક્મિણીને પિતાની આ વાત સારી લાગી. તત્પશ્ચાત્ એ એકાંતમાં પ્રસન્નતાપૂર્વક નિર્મલ બ્રહ્મચર્યનું પાલન કરવા લાગી.

થોડા સમય પછી પિતાજીનું મૃત્યુ થયું. રાજપુત્ર ન હોવાને કારણે બધાએ મળીને સર્વાનુમતિથી ઉત્કૃષ્ટ બ્રહ્મચારિણી રુક્મિણીનો રાજ્યાભિષેક કરી દીધો. તે સમયથી એ 'રુક્મિ રાજા'ના નામથી જણાવવા લાગી. રાજા બનવાના પશ્ચાત્ નિર્મલ-બ્રહ્મચર્યના કારણથી એની કીર્તિ દસે દિશાઓમાં વ્યાપ્ત થઈ ગઈ. એના બ્રહ્મચર્યના પ્રભાવથી રાજ્ય વ્યવસ્થિત રૂપથી ચાલવા લાગ્યું. એક દિવસ રુક્મિણીના બ્રહ્મચર્યની ખ્યાતિ સાંભળીને 'શીલસન્નાહ' નામનો એક બ્રહ્મચર્ય પ્રેમી રાજકુમાર રુક્મિ રાજાના દર્શન કરવા માટે પધાર્યા, તથા રાજસભામાં પરદેશિયોના વિભાગમાં ઉચિત સ્થાન ઉપર બેઠા.

રાજસભામાં ચારેબાજુ નજર નાખતા રુક્મિ રાજાની દૃષ્ટિ અને શીલસન્નાહની દૃષ્ટિ પરસ્પર મળી. શીલસન્નાહના રૂપ અને યૌવન જોઈને રુક્મિ રાજાની દૃષ્ટિમાં વિકાર ઉત્પન્ન થયો. ''ઓહ ! શું અદ્‌ભુત રૂપ છે.'' રુક્મિ રાજાની આંખોમાં ઉત્પન્ન થયેલો વિકાર રાજકુમારની નજરથી બચી ના શક્યો. તે તરત જ રાજસભામાંથી નીકળી ગયા. રાજકુમાર અત્યંત ખેદ કરવા લાગ્યા અને પોતાના રૂપને ધિક્કારીને વિચારવા લાગ્યા કે, ''ધિક્કાર છે મારા આ રૂપને જેને સર્વત્ર પ્રખ્યાત બની ગયેલી બ્રહ્મચારિણીને પણ લુભાવી દીધો. ઓહ ! કેવી ભયંકર છે આ કામવાસના ! આટલા વર્ષોથી કરેલી ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યની સાધના માત્ર એક દૃષ્ટિમાં નિષ્ફળ થઈ ગઈ.'' વૈરાગ્ય ઉત્પન્ન થવાથી રાજકુમારે સંસારનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરી લીધો. ક્રમશઃ ગીતાર્થ આચાર્ય બન્યા. એક દિવસ વિચરતાં-વિચરતાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આચાર્ય ભગવંતનો પદાર્પણ થયો. આચાર્ય ભગવંતના વૈરાગ્યવર્ધક ઉપદેશને સાંભળીને રુક્મિરાજાનું અંતઃકરણ પણ વૈરાગ્ય વાસિત થઈ ગયુ.

એમણે આચાર્ય ભગવંતને હાથ જોડીને નિવેદન કર્યું કે ''ગુરુદેવ ! ભવજલધિથી પાર ઉતારવા માટે જહાજ સમાન ચારિત્ર જીવન મને પ્રદાન કરવાની કૃપા કરીને આ ભવસમુદ્રથી મારો ઉદ્ધાર કરો''. વિશાળ રાજપાટનો ત્યાગ કરીને સાધ્વી બનવાનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય દેખીને આચાર્ય ભગવંતે પણ અનુમતિ આપી દીધી. પરંતુ આચાર્યશ્રીએ એમને ચારિત્રજીવન સ્વીકારવા પૂર્વે અતિ મહત્ત્વપૂર્ણ ભવ-આલોચના કરવાની પ્રેરણા આપી. ગુરુદેવની આજ્ઞા પ્રાપ્ત કરીને રુક્મિ રાજાએ પોતાના જીવનની ચોપડી ખોલવાની શરૂ કરી. નાનપણથી લઈને આજ દિવસ સુધી જીવનરૂપી ચોપડીના પન્ના ખુલવા લાગ્યા. પરંતુ જેવું જ જીવનનું એ પાનું આવ્યું જેમાં રાજકુમારને દેખીને એમનું મન વિકૃત થઈ ગયું હતું. ત્યારે અહંકારે એમના મન ઉપર કબ્જો કરી લીધો. એમણે વિચાર્યું કે ''જો મેં આ વાત બતાવી તો મારી પ્રતિષ્ઠા નું શું થશે ? મારી બ્રહ્મચારીણી પદવીનું શું થશે ?'' અતઃ એમણે એ પાનાને અજાણ્યો કરીને બાકી બધી આલોચના લઈ લીધી.

આચાર્ય ભગવંતને તો બધી વાત ખબર જ હતી. અતઃ એમણે કહ્યું ''રુક્મિ યાદ કરો કે કંઈ બાકી તો નથી રહી ગયું ?'' રુક્મિ રાજાએ કહ્યું - ''નહીં ગુરુદેવ બધુ જ કહી દીધું છે.''ત્યારે આચાર્યશ્રીએ વિચાર્યું ''અત્યારે ભલે એ આલોચના નથી કરી રહ્યા, પરંતુ દીક્ષા લીધાપછી સૂત્રોંનું અધ્યયન કરવાથી આનું વૈરાગ્ય પ્રબલ બનશે. ત્યારે દોષ સંતાડવાથી થવાવાળા પરિણામોને સમજીને પછી પ્રાયશ્ચિત કરી લેશે.'' આવું વિચારીને આચાર્યશ્રીએ એમને દીક્ષા પ્રદાન કરી. દીક્ષા પશ્ચાત્ રુક્મિ સાધ્વીજી જ્ઞાન, ધ્યાન, તપ, સાધના દ્વારા પોતાનું જીવન વ્યતીત કરવા લાગી. કેટલાક વર્ષો પછી આચાર્યશ્રી પોતાના જીવનનો સંધ્યાકાલ નજીક જાણીને જિનાજ્ઞાનુસાર અનશન કરવાનો નિર્ણય

કર્યો તથા અનશન યોગ્ય અન્ય સાધુ-સાધ્વીજીને પણ પ્રેરણા આપી. આનાથી રુક્મિ સાધ્વીજીએ પણ અનશન કરવાનો વિચાર કર્યો.

અનશન કરવા પૂર્વે આચાર્યશ્રીએ ફરી એક વાર આલોચના કરવાનું કહ્યું. અનશન કરવાવાળા બધા સાધુ-સાધ્વી આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં સૂક્ષ્મતાથી સ્વજીવનની આલોચના કરવા લાગ્યા. રુક્મિ સાધ્વીજી પણ પોતાની આલોચના મા કહ્યું ''એક વાર બોલતા સમયે મુઁહપત્તિનો ઉપયોગ નહીં રહ્યો. દસ-બાર કદમ ઈર્યાસમિતિના પાલનથી ચૂંકી ગઈ. બગીચામાં રહેલા મોહક ફૂલ પર દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. પ્રતિક્રમણમાં એક વાર એક કાઉસ્સગ્ગ બેઠા-બેઠા કર્યો.'' આ પ્રમાણે અનેક પ્રકારની આલોચનાઓ કરી. પરંતુ પોતાના રાગ-વિકારવાળી તે દૃષ્ટિની આલોચના કરી નહીં. આચાર્યશ્રીએ વારંવાર 'બીજું કઈ ? બીજું કઈ ?' એવું પૂછીને એમને યાદ દેવડાવવાની કોશિશ કરી. પરંતુ બધા પ્રયાસ નિષ્ફળ ગયા.

વારંવાર આચાર્યભગવંતના કહ્યા પછી પણ જ્યારે રુક્મિ સાધ્વીજી પાપ સ્વીકાર કરવા માટે તૈયાર ન થયા. ત્યારે અવધિજ્ઞાની મહર્ષિ કરુણાર્દ્ર હૃદયથી આચાર્યશ્રીએ આગળ કહ્યું ''વત્સે ! યાદ કરો જ્યારે તમે રાજા હતા ત્યારે આપણા બંનેની નજર મળી હતી. એ સમયે તમારા મનમાં વિકાર ભાવ પેદા થયો હતો.'' એ વખતે રુક્મિ સાધ્વીને બધી જાણકારી હતી જ કે બ્રહ્મચર્ય પાલન કરવામાં મેં એકવાર માનસિક ભૂલ કરી હતી. આ વાત પ્રગટ કરવા માટે એમનું મન તથા એમની જીભ તૈયાર નહોતી. અતઃ માયા ભરેલા શબ્દોમાં એમણે કહ્યું, ''નહીં ગુરુદેવ ! એ વખતે મારા મનમાં એવો કોઈ વિચાર નહોતો. મેં તો ફક્ત આપની પરીક્ષા કરવા માટે જ દેખાવો કર્યો હતો.'' બીજા લોકો ચાહે ગમે તે કહે પરંતુ જ્યાં સુધી વ્યક્તિ પોતે જ પોતાના પાપોનો સ્વીકાર ના કરે ત્યાં સુધી ગુરુભગવંત પણ તેમને તારી નહી શકે. આ વિચારીને આચાર્ય ભગવંતે ભવિતવ્યતા ઉપર છોડી દીધું.

પરિણામ ? આટલી ભવ્ય સાધના-આરાધના કરવાવાળી આત્માને પણ એક લાખ ભવ સુધી ભટકવું પડ્યું. કોઈ પણ વાત ગુરુની આગળ ક્યારેય ન છુપાવી શુદ્ધ આલોચના લેવી જોઈએ અથવા કરવી જોઈએ.

## અર્જુનમાલી

મગધ સમ્રાટ મહારાજા શ્રેણિકની રાજધાની રાજગૃહી નગરીની બહાર એક રમણીય ઉદ્યાન હતું. એમાં મુદ્‌ગરયક્ષનું એક મંદિર હતું. એ યક્ષનો પરમ ભક્ત હતો - અર્જુનમાલી તે રોજ પોતાની પત્ની બંધુમતિની સાથે એ યક્ષની પૂજા કરતો હતો.

એક દિવસ બંને પૂજા કરીને આવી રહ્યા હતા, ત્યારે ત્યાં ઉભા છઃ કામાંધ પુરુષોની નજર બંધુમતિ ઉપર પડી. નજર પડતાની સાથે જ એમની કામવાસના જાગૃત થઈ ગઈ અને તે બંધુમતિની

પાસે ગયા. અર્જુનમાલી એક અને સામે છઃ વ્યક્તિ હતા. એ એકલો કંઈ પણ કરવાની સ્થિતિમાં નહોતો. તેઓએ મળીને અર્જુનમાલીને સ્તંભથી બાંધી દીધો અને એની સામે જ બંધુમતિની સાથે કુચેષ્ટા કરવા લાગ્યા. આ દેખીને અર્જુનમાલી ગુસ્સામાં આવીને યક્ષને ધિક્કારવા લાગ્યો કે ''સાચે જ તમે પથ્થરના બનેલા લાગો છો. અન્યથા તમારા જ સ્થાન ઉપર થઈ રહેલા અનર્થને કેવી રીતે દેખી શકો છો ? આજ સુધી તમારી આટલી ભક્તિ કરી તેનું આ જ ફળ ?'' સંયોગવશ એ દેવે અવધિજ્ઞાનથી બધી સ્થિતિ જાણી લીધી. યક્ષે ગુસ્સે થયેલા અર્જુનમાલીના શરીરમાં પ્રવેશ કર્યો. યક્ષના બળથી અર્જુનમાલીએ બધા બંધન તોડી દીધા અને યક્ષની મૂર્તિના હાથથી મુદ્‌ગર લઈને ક્રોધાવેશમાં આવીને એ છઃઓને અને સાથે બંધુમતિને પણ મારી નાંખી. એનો ગુસ્સો એટલા હદ સુધી વધી ગયો કે એ જ વખતે પ્રતિજ્ઞા લીધી કે ''જ્યાં સુધી હું એક દિવસમાં છઃપુરુષો અને એક સ્ત્રીને મોતને ઘાટ નહીં ઉતારું ત્યાં સુધી ચેનથી બેસીશ નહી.'' અને હવે એ રોજ સાત લોકોને મારવા લાગ્યો. એનાથી આખી નગરીમાં હાહાકાર મચી ગયો. નગરવાસી જ્યાં સુધી સાત લોકોને મરી જવાની ખબર સાંભળતા ન હતા ત્યાં સુધી ઘરની બહાર નીકળતા ન હતા. આ ક્રમ છ મહિના સુધી ચાલતો રહ્યો.

એક દિવસ પ્રભુ મહાવીર સ્વામી રાજગૃહી ઉદ્યાનમાં પધાર્યા. રાજગૃહી નગરના સમ્યક્ત્વી શ્રાવક શ્રેષ્ઠી સુદર્શનને પ્રભુદર્શન કરવાની તીવ્ર ઇચ્છા થઈ. બધાએ ના પાડી છતાંએ એ નિડર થઈને પરમાત્માના દર્શનાર્થે નીકળી પડ્યા. રસ્તામાં શિકાર જોઈને અર્જુનમાલી ગુસ્સાથી લાલ બનીને એને મારવા માટે દોડ્યો. એણે પોતાની તરફ આવતા જોઈને શેઠ તરત જ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા થઈ ગયા અને જ્યાં સુધી ઉપસર્ગ ન ટળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરી દીધો. અર્જુનમાલી એમની પાસે આવ્યો. પરંતુ શ્રમણોપાસક, શ્રેષ્ઠિવર્ય સુદર્શનના કાઉસ્સગ્ગ ધ્યાનના પ્રભાવથી હિંસક યક્ષ અર્જુનમાલીનો દેહ છોડીને ભાગી ગયો.

અર્જુનમાલી બેહોશ થઈને નીચે પડ્યો. થોડા સમય પછી એને હોંશ આવ્યો. તે સુદર્શન શ્રેષ્ઠીના પગમાં પડ્યો. અને શ્રેષ્ઠીને પૂછ્યું ''તમે કોણ છો ? અને ક્યાં જાઓ છો ?'' ત્યારે શેઠે જવાબ આપ્યો. ''હું પ્રભુ વીરનો શ્રાવક છું. સમીપના ઉદ્યાનમાં વીર પ્રભુ પધાર્યા છે. હું એમના દર્શન માટે જઈ રહ્યો છું. તમે પણ મારી સાથે ચાલો તથા પ્રભુ દર્શનથી આત્માને પાવન બનાવો.'' અર્જુનમાલીને પોતાના કરેલા કુકાર્યોનો પશ્ચાતાપ થવા લાગ્યો. તે પ્રભુના દર્શનાર્થે ગયો. ત્યાં પ્રભુની દેશના સાંભળીને એમનું અંતઃકરણ વૈરાગ્યથી વાસિત થઈ ગયું. એમને પરમાત્માનાં ચરણોમાં સંયમ અંગીકાર કરીને એજ સમયે પોતાના જીવનમાં કરેલા ઘોરાતિઘોર પાપોંને પ્રભુ સમક્ષ પ્રગટ કર્યા. પોતાના કુકાર્યોના પ્રાયશ્ચિતના રૂપમાં જીવન પર્યંત છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાની પ્રતિજ્ઞા લીધી.

દીક્ષા પછી પારણાના દિવસે જ્યારે અર્જુનમાલી મુનિ ગોચરી વહોરવા જવા લાગ્યા ત્યારે લોકો કહેવા લાગ્યા કે ''આ હત્યારો છે. આને મારા પિતાને માર્યા'' આવી રીતે કોઈ માઁ, ભાઈ, બહેન, પુત્ર, પતિ વગેરેના ઘાતક બતાવીને એમને અપમાન ભરેલા શબ્દોથી ધિક્કારવા લાગ્યા. પરંતુ અર્જુનમાલી મુનિ ''આ બધું મારા કર્મોનું જ ફળ છે.'' આવું વિચારીને બધું જ સમતાપૂર્વક સહન કરવા લાગ્યા. આ પ્રમાણે પ્રચંડ સમતાભાવથી બધા ઉપસર્ગોને સહન કરી-કરીને એમણે છેલ્લે અનશન કરી સર્વ ઘાતિ કર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. છ મહિના સુધી રોજ સાત-સાત જીવોની હત્યા કરવાથી છ મહિનાના ૧૮૦ દિવસોમાં કુલ ૧૨૬૦ જીવોની હત્યા કરી. જેના પ્રાયશ્ચિતના રૂપમાં છ મહિના સુધી ઉત્કૃષ્ટ તપ કરીને છેલ્લે કેવલી બનીને મોક્ષમાં ગયા. ઘોરથી ઘોર પાપી પણ આ ભવમાં પ્રાયશ્ચિત કરી લેવાથી મોક્ષમાં જઈ શકે છે. આ માટે કરેલા પાપોની આ ભવમાં શુદ્ધ આલોચના કરી લેવી જોઈએ.

## ખંધક ઋષિ

જિતશત્રુ રાજા અને ધારિણી રાણીને ખંધક નામનો પુત્ર હતો. એક દિવસ ધર્મઘોષ મુનિની દેશના સાંભળીને એમના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયું. માતા-પિતાની આજ્ઞા લઈને એમણે સંયમ જીવન અંગીકાર કર્યો. આ સંસાર સાગરને અસ્થિર જાણીને ખંધક ઋષિ છઠ્ઠ-અઠ્ઠમાદિ ઉગ્ર તપની સાથે સમિતિ-ગુપ્તિનું પાલન કરતા વિચરી રહ્યા હતા. એક દિવસ એ એમની સાંસારિક બહેનનું સસુરાલ જે નગરમાં હતું, એ નગરમાં પધાર્યા. તે રાજમાર્ગથી નિકળી રહ્યા હતા. ત્યારે રાજમહેલના ઝરોખામાં બેઠેલી એમની બહેનની નજર મુનિવર ઉપર પડી. તેમને જોતાં જ પોતાના ભાઈમુનિને ઓળખી લીધા. ભાઈ મુનિની આવી કૃશ-કાયા દેખીને રાણીને બહુ દુઃખ લાગ્યું. એને વિચાર્યું ''ઓહ ! હું આટલી રાજભોગમાં મસ્ત છું અને મારા ભાઈની આવી સ્થિતિ છે.'' આવું વિચારીને રાણીની આંખોમાં આંસુ આવી ગયા. રાજાએ આ આખું દૃશ્ય જોઈ અનુમાન લગાવ્યું કે ''જરૂર આ મારી રાણીનો કોઈ જુનો પ્રેમી હશે.'' આનાથી રાજાને બહુ ગુસ્સો આવ્યો. એમણે તરત જ એમના સૈનિકોને બોલાવીને કીધું ''જાઓ, આ મુનિની ચામડી ઉતારીને મારી સામે લઈ આવો.''

રાજસેવક આજ્ઞાનું પાલન કરવા મુનિ પાસે ગયા અને એમને બધી વાતો જણાવી. આ સાંભળીને ક્ષમાના ભંડાર મુનિ આનંદ વિભોર થઈ ગયા. પોતાના કર્મોને તોડવા માટે સામેથી આવેલા નિમિત્તને એ એટલી સહજતાથી જવા દેવા માંગતા ન હતાં. એમણે રાજસેવકને કહ્યું કે ''ભાઈ, આપ સુખપૂર્વક આપના રાજાની આજ્ઞાનું પાલન કરો. ઘણા વર્ષો સુધી તપ-ત્યાગ કરવાથી આ કાયા કૃશ બની ગઈ છે. ચામડી ઉતારવામાં તમને થોડી તકલીફ તો થશે. પરંતુ હું મારી કાયાને

વોસિરાવી દઉં છું. તત્પશ્ચાત્ તમે જેવી રીતે કહો તે રીતે હું મારી કાયાને ઉલટ-પલટ કરી ને પણ આપણું કાર્ય પૂર્ણ કરીશ. છેલ્લે હું રાજા સહિત તમે બધાને પણ ખૂબ-ખૂબ ધન્યવાદ આપું છું કારણ તમે લોકો મારા કર્મોનો ક્ષય કરવામાં મારી આટલી મદદ કરી રહ્યા છો."

એમણે ચાર શરણ સ્વીકાર કર્યા. વિશ્વના બધા જીવોની સાથે ક્ષમાયાચના કરીને પોતાની કાયાને વોસિરાવીને ખંધક ઋષિ કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર ઊભા થઈ ગયા. અનિચ્છાથી રાજસેવકોએ પોતાનું કાર્ય શરૂ કર્યું. ચામડી ઉતારવાની અસહ્ય પીડાને એક તરફ મૂકીને ખંધક ઋષિ શુભ ધ્યાનમાં મગ્ન થઈ ગયા. ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને પોતાના ઘાતિ કર્મોનો ક્ષય કર્યો. એ જ ક્ષણે આયુષ્ય કર્મ પૂરું થઈ જવાના કારણે શેષ અઘાતિ કર્મોનો પણ ક્ષય કરી ખંધક મુનિ અંતકૃત્ કેવલી બનીને અનંત આનંદ વેદનના સ્થાન રૂપ સિદ્ધગતિને પ્રાપ્ત થયા. એજ સમયે ખૂનથી લથપથ એમની મુઁહપત્તિને માંસનું પિંડ સમજીને એક પક્ષી લઈને ઉડી રહ્યું હતું. અચાનક રાણી મહેલમાં જ્યાં ઉભી હતી ત્યાં જ એની ચોંચમાંથી મુઁહપત્તિ નીચે પડી ગઈ. રાણીએ એ મુઁહપત્તિને ઓળખી લીધી અને તરત રાજસેવકોને બોલાવીને બધી વાત પૂછી.

રાજસેવકોએ બધી વાત જણાવી. એના ભાઈ મુનિની આટલી નિર્દયી મોત સાંભળીને રાણી બેહોશ થઈ ગઈ. હોંશમાં આવતાં જ તે જોર-જોરથી રોવા લાગી. જ્યારે રાજાને સાચી વાતની જાણ થઈ ત્યારે એમનો પણ પશ્ચાતાપનો પાર ના રહ્યો. તે મુનિના દેહની પાસે જઈને વિચારવા લાગ્યા કે "ધિક્કાર છે મારા જીવનને, ધિક્કાર છે મારી આત્માને, મહાસમતાવાન આવાં મુનિને નિષ્કારણ જ આટલી નિર્દયતાપૂર્વક મારવાનો આદેશ આપ્યો. હે પ્રભુ ! મારી શું ગતિ થશે ? મને ક્યાં સ્થાન મળશે ?" આ પ્રમાણે પશ્ચાતાપની ધારા વહેવા લાગી તથા સંસારના સ્વરૂપને સમજીને રાજા-રાણી બંને સંયમ અંગીકાર કર્યો. પોતે કરેલા પાપોની આલોચના કરીને તે રાજા પણ પોતાના કર્મોને ક્ષય કરી કેવલી બનીને મોક્ષે ગયા. ધન્ય છે ખંધક ઋષિને ! જેમણે આટલો દુષ્કર પરિષહ સમતાભાવથી સહનકરીને સિદ્ધપદને પ્રાપ્ત કર્યું. ધન્ય છે એ રાજાને ! જેમણે ઋષિહત્યાના પ્રાયશ્ચિત્તમાં રાજવૈભવ છોડીને સંયમ જીવન અંગીકાર કર્યું તથા કેવલી બનીને કેટલાય જીવોનો કલ્યાણ કર્યું. જ્યાં પરમાત્માએ એકેન્દ્રિયાદિ જીવોની હત્યા માં પણ મહાપાપ બતાવ્યું છે. ત્યાં માત્ર પંચેન્દ્રિય જ નહીં, અપિતુ એક પંચમહાવ્રત ધારી મુનિની હત્યા કરવા બાવજૂદ પણ રાજાએ શુદ્ધ ભાવોથી આલોચના કરી સિદ્ધગતિ પ્રાપ્ત કરી લીધી. આનાથી આ સિદ્ધ થાય છે કે મોટામાંમોટા પાપની પણ શુદ્ધ આલોચના કરવા પર બધા પાપ ધોવાઈ જાય છે. પરંતુ એનાથી વિપરીત નાનામાં નાના પાપને પણ જો છુપાવીએ તો તે અતિ ભયંકર પરિણામ આપવાવાળું થઈ જાય છે. આવો એ પણ જોઈ લઈએ લક્ષ્મણા સાધ્વીજીના જીવન ચરિત્રના માધ્યમથી -

## લક્ષ્મણા રાજકુમારી

આ પ્રસંગ આજથી ૭૯ ચૌવીસી પહેલાનો છે. એ કાળમાં લક્ષ્મણા નામની એક રાજકુમારી હતી. પૂર્વ કૃત્ પાપ કર્મના ઉદયથી લગ્નમંડપમાં જ પતિનું મૃત્યુ થઈ ગયું. જેનાથી તે બાળ વિધવા થઈ ગઈ . તત્પશ્ચાત્ વૈધવ્યનું પાલન કરતાં થોડા સમય પછી પૂર્ણ રૂપે સંસારથી વિરક્ત થઈને એમને સંયમ જીવનનો સ્વીકાર કર્યો.

એક દિવસ લક્ષ્મણા સાધ્વીજી પરમાત્માની દેશના શ્રવણ કરવા જઈ રહ્યા હતા. એ સમયે રસ્તામાં કેટલીક ક્ષણ માટે ઈર્યાસમિતિનું પાલન કરવાનું ભૂલી જવાથી એમની નજર ઉપર ગઈ. ત્યાં તેમણે એક વૃક્ષ ઉપર ચકલા-ચકલીના યુગલને મૈથુન ક્રીડા કરતા જોયું. આ ક્રિયા જોઈને જ એમના મનમાં હલચલ મચી ગઈ. એમણે વિચાર્યું કે ''પરમાત્માએ સાધુ જીવનમાં મૈથુન સેવનની છૂટ કેમ નથી આપી ? અરે હાં ! હવે સમજમાં આવ્યું કે તીર્થંકર પ્રભુ છૂટ કઈ રીતે આપી શકે ? સ્ત્રી વેદ, પુરુષ વેદના ઉદયનું દુ:ખ તો એમને છે જ નહી. જો પરમાત્માએ વેદોદયના દુ:ખનો અનુભવ કર્યો હોત તો તે આની છૂટ જરૂર આપત.'' બીજી જ ક્ષણે એમનો વિચાર બદલાઈ ગયો. આટલા ભયંકર કુવિચારના થી લક્ષ્મણા સાધ્વીજીને પશ્ચાતાપ થવા લાગ્યો. એમણે એમના પાપને ધિક્કારીને વિચાર્યું કે, ''અરે મેં આ શું વિચાર કર્યો ? ભગવાન તો સર્વજ્ઞ છે, એમને ત્રણ કાળનું જ્ઞાન છે. વેદોદયની વેદનાનું સાક્ષાત્ અનુભવ કરે કે ના કરે એમાં એમને શું ફર્ક પડે ? વગર અનુભવના જ્ઞાનથી પણ તે બધુ જ જાણે છે. વેદોદયના દુ:ખની સાથે-સાથે એમણે એ પણ જોયું છે કે આ વેદોદયના આધીન થવાથી જીવ કેટલો દુ:ખી થાય છે ? એને કેટલા ભવોં સુધી ભટકવું પડે છે ? આ કારણથી અપાર કરુણા સાગર પરમાત્માએ આવી અશુભ ક્રિયાની છૂટ આપી નથી.''

લક્ષ્મણા સાધ્વીજીને હવે એમના કરેલા કાર્યો પર બહુ જ પશ્ચાતાપ થવા લાગ્યો. એમણે વિચાર્યું કે, ''મેં કેટલો અશુભ વિચાર કર્યો છે. મારી શું ગતિ થશે ? આજે અહીંયા સાક્ષાત્ પરમાત્મા દેશના આપી રહ્યા છે. હું ત્યાં જઈને મારી કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરીને મારી આત્માને પુનઃ વિશુદ્ધ કરી લઉ.'' પ્રાયશ્ચિત લેવાના વિચારથી સાધ્વીજીએ જેવો જ પગ ઉપાડ્યો કે એમના પગમાં કાંટો વાગ્યો. કાંટો વાગવો એક અપશુકન કહેવાય છે. એ માટે લક્ષ્મણા સાધ્વીજીનો વિચાર પાછો બદલાઈ ગયો. એમણે વિચાર્યું કે ''મારી છાપ આ જગતમાં મહાસતી, બાળ વિધવા અને ઉચ્ચ શીયલવતીના રૂપમાં છે. અને હું મારો આ વિચાર બધાની સામે પ્રગટ કરી દઉં તો લોકોમાં મારી કેટલી નિંદા થશે. હવે હું શું કરું ? પ્રાયશ્ચિત તો કરવાનું જ છે. પરંતુ મને પોતાને આવો વિચાર આવ્યો આ બતાવવાના બદલે હું પરમાત્માને એવું પૂછું કે કોઈને આવો વિચાર આવે તો શું પ્રાયશ્ચિત આવે ? તો મારું કાર્ય થઈ જશે અને પછી પરમાત્મા જે પ્રાયશ્ચિત આપશે તે હું કરી લઈશ.'' આવો નિર્ણય કરીને તે દેશના

સાંભળવા ગયા. દેશના પછી લક્ષ્મણા સાધ્વીજીએ પોતાના પાપનું પ્રાયશ્ચિત માયા કરીને બીજાના નામથી પૂછ્યું. ત્રિલોકગુરુ સર્વજ્ઞ પરમાત્મા તો જાણતા જ હતાં કે બીજાના નામથી લક્ષ્મણા સાધ્વીજી જે પૂછી રહી છે એ પોતાની જ વાત છે, પરંતુ પરમાત્મા મૌન રહ્યા. પ્રભુએ લક્ષ્મણા સાધ્વીજીને કંઈ પણ પૂછ્યું નહીં કે "આવી રીતે કેમ પૂછી રહી છે ? આ તો માયા છે." કારણ કે પરમાત્મા જાણતા હતા કે આ જીવની ભવિતવ્યતા જ એવી છે. હવે કોઈ પણ ઉપાય દ્વારા કંઈ પણ થવું અસંભવ છે. એટલે પરમાત્માએ એમને પ્રાયશ્ચિત પ્રદાન કર્યું.

લક્ષ્મણા સાધ્વીજીએ પ્રાયશ્ચિત તો તરત જ પૂરું કરી દીધું પરંતુ પ્રાયશ્ચિત લેતી વખતે કરેલી માયાની આલોચના એમણે ના કરી. એમની માયાના પાપને ધોવા માટે એ પોતે મનથી વધારે થી વધારે તપ કરવા લાગી. કુલ પચાસ વર્ષ સુધી એમને ઘોર તપ કર્યું. તે આ રીતે બે ઉપવાસના પારણે ત્રણ ઉપવાસ, ત્રણના પારણે ચાર ઉપવાસ, ચાર ઉપવાસના પારણે પાંચ ઉપવાસ આ પ્રકારનું ઉગ્રતપ કુલ ૧૦ વર્ષ સુધી કર્યું. પછી એક ઉપવાસના પારણે બે ઉપવાસના આ તપ બે વર્ષ સુધી કર્યું. પારણામાં પણ લુખી નીવિ કરી. એના પછી માત્ર શેકેલું અનાજ ખાઈને બે વર્ષ સુધી તપ કર્યો. તત્પશ્ચાત્ માસક્ષમણના પારણે માસક્ષમણ ૧૬ વર્ષ સુધી કર્યો અને એના પછી સતત આયંબિલનું તપ ૨૦ વર્ષ સુધી કર્યું. આવી રીતે ૫૦ વર્ષ સુધી ઘોર તપ કર્યો પછી પણ માયાની આલોચના ના લેવાના કારણે પાપનું પ્રાયશ્ચિત ના થયું.

આયુષ્ય પૂર્ણ કરીને લક્ષ્મણા નું જીવ વેશ્યાના ઘરે અતિ સુંદર દાસીના રૂપમાં ઉત્પન્ન થઈ. વેશ્યાના ઘરેથી ભાગીને છ મહિને સુધી એક શ્રેષ્ઠીના ઘરે જ રહી. શેઠાણીએ ઈર્ષ્યાના કારણે એને મારીને એના ટુકડે ટુકડા કરીને ગીધ વગેરે પક્ષીઓને ખવડાવી દીધા.

આના પછી બહુજ ભવ ભ્રમણ કરીને એ નરદેવ ચક્રવર્તીનું સ્ત્રી રત્ન બની. ત્યાંથી મરીને છટ્ઠી નરકમાં ગઈ. ત્યાંથી કુતરાની યોનિમાં ઉત્પન્ન થઈ. અનેકવાર જન્મ-મરણને પ્રાપ્ત કરીને નિર્ધન બ્રાહ્મણ બની. અનુક્રમે વ્યંતર, ફરી ત્યાં ૭ વર્ષ સુધી પાડો બની. ત્યાંથી નરક ગમન, મનુષ્ય-માછલી, અનાર્ય દેશમાં સ્ત્રી રૂપમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી મરીને છટ્ઠી નરકમાં ગઈ, ત્યાંથી કોઢ રોગવાળી મનુષ્ય બની, પછી પશુ-સાંપ વગેરે યોનિમાં ઉત્પન્ન થઈ. મરીને પાંચમી નરકમાં ગઈ. આ પ્રમાણે ચાર ગતિમાં પરિભ્રમણ કરીને લક્ષ્મણાનો જીવ આવવાવાળી ચૌવીસીના પહેલા તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામીના કાળમાં કોઈ ગામમાં કુબડી સ્ત્રી બનશે. ત્યાં કંઈક પુણ્યોદયના કારણે શ્રી પદ્મનાભ પ્રભુના દર્શન થશે. કર્મના વિપાકને જાણીને શુદ્ધ આલોચના કરીને સિદ્ધ પદ પ્રાપ્ત કરશે.

આ ચરિત્રથી એ સમજવા જેવું છે કે લક્ષ્મણા સાધ્વીજીએ આલોચના લીધી અને પ્રાયશ્ચિત પણ પૂર્ણ કર્યું. પરંતુ આલોચના કરતી વખતે કરેલી માયાની તેમણે પુનઃ આલોચના ના કરી. પરિણામ સ્વરૂપ એમને ૮૦ ચૌવીસી સુધી આ સંસાર સાગરમાં ભ્રમણ કરતા કરતા કેટલાય દુઃખોને સહન કરવો પડ્યો.






# મારો શું દોષ ?

**શું તમારી પતંગ મારા જીવનની પતંગ કાપશે ?**
**શું તમારો માંજો મારા મૃત્યુની ચિત્કારથી રંગાશે ?**
**શું તમારી મજા અમારા માટે મોતની સજા બનશે ?**
**ઓ ભાઈ ? શોખ માટે ક્રૂરતા ? ક્યારેય નહીં...?**

નિર્દોષ ! અબોલ ! અસહાય ! પશુ–પક્ષિઓએ તમારું શું બગાડ્યું છે...?
ઓ યુવાનો ! જરા આટલું તો વિચારો...



ફીરકી અને પતંગ લઈને ટેરેસ પર જતી વખતે જરા એટલું તો વિચારો કે હું શિકારી તો નથી ને ? જેવી રીતે શિકારી તીર–કમાન લઈને જંગલમાં શિકાર કરવા નીકળે છે. તેવી રીતે હું ફીરકી અને પતંગ લઈને ટેરેસ પર જાઉ છું. પતંગ ચગાવતા મારા માંજાથી કોઈ પક્ષીની ગર્દન તો નહીં કપાઈ જાય ને ? જો આવું હોય તો સમજો કે હું પણ એક સારા કુળનો શિકારી છું. ફરક માત્ર એટલો જ છે કે જંગલનો શિકારી પોતાના પેટ માટે જંગલમાં જઈને શિકાર કરે છે જ્યારે હું તો માત્ર મારા શોખ માટે ટેરેસ પર જઈ શિકાર કરી રહ્યો છું.

હે માનવ તું માત્ર એટલું જ વિચારજે કે ક્યાંક એ પક્ષીના ઈંડા અથવા બચ્ચાઓ પરવરીશ માટે માતાની રાહ જોતા તો બેઠા નહીં હોય, અથવા તે પક્ષીએ કદાચ ગર્ભ ધારણ તો નહીં કર્યો હોય ને ?

**આવો આપણે પતંગ નહીં ચગાવીને અબોલ પક્ષીઓની કબર ખોદવાના મહાપાપથી બચીએ...**

# તત્ત્વજ્ઞાન ૪

લવણ સમુદ્ર




1. ગૌતમ દ્વીપ
2. સૂર્ય દ્વીપ
3. ચન્દ્ર દ્વીપ
▲ વેલંધર પર્વત
▲ અનુવેલંધર પર્વત
પાતાલ કળશ
A હવા
B હવા-પાણી મિશ્ર
C પાણી
4 ૧૦,૦૦૦ યોજન પહોળી તથા ૧૬,૦૦૦ યોજન ઉંચી જળની શિખા



સ્નાત્રપૂજા

# તિર્છાલોકમાં દ્વીપ-સમુદ્ર

## લવણ સમુદ્ર

જમ્બૂદ્વીપના ચારેબાજુ ૨ લાખ યોજનનો લવણ સમુદ્ર છે. આના પાણીનો સ્વાદ મીઠા જેવો ખારો હોવાથી આનું નામ લવણ સમુદ્ર છે. એની અંદર મુખ્ય ચાર પાતાલકળશ છે. એ એક લાખ યોજન ઉંડા તેમજ વચ્ચે ૧ લાખ યોજન વિસ્તૃત છે. આ કળશોના ત્રણ ભાગ છે. એની નીચેના પ્રથમ ભાગમાં હવા છે, બીજા મધ્યભાગમાં હવા-પાણી મિશ્ર તેમજ ત્રીજા ઉપરના ભાગમાં માત્ર પાણી છે. એક દિવસમાં બે વખત પહેલા-બીજા ભાગની હવા શ્વાસની જેમ ઉંચી-નીચી થાય છે. એનાથી આખો સમુદ્ર ક્ષોભાયમાન થાય છે તથા સમુદ્રમાં જવાર-ભાટા (ભરતી) આવે છે.

લવણ સમુદ્રના મધ્યભાગમાં ૧૦,૦૦૦ યોજન પહોળી તેમજ ૧૬,૦૦૦ યોજન ઉંચી શિખા છે. હવાના ખળભળાટથી આ શિખા ૨ ગાઉ ઉંચી જાય છે એનાથી અધિક ઉંચી ન જાય એ માટે એને ૬૦,૦૦૦ દેવો રોકે છે. આ ખળભળાટને કારણે એ પાણી જમ્બૂદ્વીપમાં ન જવા દેવા ૪૨,૦૦૦ દેવો રોકે છે. તેમજ ૭૨,૦૦૦ દેવો ધાતકી ખંડમાં પાણીને જવાથી રોકે છે. ૪ પાતાળ કળશોની પાસે ૪ વેલંધર પર્વત છે તેમજ વિદિશામાં ૪ અનુવેલંધર પર્વત છે. આ આઠેય પર્વત ઉપર ૧-૧ શાશ્વત ચૈત્ય છે.

જમ્બૂદ્વીપથી પશ્ચિમમાં ૧૨ હજાર યોજન સમુદ્રમાં જવાથી ગૌતમદ્વીપ છે. ત્યાં લવણસમુદ્રના અધિષ્ઠાયક સુસ્થિત દેવ રહે છે. ગૌતમદ્વીપની બંને બાજુ ૨-૨ સૂર્ય દ્વીપ છે. આ જ રીતે પૂર્વમાં ચાર ચન્દ્ર દ્વીપ છે. શિખાની બીજી બાજુ ૮-૮ સૂર્ય તેમજ ચન્દ્ર દ્વીપ છે. અન્ય સમુદ્રોમાં પાતાળકળશ ન હોવાને કારણે જવાર ભાટા નથી આવતા.

જમ્બૂદ્વીપ તેમજ ધાતકીખંડથી લવણ સમુદ્રની શિખા તરફ ૯૫,૦૦૦ યોજન જવાથી ઉંડાણ વધતુ-વધતુ ૧૦૦૦ યોજન તેમજ જલની વૃદ્ધિ ૭૦૦ યોજન થાય છે. આના પછી ૧૦,૦૦૦ યોજનની પહોળી શિખા મૂળથી ૧૭,૦૦૦ તેમ સમભૂતલાથી ૧૬,૦૦૦ યોજન ઉંચી છે.

## ધાતકી ખંડ તથા અર્ધ પુષ્કરવર દ્વીપ

ધાતકી ખંડ તેમજ અર્ધ પુષ્કરવર દ્વીપ વલયાકારમાં છે તથા દક્ષિણ તેમજ ઉત્તરમાં રહેલા બે-બે ઈષુકાર (બાણના આકારવાળા) પર્વતથી પૂર્વ-પશ્ચિમ બે ભાગોમાં વિભક્ત છે. પુષ્કરવર દ્વીપની એ વિશેષતા છે કે એ ૧૬ લાખ યોજનનો હોવા છતાં પણ એના ઠીક મધ્ય ભાગમાં રહેલા માનુષોત્તર પર્વતથી આ દ્વીપ બે ભાગોમાં વહેંચાઈ જાય છે. માનુષોત્તર પર્વતથી આગળનો અડધો ભાગ મનુષ્ય ક્ષેત્ર ગણવામાં આવે છે. માટે પુષ્કરવર દ્વીપના પૂર્વ-પશ્ચિમ ૮-૮ લાખ યોજન સુધી જ મનુષ્ય ક્ષેત્ર છે. બાકી ક્ષેત્રાદિમાં મનુષ્યોનું જન્મ-મરણ વગેરે નથી હોતું.

બે ધાતકી ખંડ તેમજ બે પુષ્કરવર દ્વીપ આ ચારેયનું વર્ણન જમ્બૂદ્વીપની જેમ જ સમજવું. પરંતુ ફરક એટલું જ છે કે આ દ્વીપ વલયાકાર તેમજ જમ્બૂદ્વીપની અપેક્ષાથી મોટા-મોટા હોવાથી એમના વાસક્ષેત્રો તેમજ પર્વતો વગેરે બધી વસ્તુઓ ક્રમશઃ મોટી-મોટી તેમજ આકારમાં પણ થોડા ફરકવાળી છે.

## અઢી દ્વીપની કર્મ તથા અકર્મ ભૂમિઓ


જમ્બૂદ્વીપની કોઈપણ વસ્તુને ૫થી ગુણા કરવાથી અઢી દ્વીપની વસ્તુ પ્રાપ્ત થાય છે. જમ્બૂદ્વીપમાં ભરત, ઐરાવત તેમજ મહાવિદેહ આ ત્રણ કર્મભૂમિ છે તો અઢી દ્વીપમાં ૫ ભરત, ૫ ઐરાવત તેમજ ૫ મહાવિદેહ ક્ષેત્ર હોવાથી ૩ X ૫ = કુલ ૧૫ કર્મભૂમિઓ છે. જમ્બૂદ્વીપમાં ૬ અકર્મ ભૂમિ હોવાથી અઢીદ્વીપમાં ૬ X ૫ = ૩૦ અકર્મભૂમિ છે તથા ૫ મેરુપર્વત છે.

## મનુષ્ય લોક તથા સૂર્ય-ચન્દ્ર પંક્તિ

તિર્છાલોકમાં એકદમ વચ્ચે થાળીના આકારનો જમ્બૂદ્વીપ છે. એના પછી બધા જ દ્વીપ-સમુદ્રો વલયાકાર (બંગડીના આકાર)ના હોવાથી પૂર્વ-પશ્ચિમ બે ભાગોમાં વિભક્ત છે. કુલ અઢી-દ્વીપ પ્રમાણ એટલે કે ૪૫ લાખ યોજન વિસ્તૃત એવો મનુષ્ય લોક છે. આ અઢી દ્વીપમાં કુલ ૧૩૨ સૂર્ય તેમજ ૧૩૨ ચન્દ્ર છે.

| દ્વીપ-સમુદ્ર | સૂર્ય | ચન્દ્ર | દ્વીપ-સમુદ્રનું માપ |
|---|---|---|---|
| જમ્બૂદ્વીપ | ૨ | ૨ | ૧ લાખ યોજન |
| પૂર્વ લવણ સમુદ્ર | ૨ | ૨ | ૨ લાખ યોજન |
| પશ્ચિમ લવણ સમુદ્ર | ૨ | ૨ | ૨ લાખ યોજન |
| પૂર્વ ધાતકી ખંડ | ૬ | ૬ | ૪ લાખ યોજન |
| પશ્ચિમ ધાતકી ખંડ | ૬ | ૬ | ૪ લાખ યોજન |
| પૂર્વ કાલોદધિ સમુદ્ર | ૨૧ | ૨૧ | ૮ લાખ યોજન |
| પશ્ચિમ કાલોદધિ સમુદ્ર | ૨૧ | ૨૧ | ૮ લાખ યોજન |
| પૂર્વ અર્ધ પુષ્કરવર દ્વીપ | ૩૬ | ૩૬ | ૮ લાખ યોજન |
| પશ્ચિમ અર્ધ પુષ્કરવર દ્વીપ | ૩૬ | ૩૬ | ૮ લાખ યોજન |
| **૨$^{૧}/_{૨}$ દ્વીપ-સમુદ્ર રુપ મનુષ્ય ક્ષેત્રમાં કુલ** | **૧૩૨** | **૧૩૨** | **૪૫ લાખ યોજન** |

# લવણ સમુદ્ર


લવણ સમુદ્રમાં ગોતીર્થ અને જલવૃદ્ધિનો દેખાવ
ધાતકી ખંડ
← ૧૦૦૦૦યો. →
૧૬૦૦૦ યો. ઊંચી જલશિખા
૧૫ હજાર યોજન અંતર
૧૫ હજાર યોજન અંતર
૭૦૦ યો. જલવૃદ્ધિ
૧૦૦૦૦યો. ઊંડાઈ
← ૧૦૦૦ યો. →


લવણ સમુદ્રમાં શિખાનો દેખાવ
૧૬૦૦૦ યો.
જલ શિખા
૧૦૦૦૦ યો.
પહોળાઈ
જંબૂદ્વીપ
સં. ય. વિ.
લવણ સમુદ્ર

# અઢી દ્વીપ







# નંદીશ્વર દ્વીપ

**સૂર્ય-ચન્દ્રની પંક્તિ :** અઢીદ્વીપમાં ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચન્દ્ર સામ-સામે ૬૬-૬૬ની પંક્તિમાં ચાલે છે. લવણ સમુદ્રના ચન્દ્ર-સૂર્ય ઉદક સ્ફટિક રત્નથી બનેલા છે. જેનાથી ૧૬,૦૦૦ યોજન ઉંચી શિખાની વચ્ચેથી જ્યારે એ ચાલે છે ત્યારે એના પ્રભાવથી પાણી એમને ચાલવા માટે માર્ગ આપે છે. તથા એ વિમાનોની કાંતિ વગેરેને ક્ષતિ થતી નથી.

**અઢી દ્વીપ**




**કાલોદધિ સમુદ્ર :** આ સમુદ્ર ધાતકી ખંડ પછી આવે છે. આ સમુદ્રનું પાણી કાળું હોવાથી એનું નામ કાલોદધિ છે. ધાતકી ખંડની જગતિ (સીમા)થી ૧૨,૦૦૦ યોજન પૂર્વ-પશ્ચિમ દિશામાં જવાથી ગૌતમ દ્વીપના જેવો અહીંના અધિષ્ઠાયક કાલ-મહાકાલ દેવના સ્થાન છે. કાલોદધિની જગતિથી ૧૨,૦૦૦ યોજન અંદર જવાથી કાલોદધિના ૪૨ સૂર્ય તથા ૪૨ ચન્દ્રના દ્વીપ છે. આ સમુદ્રમાં પાતાલ કળશ વગેરે કંઈજ નથી. આ સમુદ્રના પાણીનો સ્વાદ વરસાદના પાણી જેવો હોય છે.

## મનુષ્ય લોકની બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્ર

માત્ર મનુષ્યલોકમાં જ મનુષ્યોનું જન્મ-મરણ થાય એની બહાર રુચક દ્વીપ સુધી ચારણ મુનિઓનું તથા વિદ્યાધરોનું ગમનાગમન છે, પરંતુ ત્યાં કોઈનું જન્મ-મૃત્યુ થતું નથી. વ્યવહાર સિદ્ધ, કાલ, અગ્નિ, ચન્દ્ર - સૂર્યાદિનું પરિભ્રમણ, ઉત્પાત સૂચક ગાંધર્વ નગર વગેરે પદાર્થ અઢી દ્વીપની બહાર નથી હોતા.

પુષ્કરવર દ્વીપ પછી સાદાપાણીવાળું તથા ૩૨ લાખ યોજન વિસ્તારવાળું પુષ્કરવર સમુદ્ર છે. એના પછીના દ્વીપસમુદ્ર આ પ્રમાણે છે.

| સંખ્યા | દ્વીપ | યોજન | સમુદ્ર | યોજન | પાણીનો સ્વાદ |
|---|---|---|---|---|---|
| ૪ | વારુણીવર | ૬૪ લાખ | વારુણીવર | ૧૨૮ લાખ | દારૂ જેવું ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |
| ૫ | ક્ષીરવર | ૨૫૬ લાખ | ક્ષીરવર | ૫૧૨ લાખ | દૂધ જેવું ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |
| ૬ | ઘૃતવર | ૧૦૨૪ લાખ | ઘૃતવર | ૨૦૪૮ લાખ | ઘી જેવું ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |
| ૭ | ઇક્ષુવર | ૪૦૯૬ લાખ | ઇક્ષુવર | ૮૧૯૨ લાખ | ઇક્ષુ (શેરડી)ના રસ જેવુ ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |
| ૮ | નંદીશ્વર | ૧૬૩૮૪ લાખ | નંદીશ્વર | પૂર્વ-પૂર્વના | ઇક્ષુ (શેરડી)ના રસ જેવુ ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |
| ૯ | અરુણ | પૂર્વ-પૂર્વના | અરુણ | દ્વીપથી | ઇક્ષુ (શેરડી)ના રસ જેવુ ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |
| ૧૦ | કુંડલ | સમુદ્રથી | કુંડલ | બમણું | ઇક્ષુ (શેરડી)ના રસ જેવુ ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |
| ૧૧ | રુચક | બમણું | રુચક | કરવું | ઇક્ષુ (શેરડી)ના રસ જેવુ ઇલાયચી વગેરે સુગંધી દ્રવ્યથી મિશ્રિત |

**કામલી કાળ :** જંબૂદ્વીપથી અસંખ્ય - દ્વીપ સમુદ્ર ઓળંગ્યા પછી અરુણવર સમુદ્ર આવે છે. એના વચ્ચમાંથી એકદમ કાળો તેમજ પાણીના જીવોથી બનેલો **તમસ્કાય** નીકળે છે. જે ત્યાંથી નીકળીને ૩½ રાજ ઉંચા બ્રહ્મ દેવલોક સુધી પહોંચે છે. આ જ્યાંથી જાય છે તે બધી જગ્યા કાળી બની જાય છે. ભયના અવસરે દેવતા આ જગ્યાઓમાં છુપાઈ જાય છે. બ્રહ્મ દેવલોકથી પછી નીચે પડતો આ તમસ્કાય આપણા ભરતક્ષેત્ર વગેરે જગ્યાઓમાં પણ આવે છે. આ અપ્‌કાયના જીવો છે. દિવસમાં સૂર્યના તાપથી સુકાઈ જવાને કારણે આ જીવો આપણા સુધી પહોંચતા નથી પરંતુ સંધ્યા સમયે અને રાત્રે આ જીવોની રક્ષા માટે કામળી ઓઢવી જોઈએ.

દુનિયામાં જેટલા પણ શુભ નામ છે એ બધા નામવાળા અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. અંતિમ પાંચ દ્વીપ ક્રમશઃ દેવ,નાગ,યક્ષ,ભૂત તેમજ સ્વયંભૂરમણ નામવાળા છે. આ પાંચ નામવાળા દ્વીપ સમુદ્ર ૧-૧ જ છે. અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર બંને તરફ લગભગ પા-પા રાજ = કુલ ½ રાજલોકમાં વ્યાપ્ત છે. આ સમુદ્ર સાદા પાણીના સ્વાદવાળો છે. અન્ય બધા સમુદ્રોના પાણીનો સ્વાદ સુગંધી દ્રવ્યોથી મિશ્રિત ઈક્ષુરસના જેવો છે. એમાંથી લવણ સમુદ્રમાં ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજનવાળા, કાલોદધિમાં ૭૦૦ યોજનવાળા તેમજ સ્વયંભૂરમણ સમુદ્રમાં ૧૦૦૦ યોજનવાળા મત્સ્ય હોય છે. આ સમુદ્રોમાં મત્સ્ય બહુ જ હોય છે. અન્ય સમુદ્રોમાં અલગ-અલગ માપવાળા તેમજ ઓછા મત્સ્ય હોય છે. સ્વયંભૂરમણ સમુદ્રની માછલીઓ નળીયુ તેમજ બંગડી આ બે સિવાય બધા આકારવાળી હોય છે. અરિહંતના આકારવાળા મત્સ્યને જોઈને ઘણા મત્સ્યને જાતિ સ્મરણજ્ઞાન પણ થઈ જાય છે.

અઢી દ્વીપની બહાર કેટલાક પંખી એવા છે જે ઉડતા હોય કે બેઠા હોય ત્યારે એમની પાંખો ખુલી જ રહે છે અને કેટલાક પંખીની પાંખો ઉડતા કે બેઠા હોય ત્યારે બંધ જ રહે છે. ઉપર વૈમાનિક દેવોના વિમાન દેવ દ્વીપની ઉપરથી શરૂ થઈને સ્વયંભૂરમણ સમુદ્રની ઉપર સુધી રહેલા છે.

| | | |
|---|---|---|
| અઢી દ્વીપની બહાર ભમરો | - | ૧ યોજનનો |
| કાનખજૂરો | - | ૩ ગાઉનો |
| શંખ | - | ૧૨ યોજનનો હોય છે. |

## નંદીશ્વર દ્વીપના બાવન જિનાલય

આઠમું નંદીશ્વર દ્વીપ અતિરમણીય છે. **આ દ્વીપમાં જગ્યા-જગ્યાએ** પદ્મવર વેદિકા, સર્વરત્નના ઉત્પાદ પર્વત, સુંદર વાવડીઓ, **બગીચા વગેરે છે.**

**બાવન જિન મંદિર - આ દ્વીપની ચારે દિશાઓમાં** અંજનરત્નના બનેલા અતિસુંદર ૪ અંજનગિરિ પર્વત છે. એક-**એક અંજનગિરિની** ચારે બાજુ ૪-૪ ગોળાકારવાળી સુંદર વાવડીઓ છે. આ વાવડીઓના મધ્ય **ભાગમાં ઉલ્ટા** પ્યાલાના આકારવાળા સફેદ વર્ણના સ્ફટિક રત્નના દધિમુખ પર્વત છે. અર્થાત્ ૪ x ૪ = **૧૬ દધિ**મુખ પર્વત થયા.

એક-એક દધિમુખ **પર્વતની** બંને બાજુ એક-એક રતિકર પર્વત છે. એટલે કે ૧૬ x ૨ = ૩૨ રતિકર પર્વત થયા.

| | | |
|---|---|---|
| ૪ અંજનગિરિ ઉપર | - | ૪ શા. જિનાલય છે. |
| ૧૬ દધિમુખ પર્વત ઉપર | - | ૧૬ શા. જિનાલય છે. |
| ૩૨ રતિકર પર્વત ઉપર | - | ૩૨ શા. જિનાલય છે. |
| કુલ | - | ૫૨ શા. જિનાલય છે. |

તીર્થંકરોના કલ્યાણકના દિવસોમાં તેમજ શાશ્વતી અઠ્ઠાઈઓમાં ચારે નિકાયના દેવ નંદીશ્વર દ્વીપમાં મહોત્સવ કરે છે. તેમજ નંદીશ્વર દ્વીપની ચાર વિદિશામાં ૪-૪ રાજધાનીઓ છે. કુલ ૧૬ રાજધાનીઓમાં ૧૬ શાશ્વત ચૈત્ય છે. આ રાજધાનીઓ ૮ સૌધર્મેન્દ્રની પટરાણીઓની તેમજ ૮ ઈશાનેન્દ્રની પટરાણીઓની છે.

# તિર્ચ્છાલોકમાં શાશ્વત ચૈત્ય

| | | | |
|---|---|---|---|
| જમ્બૂદ્વીપમાં | | = ૬૩૫ ચૈ. | આ અઢી દ્વીપના ચૈત્ય |
| પૂર્વધાતકી ખંડમાં | - ૬૩૫ | | ત્રણ દરવાજાવાળા હોવાથી |
| પશ્ચિમધાતકી ખંડમાં | - ૬૩૫ | = ૧૨૭૨ ચૈ. | ૧૨૦ પ્રતિમા વાળા હોય છે. |
| બે ઈષુકાર પર્વત ઉપર | - ૨ | | ત્રણ દરવાજાના ૧૨ પ્રતિમાજી |
| પૂર્વ પુષ્કરવર દ્વીપમાં | - ૬૩૫ | | મધ્યના ૧૦૮ પ્રતિમાજી |
| પશ્ચિમ પુષ્કરવર દ્વીપમાં | - ૬૩૫ | = ૧૨૭૨ ચૈ. | ૧૨૦ પ્રતિમાજી |
| બે ઈષુકાર પર્વત ઉપર | - ૨ | | |
| અઢીદ્વીપમાં કુલ | | = ૩૧૭૯ ચૈ. | ૩૧૭૯ x ૧૨૦ = ૩૮૧૪૮૦ પ્રતિમાજી |

| | | |
|---|---|---|
| માનુષોત્તર પર્વત ઉપર ચાર દિશામાં | - ૪ ચૈ. | આ અઢી દ્વીપની બહાર |
| નંદીશ્વર દ્વીપમાં સૌધર્મેન્દ્ર ની ૮ તેમજ ઈશાનેન્દ્રની ૮ | | ૧૨૦ પ્રતિમાવાળા ચૈત્ય છે. |
| કુલ ૧૬ ઈન્દ્રાણીની રાજધાનીમાં | - ૧૬ ચૈ. | ૨૦ x ૧૨૦ = ૨૪૦૦ પ્રતિમાજી |
| | - ૨૦ ચૈ. | |

| | | |
|---|---|---|
| નંદીશ્વર દ્વીપના | - ૫૨ ચૈ. | અઢી દ્વીપની બહાર |
| કુણ્ડલ દ્વીપની ૪ દિશામાં | - ૪ ચૈ. | આ ચૈત્ય ૪ દરવાજાવાળા |
| રુચક દ્વીપની ૪ દિશામાં | - ૪ ચૈ. | હોવાથી ૧૨૪ પ્રતિમાજીવાળા છે. |
| કુલ | - ૬૦ ચૈ. | ૬૦ x ૧૨૪ = ૭૪૪૦ પ્રતિમાજી |

| તિર્ચ્છાલોકમાં કુલચૈત્ય | કુલ પ્રતિમાજી |
|---|---|
| ૩૧૭૯ | ૩૮૧૪૮૦ |
| ૨૦ | ૨૪૦૦ |
| ૬૦ | ૭૪૪૦ |
| ૩૨૫૯ | ૩૯૧૩૨૦ |

લવણ સમુદ્રના વેલંધર તેમજ અનુવેલંધર પર્વતના શા.ચૈ. પણ તિર્ચ્છાલોકમાં જ છે, પરંતુ એની અહીંયા વિવક્ષા નથી કરી.

## ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકર

એક ચોવીશીમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, તેમજ ૯ પ્રતિવાસુદેવ આ પ્રમાણે ૬૩ શલાકા પુરુષ હોય છે. તથા ૯ નારદ તેમજ ૧૧ રુદ્ર પણ હોય છે. ચક્રવર્તીને જીતવા યોગ્ય ૬ ખંડવાળી વિજય કુલ ૧૭૦ છે. એ આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| જમ્બૂદ્વીપના મહાવિદેહની ૩૨ વિજય, ૧ ભરત તેમજ ૧ ઐરાવતની | = | ૩૪ વિજય |
| પૂર્વધાતકી ખંડના મહાવિદેહની ૩૨ વિજય, ૧ ભરત તેમજ ૧ ઐરાવતની | = | ૩૪ વિજય |
| પશ્ચિમધાતકી ખંડના મહાવિદેહની ૩૨ વિજય, ૧ ભરત તેમજ ૧ ઐરાવતની | = | ૩૪ વિજય |
| પૂર્વ પુષ્કરાર્ધના મહાવિદેહની ૩૨ વિજય, ૧ ભરત તેમજ ૧ ઐરાવતની | = | ૩૪ વિજય |
| પશ્ચિમ પુષ્કરાર્ધના મહાવિદેહની ૩૨ વિજય, ૧ ભરત તેમજ ૧ ઐરાવતની | = | ૩૪ વિજય |
| કુલ | = | ૧૭૦ વિજય |

એક વિજયમાં એક સાથે બે તીર્થંકર નથી હોતા. માટે જ્યારે આ બધી વિજયોમાં ૧-૧ તીર્થંકર હોય છે, ત્યારે ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકર એક સાથે વિચરતા મળે છે, તે વખતે ઉત્કૃષ્ટથી કેવલી ભગવંત ૯ કરોડ તેમજ ૯૦ અબજ સાધુ ભગવંત હોય છે. વર્તમાનમાં ૫ મહાવિદેહની ૪-૪ વિજયોમાં કુલ ૫ X ૪ = ૨૦ તીર્થંકર પરમાત્મા જઘન્યથી વિચરી રહ્યાં છે. તથા કેવલજ્ઞાની ૨ કરોડ તેમજ ૨૦ અબજ સાધુ ભગવંત વિચરી રહ્યા છે.


ચક્રવર્તી તેમજ વાસુદેવ એક સાથે એક ક્ષેત્રમાં હોઈ શકતા નથી. માટે જ્યારે ચક્રવર્તી ઉત્કૃષ્ટ થી ૧૫૦ હોય છે, ત્યારે વાસુદેવ જઘન્યથી ૨૦ હોય છે અને જ્યારે વાસુદેવ ઉત્કૃષ્ટથી ૧૫૦ હોય છે. ત્યારે ચક્રવર્તી જઘન્યથી ૨૦ હોય છે. મહાવિદેહમાં હંમેશા ચોથો આરો હોવાથી જે વિજયોમાં તીર્થંકર નથી ત્યાંથી પણ મોક્ષગમન ચાલુ છે.

## મોક્ષ ગમનની પ્રક્રિયા

૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યલોકના કોઈપણ જગ્યાએથી જીવ મોક્ષે જઈ શકે છે. જ્યાંથી જીવ મુક્ત બંને છે તે જ આકાશ શ્રેણીથી લોકાગ્રભાગમાં જઈને જીવ અનંતકાળ સુધી સિદ્ધશીલાની ઉપર રહે છે. આ સિદ્ધશીલા ઠીક મનુષ્યલોકની ઉપર લોકાગ્રથી ૧ યોજનની દૂરી પર છે. 'ઇષદ્પ્રાગ્ભાર' નામની આ સિદ્ધશીલા ૪૫ લાખ યોજનવાળી તેમજ અર્ધ મોસંબીના આકાર જેવી ગોળ છે. વચ્ચમાં આઠ યોજન જાડાઈવાળી તેમજ ઘટતી-ઘટતી માખીના પાંખ જેટલી કિનારી પર પતલી છે.

ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષની તેમજ જઘન્યથી ૨ હાથની કાયાવાળા જીવ મોક્ષમાં જઈ શકે છે. આપના શરીરમાં $^{1}/_{3}$ ભાગ પોલાણ છે. મોક્ષમાં જતી વખતે આ પોલાણ ભાગ આત્મપ્રદેશોથી

ભરાઈ જાય છે તેથી શરીરના ૨/૩ ભાગમાં આત્મપ્રદેશ સમાઈ જાય છે. અર્થાત્ ૫૦૦ ધનુષવાળા શરીરની આત્મા ૩૩૩૧/૩ ધનુષ જેટલી થઈ જાય છે, આ અનિશ્ચિત આકાર છે.




| | | |
|---|---|---|
| A-B | = | ૪૫ લાખ યોજન |
| E-F | = | એક રાજલોક |
| A-C | = | ૩૩૩ ૧/૩ ધનુષ |
| G-H | = | ૪૫ લાખ યોજન |
| I-J | = | ૮ યોજન |
| C-G | = | ૩ ગાઉ. ૧૬૬૭ ધનુષ્ય |
| A-G | = | ૧ યોજન |
| K-L | = | ૪૫લાખયોજન મનુષ્ય લોક |

## આત્માના ઉર્ધ્વગમનના હેતુ તેમજ ઉપમા -

(૧) **પૂર્વ પ્રયોગ :** હાથથી ફેંકેલા દડાની જેમ કર્મ મુક્ત આત્મા ઉંચે જાય છે.

(૨) **બંધચ્છેદ :** બંધનમુક્ત બનેલા કપાસની જેમ કર્મબંધનથી મુક્ત આત્મા ઉંચે જાય છે.

(૩) **અસંગ :** માટીના લેપથી મુક્ત તુંબડાની જેમ કર્મમુક્ત આત્મા ઉંચે જાય છે.

(૪) **તથાગતિ પરિણામ :** આત્માનો સ્વભાવ ઉર્ધ્વગમન હોવાથી આત્મા ઉંચે જાય છે.

આ ચાર કારણોથી આત્મા ઉર્ધ્વગમન કરે છે. એક સમયમાં ૭ રાજનું અંતર કાપીને લોકાગ્ર ભાગ સુધી અસ્પૃશદ્ ગતિથી પહોંચે છે. આગળ ધર્માસ્તિકાય ન હોવાને કારણે લોકાગ્ર ભાગમાં સ્થિર બને છે. જેમ જ્યોતમાં જ્યોત મળે છે તેમ એક જ સ્થાનમાં અનંત આત્માઓ રહે છે. આ મુક્ત આત્મા લોકાગ્રમાં અદ્ધર રહેલી છે. કેમકે સિદ્ધશીલા તો લોકાગ્રથી ૧ યોજન = ૮૦૦૦ ધનુષ દૂર છે. એમાં ઉપરના ૩૩૩ ૧/૩ ધનુષ ભાગમાં આત્મા રહે છે. અર્થાત્ સિદ્ધના જીવ સિદ્ધશીલાથી ૩ ગાઉ ૧૬૬૭ ધનુષની દૂરી પર છે.

જીવ પ્રતિ સમય મોક્ષમાં જઈ શકે છે. વધારેમાં વધારે ૬ મહિનાનું અંતર થઈ શકે છે. અર્થાત્ ૬ મહિનામાં તો એક જીવ અવશ્ય મોક્ષમાં જાય જ વન, નદી, મેરુપર્વત, સમુદ્ર વગેરે અઢી દ્વીપના પ્રત્યેક ભાગથી અનંત આત્માઓ મોક્ષે ગઈ છે. અઢી દ્વીપમાં એવું કોઈ સ્થાન નથી, જ્યાંથી અનંત જીવો મોક્ષે ગયા ન હોય.

**પ્ર. લવણ વગેરે સમુદ્ર, વન, અકર્મ ભૂમિ તેમજ કેવલજ્ઞાન વિચ્છેદ થયા પછી કર્મભૂમિમાંથી જીવ મોક્ષે કેવી રીતે જઈ શકે છે ?**

ઉ. પૂર્વભવના દ્વેષ વગેરેને કારણે કોઈ દેવ કોઈ મનુષ્યનું કે કેવલીનું સંહરણ કરી એને લવણ સમુદ્રમાં કે વન વગેરેમાં છોડી દે તો ત્યાંથી પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ મોક્ષમાં જઈ શકે છે. આમ તો આવું ક્યારેક ક્યારેક જ બને છે. પરંતુ અનંતકાળમાં અનંતવાર એવું બની જાય છે. માટે એક-એક સ્થાનથી અનંત જીવ મોક્ષમાં ગયા છે.

**પ્ર. શત્રુંજયના એક-એક કાંકરે અનંતજીવ મોક્ષમાં ગયા છે, એવું કહેવાય છે અને આપ તો સર્વસ્થાનથી અનંતજીવ મોક્ષમાં ગયા છે, એવું કહો છો તો આનું તાત્પર્ય શું સમજવું ?**

ઉ. સર્વસ્થાનથી અનંત જીવ મોક્ષમાં ગયેલા જ છે, છતાં પણ શત્રુંજય પર્વતનું એવું મહાત્મ્ય છે કે અન્ય સ્થળોમાંથી જેટલા મોક્ષમાં ગયેલા છે એનાથી પણ અનેકગુણા વધારે શત્રુંજયથી મોક્ષમાં ગયેલા છે.

**પ્ર. નિરંતર કેટલા સમય સુધી કેટલા જીવ એકસાથે મોક્ષમાં જઈ શકે છે ?**

ઉ. એક સાથે ૧ થી ૩૨ સુધીની સંખ્યામાંથી જો જીવમોક્ષમાં જાય તો નિરંતર ૮ સમય સુધી મોક્ષમાં જઈ શકે છે.

ઉદા. જેમ પૂરા અઢી દ્વીપમાંથી ક્યાંયથી પણ કુલ મળીને માનો કે ૧૫ જીવ મોક્ષમાં ગયા તો બીજા સમયમાં ૨૨, ત્રીજા સમયમાં ૫, ચોથા સમયમાં ૩૨, પાંચવાં સમયમાં ૨૦, છઠ્ઠા સમયમાં ૨૭, આઠમા સમયમાં ૧ જીવ મોક્ષમાં ગયા. આ રીતે ૧ થી ૩૨ સંખ્યાવાળા જીવ નિરંતર ૮ સમય સુધી મોક્ષમાં જઈ શકે છે. આના પછી ૧ સમયનું અવશ્ય અંતર પડશે જ એટલે કે એના પછીના નવમા સમયમાં કોઈપણ જીવ મોક્ષમાં જશે જ નહી. પરંતુ દસમા સમયમાં ફરીથી મોક્ષમાં જઈ શકે છે. આ રીતે ૩૩ થી ૪૮ સંખ્યાવાળા જીવ નિરંતરથી ૭ સમય સુધી મોક્ષમાં જઈ શકે છે. એના પછી અવશ્ય એક સમયનો અંતર પડશે જ તેવી જ રીતે ૬ સમય વગેરેમાં કેટલા જીવ નિરંતર મોક્ષમાં જઈ શકે છે તે નિમ્ન તાલિકાથી જાણી શકાય છે.

| કેટલા સમય સુધી નિરંતર | કેટલા જીવ | કેટલા સમય સુધી નિરંતર | કેટલા જીવ |
|---|---|---|---|
| ૮ સમય સુધી | ૧ થી ૩૨ જીવ | ૪ સમય સુધી | ૭૩ થી ૮૪ જીવ |
| ૭ સમય સુધી | ૩૩ થી ૪૮ જીવ | ૩ સમય સુધી | ૮૫ થી ૯૬ જીવ |
| ૬ સમય સુધી | ૪૯ થી ૬૦ જીવ | ૨ સમય સુધી | ૯૭ થી ૧૦૨ જીવ |
| ૫ સમય સુધી | ૬૧ થી ૭૨ જીવ | ૧ સમય સુધી | ૧૦૩ થી ૧૦૮ જીવ |


## ૧ સમયમાં એક સાથે કેટલા સિદ્ધ થાય છે ? એનું કોષ્ટક

| | | | |
|---|---|---|---|
| ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષની ઉંચાઈવાળા | ૨ | કર્મભૂમિમાં સંહરણથી | ૧૦ |
| પાંડુક વનમાંથી | ૨ | અવસર્પિણીના ૧,૨,૩,૬ આરામાં સંહરણથી | ૧૦ |
| સમુદ્રમાંથી | ૨ | ઉત્સર્પિણીના ૧,૨,૪,૫,૬, આરામાં સંહરણથી | ૧૦ |
| દ્રહ અને નદીઓમાંથી | ૩ | તીર્થ સ્થાપનાની પૂર્વે | ૧૦ |
| ૨ હાથની ઉંચાઈવાળા | ૪ | ૧-૧ વિજયમાંથી | ૨૦ |
| ઉર્ધ્વલોકમાંથી | ૪ | અવસર્પિણીના પાંચમાં આરામાં | ૨૦ |
| નંદન, ભદ્રશાલ, સોમનસ વનમાંથી | ૪ | તીર્થંકર સિદ્ધ | ૨૦ |
| પૃથ્વી તેમજ અપ્કાયમાંથી આવેલા | ૪ | અધોલોકના અધોગ્રામથી | ૨૦ |
| વનસ્પતિમાંથી આવેલા | ૬ | તિર્ચ્છાલોકમાંથી | ૧૦૮ |
| નરકમાંથી આવેલા | ૬ | પુરુષમાંથી પુરુષ બનીને | ૧૦૮ |
| પુરુષમાંથી આવેલા | ૧૦ | કર્મભૂમિમાંથી | ૧૦૮ |
| પુરુષમાંથી સ્ત્રી બનીને | ૧૦ | ઉત્સર્પિણીના ત્રીજા આરામાંથી | ૧૦૮ |
| પુરુષમાંથી નપુંસક બનીને | ૧૦ | અવસર્પિણીના ચોથા આરામાંથી | ૧૦૮ |
| સ્ત્રીમાંથી પુરુષ બનીને | ૧૦ | તીર્થસ્થાપનાની પછી | ૧૦૮ |
| અકર્મભૂમિમાં સંહરણથી | ૧૦ | દેવગતિમાંથી આવેલા | ૧૦૮ |

## પરભવમાં જતા જીવની ગતિ

**જીવ બે ગતિથી પરભવમાં જાય છે.**

**(૧) ઋજુગતિ** : મરણ સ્થાનની સમશ્રેણીમાં જ જો ઉત્પત્તિ સ્થાન હોય તો જીવ એક સમયમાં જ પરભવમાં પહોંચી જાય છે. આ રીતે સમશ્રેણીથી ગમન કરવું એ ઋજુગતિ છે.




૧. ઋજુગતિ
૨. એક સમયની વિગ્રહ ગતિ
૩. બે સમયની વિગ્રહ ગતિ
૪. ત્રણ સમયની વિગ્રહ ગતિ
૫. ચાર સમયની વિગ્રહ ગતિ

**( દ) વિગ્રહ ગતિ** : જ્યારે મરણ સ્થાનની અપેક્ષા જન્મસ્થાન અન્ય શ્રેણીમાં હોય, ત્યારે જીવને વચ્ચે વળાંક લેવો પડે છે. આનુપૂર્વી કર્મનો ઉદય જીવને વળાંક લેવામાં સહાયક બને છે. આ વિગ્રહગતિ જઘન્યથી ૧ સમયની તેમજ ઉત્કૃષ્ટથી ચાર સમયની હોય છે.

**(૧) એક સમયની વિગ્રહ ગતિ :** ત્રસ નાડીમાં રહેલો જીવ પ્રથમ સમયમાં પ્રથમ વળાંક લઈને બીજા સમયમાં કોઈપણ દિશામાં ઉત્પન્ન થાય છે.

**(૨) બે સમયની વિગ્રહ ગતિ** : પહેલા સમયમાં ત્રસ નાડીના બહારની દિશામાંથી અંદર આવે છે. અહીં પ્રથમ વળાંક લઈને બીજા સમય ઉર્ધ્વલોકમાં જાય છે. ત્યાં દ્વિતીય વળાંક લઈને ત્રસ નાડીની બહાર કોઈપણ દિશામાં ત્રીજા સમયમાં ઉત્પન્ન થાય છે. આની વચ્ચે એક સમય માટે જીવ અણાહારી રહે છે.

**(૩) ત્રણ સમયની વિગ્રહ ગતિ :** અધોલોકની વિદિશામાંથી પ્રથમ સમયમાં દિશામાં આવે છે. બીજા સમયમાં પ્રથમ વળાંક લઈને ત્રસ નાડીમાં આવે છે. ત્રીજા સમયમાં વળાંક લઈને ઉપર જાય છે. ચોથા સમયમાં ત્રીજો વળાંક લઈને ત્રસ નાડીની બહાર કોઈપણ દિશામાં ઉત્પન્ન થાય છે. આની વચ્ચે જીવ બે સમય માટે અણાહારી રહે છે.

**(૪) ચાર સમયની વિગ્રહગતિ :** પહેલા સમયમાં અધોલોકની વિદિશામાંથી જીવ અધોલોકની દિશામાં આવે છે. બીજા સમયમાં વળાંક લઈને ત્રસનાડીમાં આવે છે. ત્રીજા સમયમાં વળાંક લઈને ઉર્ધ્વલોકમાં જાય છે. ચોથા સમયમાં વળાંક લઈને ત્રસનાડીની બહાર કોઈપણ દિશામાં

જાય છે. અને પાંચમા સમયમાં વળાંક લઈને વિદિશામાં ઉત્પન્ન થાય છે. આની વચ્ચે જીવ ૩ સમય માટે અણાહારી રહે છે.

આ રીતે જીવ વિગ્રહગતિમાં વચ્ચેના સમયોમાં અણાહારી રહે છે. પ્રથમ સમય મરણ સ્થાનથી આહાર લઈને નીકળે છે તેમજ અંતિમ સમયે જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં આહાર કરી લે છે. માટે વચ્ચેના સમયમાં જ અણાહારી રહે છે. પહેલા સમયમાં તો કોઈપણ જીવ ઋજુગતિથી જ જાય છે, બીજા સમયથી વિગ્રહગતિ થાય છે.

ઋજુગતિવાળા જીવનું પરભવનું આયુષ્ય પ્રથમ સમયથી જ શરૂ થઈ જાય છે. વિગ્રહગતિવાળા જીવનું પરભવનું આયુષ્ય બીજા સમયથી શરૂ થાય છે.

આવી વિગ્રહગતિમાં જીવ અનંતવાર અણાહારી બને છે. છતાં પણ જીવનું કલ્યાણ નથી થયું. માટે આપણે ભગવાનની પાસે અણાહારી પદ એવું માંગવું જોઈએ કે જે આવ્યા પછી જાય નહીં. અર્થાત્ શાશ્વત અણાહારી પદ (મોક્ષ) માંગવું જોઈએ.

## સ્નાત્રપૂજા ભાવાર્થ

**સરસ શાંતિ સુધારસ...:** શાંતિનાથ ભગવાનને ભાવભર્યું નમન કરી જે રીતે દેવોએ મેરુપર્વત ઉપર ભગવાનના સ્નાત્ર મહોત્સવના સમયમાં કુસુમાંજલિ કરી હતી. અહીં એ કુસુમાંજલિનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે.

આ ક્રમ આદિનાથ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વપ્રભુ, વીરપ્રભુ, ચઉવીસજિન, વીસ વિહરમાન ભગવાન તેમજ સર્વ જિનેશ્વરોની દેવો દ્વારા કરવામાં આવેલી કુસુમાંજલિનું પ્રાકૃત દુહાથી સ્મરણ કરતા ઢાળ દ્વારા એ કુસુમાંજલિનું અહીંના ભક્તો દ્વારા અનુકરણ કરવામાં આવે છે.

ત્યાર પછી ભગવાનને પ્રદક્ષિણાપૂર્વક ચૈત્યવંદન કરીને પરમાત્માના જન્મ કલ્યાણકની સહેતુક વિધિ શરૂ થાય છે.

**સયલ જિનેશ્વર પાય નમી...** સર્વપ્રથમ પ્રભુ અનાદિ મિથ્યાત્વને દૂર કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. એના પછી સંયમને ગ્રહણ કરીને સર્વ જીવોના કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવના દ્વારા તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરે છે. ત્યાંથી વચ્ચમાં એક દેવનો ભવ કરીને, ત્યાંથી ચ્યવીને પંદર કર્મભૂમિના ૧૭૦ વિજયમાંથી કોઈપણ વિજયમાં રાજાની પટરાણીની કુક્ષિમાં મતિ, શ્રુત તેમજ અવધિ આ ત્રણ જ્ઞાન સહિત ઉત્પન્ન થાય છે. અહીયાં ઉપમા આપી છે - જેમ હંસ માનસરોવરમાં જ રહે છે, તેવી જ રીતે પ્રભુ પણ પટરાણીની કુક્ષિમાં જ આવે છે. ભગવાનના પ્રભાવથી પ્રભુની માતા ૧૪ મહાન સ્વપ્ન જુએ છે. તે આ પ્રમાણે છે. ૧. હાથી, ૨. વૃષભ, ૩. કેસરી સિંહ, ૪. લક્ષ્મી દેવી, ૫. રંગબિરંગી

ફૂલોની બે માળા, ૬. પૂર્ણચન્દ્ર, ૭. ઉદય થતો તેજસ્વી સૂર્ય, ૮. વિશાલ ધ્વજ, ૯. પૂર્ણ કળશ, ૧૦. પદ્મસરોવર, ૧૧. ક્ષીર સમુદ્ર, ૧૨. વિમાન, ૧૩. રત્નોની રાશી, ૧૪. ધૂમ રહિત અગ્નિ શિખા, આટલા ભવ્ય તથા સ્પષ્ટ સપનાઓ જોઈને માતા અતિશય હર્ષિત થઈ જાય છે.

પ્રભુની માતા રાત્રે જ રાજાની પાસે જઈને સ્વપ્ન સંભળાવીને અર્થને ગ્રહણ કરે છે. રાજા કહે છે - 'તું તીર્થંકર પુત્રને જન્મ આપીશ, જેને ત્રણ ભુવન નમસ્કાર કરશે.' આ સાંભળીને માતા હર્ષિત થાય છે. ગર્ભના પ્રભાવથી વિશ્વમાં મિથ્યાત્વનું જોર ઘટી જાય છે. સર્વ જીવ સુખનો અનુભવ કરે છે. માતા આનંદ અને ધર્મપૂર્વક રાત્રિ વ્યતીત કરે છે.

અહીં પરમાત્માનું ચ્યવન થતાં જ ઇન્દ્ર મહારાજાનું પણ સિંહાસન ચલાયમાન થાય છે. પોતાના અવધિજ્ઞાનથી તારક તીર્થંકર પ્રભુનું ચ્યવન જાણીને તેઓ અત્યધિક આનંદવિભોર થઈ જાય છે. ત્રિલોકીનાથ તરણ-તારણ જહાજ પ્રભુની સ્તુતિ કરવા માટે બહુ જ અહોભાવપૂર્વક સિંહાસનથી સાત-આઠ પગલાં આગળ આવીને શક્રસ્તવ (નમુત્થુણં) સૂત્ર દ્વારા પ્રભુની સ્તુતિ - સ્તવના કરે છે.

**શુભ લગ્ને જિન જનમિયા....** જ્યારે બધા ગ્રહ ઉચ્ચ સ્થાનમાં હોય છે, એવી શુભ ઘડીમાં ભગવાનનો જન્મ થાય છે. ભગવાનના પાંચેય કલ્યાણકથી નારકીમાં પણ ક્ષણ-માત્ર માટે સુખની લહેર ફેલાઈ જાય છે. અર્થાત્ બીજે તો અવશ્ય સુખ ફેલાય જ છે.

પ્રભુના જન્મથી સંપૂર્ણ પૃથ્વી નાચી ઉઠે છે. પ્રકૃતિ પૂર્ણ કલાઓથી ખીલી ઉઠે છે. પંખીઓ ખુશીથી એવો કલરવ કરે છે કે માનો પ્રભુના જન્મોત્સવના મંગલ ગીતો ગાઈ રહ્યા હોય, મંદ-મંદ પવન પ્રભુ જન્મની સૂચના પૃથ્વી ઉપર ફેલાઈ રહ્યા હોય એવી રીતે વહે છે. છઃ ઋતુઓ જાણે પ્રભુ જન્મોત્સવ મનાવવા માટે આવી હોય, એવું સુંદર વાતાવરણ સર્જન કરે છે. બધા વૃક્ષ, ફળ, ફૂલ, લતાઓ, પ્રભુ જન્મનો આનંદ વ્યક્ત કરવા માટે ખીલી ઉઠે છે. આખી સૃષ્ટિ એક ઉપવનની જેમ મહેકવા લાગે છે. પ્રભુના જન્મના સમયે સૃષ્ટિનું વર્ણન કરતી સ્તવનની પંક્તિઓ -

"મંદ પવન અને ઋતુ મનોહારી, ખિલે પુષ્પ, ફળ અને લતારિ,
સૃષ્ટિ સકલ લાગે એક ઉપવન, પ્રકૃતિ મનોહાર રે...."

### ભગવાનના પાંચેય કલ્યાણકમાં સાતે નરકે થતો પ્રકાશ

| | | |
|---|---|---|
| પ્રથમ નરકમાં | - | તેજસ્વી સૂર્ય સમાન |
| બીજી નરકમાં | - | આચ્છાદિત (વાદળોથી ઢંકાયેલા) સૂર્યસમાન |
| ત્રીજી નરકમાં | - | તેજસ્વી ચન્દ્ર સમાન |
| ચોથી નરકમાં | - | આચ્છાદિત ચન્દ્ર સમાન |

| | | |
|---|---|---|
| પાંચમી નરકમાં | - | ગ્રહ સમાન |
| છઠ્ઠી નરકમાં | - | નક્ષત્ર સમાન |
| સાતમી નરકમાં | - | તારા સમાન |

## છપ્પન દિક્કુમારી કૃત જન્મ મહોત્સવ

**સાંભળો કળશ જિન :** પ્રભુનો જન્મ થતાં જ ૫૬ દિક્કુમારીકાઓનું આસન ચલાયમાન થાય છે. આ દેવીઓ કુંવારી હોય છે. અનેક અન્ય દેવિઓની સ્વામિની છે. ગજદંત પર્વત તેમજ રુચક દ્વીપના પર્વત ઉપર એમનો વાસ સ્થાન છે. અવધિજ્ઞાનથી પ્રભુના જન્મને જાણીને અતિ પ્રસન્ન થતી પ્રભુના જન્મ સ્થાને આવે છે. તેમજ સંપૂર્ણ સૂતિકા કર્મ કરીને ખુશી મનાવે છે. એમનું કાર્ય અને સ્થાન -

| **૫૬ દિક્કુમારિકાઓનું સ્થાન** | **સંખ્યા** | **કાર્ય** |
|---|---|---|
| ૪ ગજદંતના નીચે અધોલોકની | ૮ | સૂતિકા ગૃહ બનાવે છે તેમજ ભૂમિ શુદ્ધિ કરે છે. |
| મેરુ પર્વત ઉપર ઉર્ધ્વલોકની | ૮ | સુગંધી જળનું છંટકાવ કરે છે. |
| દક્ષિણ રુચકની | ૮ | કળશં ભરીને ધારણ કરે છે. |
| પૂર્વ રુચકની | ૮ | દર્પણ ધારણ કરે છે. |
| ઉત્તર રુચકની | ૮ | ચામર ધારણ કરે છે. |
| પશ્ચિમ રુચકની | ૮ | પંખો કરે છે. |
| અધોભાગ રુચકની | ૪ | રક્ષા પોટલી બાંધે છે. |
| વિદિશા રુચકની | ૪ | દીપક ગ્રહણ કરે છે. |
| | ૫૬ | |

૫૬ દિક્કુમારિકાઓ સ્વકાર્ય કર્યા પછી ત્રણ કદલી ગૃહ (કેળાના પત્તાઓથી ઘર) બનાવે છે. એમાંથી પ્રથમ ઘરમાં પ્રભુ તથા પ્રભુની માંતાને પીઠી ચોળે છે. બીજામાં સ્નાન કરાવે છે. ત્રીજામાં વસ્ત્રાલંકાર પહેરાવીને પુષ્પોથી પૂજા કરે છે. તેમજ નજર ન લાગે માટે અરણીના કાષ્ઠને જલાવીને એની રાખની પોટલી પ્રભુને બાંધીને પ્રભુ તથા માતાને શય્યા ઉપર પધરાવે છે. પછી માતા અને પ્રભુને નમસ્કાર કરીને માતાને કહે છે કે ''તમારો પુત્ર અમને અતિ પ્રિય છે. તેમજ જ્યાં સુધી મેરુ, સૂર્ય અને ચન્દ્ર છે ત્યાં સુધી આપનો પુત્ર ચિરંજીવી બને.'' આવા આશિષ આપીને ભગવાનના ગુણગાન ગાતી-ગાતી પોતાના સ્થાને જાય છે.

**જિન જન્મયાજી...** એ સમયે ૬૪ ઈન્દ્રોના સિંહાસન કમ્પાયમાન થાય છે. અવધિજ્ઞાનથી ઈન્દ્ર પ્રભુના જન્મને જાણે છે.

અવધિજ્ઞાનથી ભગવાનના જન્મને જાણીને બધા ઈન્દ્ર પોત-પોતાના અધિકારવાળા બધા વિમાનોમાં સંભળાય એવો મોટો સુઘોષા ઘંટ વગડાવે છે. આ ઘંટ-નાદથી બધા વિમાનોની નાની-નાની ઘંટડીઓ વાગવા લાગે છે. આ ઘંટડીઓના નાદમાં પ્રભુનો મેરુ પર્વત ઉપર જન્મ મહોત્સવ કરવા જવાની ઘોષણા થાય છે. તેથી બધા દેવી-દેવતા મેરુ પર્વતની તરફ ગમન કરે છે. આ ઘંટની મધુર ધ્વનિથી બધાને અર્હાનંદનો અનુભવ થાય છે.

**દિશિનાયકજી :** આખો અઢી દ્વીપ ૫ સીતા અને ૫ સીતોદા નદીઓના કારણે દક્ષિણાર્ધ તેમજ ઉત્તરાર્ધ આ બે ભાગોમાં વહેંચાઈ જાય છે. જ્યારે ઉત્તરાર્ધની ૮૫ વિજયોમાં પ્રભુનો જન્મ થાય છે. ત્યારે તે દિશાના નાયક ઈશાનેન્દ્ર જન્મ મહોત્સવના અધિકારી બને છે અને જ્યારે દક્ષિણાર્ધની ૮૫ વિજયોમાં પ્રભુનો જન્મ થાય છે ત્યારે તે દિશાના નાયક સૌધર્મેન્દ્ર પ્રભુના જન્માભિષેકના અધિકારી બને છે.

**એમ સાંભળીજી :** સુઘોષા વગેરે ઘંટના અવાજને સાંભળીને બધા દેવ મેરુપર્વતની તરફ જાય છે તેમજ ભરતક્ષેત્રમાં ભગવાનનો જન્મ થયો છે, આથી સૌધર્મેન્દ્ર પોતાના પરિવારની સાથે પાલક વિમાનમાં બેસીને ભરતક્ષેત્રમાં આવવા માટે નીકળે છે. સર્વપ્રથમ દેવલોકથી રવાના થઈને અસંખ્ય યોજન તિર્છા આવે છે. પછી અસંખ્ય યોજન નીચે જવાથી નંદીશ્વર દ્વીપ આવે છે. ત્યાં ૧ લાખ યોજનના ''પાલક વિમાન''નો સંકોચ કરે છે અને સંકોચ કરતાં-કરતાં પ્રભુના જન્મ સ્થાને આવે છે. ત્યાં આવીને પ્રભુ તથા માતાને વંદન કરીને તેમજ વધામણી દેતા કહે છે કે ''હે રત્નકુક્ષિ ધારિણી માતા ! હું શક્ર નામનો સૌધર્મેન્દ્ર આપના પુત્રનો સુંદર જન્મ મહોત્સવ કરીશ.'' આ રીતે કહીને માતાની પાસે પ્રભુના પ્રતિબિંબને સ્થાપિત કરી માતાને અવસ્વાપિણી નિદ્રા આપે છે. પછી કેટલાક દેવ-દેવી સાથે હોવા છતાં પણ ભક્તિના અતિરેકથી સ્વયં પાંચ વૈક્રિય રુપ બનાવે છે. એકથી ભગવાનને કરસંપુટમાં ગ્રહણ કરે છે, એકથી છત્ર ધારણ કરે છે એકથી આગળ વજ્ર ઉછાળે છે અને બે રૂપથી ચામર વીંજે છે. આ રીતે ભગવાનને લઈને સૌધર્મેન્દ્ર મેરુ પર્વત ઉપર આવે છે. એ સમયે અન્ય દેવ-દેવીઓ પણ હર્ષથી નાચ-ગાન કરતાં કરતાં પ્રભુની સાથે મેરુપર્વત ઉપર આવે છે.

**મેરુ ઉપરજી....** મેરુ પર્વતના પાંડુક વનમાં ચારે દિશાઓમાં ચાર-ચાર મોટી શિલાઓ છે. એમાંથી સૌધર્મેન્દ્ર પ્રભુને દક્ષિણની અતિપાંડુકંબલા શિલા ઉપર રહેલા સિંહાસન ઉપર અભિષેક માટે લઈને આવે છે. એટલામાં બીજા ૬૩ ઈન્દ્ર પણ ત્યાં પહોંચી જાય છે.

**મલ્યા ચૌસઠ સુરપતિ...**

### ૬૪ ઇન્દ્રોની ગણના

| | |
|---|---|
| ૧૦ ભવનપતિના દક્ષિણ તેમજ ઉત્તર દિશાના મળીને | ૨૦ ઇન્દ્ર |
| ૮ વ્યંતરના દક્ષિણ તેમજ ઉત્તર દિશાના મળીને | ૧૬ ઇન્દ્ર |
| ૮ વાણવ્યંતરના દક્ષિણ તેમજ ઉત્તર દિશાના મળીને | ૧૬ ઇન્દ્ર |
| અસંખ્ય ચંદ્રને મલાવીને ૧ ગણવાથી | ૧ ચન્દ્ર ઇન્દ્ર |
| અસંખ્ય સૂર્યને મલાવીને ૧ ગણવાથી | ૧ સૂર્ય ઇન્દ્ર |
| ૧૨ દેવલોકમાંથી નવમા - દસમા તેમજ અગિયારમા-બારમા દેવલોકની વચ્ચમાં ૧-૧ ઇન્દ્ર હોવાથી ૧૨ દેવલોકના કુલ | ૧૦ ઇન્દ્ર |
| કુલ | ૬૪ ઇન્દ્ર |

**સુર સાંભળીને સંચરિયા...** ૬૪ ઇન્દ્રમાં સહુથી મોટા અચ્યુતેન્દ્ર હોવાથી એમની આજ્ઞાથી બધા દેવ માગધ, વરદામ વગેરે તીર્થોના, પદ્મદ્રહ વગેરે દ્રહોના, ગંગા વગેરે નદીના તેમજ ક્ષીરસમુદ્ર વગેરે સમુદ્રમાંથી પાણીના કળશ ભરીને લાવે છે તેમજ ભદ્રશાલ, નંદનવન વગેરે સ્થાનોથી ઔષધિઓ તેમજ ફૂલના થાળ ભરીને લાવે છે. ધૂપદાની વગેરે ઉપકરણ જે-જે સિદ્ધાંતમાં બતાવ્યા છે, તે બધા લઈને શીઘ્ર મેરુ પર્વત ઉપર આવે છે. પ્રભુને જોઈને હર્ષિત બનેલા બધા કલશાદિક સામગ્રી ઇન્દ્રની સામે રાખે છે. અને સ્વયં ભગવાનના ગુણ-ગાન ગાવા લાગે છે.

**આઠ જાતિના કળશ**

| | | | |
|---|---|---|---|
| સોનાનો | - | ૧ | ૧-૧ જાતિના કળશ ૮-૮ હજાર હોય છે. |
| ચાંદીનો | - | ૧ | ૮ X ૮૦૦૦ = ૬૪૦૦૦ કળશ |
| રત્નોનો | - | ૧ | |
| સોના રુપા અને રત્નનો | - | ૧ | |
| સોના અને રૂપાનો | - | ૧ | આ કળશ ૨૫ યોજન લાંબા હોય છે. |
| સોના અને રત્નનો | - | ૧ | તેમજ એની નાલ ૧ યોજનની હોય છે. |
| રૂપા અને રત્નનો | - | ૧ | |
| માટીનો | - | ૧ | |
| કુલ | - | ૮ જાતિના કળશ | |

## ભગવાનના અભિષેકનો અધિકાર

**આતમ ભક્તિ મલ્યા કેઈ દેવા...** મેરુપર્વત ઉપર કેટલાય દેવ કોઈ પોતાની ભક્તિથી, કોઈ મિત્રની પ્રેરણાથી, કોઈ સ્ત્રીની પ્રેરણાથી, કોઈ કુલ ધર્મનો વિચાર કરી તેમજ કોઈ ધર્મદિવની મિત્રતાથી સ્નાત્ર મહોત્સવમાં આવે છે. ત્યાં ચારેય નિકાયના દેવ એકત્રિત થાય છે. સૌધર્મેન્દ્ર પ્રભુને ખોળામાં લઈને બેસે છે. પછી અચ્યુતેન્દ્રના આદેશથી અભિષેક શરૂ થાય છે. ૧-૧ અભિષેકમાં ૬૪,૦૦૦ કળશોનો અધિકાર છે. કુલ અભિષેક ૨૫૦ છે.

માટે ૬૪૦૦૦ X ૨૫૦ = ૧ ક્રોડ ૬૦ લાખ કળશોથી અભિષેક થાય છે.

**૨૫૦ અભિષેક આ પ્રમાણે છે -**

| | | |
|---|---|---|
| સૂર્ય-ચન્દ્ર સિવાયના ૬૨ ઇન્દ્રોના | - | ૬૨ |
| બધા નિકાયના લોકપાલ દેવોના મળીને | - | ૪ |
| અઢી દ્વીપના ચન્દ્રના | - | ૬૬ |
| અઢી દ્વીપના સૂર્યના | - | ૬૬ |
| ગુરુ સ્થાનિક દેવોના | - | ૧ |
| સામાનિક દેવોના | - | ૧ |
| સેનાપતિ દેવોના | - | ૧ |
| અંગરક્ષક દેવોના | - | ૧ |
| ત્રણ પર્ષદા (બાહ્ય, અભ્યંતર તેમજ મધ્યમ સભા)ના | - | ૧ |
| પરચુરણ (પ્રકીર્ણક) દેવોના | - | ૧ |
| સૌધર્મેન્દ્રની ૮ ઇન્દ્રાણીઓના | - | ૮ |
| ઈશાનેન્દ્રની ૮ ઇન્દ્રાણીઓના | - | ૮ |
| અસુરેન્દ્ર (ભવનપતિ નિકાય)ની ઇન્દ્રાણીઓના | - | ૧૦ |
| નાગેન્દ્ર(ભવનપતિ નિકાય)ની ઇન્દ્રાણીઓના | - | ૧૨ |
| જ્યોતિષની ઇન્દ્રાણીઓના | - | ૪ |
| વ્યંતરની ઇન્દ્રાણીઓના | - | ૪ |
| કુલ | - | ૨૫૦ અભિષેક |

૨૫૦ માંથી ૨૦૪ દેવતા સંબંધી તેમજ ૪૬ ઇન્દ્રાણી સંબંધી અભિષેક છે.

પ્રથમ ૨૪૯ અભિષેક થઈ ગયા પછી ઇશાનેન્દ્ર સૌધર્મેન્દ્રને કહે છે કે "પ્રભુજીને ક્ષણ ભર માટે મને આપો." એ સમયે ઇશાનેન્દ્રના ખોળામાં પ્રભુને બેસાડીને સૌધર્મેન્દ્ર ભક્તિથી વૃષભનું (બળદ) રૂપ ધારણ કરીને શીંગડામાં કળશનું પાણી ભરીને ૨૫૦ મો અભિષેક કરે છે. ઇન્દ્ર પ્રભુની સામે વૃષભનું રૂપ ધારણ કરીને પ્રભુની આગળ સ્વયંને પશુતુલ્ય બતાવે છે. પ્રભુના કલ્યાણકના સમયમાં વિશિષ્ટ પ્રકારનું વિશ્વમંગલ થાય છે. આરતી તેમજ મંગલદીપક કરી પુનઃ પ્રભુનો જય-જયકાર અને ભેરી-ભુંગલ તેમજ તાળીઓ વગાડતાં-વગાડતાં પ્રભુને હાથમાં લઈને પ્રભુના ઘરે આવીને માતાને પુત્ર અર્પણ કરે છે. પછી માતાને કહે છે કે "હે માતા ! આ પ્રભુ આપના પુત્ર છે તેમજ અમારા જેવા સેવકના સ્વામી છે. ત્યારે સૌધર્મેન્દ્ર રમ્ભા વગેરે પાંચ ઇન્દ્રાણીઓને પ્રભુના લાલન-પાલન માટે ધાવ-માતાના રૂપમાં સ્થાપિત કરે છે. ત્યાં બત્રીસ ક્રોડ સોના, મણિ-માણેક રત્ન વગેરેની વૃષ્ટિ કરે છે. તેમજ હર્ષના અતિરેકમાં નંદીશ્વર દ્વીપમાં અઠ્ઠાઈ મહોત્સવ કરી પોતાના નિવાસસ્થાને ચાલ્યા જાય છે. ત્યાં ભગવાન ક્યારે દીક્ષા લેશે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે, એની પ્રતિક્ષા કરતાં હંમેશા પ્રભુના ગુણગાન કરતા રહે છે.

તપાગચ્છના નાયક સિંહ સૂરીશ્વરજીના મોટા શિષ્ય પન્યાસ સત્યવિજયજી થયા. એમના શિષ્ય કપૂરવિજયજી, એમના શિષ્ય ક્ષમાવિજયજી, એમના શિષ્ય યશોવિજયજી, એમના શિષ્ય શુભવિજયજી, અને એમના શિષ્ય પં. વીરવિજયજીએ આ જિન-જન્મ મહોત્સવ ગાયો છે.


ઉત્કૃષ્ટથી ૧૭૦ ભગવાન વિચરણ કરતાં મળે છે. વર્તમાનમાં વીસ વિહરમાન છે. ભૂતકાળ તેમજ ભવિષ્યમાં અનેક તીર્થંકર થયા છે તેમજ થશે. એ બધા તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક જે ગાય છે તે તથા કર્તા શ્રી વીરવિજયજી મહારાજ આનંદમંગલ યુક્ત અતિ સુખને પામે છે અને પ્રત્યેક ઘરમાં હર્ષની વધામણી થાય છે.

## વીણેલા મોતી

**'આપવું' તેનું નામ દાન નહિ, 'છોડવું' તેનું નામ દાન. ધનના મમત્વ સાથે નામનું મમત્વ પણ છૂટે એ સાચું દાન. ધન છૂટી જાય, પરંતુ 'મેં છોડ્યું છે' એ ન છૂટે તો ? નામ માટે દાન આપવું તે દાનનું અજીર્ણ છે. દાન કરવાથી ધર્મ ન થાય, દાન પચે તો ધર્મ થાય.**

# જૈનાચાર

## ૫



















- **હે પ્રભુ !** આપના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકે જગતના જીવોના મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ અને આશ્રવ ક્ષય કરતા આપણા ચરણ કમલ જય પામો....
- **હે પરમાત્મા !** દીક્ષા કલ્યાણકે કાયોત્સર્ગે અનંત કર્મોની નિર્જરા કરતા આપના જાનુ કમલ જય પામો...
- **હે પરમાત્મા !** દીક્ષા કલ્યાણકે દાનની ધારા અને પંચમુષ્ઠી લોચ કરતા આપના કરકમલ જય પામો...
- **હે પરમાત્મા !** ધ્યાનમાં સ્થિર થઈ એકાકાર થઈ કષાયોને દૂર કરનારા આપના ખંધ કમલ જય પામો...
- **હે પરમાત્મા !** અનંત આનંદ સ્વરૂપ જ્યાંથી વહેતી સિદ્ધરસ ધારા જગતના જીવોને ગુણ શ્રેણી, ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાન અને નિર્વાણ આપે તે આપના સહસ્ત્ર કમલ થી શોભતી શિર શિખા જય પામો...
- **હે પરમાત્મા !** અનંત પુણ્યનિધાન, મહાપુણ્યનિધાન, અનંત પુણ્યરાશિ, હે પુરુષાદાણી તીર્થંકર નામ કર્મ, હે જગતમાં સર્વોપરી ઉત્તમ સ્થાપના નિક્ષેપે કેવલજ્ઞાન કાય રુપી વિશ્વનું મહામંગલ કરતી આપના આજ્ઞા ચક્રમાં ઓપતી શ્રી તીર્થંકર નામ કર્મ ધારા થી યુક્ત આપનો ભાલ તિલક જય પામો...
- **હે પરમાત્મા !** ભવ્ય જીવોને ભવ સાગરથી પાર ઉતારનાર, સકલ જીવ રાશિ માત્રને હિતકારી, દાવાનળ રુપ કષાયને શાંત કરવા માટે પુષ્કરાવર્ત મેઘ સમાન, પાપ મલ, કર્મ મલને ધોનારી દેશના દેનાર કંઠ કમલ જય પામો
- **હે પરમાત્મા !** અનાહ્ત ચક્રે રાગ દ્વેષનો સર્વથા ક્ષય થાય છે એવા આપના હૃદય કમલ જય પામો...
- **હે પરમાત્મા !** જ્યાંથી ક્ષપક શ્રેણીનો મંડાણ થાય છે એવા આપના નાભિ કમલ જય પામો...

# દેવવંદન

**પ્ર. દેવવંદન એટલે શું ?**

ઉ. જેમાં પાંચ દંડક, પ્રણિધાન સૂત્ર, ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન દ્વારા વિશિષ્ટ પ્રકારથી પ્રભુને વંદના કરવામાં આવે છે. એને દેવવંદન કહે છે.

**પ્ર. દંડક એટલે શું ? તે કયા કયા છે ?**

ઉ. અતિ ગહન અર્થથી યુક્ત તેમજ વારંવાર ઉપયોગમાં આવવાવાળા મુખ્ય સૂત્રોને શાસ્ત્રમાં દંડક કહેવામાં આવે છે. તથા જે દંડની જેમ સરળતાથી, યથોક્ત મુદ્રાથી, અસ્ખલિત રૂપે બોલવામાં આવે છે, તેને દંડક કહેવાય છે. તે પાંચ દંડક આ પ્રમાણે છે.

(૧) નમુત્થુણં (૨) અરિહંત ચેઈયાણં (૩) લોગસ્સ (૪) પુક્ખર-વર-દીવઢ્ઢે (૫) સિદ્ધાણં-બુદ્ધાણં.

**પ્ર. પ્રણિધાનના ત્રણ સૂત્રો કયા કયા છે ?**

ઉ. જાવંતિ ચેઈયાઈં, જાવંત કે વિ સાહૂ, જય વીયરાય

**પ્ર. દેવવંદન ના સૂત્રો કેવા ભાવથી બોલવા, તથા તેની સાથે ચૈત્યવંદન, સ્તુતિ (જોડા) તેમજ સ્તવનનો શું સંબંધ છે ?**

ઉ. દેવવંદન ના સૂત્રો પ્રાકૃત ભાષામાં ગણધર રચિત તેમજ રહસ્યોથી ભરપૂર હોય છે. માટે સૂત્રોની શુદ્ધિ તેમજ છંદને ધ્યાનમાં રાખીને બહુમાન તેમજ અહોભાવ પૂર્વક બોલવું જોઈએ, જેનાથી વિશિષ્ટ કર્મનિર્જરા થાય છે. તથા ચૈત્યવંદન-સ્તુતિ-સ્તવન હિન્દી ગુજરાતી આદિ લોક ભાષામાં હોવાથી વ્યક્તિ રાગમાં ગાઈને પોતાના હૃદયને ગદ્ગ-ગદ્ગ બનાવી શકે છે.

**ચૈત્યવંદનમાં** પ્રભુનો અલ્પાક્ષરી પરિચય અથવા વંદના હોય છે. તેમજ જંકિંચિમાં ત્રણેય લોકના સર્વ તીર્થની પ્રાકૃત ભાષામાં વંદના કરી છે. પછી **નમુત્થુણં** તેમજ **અરિહંત ચેઈયાણંમાં** પ્રસ્તુત જિનની પ્રાકૃતમાં ગુણગાન કરી **પ્રસ્તુત ભગવાનની પ્રથમ થોય** હોય છે. **લોગસ્સમાં** ચોવીશ જિનની પ્રાકૃતમાં નામસ્તવનાની પછી **દ્વિતીય ચોવીશ જિનની થોય**, **પુક્ખર-વર-દીવઢ્ઢેમાં** શ્રુતજ્ઞાનની પ્રાકૃતમાં મહિમા બતાવીને **તૃતીય આગમની થોય** બોલવાથી ભાવોમાં વિશેષ વૃદ્ધિ થાય છે. પછી અનંત સિદ્ધ ભગવંત વગેરેને વંદના કરતા સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર પ્રાકૃત ભાષામાં બોલાય છે. (ચાર થોયવાળા વૈયાવચ્ચગરાણં સૂત્રના પછી ચોથી શાસન દેવની સ્તુતિ બોલે છે.)

ત્યારપછી નમુત્થુણં થી પ્રભુ સ્તવના, જાવંતિથી ચૈત્યો અને જાવંતથી સાધુ ભગવંત આદિ ને વંદના કરી પ્રભુના ગુણોને વિવિધ સ્તવનોથી ગાઈને આત્મા તૃપ્તિનો અનુભવ કરે છે. તેમજ અંતમાં જય-વીયરાય સૂત્રમાં પ્રભુથી ભવનિસ્તાર માટે વિવિધ પ્રાર્થના તેમજ સમાધિ મરણની યાચના અને શરણાગતિથી દેવવંદનની પૂર્ણાહૂતિ થાય છે.

**પ્ર. દેવવંદનમાં પ્રભુ વંદનાની શું વિશેષતા છે ?**

ઉ. દેવવંદનમાં પ્રભુની ચાર નિક્ષેપાથી તથા રત્નત્રયી, તત્ત્વત્રયી, દ્વિવિધ તીર્થ વગેરેથી વંદના થાય છે.

**પ્ર. ચાર નિક્ષેપથી વંદના કેવી રીતે થાય છે ?**

ઉ. **૧. નામ નિક્ષેપ** - લોગસ્સમાં ૨૪ તીર્થંકર પ્રભુની નામથી સ્તુતિ થવાથી આ નામનિક્ષેપાથી વંદના થઈ.

**૨. સ્થાપના નિક્ષેપ** - જંકિંચિ, લોગસ્સ તેમજ જાવંતિ ચેઈયાઈ - આમાં પ્રભુની પ્રતિમાને વંદના કરી છે. આ સ્થાપના નિક્ષેપાથી વંદના થઈ.

**૩. દ્રવ્ય નિક્ષેપ** - 'જે અ અઈયા સિદ્ધા'થી 'તિવિહેણ વંદામિ' સુધી ભૂત તેમજ ભાવિના તીર્થંકર પ્રભુની વંદના હોવાથી આ દ્રવ્ય નિક્ષેપાથી વંદના થઈ.

**૪. ભાવ નિક્ષેપ** - નમુત્થુણં સૂત્રમાં પ્રારંભથી 'નમો જિણાણં' સુધી સાક્ષાત્ વિચરવાવાળા તીર્થંકર પ્રભુની ૩૩ વિશેષણો દ્વારા સ્તુતિ કરી છે. આ ભાવ નિક્ષેપાથી વંદના થઈ.

**પ્ર. રત્નત્રયીને વંદના કેવી રીતે થાય છે ?**

ઉ. **દર્શન** - લોગસ્સ, સિદ્ધાણં-બુદ્ધાણં થી દર્શન પદને વંદણા થાય છે.

**જ્ઞાન** - પુક્ખર-વર-દીવઢ્ઢે થી જ્ઞાનપદને વંદણા થાય છે.

**ચારિત્ર** - જાવંત કે વિ સાહૂ થી ચારિત્રપદને વંદણા થાય છે.

આ સૂત્રોમાં પ્રભુના રત્નત્રયી ગુણોની સ્તવના કરવામાં આવી છે.

**પ્ર. તત્ત્વત્રયીને વંદના કેવી રીતે થાય છે ?**

ઉ. **દેવ** - નમુત્થુણં અનેલોગસ્સમાં પ્રભુને વંદના કરવામાં આવે છે.

**ગુરુ** - જાવંત કે વિ સાહૂમાં સાધુને વંદના કરવામાં આવે છે.

**ધર્મ** - પુક્ખર-વર-દીવઢ્ઢેમાં શ્રુતધર્મ તેમજ ચારિત્ર ધર્મની સ્તુતિ કરવામાં આવે છે.

**પ્ર. દ્વિવિધ તીર્થ સ્વરૂપ પ્રભુને વંદના કયા કયા સૂત્રોથી થાય છે ?**

ઉ. **જંગમ તીર્થ** - જાવંત કે વિ સાહૂ (સાધુ-સાધ્વી જંગમ તીર્થ કહેવાય છે.)

**સ્થાવર તીર્થ** - જંકિંચિ, જાવંતિ ચેઈયાઈં, અરિહંત ચેઈયાણં, (પ્રભુના મંદિર વગેરે સ્થાવર તીર્થ છે.)

**પ્ર. ત્રણ પ્રકારના ચૈત્યવંદન બતાવો ?**

ઉ. **૧. જઘન્ય** - જેમાં એક નમુત્થુણં આવે, તે જઘન્ય ચૈત્યવંદન છે.

**૨. મધ્યમ** - જેમાં બે નમુત્થુણં અને એક સ્તુતિનો જોડો આવે, એને મધ્યમ ચૈત્યવંદન કહેવાય છે.

**૩. ઉત્કૃષ્ટ** - જેમાં પાંચ નમુત્થુણં અને બે સ્તુતિના જોડા આવે, એને ઉત્કૃષ્ટ ચૈત્યવંદન (દેવવંદન) કહેવાય છે.

**પ્ર. પદ તેમજ સંપદાનો અર્થ સમજાવો.**

ઉ. **પદ :** સૂત્રમાં જે વિભક્તિ સહિત શબ્દ હોય છે. તેને પદ કહે. પ્રત્યેક પદ પછી અલ્પવિરામ હોય છે.

**સંપદા :** કેટલાક પદ મળીને અથવા એકલું પદ જ્યારે પૂર્ણ અર્થ બતાવે છે, એ પદોના સમૂહને સંપદા કહે છે. જેમ વાક્ય પૂરું થાય ત્યારે વિરામ લેવામાં આવે છે, તેવી જ રીતે સંપદા પૂર્ણ થાય ત્યારે પણ પૂર્ણવિરામ લેવામાં આવે છે.

(સૂત્ર વિભાગમાં બધા સૂત્ર અલ્પવિરામ તેમજ પૂર્ણવિરામ, પદ-સંપદાના અનુસારે આપવામાં આવ્યા છે. એનું ધ્યાન રાખીને સૂત્રોનું ઉચ્ચારણ કરવું જોઈએ.)

**પ્ર. ચૈત્યવંદન ભાષ્યના આધાર પર પદ, સંપદા તેમજ અક્ષરની ગણના બતાવો ?**

ઉ.

| ક્રમ | સૂત્રના નામ | પદોની સંખ્યા | સંપદાની સંખ્યા | કુલ અક્ષર |
|---|---|---|---|---|
| ૧. | નવકાર | ૦૯ | ૮ | ૬૮ |
| ૨. | ઈચ્છામિ ખમાસમણો | ૦ | ૦ | ૨૮ |
| ૩. | ઈરિયાવહિયં (તસ્સઉત્તરી સહિત) | ૩૨ | ૮ | ૧૯૯ |
| ૪. | નમુત્થુણં | ૩૩ | ૯ | ૨૯૭ |
| ૫. | અરિહંત ચેઈયાણં (અન્નત્થ સહિત) | ૪૩ | ૮ | ૨૨૯ |
| ૬. | લોગસ્સ | ૨૮ | ૨૮ | ૨૬૦ |
| ૭. | પુક્ખર-વર-દીવડ્ઢે | ૧૬ | ૧૬ | ૨૧૬ |
| ૮. | સિદ્ધાણં-બુદ્ધાણં | ૨૦ | ૨૦ | ૧૯૮ |
| ૯. | જાવંતિ ચેઈયાઈં | ૦ | ૦ | ૩૫ |
| ૧૦. | જાવંત કે વિ સાહૂ | ૦ | ૦ | ૩૮ |
| ૧૧. | જય વીયરાય | ૦ | ૦ | ૭૯ |

**પ્ર. સ્તવન કેવી રીતે બોલવા જોઈએ ?**

ઉ. ગંભીર તેમજ મહાન અર્થવાળા પૂર્વાચાર્યોના રચાયેલા સ્તવન મધુર સ્વરમાં બોલવા જોઈએ.

**પ્ર. પ્રતિક્રમણ કરવાવાળા શ્રાવકને એક દિવસમાં કેટલા ચૈત્યવંદન કરવા જોઈએ ?**

ઉ. પ્રતિક્રમણ કરવાવાળા શ્રાવકને એક દિવસમાં ૭ ચૈત્યવંદન કરવા જોઈએ, જે આ પ્રમાણે છે.

**સવારના પ્રતિક્રમણમાં** : ૨ (૧ જગચિંતામણિ તેમજ ૧ સંસાર દાવાનલ અથવા વિશાળલોચનનો)

**ત્રિકાળ મંદિરમાં** : ૩ ચૈત્યવંદન

**સાંજના પ્રતિક્રમણમાં** : ૨ (૧ સાંજના પ્રતિક્રમણમાં, સંસારદાવાનલનો અને ૧ અંતમાં ચઉક્કસાયનું)

**પ્ર. દેવવંદન કરવાનો સમય કયો છે ?**

ઉ. કાલવેળામાં ત્રિકાળ દેવવંદન કરવાનું વિધાન છે.

**પ્ર. કોઈ તપ ન કર્યું હોય તો દેવવંદન કરી શકાય ?**

ઉ. હા. દરરોજ ત્રિકાળ દેવવંદન કરવું જ જોઈએ. સમયનો અભાવ હોય તો ચૈત્યવંદન પણ કરી શકાય.

**પ્ર. ક્યારેક બહુ તરસ લાગી હોય ને પોરસીથી પાણી પીધુ હોય કે એકાસણું કરી લીધુ હોય તો બીજું દેવવંદન કરવું કે નહીં ?**

ઉ. પોરસીથી પાણી પીધું હોય કે એકાસણું કરી લીધું હોય, છતાં પણ બપોરની કાલવેળામાં દેવવંદન કરવું ઉચિત છે, જેથી વિધિ અધૂરી ન રહે.

**પ્ર. ગુરુ પ્રતિમાની સમક્ષ દેવવંદન કરી શકાય ?**

ઉ. ન કરી શકાય. પરંતુ ગુરુ મૂર્તિને સ્થાપનાચાર્યજી સમજીને કરી શકાય.

### રત્નકણિકા

**પોતાનું હોય તે જાય નહિ, અને જાય તે પોતાનું નહિ,**
**આ ગણિત અગણિત સંકલેશોથી ઉગારી લેશે.**

# ગુરુવંદન

**પ્ર. ગુરુવંદનના કેટલા પ્રકાર છે અને કયા કયા છે ?**

ઉ. ગુરુવંદનના ત્રણ પ્રકાર છે.

**૧. ફેટા વંદન :** મસ્તક ઝુકાવીને સાધુ-સાધ્વીને 'મત્થએણ વંદામિ' કહેવું.

**૨. થોભ વંદન :** બે ખમાસમણ, ઈચ્છકાર, અબ્ભુટ્ઠિઓ પૂર્વક સાધુ-સાધ્વીજીને વંદન કરવા. પુરુષ સાધુઓને તેમજ બહેનોએ સાધુ-સાધ્વીજી ભગવંતને આ વંદન કરવા.

**૩. દ્વાદશાવર્ત વંદન :** બે વાંદણા પૂર્વક પદવી-ધરને આ વંદન કરવામાં આવે છે.

**પ્ર. કયા સાધુ વંદનીય છે ?**

ઉ. પાંચ પ્રકારના સાધુ વંદનીય છે.

**૧. આચાર્ય :** ગણના નાયક તેમજ અર્થની વાચના દેવાવાળા.

**૨. ઉપાધ્યાય :** ગણના નાયક થવાને લાયક (યુવરાજ સમાન) તેમજ સૂત્રની વાચના દેવાવાળા

**૩. પ્રવર્તક :** સાધુ ભગવંતોને ક્રિયામાં પ્રવર્તાવવાવાળા.

**૪. સ્થવિર :** પતિત પરિણામી સાધુને ઉપદેશાદિથી માર્ગમાં સ્થિર કરવાવાળા

**૫. રત્નાધિક :** જ્ઞાન, દર્શન, ચારિત્રમાં જે અધિક છે.

ગૃહસ્થની અપેક્ષાથી બધા સાધુ રત્નાધિક જ છે. એમને વંદન કરવાથી કર્મોની નિર્જરા થાય છે.

**પ્ર. ગુરુ મહારાજને વંદન ક્યારે કરી શકાય નહીં ?**

ઉ. ૧. જ્યારે ગુરુ ભગવંત ધર્મકાર્યની ચિંતામાં વ્યાકુળ હોય.

૨. પરાઙ્મુખ (ઉલ્ટા) બેઠેલા હોય.

૩. નિદ્રા વગેરે પ્રમાદમાં હોય.

૪. આહાર-વિહાર-નિહાર (સ્થંડિલ, માતરુ) કરી રહ્યા હોય કે કરવાની ઈચ્છાવાળા હોય, ત્યારે વંદન ન કરવું જોઈએ.

**પ્ર. ગુરુ ભગવંત કઈ અવસ્થામાં હોય ત્યારે વંદન કરવુ જોઈએ ?**

ઉ. ૧. ગુરુ ભગવંત જ્યારે પ્રશાંત (અવ્યગ્ર) ચિત્તવાળા હોય.

૨. પોતાના આસન ઉપર વ્યવસ્થિત બેઠેલા હોય.

૩. ઉપશાંત (ક્રોધાદિ રહિત) હોય.

૪. વંદન કરવાવાળાને ધર્મલાભ વગેરે કહેવાને માટે ઉદ્યત હોય, એ સમયે ગુરુની આજ્ઞા લઈને વંદન કરવું જોઈએ.

**પ્ર. વંદન કેટલી વખત અને કેવી રીતે કરવું જોઈએ ?**

ઉ. દિવસમાં ત્રણ વખત વિધિથી ગુરુવંદન કરવું જોઈએ તેમજ રાત્રે ગુરુવંદન વિધિથી વંદન ન કરતાં માત્ર ચરણસ્પર્શ કરીને કે હાથ જોડીને ત્રિકાળ વંદના કહેવી જોઈએ.

**પ્ર. વંદન કરવાના નિમિત્ત કયા કયા છે ?**

ઉ. વંદન કરવાના આઠ નિમિત્ત છે.

**૧. પ્રતિક્રમણ :** પ્રતિક્રમણમાં આવશ્યકના પહેલા જે વાંદણા આપવામાં આવે છે.

**૨. સ્વાધ્યાય :** ભણતા કે વાચના લેતા પહેલા જે વંદન કરવામાં આવે છે.

**૩. કાઉસ્સગ્ગ :** ઉપધાન વગેરેમાં એક તપમાંથી બીજા તપમાં પ્રવેશ કરવા માટે જે વંદન કરવામાં આવે છે.

**૪. અપરાધ :** અપરાધની ક્ષમાપના માટે જે વંદન કરવામાં આવે છે.

**૫. પ્રાહુણા :** નવા આવેલા સાધુને જે વંદન કરવામાં આવે છે.

**૬. આલોચના :** પાપોની આલોચના કરવાના આશયથી જે વંદન કરવામાં આવે છે.

**૭. સંવર :** પચ્ચક્ખાણ લેવા માટે જે વંદન કરવામાં આવે છે.

**૮. ઉત્તમાર્થ :** અનશન તથા સંલેખણા અંગીકાર કરવા માટે જે વંદન કરવામાં આવે છે.

**પ્ર. ગુરુવંદન કરતી વખતે કેટલા દોષ ટાળવા જોઈએ ? એમાંથી કેટલાક દોષ બતાવો.**

ઉ. ગુરુવંદન કરતી વખતે ૩૨ દોષો ટાળવા જોઈએ. કેટલાક દોષો આ પ્રમાણે :
વાંદણાના ૨૫ આવશ્યકનું બરાબર ધ્યાન ન રાખીને જેમ-તેમ વંદન કરવા, ગુરુ પ્રત્યે રોષ વગેરે રાખીને માત્ર વંદન કરવા પડે એટલા માટે કરવા, અનાદરથી કરવા આ બધા દોષ છે.

**પ્ર. દોષરહિત ગુરુવંદનથી શું લાભ થાય છે ?**

ઉ. દોષરહિત ગુરુવંદન કરવાથી છઃ ગુણની પ્રાપ્તિ થાય છે.
(૧) વિનય (૨) અહંકારનો નાશ (૩) ગુરુની પૂજા (૪) જિનાજ્ઞાનું પાલન (૫) શ્રુતધર્મની આરાધના (૬) પ્રચુર કર્મની નિર્જરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્ર. ગુરુના અભાવમાં એમની સ્થાપના કેવી રીતે કરવી જોઈએ ?**

ઉ. સ્થાપના બે પ્રકારની હોય છે.

**૧. સદ્‌ભૂત સ્થાપના :** લાકડી, પુસ્તક, ચિત્રમાં ગુરુના જેવો આકાર બનાવીને એમાં ગુરુની સ્થાપના કરવી તે.

**૨. અસદ્‌ભૂત સ્થાપના :** અક્ષ (અરિયા), વરાટક (કોડા) તથા જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણ વગેરેમાં ગુરુનો આકાર નહી હોવા છતાં પણ એમાં ગુરુની સ્થાપના કરવી તે.

વળી આ સ્થાપના બે પ્રકારની હોય છે.

**૧. ઈત્વર સ્થાપના :** ઉપરોક્ત બંને સ્થાપનાને માત્ર સામાયિક વગેરે લેતી વખતે નવકાર, પંચિંદિયથી સ્થાપના કરવી.

**૨. યાવત્કથિત સ્થાપના :** ઉપરોક્ત બંને સ્થાપનામાં ગુરુના ૩૬ ગુણોની વિધિપૂર્વક સ્થાપના કરવી. આ પ્રકારની વિધિથી સ્થાપિત કર્યા પછી ક્રિયા કરતી વખતે સ્થાપનાચાર્યજીની સામે નવકાર-પંચિંદિયથી ફરીથી સ્થાપના કરવાની જરૂરત રહેતી નથી.

**પ્ર. ગુરુના અભાવમાં એમની સ્થાપના કરવાની શું જરૂર છે ?**

ઉ. ગુરુના અભાવમાં એમની સ્થાપના કરવાથી ગુરુ સાક્ષાત્ આપણને આદેશ આપી રહ્યા હોય, એવો ભાવ પેદા થાય છે. તેમજ એમની નિશ્રામાં ધર્માનુષ્ઠાન કરવાથી અનુષ્ઠાન સાર્થક થાય છે. ગુરુના અભાવમાં કરેલું અનુષ્ઠાન ફલદાયી નથી બનતું. જેમ પરમાત્માના અભાવમાં એમના બિમ્બની સ્થાપના કરીને સેવાપૂજાનો લાભ લઈએ છીએ. તેવી જ રીતે ગુરુની સ્થાપના કરવાથી આપણે વંદનાદિનો લાભ લઈ શકીએ છીએ.

**પ્ર. ગુરુથી કેટલી દૂરી પર રહેવું જોઈએ ?**

ઉ. શ્રાવક તેમજ સાધુને ગુરુથી ૩½ હાથ દૂર રહેવું જોઈએ.
શ્રાવક તેમજ સાધુને સાધ્વીજીથી ૧૩ હાથ દૂર રહેવું જોઈએ.
શ્રાવિકા તેમજ સાધ્વીજીને સાધુભગવંતથી ૧૩ હાથ દૂર રહેવું જોઈએ.
શ્રાવિકા તેમજ સાધ્વીજીને સાધ્વીજી (ગુરુ)થી ૩½ હાથ દૂર રહેવું જોઈએ.

**પ્ર. ગુરુની ૩૩ આશાતનામાં કેટલીક આશાતના બતાવો ?**

ઉ. ગુરુની આગળ, પાસે કે પાછળ અત્યંત નજીક ઉભા રહેવું, બેસવું કે ચાલવું. ગુરુને ગોચરી ન બતાવવી, એમના બોલાવવા છતાય ઉઠીને ન જવું, એમની વસ્તુને પગ લગાવવો, એમની ભૂલ કાઢવી, ગુરુને કે સ્થાપના (એટલે કે ફોટો વગેરે) ને પગ લગાડવો, થૂંક લગાવવો, એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, સ્થાપનાચાર્યજીને પાડવા, તોડવા વગેરે.

**પ્ર. ગુરુવંદન કરતા સમયે હૃદય કેવું હોવું જોઈએ ?**

ઉ. ગુરુવંદન કરતા વખતે ગુરુના મહાન ગુણોને નજર સમક્ષ રાખીને, એમના પ્રત્યે હૃદયમાં

અહોભાવ રાખી ને તેમજ કોઈ દોષ કે અહંકારનું સેવન ન થઈ જાય એનો પૂરો ખ્યાલ રાખીને ૨૫ આવશ્યકનું પુરૂં પાલન કરીને ગુરુવંદન કરવું જોઈએ.

**પ્ર. દ્વાદશાવર્ત વંદન કરવાથી શું લાભ થાય છે ?**

ઉ. ૮૪ હજાર દાનશાળા બંધાવવાથી જેટલો લાભ થાય છે તેટલું પુણ્ય ગુરુને સામુહિક દ્વાદશાવર્ત વંદન કરવાથી થાય છે.

## સુપાત્ર-દાન

**પ્ર. સુપાત્ર દાન એટલે શું ?**

ઉ. શ્રાવક ધર્મમાં દાન ધર્મનું અગ્રગણ્ય સ્થાન છે. દાનમાં પણ સુપાત્ર દાન સર્વશ્રેષ્ઠ છે. સુપાત્ર ચાર પ્રકારના છે. (૧) અરિહંત-રત્નપાત્ર (૨) ગણધર-સુવર્ણ પાત્ર (૩) ગુરુ (સાધુ-સાધ્વી)-રજત પાત્ર તેમજ (૪) સાધર્મિક-કાંસ્ય પાત્ર. આ ચારમાંથી સાધુ-સાધ્વીજીને દાન દેવાની વિશિષ્ટ વિધિ હોવાથી સામાન્યતયા ગોચરી વહોરાવવાના અર્થમાં સુપાત્ર દાન શબ્દ પ્રસિદ્ધ બની ગયો છે.

સાધુ-સાધ્વીને આહાર આપવાથી એમના સંયમ જીવનમાં સહાયક બની શકાય છે. એમની સંયમ આરાધનાનો આપણને લાભ મળે છે. જીવનમાં ધન-ધાન્ય, ભોગ સામગ્રી વગેરે મળવું સરળ છે. પરંતુ મહાન પુણ્યોદય વિના નિઃસ્પૃહી એવા સાધુ સંતોનો સમાગમ થવો અતિ દુર્લભ છે. માટે જ્યારે ગામમાં સાધુ સાધ્વીજી ભગવંત બિરાજમાન હોય ત્યારે દરરોજ ખૂબ જ ઉત્કૃષ્ટ ભાવથી એમને ગોચરી માટે નિમંત્રણ આપવું જોઈએ.

**ગોચરી વહોરાવતા નીચેના દોષોને ટાળવાનો ઉપયોગ રાખવો જોઈએ.**

- ગોચરીના સમયે ઘરના પગથિયા તેમજ ઘરનું આંગણું કાચાપાણીથી ભીનું ન હોય એ વાતનો ઉપયોગ રાખવો.
- ઘરમાં પોતા માટે બની રહેલા ભોજનને સાધુ-સાધ્વીના ઉદ્દેશ્યથી બનાવીને દુષિત નહીં કરવું. એમના ઉદ્દેશ્યથી બનાવીને વહોરાવવાથી શ્રાવક અને સાધુ બંને પાપના ભાગીદાર બને છે. તેથી પોતા માટે બનાવેલા ભોજનને ઉત્તમ ભાવોથી સાધુ-સાધ્વી ભગવંતોને વહોરાવવાથી ઉત્તમ ફળ મળે છે.
- પરિચિત કે અપરિચિત બધા સાધુ-સાધ્વીને સમાનભાવથી વહોરાવવું, એમની ભક્તિ કરવી.
- ગુરુમહારાજને આવતાં જોઈ લાઈટ, પંખા, ટી.વી. ગેસ વગેરે બંધ હોય તો ચાલુ તેમજ ચાલુ હોય તો બંધ ન કરવા જોઈએ.

- ગુરુ મહારાજને આવતાં જોઈને કાચા પાણીનો લોટો, કાચા પાણીની બાલ્ટી તથા લીલોતરી વગેરે એમના નિમિત્તથી એક જગ્યાએથી બીજી જગ્યાએ ન રાખવી. તેમજ એ બધાનો સ્પર્શ પણ ન કરવો. નહીંતર સચિત્તના સંઘટ્ટાનો દોષ લાગે છે.
- ફ્રીઝ ખોલીને કશું કાઢવું નહીં.
- અચિત્ત ફ્રૂટ વગેરે તેમજ દૂધ વગેરેને કાચા પાણીના માટલા અથવા ફ્રીઝ ઉપર ન રાખવું.
- મ.સા.ને વહોરાવવા માટે કાચા પાણીથી હાથ ધોવા નહી. તથા વહોરાવ્યા પછી પણ કાચા પાણીથી હાથ ધોવા ન જોઈએ. કુકરને ગેસથી નીચે ઉતાર્યા પછી એની નીચે રહેલું પાણી રાખી લેવું. પછી જો હાથ અચિત્ત વસ્તુથી ખરાબ થાય અને ધોવાની જરૂર હોય, તો એ પાણી અચિત્ત હોવાથી એનાથી હાથ ધોઈને વહોરાવી શકીએ છીએ. અને વહોરાવ્યા પછી પણ હાથ વગેરે એ કુકરના પાણીથી ધોઈ શકીએ છીએ.
- અડધી કાચી-પાકી સીજેલી કાકડી ટીંડોળા, ભીંડા, વગેરે મ.સા. માટે અકલ્પ્ય છે.
- ફ્રૂટ વગેરે સચિત્ત વસ્તુને સુધાર્યા પછી ૪૮ મિનિટ થઈ કે નહી એનો ઉપયોગ રાખીને વહોરાવવું.
- વહોરાવતા સમયે દૂધ-ઘી વગેરેના છાંટા નીચે નહી પડવા જોઈએ. છાંટા પડવા પર છર્દિત દોષ લાગે છે. માટે પહેલા ઠોસ (કઠણ) વસ્તુ વહોરાવ્યા પછી તરલ વસ્તુ વહોરાવવી જોઈએ. જો પહેલા જ છાંટા પડી જાય તો મ.સા. કંઈપણ વહોર્યા વગર જ ચાલ્યા જાય.
- છર્દિત દોષથી બચવા માટે પાત્રા રાખવાની જગ્યાએ થાળી કે પાટિયુ વગેરે લગાવવામાં આવે છે. જેથી જમીન પર કોઈ છાંટા ન પડે. પછી એ થાળીનો ઉપયોગ ખાવા માટે કરી લેવો જોઈએ.
- **છર્દિત દોષ પર દષ્ટાંત :** એકવાર સાધુ ભગવંત ગોચરી વહોરવા માટે ગયા. શ્રાવકના હાથે દૂધનો છાંટો જમીન પર પડી ગયો, જેથી મ.સા. વગર વહોર્યે જ પાછા ફરી ગયા. સામે મંત્રી ઝરોખામાંથી આ જોઈ રહ્યા હતા. એમણે વિચાર કર્યો કે એક છાંટો પડવાથી શો દોષ લાગે છે ? એટલામાં તો દૂધથી કીડીઓ આવી, કીડીઓની પાછળ માખીઓ, એની પાછળ ગરોળી, બિલાડી, કુતરો, કુતરાનો માલિક આવ્યો, અંતમાં કુતરાના માલિકોની વચ્ચે ઘમાસાણ યુદ્ધ થયું. એથી મંત્રી સમજી ગયા એક છાંટાની પાછળ કેટલી વિરાધના થઈ શકે છે. જૈન ધર્મની સૂક્ષ્મતાને જોતા એમણે જૈન ધર્મ અંગીકાર કર્યો.

**ગોચરીમાં ઉપયોગ રાખવા સંબંધી કેટલીક વાતો :**

૧. સાધુ ભગવંતોને શુદ્ધ તેમજ નિર્દોષ આહાર પાણીનો લાભ મળે એ હેતુથી શ્રાવક-શ્રાવિકાએ જ્યારે સાધુ-સંત ગામમાં હોય ત્યારે કાચુ પાણી, સચિત્ત તેમજ રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ.

ગોચરીના સમયને ધ્યાનમાં રાખતાં એ સમય અનુસાર પોતાનો પણ આહાર-પાણીનો સમય બનાવી લેવો જોઈએ. સાંજે ચૌવિહાર કે તિવિહાર અવશ્ય કરવો જોઈએ. પરંતુ એ બધામાં ગુરુ ભગવંતનો ઉદ્દેશ્ય ન આવે એ વાતનો પૂરેપૂરો ખ્યાલ રાખવો જોઈએ. આવું કરવાથી સાધુ-સંત પધારે તો એમને નિર્દોષ આહાર-પાણી વહોરાવવાનો ઉત્તમ લાભ મળે છે. અને ન પણ પધારે તો શ્રાવકને પ્રાસુક અન્ન-જળ વાપરવાથી લાભ જ છે.

**દૃષ્ટાંત :** એક વાર વિહાર કરતાં અમે વડગાંવ આવ્યા. પ્રત્યેક ઘરમાં અચિત્ત ફ્રૂટ વગેરે જોઈને અમને આશ્ચર્ય થયું. શંકા થવાથી અમે ફ્રુટ વગેરે ન વહોર્યું. ત્યારે એમણે કહ્યું. ''જ્યારે પણ મ.સા. અમારા ગામમાં પધારે છે ત્યારે આખું ગામ નિર્દોષ ગોચરી વહોરાવવાનો લાભ લેવા માટે પોતાના માટે જે પણ ફ્રૂટ વાપરવાના હોય છે તે સચિત્ત નથી વાપરતા અને કાચા પાણીનો પણ ત્યાગ કરે છે. સાથે જ ચૌવિહાર પણ કરીએ છીએ.'' પોતાના ઘરમાં પણ આવી વ્યવસ્થા કરવી, એ વિવેકની વાત છે.

૨. સાધુ બિમાર, વૃદ્ધ, બાલ, તપસ્વી હોય અથવા વિહારમાં અવ્યવસ્થા વગેરે વિશિષ્ટ કારણ આવી જવાથી સાધુ ભગવંતને જે વસ્તુની આવશ્યક્તા હોય, ઉપયોગવંત શ્રાવકે એ સમયે એ વાતનો ઉપયોગ રાખવો જોઈએ. અથવા કોઈ મહાત્મા એમને ઉપયોગ (કંઈક બનાવવાનું કહે તો) આપે, તો બહુ ઉત્કૃષ્ટ ભાવથી એમને એ વસ્તુને વહોરાવવી જોઈએ. એમાં પણ લાભ જ છે.

૩. શ્રાવકને સાધુ-સાધ્વીના માતા-પિતા કહેવામાં આવે છે. એમની સંયમ આરાધનાનું ધ્યાન રાખવું એ શ્રાવકની ફરજ છે. ન તો એમના સંયમને શિથિલ બનવા દે, ન તો સંયમને મુરઝાવા દે. પરંતુ જે રીતે સાધુ વધારેમાં વધારે સંયમી બની રહે, એ રીતે એમને સંયમના ઉપકરણાદિની અનુકૂળતા કરી આપવાનું વિધાન છે.

૪. **સ્થાપના કુલ :** ઉદાર વૃત્તિવાળા અને વિશાળ પરિવારવાળા ઘરે સાધુ ભગવંતોને જે વસ્તુ જ્યારે પણ જોઈએ ત્યારે મળી જાય. જ્યાં ચાર-પાંચ વાર જવા છતાં પણ શ્રાવક મનમાં અભાવ ન લાવીને ભાવપૂર્વક વહોરાવતાં રહે, એવા ઘરોને સ્થાપના કુલ કહે છે. જો કે સાધુ ભગવંત આચાર્યાદિના માટે કે વિશિષ્ટ કારણથી જ આવા ઘરેથી ગોચરી લાવે છે.

૫. જે ઘર ઉપાશ્રયની નજીક છે તેમજ જે ગામથી સાધુ-સાધ્વી ભગવંતોનો વિહાર વધારે થાય છે એમણે વિશેષ ઉત્સાહ તેમજ વિવેક રાખવો જોઈએ. એમના માટે બધા પ્રકારના સુકૃતો કરતા સુપાત્ર દાનનો લાભ વિશેષ બની જાય છે. ક્યાંક ઘર ઓછા હોય કે પોતાનું ઘર નજીક હોય તો શ્રાવકને ઉત્કૃષ્ટ ભાવથી જ લાભ લેવો જોઈએ. પરંતુ મનમાં દુર્ભાવ નહી કરવો જોઈએ. સાધુ-સંતોને શાતા મલવાથી એમના અંતરના આશિષ પ્રાપ્ત થાય છે.

૬. જ્યારે પણ મહાત્મા આંગણામાં પધારે તે સમયે અતિ આનંદિત થઈને એમને પધારવાનું આમંત્રણ આપવું જોઈએ. ઘરના બધા સદસ્યોએ ઉભા થઈને એમનો વિનય કરવો જોઈએ. પરંતુ

નાના કે મોટા ગુરુ ભગવંતની ઉપેક્ષા કરીને ટી.વી. જોવામાં, સમાચાર પત્ર વાંચવામાં, વાતો કરવા વગેરેમાં વ્યસ્ત રહે તો આશાતનાનો દોષ લાગેછે. વહોરાવવાનો લાભ બધાએ લેવો જોઈએ. ગુરુ ભગવંતને વહોરાવવાનાં સંસ્કાર બાળકોને પણ આપવા જોઈએ.

૭. ઘણીવાર અજ્ઞાની લોકો મ.સા.નો અવાજ સાંભળીને પોતાના ઘરમાં સાધુના નિમિત્તે આરંભ કરીને ખિચિયા, પાપડ શેકે છે. એ ઉચિત નથી. ઘણા લોકો પોતાના માટે બની રહેલી રસોઈ, દૂધ વગેરેને મ.સા.નો ઉદ્દેશ્ય બનાવીને દોષિત બનાવી દે છે. કુશળ શ્રાવક-શ્રાવિકાઓને નિયમ (૧)ના અનુસાર ઉપયોગ રાખવો જોઈએ.

૮. ગામમાં આયંબિલ ખાતુ ન હોય અને મ.સા.ને આયંબિલ હોય તો મ.સા.ને માટે અલગ બનાવવાની જરૂર હોતી નથી. આપણા ઘરમાં જે પણ બની રહ્યું હોય, એમાંથી જ ઉપયોગપૂર્વક લુખ્ખુ કાઢી લેવું જોઈએ અથવા મ.સા.ને વહોરાવા પહેલા વઘાર આપવું નહીં. બધી અથવા થોડી રોટલીઓ લુખી જ રાખવી જોઈએ. તેમજ એ દિવસે ઘરના બધા કે કેટલાક સદસ્યોએ લુખી રોટલી ખાઈને સાધુ ભગવંતોને નિર્દોષ ગોચરી વહોરાવવાનો લાભ લેવો જોઈએ.

૯. વહોરાવતા સમયે સૌ પ્રથમ ઉત્તમ દ્રવ્યોને બતાવવા જોઈએ. પછી સામાન્ય દ્રવ્ય બતાવવાનું વિધાન છે. નહીંતર પહેલા મ.સા. સામાન્ય દ્રવ્ય વહોરી લે તો વિશેષ દ્રવ્યોના લાભથી વંચિત રહી જવાય છે.

૧૦. ક્યારેક મ.સા. પધાર્યા હોય અને આપના ઘરે રસોઈ ન બની હોય, તો દરવાજાથી જ મ.સા.ને ''રસોઈ નથી બની'' આમ કહીને પાછા નહી મોકલવા. પરંતુ એમને બહુમાનપૂર્વક આમંત્રણ આપીને ઘી, ગોળ, દૂધ, સાકર, ખાખરા, સૂંઠ, ગંઠોડા, મિઠાઈ વગેરે જે પણ વસ્તુ ઘરમાં હોય તેનો લાભ આપવાની વિનંતી કરવી જોઈએ.

૧૧. જયારે પણ મ.સા. પધારે, ત્યારે એમનું ભક્તિપૂર્વક સ્વાગત કરવું જોઈએ તેમજ વહોરાવ્યા પછી સમયાનુસાર પાછા વળાવવા જવું જોઈએ. ઓછામાં ઓછું પોતાના ઘરની બહાર સુધી તો વળાવવા જવું જ જોઈએ. મ.સા. ગામમાં અજાણ હોય તો એમને આજુ-બાજુના બધા ઘર બતાવવા જોઈએ.

૧૨. મ.સા.ને વહોરાવવાનો આગ્રહ કરવો ઉચિત છે, પરંતુ એટલો આગ્રહ પણ ન કરવો જોઈએ કે એમને તકલીફ ઉઠાવવી પડે. માટે વિવેક રાખવો.

૧૩. જ્યારે પણ ઘરેથી ગાડી લઈને બહારગામ કે તીર્થયાત્રા પર જવા માટે નીકળી રહ્યા હોય, ત્યારે મ.સા.ને રસ્તામાં જુઓ ત્યારે અવશ્ય ગાડી રોકીને એમને ગોચરી, દવા વગેરે કોઈપણ કામ-કાજ માટે પૂછવું જોઈએ. રસ્તામાં કોઈપણ તકલીફ વગેરેમાં પણ તમે સહાયક બની શકો છો. જરૂર પડે તો પોતાનું કામ ગૌણ કરીને પણ મ.સા.નું કોઈ કામ હોય તો એ કરવાથી ખૂબ લાભ મલે છે.

૧૪. બાળકોને બાળપણથી જ મ.સા.ને ગોચરી માટે બોલાવવા મોકલવા જોઈએ. એનાથી બાળપણમાં જ એમનામાં આવા સંસ્કાર પડે છે. રાજકોટમાં એક ૬ વર્ષનો છોકરો મ.સા.ને ગોચરી માટે બોલાવવા આવ્યો. મહારાજ સાહેબે એના ઘરે આવવાની ના પાડી. એટલે એ ખૂબ આગ્રહ કરવા લાગ્યો. મ.સા.ના પાતરા પકડી લીધા. મ.સાહેબે કહ્યું તું આટલો આગ્રહ કેમ કરે છે ? ત્યારે એણે કહ્યું મ.સાહેબ જો હું આપને ગોચરીને માટે બોલાવવા આવું, તો મારી મમ્મી મને ૩ રૂપિયા આપે છે. અને જો આપને સાથે લઈ જાઉં તો મારી મમ્મી મને ૬ રૂપિયા આપે છે.

**દૃષ્ટાંત :** એક વખત માઁ એ છોકરાને મ.સા.ને ગોચરી માટે બોલાવવા મોકલ્યો. છોકરો ઉપાશ્રયમાં આવ્યો. અને મ.સા.ને ગોચરી માટે પધારવાનું કહ્યું. મ.સાહેબે કહ્યું કે ''ગોચરીવાળા મ.સા. તો નીકળી ગયા છે.'' ત્યારે છોકરાએ કહ્યું કે 'તો પછી આપની સાથે જે સાધર્મિક છે એમને ભોજન માટે મોકલી દો.' મ.સાહેબે કહ્યું 'તેઓ પણ ચાલ્યા ગયા છે.' પછી છોકરાએ મ.સાહેબને કહ્યું 'તો પછી ડોળી ઉઠાવવાવાળા વગેરે આપની સાથે જે પણ પુરુષ કે સ્ત્રી હોય એમને મોકલી દો.' મ.સાહેબે કહ્યુ 'તેઓ પણ ચાલ્યા ગયા છે.' આ સાંભળીને છોકરો ઉદાસ થઈ ગયો. એટલામાં એણે ત્યાં એક કૂતરો જોયો અને ખુશ થતાં પૂછ્યું મ.સા. 'આ કૂતરો આપનો છે ?' મ.સાહેબે કહ્યું કે 'અમારો નથી પણ અમારી સાથે વિહારમાં ચાલે છે.' તો એણે કહ્યું, 'આ કૂતરાને તો મોકલી જ દો.' મ.સાહેબે કહ્યું 'આવતો હોય તો લઈ જા.' તે કૂતરાની પાસે જઈને એણે ચાલવાનું કહેવા લાગ્યો. પરંતુ કૂતરો ન ગયો, ત્યારે મ.સાહેબે કહ્યું - 'ભાઈ એ કહેવાથી ચાલવાનો નથી. એના માટે તો ખાવાનું અહીંયા લાવવું પડશે. તરત તે છોકરો હસતો હસતો ગયો અને થોડીક જ વારમાં ૧૦-૧૫ પેંડા લઈ આવ્યો. બહુ પ્રેમથી એ કૂતરાને ખવડાવવા લાગ્યો. મ.સા. તો જોતાં જ રહી ગયા. મ.સાહેબે કહ્યું 'આ તો કૂતરો છે, એના માટે રોટલી લાવી હોત તો પણ ચાલત.' ત્યારે છોકરાએ કહ્યું. 'મારી મમ્મીએ કહ્યું છે કે મ.સા.ની સાથે ચાલવાવાળા કૂતરાનો પણ લાભ આપણા ભાગ્યમાં ક્યાંથી ? માટે એને પણ બહું આદરથી પેટ ભરીને મિઠાઈ જ ખવડાવવી જોઈએ.' આવા ભાવ પ્રત્યેક શ્રાવક શ્રાવિકાના દિલમાં હોવા જોઈએ.

### જીવોની જયણાના ઉપકરણ

૧. ગળણું : પાણી ગળવા માટે સુયોગ્ય કપડું.

૨. સાવરણી : ઘરનો કચરો કાઢવા માટે મુલાયમ સ્પર્શવાળી સાવરણી (ઝાડુ).

૩. પૂંજણી : સુકોમળ ઘાસથી બનાવેલી મુલાયમ સ્પર્શવાળી નાની પીંછી.

૪. ચરવળો : સામાયિક, પ્રતિક્રમણમાં ઉઠતાં-બેઠતાં પૂજવા - પ્રમાર્જના માટે જરૂરી ઉપકરણ

૫. મોરપીંછી : મોરના પીંછાને બાંધીને બનાવેલું ઉપકરણ (પુસ્તક, ફોટા વગેરેને પૂંજવાનું ઉત્તમ સાધન).

૬. છાલણી : અનાજ, લોટ, મસાલા વગેરે છાનવા માટેની અલગ-અલગ છાલણી.

૭. ચંદરવો : રસોઈ બનાવતા સમયે છત ઉપરથી કોઈ જીવ-જંતુ ન પડે, એ માટે રસોઈઘરમાં ઉપર બાંધવાનું કપડું.

### જીવોની જયણાની જડીબુટ્ટિઓ

૧. મોરના પીંછા : મોરના પીંછા રાખવાથી કે હલાવવાથી સાંપ તથા ગરોળી ભાગી જાય છે.

૨. કાળા મરી : કેસરની ડબ્બીમાં કાળા મરીના દાણા નાંખવાથી ભેજને કારણે એમાં થતી જીવોત્પત્તિ અટકી જાય છે.

૩. ડામરની ગોળી (કેમ્ફર) : કપડાં, પુસ્તકોની બેગ, કબાટ વગેરેમાં ડામરની ગોળી રાખવાથી જીવોની ઉત્પત્તિ થતી નથી.

૪. પારો : અનાજમાં પારાની ગોળી નાખવાથી અનાજ સડતું નથી, તથા જીવોત્પત્તિ પણ થતી નથી.

૫. એરંડિયાનું તેલ : ઘઉં, ચોખા, મસાલા વગેરેને આ તેલ લગાવવાથી જીવ થતા નથી. તથા એની વાસથી કીડીઓ દૂર થાય છે.

૬. ઘોડાવજ : પુસ્તકોના કબાટમાં ઘોડાવજ રાખવાથી જીવોત્પત્તિ થતી નથી.

૭. તમાકુ : કપડાં અથવા પુસ્તકોના કબાટમાં તમાકુના પાન રાખવાથી જીવોત્પત્તિ થતી નથી.

૮. ચુનો : ઉકાળેલા પાણીમાં ચુનો નાખવાથી એ પાણી ૭૨ કલાક સુધી અચિત્ત રહે છે. ચુનો ચોપડવાથી દિવાલો ઉપર જીવ-જંતુઓ જલ્દીથી આવતા નથી.

૯. ડામર : ડામરની ઉપર નિગોદની ઉત્પત્તિ હોતી નથી. એનાથી ઉધઈની ઉત્પત્તિ પણ અટકી જાય છે.

**૧૦. કેરોસીન** : શરીર ઉપર કેરોસીન લગાવવાથી મચ્છર કરડતા નથી. જમીન ઉપર કેરોસીનવાળું પોતું કરવાથી કીડીઓ આવતી નથી.

**૧૧. રાખ** : કીડીઓની લાઈનની આજુ-બાજુ રાખ નાખવાથી તે જતી રહે છે. અનાજમાં રાખ નાંખીને ડબ્બામાં રાખવાથી અનાજ સડતું નથી.

**૧૨. કપૂર** : કપૂરની ગોળીની ગંધથી ઉંદર દૂર ભાગે છે. તથા તેનું આવવું-જવું-દોડવું ઓછું થઈ જાય છે. કપૂરનો પાઉડર આસ-પાસ નાખી દેવાથી કીડીયો ચાલી જાય છે.

**૧૩. ગંધારોવણ** : લાકડાના કબાટમાં આ રાખવાથી જિંગુર (વાંદા)ની ઉત્પત્તિ થતી નથી.

**૧૪. કંકુ** : કંકુ નાખવાથી કીડીઓ દૂર થઈ જાય છે.

**૧૫. હળદર** : હળદર નાખવાથી કીડીઓ જતી રહે છે.

**૧૬. ગેરુ** : લાલ રંગનો ચુનો (ગેરુ) દિવાલ ઉપર ચોપડવાથી ઉધઈ થતી નથી.

**૧૭. રંગ-વાર્નિશ-પૉલિશ** : લાકડા ઉપર નિગોદ અને જીવોત્પત્તિને રોકવા માટે

## નિગોદને ઓળખો

વર્ષાઋતુમાં ઘરના કમ્પાઉન્ડમાં, જૂની દિવાલોમાં અને છત ઉપર લીલી, કાળી, ભૂરી વગેરે કેટલાય રંગોની સેવાળ (લીલ) જામી જાય છે. એને નિગોદ કહે છે. બટાટા વગેરે કંદમૂળની જેમ જ નિગોદ પણ અનંતકાય છે. એના એક સૂક્ષ્મકણમાં પણ અનંતજીવ હોય છે.

એની ઉપર ચાલવાથી આશરો લઈને બેસવાથી, એની ઉપર વાહન ચલાવવાથી અથવા એની ઉપર કોઈ વસ્તુ રાખવાથી કે પાણી નાખવાથી નિગોદના અનંતજીવોની હિંસા થાય છે. બટાટા વગેરે અનંતકાય છે. જ્યારે એને ખાવું મહાપાપ છે તો અનંતકાય એવી નિગોદને આપણે પગ નીચે કેવી રીતે કચડી શકીએ ?

## નિગોદની રક્ષા કરો

૧. જે જગ્યા વધારે સમય સુધી ભીની રહે છે, ત્યાં નિગોદની ઉત્પત્તિ થાય છે. બાથરૂમ પણ જો આખો દિવસ ભીનું રહે તો એમાં પણ નિગોદની ઉત્પત્તિ થાય છે. માટે ઘરની કોઈપણ જગ્યા વધારે સમય સુધી ભીની ન રહે, તેની સાવધાની રાખવી.

૨. નીચે જોઈને ચાલવું જોઈએ. રસ્તામાં ક્યાં પણ નિગોદ જામી હોય તો એક બાજુ ફરીને જ્યાં સ્વચ્છ જગ્યા હોય ત્યાંથી ચાલવું.

૩. મકાનના કમ્પાઉન્ડમાં ચાલવાના રસ્તા ઉપર નિગોદ ઉત્પન્ન ન થાય, એ માટે વરસાદની ઋતુ શરૂ થાય એના પહેલા જ નીચેના ઉપાય કરી શકીએ છીએ.

અ) નિગોદ ન થાય એવી માટીને પાથરી દેવી અથવા એવું ફલોરીંગ કરી દેવું.

બ) ડામર અથવા સફેદ રંગના ઓઈલ પેન્ટનો પટ્ટો લગાવવો.

૪. એકવાર જો નિગોદ થઈ જાય તો એની ઉપર માટી નહીં નાખવી, ન સાફ કરવી કે ન ઉખેડવી જોઈએ અને ન તો કલર કે ડામરનો પટ્ટો લગાવવો જોઈએ. સ્વાભાવિક રીતે એ સુકાઈ ન જાય, ત્યાં સુધી એની ઉપર કાંઈ નહી કરવું જોઈએ.

૫. લાકડાની ઉપર રંગ, વાર્નિશ, પૉલીશ કરવાથી નિગોદની ઉત્પત્તિ થતી નથી.

**ફૂગ (Fungus) ને ઓળખો.**

૧. વાસી પદાર્થ વગેરે ઉપર સફેદ રંગની ફૂગ દેખાય છે આ ચોમાસામાં વિશેષ થાય છે. મિઠાઈ, ખાખરા, પાપડ, વડી અને અન્ય ખાદ્ય પદાર્થ, દવાની ગોળીઓ ઉપર, સાબુ ઉપર, ચામડાના પટ્ટા ઉપર, પુસ્તકના પૂંઠા ઉપર, તથા અન્ય વસ્તુ ઉપર ભીનાપણાને કારણે રાતોરાત સફેદ ફૂગ જામી જાય છે. ફૂગ થયા પછી એ ખાદ્ય પદાર્થ અભક્ષ્ય બની જાય છે. એ વસ્તુનો સ્પર્શ કરવો અથવા અહીં-તહીં રાખવું પણ નિષેધ છે.

**ફૂગની રક્ષા કરો.**

- ખાદ્યપદાર્થોને ટાઈટ ઢાંકણાવાળા ડબ્બામાં રાખવા. ડબ્બામાંથી વસ્તુ લેતી વખતે હાથ થોડો પણ ભીનો ન હોય, તેનું ધ્યાન રાખવું અને બની શકે તો ચમચીનો ઉપયોગ કરવો. ડબ્બાનું ઢાંકણું બરાબર બંધ કરવું.
- જે વસ્તુ ઉપર ફૂગ જામી હોય એને અલગ જ રાખવી. અને એને કોઈ સ્પર્શ ન કરે. એનું ધ્યાન રાખવું.
- મુરબ્બો વગેરેની ચાસણી ત્રણતાર વાળી ન હોવાને કારણે કાચી રહેવાથી ફૂગ થઈ જાય છે.
- ગરમ-ગરમ મિઠાઈને ડબ્બામાં બંધ કરવાથી ફૂગ ઉત્પન્ન થઈ શકે છે.
- બુંદીમાં ચાસણી જો કાચી રહી ગઈ હોય તો પણ ફૂગ થઈ જાય છે.

- ઓડોમસની વાસવાળું કપડું ઢાંકી દેવાથી ડબ્બામાં આવેલી કીડીઓ જતી રહે છે.
- પાણીમાં પડી ગયેલી કીડીઓ મરેલી લાગે છે. પરંતુ હલકા હાથે પાણીમાંથી કાઢીને એને ઉની કપડામાં રાખવાથી અથવા એ પાણીને ગળણાથી ગળવાથી બધી કીડીઓ એ ગળણા ઉપર આવી જાય છે તેમજ એ ગળણાને નીચોવ્યા વગર એમ જ સૂકવવાથી કીડીઓ ૫-૭ મિનિટમાં ચાલવા લાગે છે.
- લીમડાના પાંદડાનું ધૂપ કરવાથી મચ્છર દૂર ભાગી જાય છે.
- લીમડાનું તેલ શરીર પર લગાવવાથી મચ્છર કરડતા નથી.
- સાબુ કે સર્ફના પાણીમાં પલાળેલા કપડાની બાલ્ટીને ઢાંકીને રાખવી જેથી એમાં માખીઓ ન પડે.
- ઘરમાં મીઠાના પાણીથી પોતું કરવાથી માખીઓ નથી આવતી.
- જે પલંગમાં માંકણ ઉત્પન્ન થયા હોય તે પલંગનો ઉપયોગ કેટલાક દિવસો માટે પૂર્ણપણે બંધ કરી દેવો. જેથી તે પોતાની મેળે ચાલ્યા જશે.
- ''દેવીકા મહાદેવીઆ પ્રોડક્ટ્સ મુમ્બઈ''ની બનાવેલી દવા ઘરમાં લગાવવાથી કોકરોચ નથી થતા. અને જો હોય તો તે ચાલ્યા જાય છે પણ મરતાં નથી. આ દવા નીચેના સરનામે ઉપલબ્ધ છે. હુસેન મનોર, નં. ૪૩ બમનજી પેટીટ રોડ, પારસી જનરલ હોસ્પીટલની ગલી, કેમ્પસ કોર્નર, મુંબઈ-૩૬
- પુસ્તક, ફર્નિચર કે દિવાલ ઉપર ઉધઈ થઈ જાય તો ખૂબ જયણાપૂર્વક એને લઈને વૃક્ષની છાયામાં અથવા વૃક્ષની બખોલમાં રાખવી. જે જગ્યા ઉપર ઉધઈ ઉત્પન્ન થઈ હતી, ત્યાં કેરોસીનનું પોતુ લગાવવાથી ઉધઈ ફરીથી નહી થાય.
- સાફ કર્યા વિના જ અનાજને દળવાથી અનેક નિર્દોષ જીવ અનાજની સાથે જ દળાઈ જાય છે. માટે અનાજને ચાળીને તેમજ વીણીને જ દળાવવું જોઈએ.
- શાક-ભાજી સારી રીતે સુધાર્યા વગર પકાવવાથી એમાં રહેલી ઈયળો મરી જાય છે.
- વાલોર, વટાણા, ભીંડા, શિમલા મીર્ચ, કારેલાં, કોબીજ વગેરેમાં ઇયળની વધારે સંભાવના રહે છે. માટે આ વસ્તુઓને સુધારતી વખતે વિશેષ સાવધાની રાખવી જોઈએ.
- કોબીજમાં બેઇન્દ્રિય જીવ સૂક્ષ્મ અને વધારે હોય છે. તથા છિદ્રોમાં ભરેલા હોય છે. માટે તેનો ઉપયોગ કરવો નહીં. ક્યારેક-ક્યારેક એમાં નાના-નાના સાંપ પણ છુપાયેલા હોય છે.
- ભીંડાને ગોળાકાર ન સુધારવા, એને ઉભા (લંબાઈમાં) જ સુધારવા. સુધારતા સમયે હલકા હાથે ચાકુથી ચીરો લગાવો પછી આંગળીથી પહોળી કરી ઝીણવટપૂર્વક જોવું.

- મેથીની ભાજીમાં બહુ જ નાની (સૂક્ષ્મ) કેસરી રંગની ઇયળો હોય છે. છાલણીથી છાળવાથી એની જયણા કરી શકાય છે.
- ગેસ-સ્ટોવનો ઉપયોગ કરવા પહેલા એને પૂંજણીથી પૂંજી લેવો.
- ગરમ પાણીમાં ઠંડા પાણીને ભેગું કરવું નહી.
- ફટાકડા ક્યારેય ફોડવા નહી.
- ઘાસ ઉપર ચાલવું નહી.
- વનસ્પતિના પત્તા વગેરે તોડવા નહી.
- ગર્ભપાત કરાવવો નહી અને આવી હિંસક સલાહ આપવી નહીં અને આવી કુપ્રવૃત્તિઓનું દવાખાનું પણ ચલાવવું નહી.
- રસોઈ બનાવતા પહેલા લોટ-ધાન્ય વગેરેને છાળણીથી છાળીને જોયા પછી ઉપયોગમાં લેવું.
- પર્વતિથિ અને ૬ અઠ્ઠાઈઓના દિવસોમાં અનાજ પીસાવવું નહી.
- ખાલી વાસણ વગેરેને ઉલ્ટા કે ઉભા રાખવા જેથી એમાં જીવ-જંતુ પડે તો ગભરાઈ ન જાય.
- ટેબલ, પલંગ વગેરે કોઈ સામાન જમીનથી ઘસડીને ન ખેંચતાં ઉંચકીને રાખવું.
- કબાટ, બેગ, ડબ્બા વગેરે અડધા ખુલ્લાં ન રાખવા, એને બરાબર બંધ કરવા.
- કીડીઓ નીકળે તો એ જગ્યાની આજુ-બાજુ રાખ કે ચુનો છાંટી દેવો, જેથી કીડીઓ જતી રહેશે. હરતાં-ફરતાં એ વાતનો ખ્યાલ રાખવો કે ક્યાંય કોઈ કીડી પગ નીચે દબાઈને મરી ન જાય.
- લાલ રંગના બોર, મરચાં વગેરેમાં એ જ રંગનાં બહુ જ જીવો હોવાની સંભાવના છે. માટે ચોક્સાઈપૂર્વક ઉપયોગમાં લેવું.
- રસોઈઘરમાં લાઈટને ચૂલાની ઉપર ન રાખવી. લાઈટની આસ-પાસ ઉડતા જીવો ચૂલા ઉપર તથા તપેલીમાં પડીને મરી જાય છે.
- દહીં-છાસને બે રાત પછી ઉપયોગમાં ન લેવું.
- વાસી માવાની મિઠાઈનો ઉપયોગ ન કરવો. તાજો માવો પણ જો પૂર્ણ રીતે સેકીને લાલ ન કર્યો હોય તો એ પણ બીજા દિવસે વાસી બની જાય છે. સફેદ માવો એક રાતના ઉપરાંત વાસી થાય છે.
- મધ-માખણ વગેરે અભક્ષ્ય છે. એને ખાવાથી પુષ્કળ વિકલેન્દ્રિય જીવોનું ભક્ષણ તેમજ હિંસા થાય છે. માટે એનો ત્યાગ કરવો.
- શરીરના ખુલ્લા ભાગમાં જો ખુજલી આવે તો, ખણ્યા પહેલા જોવું, કે કોઈ જીવ તો બેઠો નથી ને. પીઠ વગેરે જ્યાં દૃષ્ટિ ન પહોંચે ત્યાં રૂમાલ ફેરવી લેવો.

- કપડાં ધોયા પહેલાં આગળ-પાછળ, ઉલ્ટા કરીને એનું બરાબર નિરીક્ષણ કરવું.
- કોઈપણ મોટા કે નાના વાસણમાં પાણી, ખાદ્યપદાર્થ વગેરે લીધા પહેલા જોઈ લેવો કે વાસણના કોઈ ખૂણામાં કોઈ સૂક્ષ્મ જંતુ તો નથી ને ?
- દરવાજા-બારીને ખોલતાં બંધ કરતાં પહેલા ખખડાવવો જેથી જો ગરોળી વગેરે બેઠેલી હોય તો અવાજ સાંભળતાં જ ખસી જશે. બારી વગેરે ખોલતાં કે બંધ કરતાં પહેલા બરાબર જોઈ લેવી કે ક્યાંક કોઈ જંતુ તો નથી ને ?
- ચા ની પત્તીને ગળણીથી ગાળીને ઉપયોગ કરવો. ચાતુર્માસ અને ભીના વાતાવરણમાં નાના જીવો હોવાની સંભાવના રહે છે.
- વર્ષા ઋતુમાં ટ્યુબલાઈટ ઉપર નાની ફુદી (પતંગીયા) જેવા પુષ્કળ જીવ મોટા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. સવારે કચરામાં આ બધા જીવોના ક્લેવર એકઠાં થઈ જાય છે. એને રોકવા માટે ટ્યુબલાઈટની સાથે લીમડાના ઝાડની નાની ડાળી બાંધી દેવી.
- શહેરોમાં ઘરે કેરીનો રસ કાઢવાની પ્રથા ઘટતી જાય છે. કારણ એ છે કે એ બજારમાં તૈયાર મળે છે. પણ એનો ઉપયોગ કરવો અનુચિત છે કેમકે એ રાત્રે પણ નીકાળેલો હોઈ શકે છે. તથા એમાં કાચુ દૂધ પણ ભેળવાય છે. જેથી દાળ વગેરે કઠોળની સાથે ખાવાથી દ્વિદળ થવાની સંભાવના રહે છે. કેરીના રસમાં કાચુ દૂધ ભેળવવું જોઈએ નહી તેમજ બજારનો કેરીનો રસ પણ ઉપયોગમાં લેવો ન જોઈએ.
- સાંજની રસોઈ થઈ ગયા પછી, બર્નર ઉપર કપડું બાંધીને ઢાંકી દેવું. જેથી બર્નરના છિદ્રોમાં જીવ જાય નહીં. અને સવારે પૂંજણીથી ગેસને પૂંજી લેવું.
- બિસલરી વગેરે મિનરલ વોટર, અળગણ હોવાથી પીવો નહી અને પીવડાવવો પણ નહીં. એમાં પાણીના જીવોની વિરાધના થાય છે. પહેલા દિવસનું ગળેલું પાણી જો બીજા દિવસે ઉપયોગ કરવો હોય તો ગળીને જ ઉપયોગમાં લેવું.
- પૌંઆમાં પુષ્કળ જીવાત હોવાથી એનો ઉપયોગ કરવા પહેલા છાળણીથી છાળીને નિરીક્ષણ કરી લેવું.
- લીંબુના ફૂલ (લીંબુના સત્ત) મહાહિંસક હોવાથી એનો ઉપયોગ કરવો નહિ.
- મિઠાઈની ઉપર જો કેસરનું પાણી છાંટેલું હોય તો એ મિઠાઈ બીજા દિવસે વાસી બની જાય છે.
- મેથી વગેરે ભાજીના નીચેના ૨-૩ પત્તા અનંતકાયમાં ગણાય છે. માટે એને છોડી દેવાય છે.
- પૌંઆ-મમરા-સીંગદાણાં તથા દ્રાક્ષ વગેરેને છાળીને-વીણીને જ ઉપયોગમાં લેવું.

- આખા કાજૂનો ઉપયોગ કરવો નહીં કારણ કે કાજૂના અંદરની પોલાણ (છિદ્ર)માં ઇયળ (લટ) હોવાની સંભાવના રહે છે માટે કાજૂના બે ટુકડા કરીને, બરાબર જોઈને જ ઉપયોગ કરવો.
- ઘરમાં જો કોઈ માટલા વધારે હોય તો એના મુખ ઉપર કપડું બાંધીને રાખવું, નહીંતર એમાં કરોળીયાના જાળ થવાની સંભાવના છે.
- એક માટલામાં રોજ પાણી ભરવાથી એમાં લીલ થવાની સંભાવના છે માટે દર ૩-૪ દિવસમાં માટલાને બદલતાં રહેવું. તથા પહેલા ઉપયોગ કરેલા માટલાને સારી રીતે સૂકાવી લેવો.
- ગ્લાસમાં પાણી પીધા પછી, એને લૂંછી લેવો. એંઠો ગ્લાસ માટલામાં નાખવાથી બધા પાણીમાં સમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થઈ જાય છે. પાણી લેવા માટે એક અલગ વાસણ (લોટો-જગ) રાખવાથી સમૂર્ચ્છિમ જીવોની વિરાધનાથી બચી શકાય છે.
- સળગાવવા માટે સૂકી લાકડી-કોલસા વગેરેનો ઉપયોગ કર્યા પહેલા પ્રમાર્જના (પૂંજીને) કરીને જમીન ઉપર ઠોકીને જોઈ લો કે કોઈ જીવ તો નથી ને ?
- આજે છાળેલો લોટ આજે જ ઉપયોગમાં લો, આગલા દિવસે ઉપયોગ કરવો હોય તો ફરીથી છાળવો જોઈએ. આજનો ગૂંદેલો લોટ બીજા દિવસે વાસી બની જાય છે.
- છુંદાની બરણીના મુખ ઉપર એરંડિયાનું તેલ લગાડી દેવાથી કીડીઓ નથી આવતી.
- વિચારાર્થ - જે વખતે વગર લાઈટ કે પંખાનું કામ ઓછું હોય તો ઘરમાં કે રૂમમાં પ્રવેશ કરતાં જ હાથોનો દુરુપયોગ સ્વીચ પર કરવો નહિ.

## Good Thoughts

1. **Remember the Past only if it gives Peace and Pleasure otherwise forget it.**
2. **Destroy Ego and Control Anger**
3. **God never closes a door without opening a window. He always gives something better when he takes something away.**

## બન્ને સ્થિતિમાં મઝા જ મઝા

વિશાળ વનરાજીથી વિંટળાયેલી ટેકરી ઉપર એક બાવાજી રહેતા હતા. સાત આઠ વિદ્યાર્થીને ભણાવતા હતા. વિદ્યાર્થીઓ જ જંગલમાંથી સૂકા લાકડા વીણી લાવી રસોઈ કરીને બધાને જમાડતા હતા. એક દિવસ ભણનાર છોકરાઓએ આવીને સમાચાર આપ્યા કે, 'ગુરૂજી, ગુરૂજી ! સાત-આઠ ગાય ક્યાંકથી ફરતી ફરતી આવી ગઈ છે.'

ગુરૂજીએ કહ્યું, 'ભલે! ત્યાંજ સ્હેજ બાંધીને છાંયડો કરી દો, માતાજી સુખે સુખે ત્યાં રહી શકે' તે પ્રમાણે છાયો કર્યો, ગાયો નિરાંતે રહેવા લાગી, દૂધ મળવા લાગ્યુ, દહીં ઘી થવા લાગ્યા, બધો પરિવાર મઝામાં આવી ગયો. દિવસો સુખમાં વિતતા હતા. ત્યાં એ જ છોકરાઓ ભેળા થઈને આવ્યા. ગુરૂજીને કહેવા લાગ્યા, 'ગુરૂજી, ગુરૂજી ! એ બધી ગાયો ક્યાંક ચાલી ગઈ !' ગુરૂજીએ કહ્યું 'ચાલો સારૂ થયું ગોબર સાફ કરવું મટ્યું' ભણતાં વિદ્યાર્થીઓએ કહ્યું 'ગાયો આવી ત્યારે આપે કહ્યું કે ગોરસ મળશે અને એનો માલિક એ બધી ગાયોને લઈ ગયો તો આપે કહ્યું કે ગોબર સાફ કરવું મટ્યું, તો બન્ને અવસ્થામાં આપને સારૂંજ દેખાય છે ?'

ગુરૂજીએ કહ્યું 'હા, ભણતરનો સાર જ આ છે ને. નજર એવી ટેવાઈ જાય કે સારૂ હોય તે જ નજરે ચઢે, અને જે જુએ તેમાંથી સારું શોધી કાઢે. આપણને સારૂ જોવા જ આંખ મળી છે. તેથી સાર્થકતા તેમાં છે. જોવું તો સારૂંજ જોવું'

# Art of Living

૫

## તૂટ્યો સપનાનો મહેલ
















No Competition But Solution



# મંત્ર મહિમા

ह्रीं अर्हं

## ❊ બુદ્ધિવર્ધક મંત્ર

ૐ નમો અરિહંતાણં વદ વદ વાગ્વાદિની સ્વાહા

મંત્ર સંખ્યા : પ્રતિદિન ૧ માળા

પરિણામ : સવાલાખ જાપ કરી મંત્ર સિદ્ધ કરવો. સ્મરણ શક્તિ વધે છે.

## ❊ સર્પ આદિનું ઝેર ઉતારવાનો મંત્ર

ૐ હ્રાઁ હ્રીઁ હ્રુઁ હ્રૈઁ હ્રૌઁ હ્રુઁ હ્રા નમો સિદ્ધાણં વિષં નિર્વિષી ભવતુ ફટ્

ગુરુ મુખેથી મંત્ર ગ્રહણ કરી આનો પ્રયોગ કરવાથી સર્પ આદિનું ઝેર ઉતરે છે.

## ❊ સ્વપ્ન માં જવાબ પ્રાપ્ત કરવાનો મંત્ર

ૐ હ્રીઁ અર્હ ક્ષ્વીઁ સ્વાહા

પરિણામ : કપાળ પર ચંદનનું તિલક કરી આ મંત્રનો ૧૦૮ વાર જાપ કરી સૂઈ જાઓ. રાત્રે સ્વપ્નમાં શુભાશુભ જવાબ મળે છે. જો આ રાત્રે સ્વપ્ન ન આવે તો ત્રણ દિવસ આ પ્રયોગ ચાલુ રાખવો.

## ❊ સંઘની રક્ષા કરવાનો મંત્ર

ૐ નમો અરિહંતાણં ધણુ ધણુ મહાધણુ મહાધણુ સ્વાહા

પરિણામ : યાત્રા માટે સંઘ નીકાળ્યો હોય અને ચોરોનો ઉપદ્રવ થવાની સંભાવના હોય ત્યારે આ મંત્ર લલાટ પ્રદેશમાં ધ્યાન ધરવાથી ચોરોનો ઉપદ્રવ દૂર થાય છે.

## ❊ સર્વ કાર્ય સિદ્ધિ મંત્ર

ૐ હ્રીઁ અર્હ શ્રીઁ ક્લીઁ બ્લુઁ અર્હ નમ:

પરિણામ : આ મંત્રનો સતત જાપ કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

# તૂટ્યો સપનાનો મહેલ

જૈનિજમના પાછળના ખંડમાં આપણે જોયું કે સુષમાના ઘરે ફોનની ઘંટડી વાગી. સુષમાનું પુણ્ય પ્રબળ હતું અને એના ખુશીના દિવસો હતા માટે ફોન ખુશબૂના પિયરથી જ હતો. સુષમાની ખુશીનો પાર નહોતો જ્યારે એને પોતાના દાદી બન્યાની ખબર મળી. આ બાજુ કંઈક સમજી-વિચારીને પોતાની માઁ ને પોતાની દુઃખદ પરિસ્થિતિ બતાવવા માટે ડૉલીએ ફોન તો ઉપાડ્યો પરંતુ અચાનક સુષમાના અંતિમ શબ્દ એને યાદ આવ્યા કે ''દિકરી જો તું આજ પોતાના ઘરે ન આવી તો તારા માટે આ ઘરના દરવાજા હંમેશ માટે બંધ થઈ જશે.'' આ યાદ આવતાં જ ડૉલીએ તરત જ ફોન મૂકી દીધો. એનું સ્વાભિમાન બોલી ઉઠ્યું '' હું એ ઘરમાં કેવી રીતે ફોન કરી શકું ? જેનાથી મેં હંમેશ માટે સંબંધ તોડી દીધો છે.'' એણે વિચાર્યું કે થોડા દિવસોમાં બધું સારું થઈ જશે. પણ પરિસ્થિતિ તો હદથી બહાર બગડવા લાગી અને એક દિવસ ડૉલી રસોઈ ઘરમાં શાક બનાવી રહી હતી ત્યારે સમીરે મરઘી લાવીને ડૉલીની સામે મૂકી દીધી.

**ડૉલી :** સમીર ! આ શું લઈને આવ્યા છો અને એને અહીં કેમ મૂકી છે ?

**સમીર :** આંધળી થઈ ગઈ છે કે શું ? જોતી નથી મરઘી છે.

**ડૉલી :** સમીર ! તમે શરાબ પીને આવ્યા છો ? એટલે કે તમે શરાબ પણ પીઓ છો.

**સમીર :** શરાબ પણ પીઉં છું, જુગાર પણ રમું છું. તારા બધા પૈસા પણ હું જુગારમાં હારી ગયો. અને હવે તારા હાથેથી પકાવેલી આ મરઘી પણ ખાઈશ. અને તને પણ ખવડાવીશ. બોલ, શું કરીશ ?

**ડૉલી :** બહુ થયું સમીર ! બર્દાશ કરવાની પણ એક હદ હોય છે. હું કંઈ તારા હાથનું રમકડું નથી કે જ્યારે મન થયું રમી લીધું અને જ્યારે મન થયું છોડી દીધું. મારી હાજરીમાં આ ઘરમાં મરઘી નહી પકાવાય. તમારે ખાવી હોય તો ક્યાંક બહાર જઈને ખાઈ લો.

**સમીર :** એજ તો હું તને પણ બતાવવા માગું છું કે બર્દાશ કરવાની પણ હદ હોય છે. મારી અમ્મી તને ક્યાં સુધી સહન કરશે ? હું તો બહાર જઈને ખાઈ લઈશ પણ અમ્મીનું શું ? માટે આજે તું આ મરઘી પકાવીને અમ્મીને ખવડાવ.

(આટલું કહીને સમીરે જબરજસ્તી ડૉલીના હાથમાં છરી પકડાવીને એના હાથથી મરઘી કપાવે છે.)

**ડૉલી :** (રડતાં) સમીર ! પ્લીઝ સમીર પ્લીઝ આ શું કરો છો ? પ્લીઝ મને છોડો સમીર...

(ડૉલીએ સમીરથી પોતાનો હાથ છોડાવવાની બહુ કોશિશ કરી, પણ એ સમીરની આગળ હારી ગઈ. અને સમીરે એના હાથે મરઘી કપાવી દીધી. ગુસ્સામાં ડૉલીએ સમીરના હાથથી પોતાનો હાથ છોડાવીને સમીરને એક જોરદાર થપ્પડ મારી)

**ડૉલી :** તારી હિંમત કેવી રીતે થઈ...સમીર....

(ડૉલી પોતાની વાત પૂરી કરે એનાથી પહેલા જ સમીરે એને જોરદાર ધક્કો માર્યો અને એ પડી ગઈ. પડતાં જ ડૉલીના પેટમાં દર્દ શરૂ થઈ ગયું, એ દર્દને કારણે એ જોર-જોરથી રડવા લાગી)

**ડૉલી :** સમીર...પ્લીઝ સમીર મને ડૉ.ની પાસે લઈ જાઓ ! સમીર, મને બહુ દર્દ થાય છે.

(એના દર્દની પરવા કર્યા વિના નશામાં ચૂર સમીરે એને બે-ચાર લાત મારી અને કહ્યું...)

**સમીર :** શટ ઑપ્ ! મારા બધા અરમાનો ઉપર પાણી ફેરવી દીધું તે ! મેં વિચાર્યું હતું કે તારી સાથે લગ્ન કરીશ તો મારે મજા જ મજા. તારા પિયરથી પૈસા આવતા રહેશે અને હું આરામથી જીંદગી વિતાવીશ. પણ તે તો મારી જીંદગી બર્બાદ કરી દીધી.

(આ પ્રમાણે નશામાં સમીરે પોતાની બધી હકીકત કહી દીધી. દર્દને કારણે ડૉલી બેહોશ થઈ ગઈ. કંઈ અનહોની ન થઈ જાય એ ડરથી સમીર એને હોસ્પિટલ લઈ ગયો. પણ મોડું થઈ જવાને કારણે એનું બાળક બચી શક્યું નહી. બિચારી ડૉલી પોતે તો ક્યારેય માઁ નો પ્રેમ મેળવી શકી નહી અને જ્યારે એણે પોતાને માઁ નો પ્રેમ આપવાનો મોકો મળ્યો તો કુદરતે એ મોકો પણ એનાથી છીનવી લીધો. માઁ-બાપનો પ્રેમ ન મળતાં ડૉલીએ વિચાર્યું કે સમીર મને આ જગતની બધી ખુશીઓ આપશે. અને એની સહારે હું પોતાનું જીવન વિતાવીશ. પણ જ્યારે સમીરે પણ એમને દગો આપી દીધો ત્યારે એની પાસે એનો એક માત્ર સહારો હતો એના પેટ મા પલી રહ્યું બાળક. પરંતુ સમીરે એની પાસેથી એ સહારો પણ હંમેશ-હંમેશની માટે છીનવી લીધો. હવે એની કિસ્મતમાં આઁસુ વહાવાની સિવાય કાંઈ નહોતું. શબાના અને સમીર તો ડૉલી પાસે એની તબિયત વિષે પૂછવા પણ ન આવ્યા. ડૉલી એકલી હોસ્પિટલમાં પડી રહી. એને કોઈ પાણી પીવડાવવાવાળું પણ ન હતું. બેડ ઉપરથી ઉઠી ન શકવાના કારણે કલાક બે કલાકે કોઈ નર્સ આવે તો પાણી પીવડાવતી નહીતર એમ જ તરસી રહેતી.

આવી હાલતમાં ડૉલીને પોતાનું ઘર અને મમ્મી-પપ્પાની બહુ જ યાદ આવી. એને લાગ્યું કે જ્યારે એ પોતાના ઘરમાં હતી ત્યારે એનું થોડુપણ માથું દુખતું તો માઁ પોતાના ખોળામાં એનું માથું રાખીને દબાવતી. અને આજે એની આવી હાલતમાં એને કોઈ પાણી પીવડાવવા વાળું પણ નથી. એને પોતાના કર્યા પર બહુ જ પસ્તાવો થવા લાગ્યો. એણે મનમાં ને મનમાં નિર્ણય કર્યો કે એ પોતાના ભૂલની માફી પોતાના મમ્મી-પપ્પા પાસે માંગશે અને પોતાના ઉપર વીતેલી બધી વાતો એમને બતાવી દઈશ. એને વિશ્વાસ હતો કે એની આવી હાલત જોઈને એના મમ્મી-પપ્પા જરૂર એને પોતાની પાસે બોલાવી લેશે. ડૉલીએ વિચાર્યું કે ફોન ક્યાંથી કરું ? એટલામાં એની નજર નજીકના ટેબલ ઉપર પડેલા સમીરના મોબાઈલ ઉપર પડી એણે હિંમત કરીને પોતાના ઘરે નંબર લગાવ્યો.

ફોન સુષમાએ ઉપાડ્યો. મહિનાઓ પછી પોતાની મોઁ નો અવાજ સાંભળીને ડૉલી ફોનમાં જ જોર-જોરથી રડવા લાગી.

**સુષમા :** હેલો ! કોણ બોલી રહ્યું છે ?

**ડૉલી :** (રડતા-) મૉમ હું ડૉલી !

**સુષમા :** ડૉલી તું, આજે અહીં ફોન કેમ કર્યો ?

**ડૉલી :** મૉમ ! પ્લીઝ મને અહીંથી લઈ જાઓ હું આ નરકમાં હવે વધારે નથી રહી શકતી મમ્મી ! તમે જેમ કહેશો તેમ કરીશ. જો આ નરકમાંથી ન નીકળી તો હું ઘુંટાઈ-ઘુંટાઈને મરી જઈશ. અહીંયા મારું કોઈ નથી. સમીરને અને એની મોઁ ને મારાથી નહી મારા પૈસાથી પ્રેમ હતો. અને જ્યારે મારા લાવેલા બધા પૈસા ખતમ થઈ ગયા ત્યારે એમણે મને દર-દર ભટકવા માટે મજબૂર કરી દીધી. (ડૉલીએ રડતાં રડતાં પોતાના ઉપર વીતેલી બધી ઘટના પોતાની મમ્મીને સંભળાવી દીધી. અને અંતમાં -)

**ડૉલી :** મૉમ ! પ્લીઝ, એક વાર મને માફ કરી દો. મને અહીંથી લઈ જાઓ મૉમ

(કેવી સ્થિતિ થઈ ગઈ છે ડૉલીની. એક વખત એવો હતો કે જ્યારે ડૉલીએ પોતાના ઘરને નરક કહીને સમીરને ત્યાંથી ભગાવીને લઈ જવા માટે કહ્યું હતું. અને આજે એજ ડૉલી સમીરના ઘરને નરક કહીને પોતાની મમ્મીને અહીંથી લઈ જવા માટે વિનંતી કરી રહી છે. ડૉલીની બધી વાતો સાંભળતાં જ સુષમાની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. એણે રડતાં-રડતાં કહ્યું-)

**સુષમા :** ડૉલી ! આવું પગલું ભરતાં પહેલાં મેં તને લાખ વખત ના પાડી હતી. પણ તેં અમારી વાત ન સાંભળી. ડૉલી, જે દિવસે તું આ ઘરેથી ભાગી ગઈ હતી. તે દિવસથી તું અમારા માટે મરી ગઈ હતી. એ તો સારું થયું કે તે મને જ ફોન લગાવ્યો. જો તારા પપ્પાને લગાવ્યો હોત તો એમને બીજી વખત હાર્ટએટેક આવી જાત. તારા માટે આ ઘરના દરવાજા હંમેશ-હંમેશની માટે બંધ થઈ ગયા છે. સૉરી હું તારી કોઈ પણ મદદ નહી કરી શકું.

**ડૉલી :** પ્લીઝ મૉમ ! ફોન ન મૂકતા. સૉરી મૉમ ! મારી ભૂલ થઈ ગઈ. હવેથી ક્યારેય આવું નહીં કરું, મને માફ કરી દો મૉમ ! પ્લીઝ મને અહીંથી લઈ જાઓ. પ્લીઝ...(ડૉલી રડવા લાગી અને રડતાં રડતાં) મૉમ ! આખરે આપ પણ એક મોઁ છો આપ આટલા કઠોર દિલ ન બની શકો.

(ડૉલીને રડતી જોઈને સુષમાનું દિલ પીગળી ગયું.)

**સુષમા :** ડૉલી ! તું રડ નહીં, હું તારા પપ્પાને વાત કરીશ.

(સુષમા સાથે વાત કર્યા પછી ડૉલીનું દિલ થોડું હલ્કું થઈ ગયું. અને એ મૉમના આવવાની રાહ જોવા લાગી કે ક્યારે મૉમ મને લેવા આવે અને ક્યારે હું મારા ઘરે જાઉં ? અહી બપોરે જમવાના સમયે આદિત્ય ઘરે આવ્યા. સુષમાએ ડૉલીની બધી પરિસ્થિતિ આદિત્યને બતાવી અને સાથે જ

ડૉલીને ઘરે લઈ આવવાની પોતાની ઇચ્છા પણ બતાવી. સુષમાની વાત સાંભળીને એકવાર તો આદિત્યની આંખોમાં પણ આસું આવી ગયા. પરંતુ જ્યારે સુષમાએ એને ઘરે લાવવાની વાત કરી ત્યારે આદિત્યને ગુસ્સો આવી ગયો અને જોરથી....)

**આદિત્ય :** ખબરદાર સુષમા ! જેને માટે આપણે પોતાની બધી ખુશીઓને છોડી હતી, એજ ડૉલી મને મોતના મુખમાં છોડીને ચાલી ગઈ. એક મુસલમાન છોકરાની સાથે ભાગીને જતી વખતે એને એટલો પણ ખ્યાલ ન આવ્યો કે એના માઁ-બાપની સમાજમાં કેટલી ઈજ્જત છે. તેઓ મારા ગયા પછી લોકોને પોતાનું મોઢું કેવી રીતે બતાવશે ? સુષમા હવેથી જો તેં ડૉલીને આ ઘરમાં લાવવાની વાત કરી કે એની સાથે ફોન પર વાત કરી કે મળવાની કોશિશ કરી તો મારું મરેલું મોઢું જોઈશ.

(આટલું કહેતાં જ આદિત્યની છાતીમાં જોરથી ઝાટકો લાગ્યો, અને એની છાતીમાં દર્દ થવા લાગ્યું. આદિત્યની આવી હાલત જોઈને સુષમાએ વિચાર્યું કે ડૉલીનું નામ લેવાથી એમની આ હાલત થઈ છે તો ડૉલી ઘરે આવશે ત્યારે એમનું શું થશે ? આ વિચારીને જ સુષમાએ ડૉલીને ઘરે લાવવાનો વિચાર છોડી દીધો. પરંતુ આખરે માઁ નું દિલ હતું માટે તે આદિત્યને કહ્યા વિના જ ડૉલીને મળવા હોસ્પિટલ ચાલી ગઈ. એ સમયે ડૉલી સૂતેલી હતી. સુષમા એની પાસે ગઈ. ડૉલીની આવી હાલત જોઈને સુષમાની આંખોમાં આંસુ આવી ગયા. જેવો સુષમાએ પોતાનો વાત્સલ્ય ભર્યો હાથ ડૉલીના માથા ઉપર ફેરવ્યો તરત જ ડૉલી જાગી ગઈ. પોતાની મૉમ ને પોતાની પાસે જોઈને ડૉલીની આંખોમાં આંસુ આવી ગયા. એણે પોતાની મૉમ નો હાથ પકડી લીધો અને રડતાં-રડતાં....

**ડૉલી :** મને ખબર હતી મૉમ કે આપ મને લેવા આવશો. (બિચારી સુષમા ! પોતાની દિકરીના આ પ્રશ્નનો જવાબ અને આદિત્યનો ફેંસલો કેવી રીતે સંભળાવતી ?)

**ડૉલી :** મૉમ ! કંઈક બોલોને તમે ચુપ કેમ ઉભા છો ?

**સુષમા :** મને માફ કરી દે બેટા ! તારા પપ્પાએ તને સ્વીકારવાની ના પાડી દીધી છે.

(અને આવું કહીને આદિત્ય સાથે થયેલી બધી વાત સુષમાએ ડૉલીને બતાવી દીધી. આ સાંભળતાં જ ડૉલીના અરમાન તૂટીને ચકનાચૂર થઈ ગયા. એણે વિચાર્યું હતું કે હવે એને ફરીથી પાછા એ નરકમાં નહી જવું પડે. આરામથી પોતાના ઘરે જઈશ અને ફરીથી નવી જીંદગી શરૂ કરીશ. પોતાનું નવું કેરીયર બનાવીશ. પરંતુ ડૉલીના ભાગ્યમાં તો કંઈક બીજું જ લખ્યું હતું. ડૉલીએ પોતાની માઁ પાસે બહુ જ પ્રાર્થના કરી પરંતુ આખરે સુષમા પણ શું કરે ?)

**સુષમા :** ડૉલી તારા ગયા પછી અમારું ઘરથી બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું હતું અને ઉપરથી તારી વાત તારા પપ્પાને બતાવી ત્યારથી એમનું B.P. નોર્મલ થતું જ નથી, આખરે તેઓ પણ તો એક બાપ છે. તું એમની હાલત જોઈશ તો તું ખુદ પોતાની જાતને ધિક્કારીશ. કદાચ તને ઘરે પાછા લાવ્યા પછી

સમાજમાં થવાવાળી બદનામીથી તો તેઓ જીવી પણ ન શકે. બતાવ ડૉલી તું મારી જગ્યાએ હોત તો શું કરત ?

(આટલું કહીને સુષમાની આંખોથી આંસુ આવી ગયા, ડૉલી પણ રડવા લાગી.)

**સુષમા :** ડૉલી ! તારા પપ્પાએ પોતાની કસમ આપી છે માટે તું હવે ક્યારેય ઘર પર ફોન નહીં કરતી. તારા પપ્પા જ મારો એકમાત્ર સહારો છે. જો એમને કંઈક થઈ ગયું તો હું શું કરીશ ?

(આટલું કહીને સુષમાએ થોડાક પૈસા ડૉલીને આપ્યા અને પોતાના ઘરે પાછી ફરી સુષમાના ગયા પછી ડૉલીને એકલવાયુ લાગવા લાગ્યું. જીવનમાં પહેલીવાર એને પોતાની ભૂલ ઉપર પસ્તાવો થઈ રહ્યો હતો. એણે વિચાર કર્યો કે ''જ્યારે હું ઘરમાં હતી ત્યારે પણ મેં પોતાના વ્યવહારથી માતા-પિતાને દુ:ખી કર્યા, જ્યારે ઘરેથી ભાગી ત્યારે પણ એમને દુ:ખ આપ્યું અને આજે મારું દુ:ખી જીવન એમને રડાવે છે.'' આવું વિચારીને તેણે નિર્ણય કર્યો કે ''હવે જીવનમાં ચાહે મરવાની પરિસ્થિતિ આવી જાય તો પણ હું એ વાત પોતાના ઘરે નહીં કરીશ.'' Already મારા માતા-પિતા મારા કારણે ઘણું બધુ સહન કરી ચૂક્યા છે. બસ હવે એમને મારા તરફથી કોઈ વાતની તકલીફ નહી થાય'' પોતાની મૉઁ એ આપેલા પૈસાથી ડૉલી પોતાનું હોસ્પિટલનું બિલ ચુકવીને સમીરના ઘરે ચાલી ગઈ. ડૉલીને અચાનક ઘરે આવેલી જોઈને સમીર ચકરાઈ ગયો.)

**સમીર :** ડૉલી ! તું અહીં કેવી રીતે આવી ? તારું હોસ્પિટલનું બિલ કોણે ચૂકવ્યું ?

**ડૉલી :** સમીર ! તમે તો મને ત્યાં મરવા માટે છોડી દીધી હતી અને આમ પણ તમારી અને અમ્મીની બહુ જ ઇચ્છા હતી ને, કે હું મારા પિયરથી પૈસા મંગાવું, તો સાંભળ ! મે મારી મમ્મીને પૈસા માટે ફોન કર્યો હતો. પણ મૉમે મને પૈસા આપવાની સાફ ના પાડી દીધી. અને એમણે મને એ પણ કહ્યું કે મારો એ ઘરથી કોઈ સંબંધ નથી. પરંતુ જ્યારે મેં પોતાની આખી પરિસ્થિતિ બતાવી ત્યારે એમણે પોતાના ડ્રાઈવરના હાથે પૈસા મોકલાવીને મારું હોસ્પિટલનું બિલ ચૂકવી દીધું. (આટલું કહેતાં જ ડૉલીની આંખો ભરાઈ ગઈ.)

**સમીર :** ડૉલી ! તેં તો આવતાંની સાથે જ પોતાનો ઢોંગ શરૂ કરી દીધો. ખૈર હવે મારી વાત ધ્યાનથી સાંભળી લે તું ચાહે વેશ્યા બની જા કે નોકરી કર, મારે એનાથી કોઈ મતલબ નથી. મારે તો માત્ર પૈસાથી જ મતલબ છે સમજી...

**ડૉલી :** (ચોંકીને) સમીર ! આ તમે શું બોલો છો ? કાશ આ બધું હું પહેલા સમજી ગઈ હોત કે તમે મારી સાથે નહી મારા પૈસા સાથે લગ્ન કર્યા છે.

**સમીર :** તું જે પણ સમજે ડૉલી ! પણ આ મહિનાની છેલ્લી તારીખ સુધી તારો મહિનાનો પગાર મારા હાથમાં આવી જવો જોઈએ. નહીતર પરિણામ બહુ જ ખરાબ હશે, આ મારો આખરી ફેંસલો છે.

(બિચારી ડૉલી, એને પહેલા જે પગલું ભર્યું હતું આજ એજ પગલું એની તરફ આવીને ઉભું રહ્યું. જે માઁના આંસુને પહેલા એણે ઢોંગનું નામ આપ્યું હતું. પરિણામ સ્વરુપ આજે એના જ આંસુને ઢોંગ કહેવામાં આવે છે)

સમીરનો ફેંસલો સાંભળી ડૉલીએ પોતાના મનની સાથે એક સમજૂતી કરી લીધી. એણે વિચાર્યું કે આમ પણ એના ઘરના દરવાજા એની માટે હવે બંધ થઈ ગયા છે, માટે એ રડે કે હસે એને રહેવાનું તો સમીરની સાથે જ છે, તો સમીરની વાતને માનીને એની સાથે હસતા ખેલતા કેમ ન રહેવું આમ પણ ડૉલીને પોતાનું કેરિયર બનાવવાનો શોખ તો પહેલેથી હતો જ. હવે સમીરની સહમતિ હોવાથી એને પોતાના કેરિયરને સફળ બનાવવાનો એક મોકો મળ્યો. આમ પણ ડૉલી દુનિયાની સામે આવવા માંગતી હતી. દુનિયામાં પોતાનું નામ કરવા ઇચ્છતી હતી. આ મોકો એને પહેલા નથી મલ્યો તો હમણા જ સહી એણે હસતાં-હસતાં સમીરના ફેંસલાને સ્વીકારી લીધો. સાથે જ ઘરના વાતાવરણથી એ એટલી તંગ આવી ગઈ હતી કે એને શાંતિ જોઈતી હતી. એ હરવા-ફરવા માંગતી હતી. માટે એણે વિચાર્યું કે નોકરી કરવાથી જ એની બધી ઇચ્છાઓ પૂરી થઈ શકશે. અને નોકરીનો પગાર સમીરના હાથોમાં આપવાથી બની શકે છે કે એના અને સમીરના સંબંધ ફરીથી સુધરી જાય. બસ આજ આશામાં ડૉલીએ પોતાનો પગ ઘરથી બહાર રાખ્યો, પણ એને ખબર નહોતી કે એને ઉઠાવેલું આ પગલું એને ક્યાં લઈ જશે ! હવે ડૉલી નોકરીની શોધમાં રોજ ઘુમવા લાગી. પરંતુ એને ક્યાંય નોકરી સેટ થઈ નહી. આખરે એક ફેશન ડિઝાઈનની વર્લ્ડ ફેમસ કંપનીમાં એ ઇન્ટરવ્યુ આપી રહી હતી ત્યારે...)

**મિ. જૉન (કંપનીના માલિક) :** ડૉલી ! આમ તો કંપનીની નાની-મોટી પોસ્ટને માટે મારા મેનેજર જ ઇન્ટરવ્યૂ લે છે પણ હાલમાં ઇન્ટરવ્યૂ ચાલી રહ્યો છે મારી પી.એ.ની માટે હું વિચારું છું કે તમે એની માટે બરાબર છો. જો કે તમે મારી પર્સનલ અસિસ્ટેંટ બનવાના છો તો મને થોડી જાણકારી તમારી અંગત જિંદગીના વિષયમાં પણ હોવી જોઈએ. શું તમે પરણેલા છો ?

**ડૉલી :** હાં

**મિ. જૉન :** તમારા પતિનું નામ શું છે ? અને તેઓ શું વેપાર કરે છે ?

**ડૉલી :** સર, સમીરખાન....

**મિ. જૉન :** (થોડા ચોંકીને) શું ? સમીર ખાન અને ડૉલી ?

**ડૉલી :** હાં સર ! અમે લવમેરેજ કર્યાં છે. હાલમાં સમીર પણ નોકરીની શોધમાં છે.

**મિ. જૉન :** ઠીક છે ડૉલી ! તમે મારી પર્સનલ અસિસ્ટેંટ માટે **Select** થયા છો.

**ડૉલી :** સર ! મારો પગાર ?

**મિ. જૉન :** ડૉલી ! તમે પોતાની સેલેરીની બિલકુલ ચિંતા ન કરો. આમ તો મારા મેનેજરની સેલેરી પણ દર મહિનાની માત્ર ૮૦૦૦ રૂ. છે, પરંતુ તમે મારા પર્સનલ અસિસ્ટેંટ છો માટે તમારી સેલેરી ૧૦,૦૦૦ રૂ. દરેક મહિનાની રહેશે, ઠીક છે ?

**ડૉલી :** યસ સર ! થેંક્યુ સો મચ

**મિ. જૉન :** તો કાલે ઠીક આઠ વાગે આવી જજો.

(અને ડૉલી ત્યાંથી નીકળી ગઈ. ૧૦,૦૦૦ની સેલેરી સાંભળતાં જ ડૉલી બહુ જ ખુશ થઈ ગઈ. એણે બધી વાત સમીરને બતાવી. આ સાંભળીને સમીર પણ બહુ જ ખુશ થઈ ગયો. બીજા દિવસે, પહેલી વખત ઓફિસમાં પગલુ રાખવાને કારણે ડૉલી બહુ જ ખુશ હતી. ઓફિસના બધા લોકોએ એનું સ્વાગત કર્યું. મિ.જોને ડૉલીને બધાનો પરિચય કરાવીને ઓફિસનું બધું કામ એને સમજાવ્યું. ડૉલીને એક પર્સનલ કેબીન આપવામાં આવ્યું. ઓફિસના લોકોનો સારો વર્તાવ જોઈને ડૉલીનું મન ઓફિસમાં લાગી ગયું. આ રીતે ડૉલીનો પહેલો દિવસ બહું જ સારો ગયો. ધીમે-ધીમે ડૉલી ઓફિસના કામમાં એટલી વ્યસ્ત થઈ ગઈ કે એ પોતાના ભૂતકાળના દુ:ખ ભર્યા જીવનને ભૂલવા લાગી.)

(મહિનો પૂરો થતાં જ સમીર ડૉલીની પાસેથી એની સેલેરી લઈ લેતો હતો એક વાર -)

**ડૉલી :** સમીર મારે થોડા રૂપિયા જોઈએ છે.

**સમીર :** હમણાં ૬ દિવસ પહેલાં જ તને ૩૦૦ રૂ. આપ્યા હતા એનું શું કર્યું ?

**ડૉલી :** સમીર શું તમે મારી પાસે એક-એક પૈસાનો હિસાબ માંગશો ?

**સમીર :** હાં, અને તારે આપવો પણ પડશે.

**ડૉલી :** ઓફિસ એટલી દૂર છે કે આવવા-જવા માટે ટેક્સીનો ખર્ચ થાય છે અને તેમને તો ખબર જ છે આજકાલ મોંઘવારી કેટલી બધી વધી ગઈ છે.

**સમીર :** એ જ તો તને બતાવવા માંગું છું કે આજકાલ મોંઘવારી વધી ગઈ છે. માટે પોતાના ખર્ચા ઓછા કર. આવવા-જવા માટે ટેક્સીની શું જરૂર છે, બસ પણ જાય જ છે ને. તારું કામ પણ થઈ જશે અને પૈસા પણ બચી જશે.

**ડૉલી :** પણ સમીર ! સાંજે ઓફિસથી આવવામાં મોડું થાય છે. અને ત્યારે Bus માં આવવું Risky હોય છે.

**સમીર :** આ બધી તારી ગેરસમજ છે, કંઈ થતું નથી. બધા નોકરી કરવાવાળા જાય જ છે ને. તું કંઈ Special છે ?

**ડૉલી :** પરંતુ સમીર આ ૧૦,૦૦૦ રૂ. જાય ક્યાં છે ?

**સમીર :** જીભ ન ચલાવ. ૧૦,૦૦૦ રૂપિયા ક્યાં જાય છે હું તને એ બતાવવો જરૂરી નથી સમજતો.

(આ સાંભળી ડૉલીને ગુસ્સો આવી ગયો.)

**ડૉલી :** મને પણ ખબર પડવી જોઈએ કે ક્યાંક મારી મહેનતની કમાણી શરાબના અડ્ડા પર તો નથી ઉડાવાતી ને ?

**સમીર :** વાહ ! થોડા પૈસા શું કમાવવા લાગી આસમાનમાં ઉડવા લાગી છે. એને મહેનતની કમાણી કહે છે. ત્યાં મહેનત કરે છે કે કંઈક બીજું. એ તો અલ્લાહ જ જાણે અને જો હું તારા પૈસાને જુગારમાં હારું કે શરાબમાં વહાવું તું મારુ શું કરી શકે છે ? એક કામ કરીએ તને પૈસાની વધારે જરૂર હોય તો તારા ઘરેથી મંગાવી લઉં. પછી આરામથી રહેજે. આટલું કહીને સમીર મોબાઈલ કાઢીને ડૉલીના ઘરે કોલ કરવા લાગ્યો. ગુસ્સામાં આવીને ડૉલીએ સમીરનો મોબાઈલ ખેંચીને ફેંકી દીધો.

**ડૉલી :** ખબરદાર જો મારા ઘરે ફોન લગાવ્યો છે તો, તમારે જો...

(ડૉલી આગળ કંઈ બોલે એ પહેલા જ સમીરે ગુસ્સામાં એને બે થપ્પડ લગાવી અને પોતાનો બેલ્ટ કાઢીને ડૉલીને મારવા લાગ્યો.)

**સમીર :** તારી હિંમત કેવી રીતે થઈ મારો મોબાઈલ ફેંકવાની ? બહાર પગ શું મૂક્યો, જબાન કાતરની જેમ ચાલવા લાગી છે. કાન ખોલીને સાંભળી લે અહીં રહેવું હોય તો ઓછા પૈસામાં જીવતા શીખીજા. મહારાણી બનીને જીવવાની પોતાની આદત છોડી દે અને જો આ આદત ન છૂટતી હોય તો પોતાના પિયરથી પૈસા મંગાવી લે સમજી ?

(આટલું કહીને ડૉલીને રડતી મુકીને સમીર ત્યાંથી ચાલી ગયો. બિચારી ડૉલી આજે જાનવરોની જેમ પીટાયા પછી પણ આઁખોમાંથી આંસુ વહાવ્યા સિવાય કંઈ કરી શકતી ન હતી. ક્યાં પોતાના ઘરમાં મહારાણી જેવું જીવન હતું જયાં તે એક ગ્લાસ પાણી પણ પોતે ભરતી નહોતી. અને ક્યાં આ નોકરો જેવું જીવન જયાં આખો દિવસ મહેનત કર્યા પછી પણ થપ્પડ જ ખાવા મળે છે. ડૉલીના સોનેરી સપનાઓ ઉપર પાણી ફરી ગયું. એનું જીવન નરકથી પણ બદતર બની ગયું હતું. વિચાર્યું હતું કે નોકરી કર્યા પછી બધું જ બરાબર થઈ જશે. પણ જો કિસ્મતમાં રડવાનું જ લખ્યું હોય તો એ કેટલી પણ મહેનત કેમ ન કરે એના હોઠો ઉપર હંસી કેમ આવી શકે છે ? આમ જોવા જઈએ તો એમાં કિસ્મતનો પણ શું દોષ ? પોતાની કિસ્મતને ખોટા રસ્તે લાવવાવાળી તો એ પોતે જ હતી. આટલી માર ખાધા પછી ડૉલીને એટલું દર્દ થવા લાગ્યું કે એ ત્યાંથી ઉઠી જ ન શકી. બહુ મુશ્કેલથી પોતાના બૉસ ને ફોન કરીને એક દિવસની રજા માંગી લીધી. પણ ડૉલીના જીવનમાં આટલેથી પણ શાંતિ ક્યાં હતી. સાંજે જેવી તે ખાવાનું ખાવા માટે બેઠી ત્યારે...)

**શબાના :** સમીર ! આજે જો મારી બધી સહેલીઓ કેટલી આરામથી હરે-ફરે છે. રોજબરોજ આપણા ઘરે આવે-જાય છે. મને ચાર સપ્તાહ થઈ ગયા છે આ ઘરમાંથી બહાર પગ પણ નથી મૂક્યો. શું આ

ઘડપણમાં પણ મારે કામ કરતાં કરતાં જ મરવું પડશે ? મહારાણીએ જ્યારથી ઓફિસ જવાનું શરૂ કર્યું છે, ત્યારથી ઘરના કામમાં હાથ પણ નથી લગાવ્યો. ઓફિસ જાય છે તો શું આપણી ઉપર એહસાન કરે છે ? કહી દે એને મફતની રોટલીઓ ખાવા માટે નહી મળે. પહેલા ઘરનું કામ કરો પછી ઓફિસ જાઓ. આમ પણ ઓફિસ તો આઠ વાગે છે. ચાર વાગે ઉઠશે તો કામ થઈ જશે, આમ પણ ઓફિસમાં ખુરશી ઉપર બેસવા સિવાય બીજુ કામ પણ શું છે.

**સમીર :** ડૉલી ! તેં સાંભળી જ લીધું હશે.

(ડૉલી શું કરે ? એ ઘરમાં એનું ચાલતું જ ક્યાં હતું. વધારે કંઈક બોલે તો સમીર બે થપ્પડ મારતો. આવું કંઈ ન થાય માટે ડૉલીએ ચુપચાપ શબાનાની વાત માની લીધી. હવે ડૉલી સવારે ચાર વાગે ઉઠીને ઘરનું બધું કામ પતાવીને ઓફીસે જતી અને આખા દિવસની થાકેલી જ્યારે એ સાંજે ઘરે જતી ત્યારે પણ એના નસીબમાં માત્ર કામ જ હતું. આ પ્રમાણે કામ કરીને ઓફીસ જવું અને ઘરે આવીને પાછું કામ કરવું, આ ડૉલીનો રોજનો ક્રમ બની ગયો હતો.

એ તો માત્ર શબાના અને સમીરની આંગળીઓ પર નાચવાવાળી કટપૂતળી બની ગઈ હતી. બસ જેમ તેઓ કહેતા તેમ તે નાચતી અને જો જરા પણ બગાવત કરતી તો એને લાતો અને થપ્પડોની સિવાય બીજું કંઈ મળતું નહતું. એ દિવસ પછી તો હવે અવારનવાર સમીર અને શબાનાના Order થી Non-veg પકાવવું પડતું. એટલું જ નહી ક્યારેક સમીરની બહેનો આવતી તો તેઓ પણ જાણીબુઝીને એજ ચીજોની માંગણી કરતી. ડૉલી કાંપતા હાથે અને રડતા દિલથી બધાની ઈચ્છાઓ પુરી કરતી. જે દિવસે ડૉલી Non-veg પકાવતી એના પછી ચાર દિવસ સુધી એ ખાવાનું ખાઈ શકતી ન હતી. પરંતુ આખરે શું કરે, ગળામાં ઘંટી જે બાંધી હતી. તો એ વાગશે તો ખરી જ....

**"જે જે પણ ગઈ ભાગીને, ઠોકરો ખાય છે, પોતાની ભૂલ ઉપર રડી રડીને આંસુ વહાવે છે.**
**એક જ કિચનમાં મરઘીની સાથે શાક પકાવે છે, થઈ ભયાનક ભૂલ વિચારીને હવે પસ્તાવે છે."**

બસ આવું જ કંઈક થઈ રહ્યું હતું ડૉલીની સાથે

વધારે કામ હોવાને કારણે એક દિવસ થાકીને ડૉલી પોતાના કેબિનમાં ટેબલ ઉપર માથું રાખીને સૂતી હતી. એ સમયે મિ.જૉન કોઈ કામસર ડૉલીના કેબિનમાં આવ્યા. ડૉલીને સૂતેલી જોઈને તેઓ પાછા પોતાની કેબિનમાં આવી ગયા. અને થોડીવાર પછી પોતાના કેબિનથી ડૉલીને ફોન કરીને પોતાના કેબિનમાં બોલાવી.

**ડૉલી :** તમે મને બોલાવી સર !

**મિ. જૉન :** હાં ડૉલી ! શું વાત છે ? આજે તું કંઈક વધારે જ થાકેલી છે. કામ બહુ વધારે છે શું ? હું તમારા કેબિનમાં આવ્યો હતો. તને સૂતેલી જોઈને મને તને જગાડવાનું ઉચિત ન લાગ્યું. શું થયું ?

**ડૉલી :** કંઈ નહી સર ! એ તો એમ જ ઉંઘ આવી ગઈ. કંઈ કામ હતું ?

**મિ. જૉન :** હાં આવો બેસો, હું તમને મિ. શર્માની બધી ડિઝાઈન બતાવી દઉં છું. (ડૉલી ત્યાં બેસી ગઈ અને મિ.જૉન એને સમજાવવા લાગ્યા. પણ ડૉલીનું ધ્યાન બીજે ક્યાંક હતું ત્યારે)

**મિ. જૉન :** ડૉલી ! મેં તમને હમણા શું બતાવ્યું ?

**ડૉલી :** ઓહ સૉરી સર ! એક્ચુલી મારું ધ્યાન બીજે ક્યાંક હતું.

(મિ. જૉન પોતાની ખુરશીમાંથી ઉઠીને ડૉલીની પાસેની ખુરશી ઉપર આવીને બેસી ગયા.)

**મિ. જૉન :** ડૉલી ! મને ખોટો ન સમજતી, પણ હવે હું એક બૉસ (સર) નહી પણ એક દોસ્ત બનીને તને પૂછું છું, શું તુ પોતાની ફિલિંગ્સ મને કહી શકીશ ? હું તને હંમેશા ઉદાસ જોઉં છું. જો તું ઇચ્છે તો મને કહીને પોતાનું દિલ હલ્કુ કરી શકે છે.

(જૉનના હમદર્દી ભરેલા શબ્દો સાંભળીને ડૉલીની આંખોમાં પાણી આવી ગયા. અને એણે શરૂઆતથી લઈને અંત સુધીની બધી વાતો મિ. જૉનને બતાવી દીધી.)

**મિ. જૉન :** તમારું રડવું સાચું છે ડૉલી. સમીરને આવું ન કરવું હતું. એણે તને દગો આપ્યો છે. તમારી સાથે બહુ ખોટું થયું.

**ડૉલી :** છોડોને સર ! આ વાતોને. આપ મિ. શર્માના વિષયમાં શું વાત કરી રહ્યા હતા ? એકવાર ફરીથી સમજાવી દો. (અને બંને કામમાં લાગી ગયા.)

(બે દિવસ પછી ડૉલી આઠ વાગે ઓફિસનું કામ પતાવીને ઓફીસથી નીકળી ગઈ. પણ બસની રાહ જોતી એ નવ વાગ્યા સુધી બસ સ્ટોપ ઉપર જ ઉભી હતી. એ સમયે મિ.જૉન પણ ઓફિસનું કામ પતાવીને એજ રસ્તેથી પોતાની કારમાં જતી વખતે ડૉલીને બસ માટે રાહ જોતી જોઈ લીધી. બીજા દિવસે -)

**મિ. જૉન :** ડૉલી ! કાલે તમે ઘરે કેટલા વાગે પહોંચ્યા ? કાલે નવ વાગ્યા સુધી તો મેં તમને બસ સ્ટોપ ઉપર જોયા હતા.

**ડૉલી :** સર ! એ કાલે બસ ન મલી માટે મોડું થઈ ગયું હતું.

**મિ. જૉન :** આટલી મોડી રાત્રે બસની રાહ કેમ જુએ છે ? ટેક્સીમાં જતા રહેવું.

**ડૉલી :** સર ! હવે તમારાથી શું છુપાવું ? મારી આખી સેલેરી તો સમીર લઈ લે છે. રોજ બસમાં જવા-આવવાનું ભાડું મને આપી દે છે. હવે ૭ રૂ. માં ટેક્સીનું ભાડું ક્યાંથી લાવું ?

**મિ. જૉન :** ઓહ શીટ ડૉલી ! તારે એકવાર તો મને કહેવું જોઈતું હતું. હું તારી કંઈક મદદ કરત. આ લે ૧૦૦૦ રૂ. એને તું પોતાની કેબિનના લોકઅપમાં જ રાખજે. અને જ્યારે ઇચ્છા થાય ત્યારે ખર્ચ કરજે. અને હાં, આજથી તારે બસ સ્ટોપ ઉપર બસની માટે વેટ કરવાની કોઈ જરૂર નથી. હું તને

મારી કારમાં છોડી દઈશ. આમ પણ તારું ઘર મારા રસ્તામાં જ આવે છે.

**ડૉલી :** ઓહ ! થેંક્સ અ લોટ સર

**મિ. જૉન :** ડૉલી ! પ્લીઝ તું મને સર ન કહે. હવે આપણે દોસ્ત છીએ. તું મને જૉન બોલાવીશ તો મને વધારે સારું લાગશે.

**ડૉલી :** ઓ.કે. જૉન

(આ પ્રમાણે જૉન થોડાક રૂપિયા આપીને, બે-ચાર મીઠી વાતો કરીને, હમદર્દી બતાવીને ભોલી-ભાળી ડૉલીને પોતાની જાળમાં ફસાવવા લાગ્યો. એકવાર ઠોકર ખાધા પછી પણ ડૉલી પાછી એ જ ભૂલ ફરીથી કરી બેસી. પહેલા પણ ઘરમાં પ્રેમ ન મળવાના કારણે ડૉલીએ સમીરના પ્રેમને સર્વસ્વ માન્યું; અને આજ સુધી પસ્તાઈ રહી હતી. અને હવે સમીરથી પ્રેમ ન મળવાને કારણે જૉનની જૂઠી દોસ્તી ઉપર ભરોસો કરી બેસી. જોઈએ આ ભરોસો હવે ડૉલીને ક્યાં સુધી લઈ જાય છે ? જૉનની ચાલાકીથી અજાણ ડૉલી એને પોતાનો ફ્રેન્ડ માનવા લાગી. એ પોતાના ઘરના બધા પ્રોબ્લમ્સ જૉનને બતાવતી. જૉન એને હેલ્પ કરતો અને આ બાજુ ડૉલી, જૉનને પોતાનો સહુથી નજીકનો દોસ્ત માનવા લાગી. જૉને ડૉલીને ઓફિસ વર્ક માટે એક મોબાઈલ ગીફ્ટ આપી દીધો. ઓફિસની છુટ્ટીના દિવસે જ્યારે જૉન ઘરે બોર થતો તો એ કલાકો સુધી ડૉલીથી ફોન ઉપર ઓફિસના કામનું બહાનું બનાવીને વાતો કરતો. હવે ડૉલી રોજ જૉનની સાથે એની કારથી જ ઘરે આવતી. ક્યારેક ક્યારેક ડૉલી અને જૉન પોતાનું ટિફિન પણ સાથે મળીને ખાઈ લેતા. ક્યાંક કોઈ સારી ફિલ્મ લાગી હોય કે કોઈ સારા પાર્કમાં જવાનું હોય તો બંને સાથે જ જતા. ક્યારેક ઓફિસમાં વધારે કામ હોય તો જૉન ડૉલીની રાહ જોતો. એક દિવસ બધા વર્કર્સ પોત-પોતાનું કામ કરીને ૮ વાગે ઘરે જતા રહ્યા. વર્ક વધારે હોવાથી ડૉલી ઓફિસમાં એકલી જ કામ કરી રહી હતી. ત્યારે જૉન પોતાના ફ્રેન્ડના જન્મદિવસની પાર્ટીમાંથી સીધો ઓફિસે આવ્યો. જ્યારે એને ખબર પડી કે આજે ડૉલી ઓફિસમાં એકલી છે. ત્યારે એ સીધો ડૉલીના કેબિનમાં જતો રહ્યો. એ સમયે ડૉલી પોતાના કેબિનમાં ફાઈલ જોઈ રહી હતી. જૉન પોતાના ફ્રેન્ડની પાર્ટીમાં શરાબ પીને આવ્યો હોવાથી નશામાં ચકચૂર હતો. એ ડૉલીની પાસે જઈને પાછળથી સીધો.એના ગળે લાગી ગયો. અચાનક કોઈકને આવેલો જોઈને ડૉલી ગભરાઈ ગઈ. એણે પાછળ ફરીને જોયું, તો જૉન ને જોઈને એ આશ્ચર્યચકિત થઈ ગઈ. પોતાની જાતને જૉનથી છોડાવીને ડૉલી ઊભી થઈ ગઈ અને જૉનને....)

**ડૉલી :** આ શું કરી રહ્યા છો સર ?

**જૉન :** ઓ ડૉલી ! કમ ઓન લેટ્સ એન્જોય.

**ડૉલી :** સર ! આપ નશામાં છો માટે આપને ખબર નથી કે આપ શું બોલી રહ્યા છો ?

**જૉન :** કમઑન ડૉલી ! આજસુધી આટલું બહાર ફર્યા, પિક્ચર જોવા ગયા. કોઈપણ જગ્યાએ એકાંત ન મળ્યું. આજે જ્યારે ચાન્સ હાથમાં આવ્યો છે તો એને કેમ છોડે છે ?

(અને જૉને ડૉલીનો હાથ પકડી લીધો.)

**ડૉલી :** (ગભરાઈને) સર ! સાથે ફરવાનો મતલબ એ નથી હોતો જે આપ સમજી રહ્યા છો. હું તમને મારો એક સારો દોસ્ત માનું છું. બસ

**જૉન :** ડૉલી ! તું મારાથી દૂર કેમ ભાગે છે...મારી સાથે રહીશ તો એશો આરામ કરીશ. આજસુધી જે ખુશીઓ સમીરે તને નથી આપી એ બધી ખુશીઓ હું તને આપીશ. અને આ તારી જવાની, આટલું સુંદર રૂપ, આ ઉંમર કંઈ કામ કરવાની થોડી હોય છે. એશો આરામ કરવાની હોય છે. મોજ-મસ્તી કરવાની હોય છે.

આટલું કહીને એ ડૉલીની વધારે નજીક જઈને એને પકડવાની કોશિશ કરવા લાગ્યો.

શું થશે ડૉલીની સાથે ? શું એ જૉનની ચંગુલમાંથી બચી શકશે ? કે પછી એના જીવનમાં પાછી કોઈ અનહોની ઘટના ઘટશે ? અને અહીં ડૉલીના ઘરમાં જયણાથી મળેલા સમાધાનથી ખુશબૂ અને સુષમાના જીવનમાં મધુરતા આવી ગઈ. સાથે જ સુષમાનો પરિવાર પણ ધીમે-ધીમે ધર્મમાં જુડવા લાગ્યો. પરંતુ હજુ સુધી સુષમા એમ.સી.નું પૂર્ણપણે પાલન કરતી નહોતી અને આજ સંસ્કાર ખુશબૂમાં પણ આવવા લાગ્યા. જયણાને આ વાત બહુ ખટકતી હતી. શું જયણા એમને એમ.સી.ના પાલનનું મહત્ત્વને સમજાવી શકશે ? શું એ બંનેને પવિત્રતાના આ ગૂઢ રહસ્યને સમજાવીને એને આચરણમાં લાવી શકશે ? એણે સમજાવવા માટે જયણા શું કરે છે ? આવો જોઈએ જૈનિજમના આગળના ખંડ **"પવિત્રતાનું રહસ્ય"**માં....

## No Competition But Solution

જૈનિજમના પાછળના ખંડમાં આપણે જોયું કે પ્રેમમય વ્યવહારથી મોક્ષાએ કેવી રીતે પોતાના ઘરમાં ખુશીઓ લાવી. ધર્મમય જીવન વ્યતીત કરતા અને પરિવારની સાથે હસતાં-હસતાં ૯ મહિના સુધી ગર્ભનું સુચારુ રૂપથી પાલન કરીને એણે એક દિકરાને જન્મ આપ્યો. દિકરાનો જન્મ થતાં જ એણે એને નવકાર મંત્ર સંભળાવ્યો અને એની સારી પરવરિશ માટે સતત જાગૃતી રાખી. પ્રભુ વીરના બતાવેલા માર્ગે ચાલી શકે એ ભાવથી મોક્ષાએ એનું નામ 'સમકિત' રાખ્યું. મોક્ષા સ્વયં પોતાના જીવનમાં સંસ્કારો અને પરવરિશના સુંદર પરિણામનો અનુભવ કરી ચુકી હતી. માટે પોતાના અનુભવોના આધારે એણે સમકિતને સંસ્કાર આપવામાં કોઈ કમી નહી રાખી.

મોક્ષાની નણંદ વિધિ ફેશન ડિઝાઈન કોર્સના અંતિમ વર્ષમાં પહોંચી. એક દિવસ એની કૉલેજમાં પ્રેક્ટિકલ કોમ્પિટીશન હતું. જેમાં ભારતભરના ફેશન ડિઝાઈનરોએ ભાગ લીધો. કોમ્પીટીશનના આધારે કોઈપણ એકને 'બેસ્ટ નેશનલ ફેશન ડિઝાઈનર ઍવોર્ડ' મળવાની ઘોષણા થઈ હતી. વિધિ કોઈપણ રીતે સેમી ફાઈનલમાં તો પાસ થઈ ગઈ. પણ એને સ્ટ્રીક્ટ વોર્નિંગ આપવામાં આવી કે જો આ વખતે એણે સારી પ્રસ્તુતિ નહી આપી, તો એને બહાર કાઢવામાં આવશે. માટે વિધિ રાત -દિવસ પોતાની ડિઝાઈનને કામિયાબ બનાવવા માટે મહેનત કરવા લાગી. એક દિવસ મોક્ષા વિધિના રૂમમાં કૉફી આપવા ગઈ અને...

**મોક્ષા :** વિધિ ! આ લો તમારી કૉફી ! શું વાત છે વિધિ ! આજે તમે બહુ ટેન્શનમાં લાગો છો ?

**વિધિ :** હાં ભાભી ! નેશનલ પ્રેક્ટિકલ કોમ્પિટીશનનો અંતિમ પડાવ નજીક આવી રહ્યો છે. સેમી ફાઈનલમાં પણ મને વોર્નિંગ મળી ગઈ છે, મારી બધી ફ્રેન્ડ્સ Select થઈ ગઈ છે. મેં આ ડિઝાઈન બનાવી છે, પણ આ ડિઝાઈન જ્યારે મને જ પસંદ નથી આવી, તો જજ ને શું પસંદ આવશે ? મને નથી લાગતું કે આના સહારે હું ફાઈનલમાં જીતી જઈશ. મગજ કામ જ નથી કરતું કે શું કરું ?

**મોક્ષા :** ચાલ ઠીક છે, વિધિ ! પહેલા આ કૉફી પી લો. તમે ફ્રેશ થઈ જશો.

(મોક્ષા કૉફી આપીને ત્યાંથી સીધી પોતાના રૂમમાં રહેલા લેપટોપ પર ડિઝાઈન બનાવીને વિધિની પાસે આવી.)

**મોક્ષા :** વિધિ ! જો, તમને આ ડિઝાઈન કેવી લાગી ?

(ડિઝાઈન જોતાં જ વિધિની આંખોમાં ચમક આવી ગઈ.)

**વિધિ :** વાહ ભાભી ! બહું જ સારી છે તમે આ ક્યાંથી લાવ્યા ?

**મોક્ષા :** આ જ નહી, આનાથી પણ સારી ડિઝાઈન આપણે બંને બેસીએ તો મળીને બનાવી શકીએ છીએ.

**વિધિ :** આનો મતલબ, આ ડિઝાઈન તમે બનાવી છે. ગ્રેટ ભાભી !

**મોક્ષા :** ચાલો વિધિ ! આપને બન્ને મળીને કાંઈ નવું બનાવીએ.

(બન્ને તે જ વખતે ડિઝાઈન બનાવવા બેસી ગઈ. હવે મોક્ષા પણ અનુકૂલતા અનુસાર ઘરનું કામ નિપટાવીને બાકી ના સમયમાં વિધિની મદદ કરતી. રાત્રિમાં પણ બન્ને મોડા સુધી બેસીને કામ કરતા)

**મોક્ષા :** રુકો વિધિ ! આમાં આ કલર ન નાખ. આ બહું જ વધારે લાઈટ છે, એક કામ કર. બેબી-પીંક કલર નાખી દે આમ પણ આજકાલ આ કલરની ફેશન છે.

(થોડી જ વારમાં બંને મળીને સારી-સારી ડિઝાઈન્સ બનાવી.)

**મોક્ષા :** વિધિ ! તમારી મૉડલરનો સ્કીન કલર કયો છે ? જો એ સાંવલી છે તો એની ઉપર હળવો રંગ સારો લાગશે, અને જો એ ગોરી છે તો આ ગહરો રંગ એની ઉપર સારો લાગશે.

**વિધિ :** અરે હા ભાભી ! મેં તો ક્યારેય આ વિચાર્યું જ નહતું કે ડ્રેસનો કલર મૉડલરના સ્કીન કલર પર આધારિત હોય છે.

(બંને મન લગાવીને કામ કરવા લાગ્યા અને અંતમાં એમની ડિઝાઈન તૈયાર થઈ ગઈ. હવે વિધિને પણ મોક્ષાની જરૂરિયાત મહસૂસ થવા લાગી. એ પોતાના મનની દરેક વાત મોક્ષાને કરતી હતી. આખરે ફાઈનલનો દિવસ આવી ગયો. પ્રતિયોગિતામાં વિધિની ડિઝાઈન બધાના ધ્યાનનું કેન્દ્ર બની ગઈ અને વિધિ 'બેસ્ટ નેશનલ ફેશન ડિઝાઈનર' બની ગઈ. ઘરે આવતાં જ...

**વિધિ :** ભાભી ! આ જુઓ.

**મોક્ષા :** વાહ વિધિ ! કેટલી સરસ ટ્રોફી છે. આખરે તું પ્રતિયોગિતામાં જીતી જ ગઈ.

**વિધિ :** હું નહી ભાભી ! આપણે જીતી ગયા. ખૂબ ખૂબ ધન્યવાદ ભાભી ! તમે મારી આટલી મદદ ન કરી હોત તો કદાચ જ હું આ પ્રતિયોગિતા જીતી શકત.

(આ પ્રમાણે આ પ્રતિયોગિતાના માધ્યમથી વિધિ મોક્ષાની બહુ નજીક આવી ગઈ અને પોતાની કૉલેજના સિવાય પણ જ્યારે પણ કંઈ કામ હોય તો એ મોક્ષાની મદદ લેતી હતી. એટલું જ નહી ઘરના કામમાં પણ એ મોક્ષાને બહુ મદદ કરવા લાગી. મોક્ષા પણ સમય-સમયે એની સાથે સારી વાતો કરવા લાગી, ભૂલ થાય તો સમજાવતી, ધાર્મિક વાતાવરણમાં જોડતી હતી. વિધિ અને મોક્ષા હવે નણંદ-ભાભી કરતા પણ સહેલીઓ જેવી બની ગઈ હતી.

આની વચ્ચે વિધિના માટે સારા-સારા રિશ્તા આવવા લાગ્યા. સારું ખાનદાન, સારો છોકરો, સારા પરિવારને જોઈને એના માતા-પિતાએ વિધિની સગાઈ 'દક્ષ'ની સાથે કરી લીધી. 'દક્ષ' મોક્ષાના પિતરાઈ કાકાનો દિકરો હતો. માટે મોક્ષા પણ દક્ષના સ્વભાવથી સારી રીતે પરિચિત હતી. થોડાક જ દિવસોમાં લગ્નની તારીખ નક્કી થઈ ગઈ. મોક્ષાએ વિધિને સાસરે કેવો વ્યવહાર કરવો જોઈએ એ વિષયમાં સમય-સમય ઉપર બતાવતી. જોતજોતામાં વિધિના લગ્નનો દિવસ નજીક આવી ગયો અને વિધિ હંમેશા માટે એ ઘરથી પારકી થઈ ગઈ. લગ્ન પછી વિધિ પોતાના પતિની સાથે થોડા દિવસ માટે ફરવા ગઈ. હરી-ફરીને આવ્યા પછી થોડાક દિવસો સુધી વિધિએ પોતાના સાસુ-સસરાની સાથે સારું વર્તન કર્યું પરંતુ સહનશીલતાની ઉણપ તેમજ સાસુ-સસરાના નિયંત્રણોથી વિધિનો સ્વભાવ બગડતો ગયો. ઘરમાં અવાર-નવાર ઝઘડા થવા લાગ્યા. આ ઝઘડાઓથી દક્ષની હાલત પણ ખરાબ થતી ગઈ. એ ન તો પોતાની પત્નીનો પક્ષ લઈ શકતો હતો અને ન પોતાની માઁ નો. જેથી વિધિ અને દક્ષની વચ્ચે પણ અવારનવાર મન-મુટાવ થઈ જતો.

સાસરે ગયા પછી પણ વિધિ ઘણીવાર કિટી પાર્ટીમાં જતી હતી. એના સાસુ-સસરાને આ બિલકુલ પસંદ નહોતું. પણ તેઓ વિધિથી ડરતાં હતાં માટે તેઓ એને કંઈપણ કહેતા ન હતા. એક દિવસ વિધિની સાસુ શારદાની તબિયત ઠીક ન હતી, છતાં પણ વિધિ પોતાની સાસુને ઘરમાં એકલી છોડીને પાર્ટીમાં જતી રહી. ઘરે આવતાં-આવતાં રાત્રે ૯ વાગી ગયા જેવી એ ઘરે પહોંચી ત્યારે વિધિના સસરાજી)

**સુધીર :** વહુ ! આટલી રાત થઈ ગઈ, ક્યાંથી આવી રહી છો ? કંઈ કહીને પણ નહોતી ગઈ ?

**વિધિ :** હાં, હાં, ખબર જ હતી મને, મારા આવતાંની સાથે મારી ઉપર આરોપ લગાવવાનું શરૂ થઈ જશે.

**સુધીર :** પણ બેટા ! હું તો એજ પૂછતો હતો કે આટલું મોડું થઈ ગયું, તું ક્યાં હતી ?

**વિધિ :** એ જ તો, આવતાંની સાથે જ મારી પૂછપરછ શરૂ કરી લીધી. ક્યાંથી આવું છું, ક્યાં જાઉં છું બધાનો હિસાબ આપું તમને ?

**સુધીર :** પણ બેટા ! હું તો એટલા માટે પૂછી રહ્યો હતો કે આજે તારી સાસુમાઁ ની તબિયત વધારે ખરાબ હતી. જો તારે ક્યાંય જવું હતું, તો મને કહી દીધું હોત તો હું ઓફિસથી જલ્દી આવી જાત.

**વિધિ :** સાસુમાઁની તબિયત તો અવારનવાર ખરાબ થાય છે. એનો મતલબ એ થોડો છે કે હું બહાર આવવા જવાનું જ છોડી દઉં. આમ પણ આજે મારી બહુ ઈમ્પોર્ટેન્ટ પાર્ટી હતી. અને મારું ત્યાં જવું જરૂરી હતું.

(વહુઓનું કર્તવ્ય હોય છે કે તે સાસુ-સસરાની સેવા કરે, પરંતુ વિધિ પોતાના આ કર્તવ્યને કર્તવ્ય નહી માનીને એને ભારરૂપ સમજતી હતી. એને પોતાના સાસુ-સસરાની સેવાથી વધારે બહાર હરવા-ફરવામાં દિલચસ્પી હતી. સાસુ-સસરા એને બોજ લાગતા હતા. માટે એ પોતાના સાસુ-સસરાથી અલગ થવા માંગતી હતી. દક્ષને પોતાના માતા-પિતાના પ્રત્યે બહુ જ અહોભાવ અને આદરભાવ હતો. માટે વિધિ પોતાનું કાર્ય સફળ કરવા માટે અવારનવાર નાની-નાની વાતો ઉપર ઝઘડા અને નાટક ઉભા કરી દેતી હતી. જેથી દક્ષ તંગ આવીને પોતાના માતા-પિતાને પોતાનાથી અલગ કરી દે અથવા સ્વયં પોતાના માતા-પિતાથી અલગ થઈ જાય.)

(એટલામાં દક્ષ ઓફિસથી આવ્યો અને વિધિ દક્ષના આવતાંની સાથે જ જોર-જોરથી રડવાનું નાટક કરવા લાગી.)

**વિધિ :** હે ભગવાન ! મારી તો કિસ્મત જ ફૂટેલી છે. મારી કિસ્મતમાં તો બધાના મહેણાં જ સાંભળવાનું લખ્યું છે.

**દક્ષ :** અરે ! આ શું હંગામો થઈ રહ્યો છે ? તું કેમ રડે છે ? પિતાજી, આ બધું શું થઈ રહ્યું છે ? કંઈક તો બતાવો.

**સુધીર :** બેટા ! હું બતાવું છું.

**વિધિ :** તમે શું બતાવશો ? હું બતાવું છું જુઓને, તમને તો ખબર જ છે ને કે મારા માતા-પિતાએ મને કેટલા પ્રેમથી પાળી-પોષીને મોટી કરી છે. અમે ચારે ભાઈ-બહેન ક્યાં આવતાં જતાં હતા, ક્યારેય કંઈપણ પૂછ્યું નથી. અમારી દરેક ઇચ્છા પૂરી કરી..

**દક્ષ :** વિધિ આ ફાલતું વાતો સિવાય પણ કંઈક બતાવીશ.

**વિધિ :** (ગુસ્સામાં) બતાવું જ તો છું, તમને તો ખબર જ છે ને કે આજકાલ હું અઠવાડિયામાં બે-ત્રણ વખત જ કિટી પાર્ટીમાં જાઉં છું. અને આજે મારું કિટી-પાર્ટીમાં જવું જરૂરી હતું. બસ મને આવવામાં થોડું મોડું શું થઈ ગયું, મારા ઉપર આરોપોનો વરસાદ શરૂ કરી દીધો. કહેશે જ ને આખરે પારકા ઘરની છું તે. (અને જોર-જોરથી રડવા લાગી.)

(બિચારા સસરાજી વિધિની ખોટી દલીલોની આગળ પોતાની સચ્ચાઈને પણ રજૂ ન કરી શક્યા. દક્ષની હાલત તો ઘંટીમાં પીસાતા દાણા જેવી થઈ ગઈ. એક બાજુ કૂવો હતો તો બીજી બાજુ ખાડો. ના તો પોતાના પિતાજીને કંઈ કહી શકતો હતો અને ના તો પોતાની પત્નીને. વિધિની વાત સાંભળીને દક્ષ કંટાળીને ત્યાંથી ચાલ્યો ગયો. આ પ્રમાણે સાસુ-સસરાથી અલગ થવા માટે વિધિ દક્ષના ઘરે આવતાં જ રોજ-બરોજ નવા-નવા ઝઘડા એ રીતે રડી-રડીને રજૂ કરતી કે દક્ષ પણ પોતાના માતા-પિતાથી અલગ થવાને માટે મજબૂર થઈ જાય. જો કોઈ ઝઘડો ન થાય તો રાત્રે દક્ષને આખા દિવસની હિસ્ટ્રી સંભળાવતી. ઓફિસમાં ગ્રાહક સાથે માથાકૂટી કરી દક્ષ થાકેલો-પાકેલો એ આશાએ ઘરે આવતો કે ઘરમાં એને શાંતિ મળશે. પરંતુ વિધિએ તો આવીને એના જીવનની શાંતિ જ છીનવી લીધી હતી. આખરે રોજરોજના ટેન્શનથી દક્ષ પૂરી રીતે થાકી ગયો હતો. અને હવે તો એ પણ એ જ વિચારતો હતો કે કાં તો વિધિ મને છોડીને ચાલી જાય કાં તો મમ્મી-પપ્પા

સાચે જ કોઈએ ઠીક કહ્યું છે કે, આજકાલ દિકરા, દિકરા નહી, પરંતુ બાપ બનીને જન્મ લે છે અને વહુ વહુ બનીને નહી પણ સાસુ બનીને ઘરમાં પ્રવેશ કરે છે. વિધિએ પણ કંઈક આવું જ કર્યું

એકવાર દિવસે ઝઘડાનો કોઈ મોકો ન મળવાથી રાત્રે દક્ષ થાકેલો-પાકેલો ઘરે આવ્યો ત્યારે આવતાં જ વિધિએ રામકહાણી શરૂ કરી દીધી..)

**વિધિ :** આવી ગયા તમે.

**દક્ષ :** આવી તો ગયો, પણ આજે તું આટલી ગુસ્સામાં કેમ છે ?

**વિધિ :** ગુસ્સો ન કરું તો શું કરું ? તમે તો આખો દિવસ ઓફિસમાં રહો છો. અને અહીંયાં તમારા બુઢા માતા-પિતાના તાણા મારે એકલીને જ સાંભળવા પડે છે. તમને જો મારી ચિંતા હોત તો ક્યારનીય મને અહીંથી લઈ ગયા હોત ?

**દક્ષ :** પરંતુ આજે શું થયુ; એ તો બતાવ.

**વિધિ :** ખબર છે, તમારી મમ્મી, પપ્પાને કહી રહી હતી કે વહુ બહુ જ મોડેથી ઉઠે છે આજે વહુએ ગુસ્સામાં શાકમાં મીઠું વધારે નાંખી દીધું. વહુ પિયર જઈને આપણી નિંદા કરે છે. મહારાણી બનીને આવી હોય એવો વ્યવહાર કરે છે. તમારા મમ્મી-પપ્પા આજુ-બાજુના લોકોને મારી વાતો કરતા ફરે છે. જેના કારણે મારે બાહર આવવા-જવાનું જ બંધ થઈ ગયું છે. ઘરમાં આમના તાણા સાંભળો અને બહાર જાઓ તો લોકોના. તમે જ બતાવો શું હું એટલી ખરાબ છું ? તમે કશું બોલતા કેમ નથી ?

(દક્ષ શું કરે, કોના પક્ષમાં બોલે, આવા સમયમાં એને મૌન રહેવું જ વધારે શ્રેષ્ઠ લાગ્યું. કેમકે એને ખબર હતી કે જે હદ સુધી વિધિ વધારીને બતાવી રહી છે. એના માતા-પિતા એવા નથી. પરંતુ વિધિની આગળ દક્ષની એક પણ ચાલતી નહોતી !

એક દિવસ વૃદ્ધાવસ્થાને કારણે દક્ષના પિતાજીને દાંતમાં દર્દ થવા લાગ્યું. તેઓ ડૉ.ને બતાવવા ગયા. ડૉ. એમની દાઢ ખરાબ હોવાને કારણે કાઢી દીધી અને એમને ગરમ-ગરમ સીરો ખાવાની સલાહ આપી. દક્ષની મમ્મીની તબિયત ખરાબ હોવાના કારણે તેઓ સૂઈ રહ્યા હતા. સુધીર વિધિથી એટલો ડરતો હતો કે એ વિધિને સીરો બનાવવા વિશે કંઈ કહી શક્યા નહી. માટે એમણે દક્ષને વાત કરી.)

**સુધીર:** બેટા ! આજે ડૉક્ટરે દાઢ કાઢી છે માટે મને શીરો ખાવાનું કહ્યું છે. તારી મમ્મીની તબિયત ઠીક નથી માટે તું જરા વિધિને કહે કે એ શીરો બનાવી દે.

(દક્ષ વિધિને કહેવા માટે પોતાના રૂમમાં ગયો.)

**દક્ષ :** વિધિ આજે પપ્પાએ દાઢ કઢાવી છે, માટે પપ્પા માટે થોડો શીરો બનાવી દે.

**વિધિ :** અરે ! આટલી ઉંમર થઈ ગઈ હજુ સુધી શીરો ખાવાનો શોખ નથી ગયો. શીરો માંગતા પહેલા જરા ઉંમરનો તો ખ્યાલ કર્યો હોત. આમ પણ બળદની જેમ ખાઈ-પીને આટલા હટ્ટા-કટ્ટા થઈ ગયા છે. હવે વધારે શીરો ખાશે તો હાથી જેવા થઈ જશે. એમને કહી દો કે હવે આ બધું ખાવાનું છોડી દે. જો ખાવું જ હોય તો મમ્મીને કહી દો કે રસોડામાં જઈને બનાવી લે. પછી પોતે પણ ખાય અને તમારા બાપને પણ ખવડાવે હું ચાલી શોપીંગ કરવા. આમ પણ મારે બહું જ કામ છે. દિપાવલીના દિવસો નજીક આવી રહ્યા છે અને મારી બધી શોપિંગ પણ બાકી છે.

(વિધિની બધી વાતો હોલમાં બેઠેલા એના સાસુ-સસરાએ સાંભળી લીધી. હાર્ટ-એટેક આવી જાય એવા વિધિના શબ્દો સાંભળીને બંનેના આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. જેવો જ દક્ષ પોતાની રૂમમાંથી બહાર આવ્યો અને હોલમાં પોતાના મા-બાપને રડતા જોઈને એને સ્થિતિને સમજતાં વાર ન લાગી કે મમ્મી-પપ્પાએ વિધિની બધી વાતો સાંભળી લીધી છે. દક્ષને જોતાં જ....)

**સુધીર :** બેટા દક્ષ ! મને ખબર છે કે તારી સ્થિતિ કેવી છે ? તું પણ એને કશું નથી કહી શકતો. બેટા !

આ રોજ-રોજની ખટ-પટથી સારું છે કે અમે લોકો તારાથી અલગ થઈ જઈએ. જેથી ચૈનથી બે વખતની રોટલી તને પણ નસીબમાં થશે અને અમને પણ.

**દક્ષ :** પપ્પા ! આ તમે શું કહી રહ્યા છો ?

**શારદા :** બેટા ! એ ઠીક કહી રહ્યા છે. જો અમે લોકો તમારી પાસે રહીશું તો ઝઘડા દિવસે ને દિવસે વધતા જશે. આનાથી સારું અમે ક્યાંક દૂર ચાલ્યા જઈએ. જેથી કમ-થી-કમ પ્રેમ તો રહેશે.

**દક્ષ :** નહી માઁ ! હું તમને ઘરથી અલગ નહીં કરું. અલગ થવું હશે તો વિધિ થશે. એ આ ઘરમાં નવી આવી છે.

**સુધીર :** આવું થતું હશે બેટા ! તું આરામથી એની સાથે રહીને તારી જીંદગી વિતાવ. આમ પણ અમે વધારે દૂર થોડા જઈએ છીએ. આ શહેરમાં જ તો છીએ. આવતાં-જતાં રહીશું. બેટા ! એથી તું પણ ખુશ રહીશ ને અમે પણ.

(પિતાજીની વાત સાંભળીને દક્ષ માન્યો નહી. ત્યારે માતા-પિતાએ એને બહુ સમજાવ્યો. અને સાથે જ અહી રહેવાથી ભવિષ્યમાં આવવાવાળા દુઃખદ પરિણામોથી અવગત કરાવ્યા ત્યારે)

**દક્ષ :** મમ્મી પપ્પા જો તમારી આજ ઇચ્છા છે તો, મારી પણ એક શરત છે.

**સુધીર :** કેવી શરત બેટા ?

**દક્ષ :** તમે લોકો અલગ થવા માંગો છો તો ઠીક છે. પરંતુ હું તમને દૂર ન મોકલી શકું માટે તમે લોકો ઘરની પાછળવાળા કોટેજમાં જ રહો. હું તમારા રહેવાનો બધો ઇંતજામ કરી દઈશ.

**સુધીર :** ઠીક છે બેટા ! જેવી તારી ઈચ્છા

(આ પ્રમાણે પોતાના માતા-પિતાને જરાપણ તકલીફ ન થાય એ પ્રમાણે દક્ષે એ કોટેજમાં બધી વ્યવસ્થા કરી લીધી. એના માતા-પિતાને જેવી સુખ અને શાંતિ વિધિની સાથે રહેતાં મળી ન હતી એનાથી ઘણી વધારે સારી સુવિધા દક્ષે પોતાના માતા-પિતાને માટે કોટેજમાં કરી દીધી. વિધિના બજારથી આવતાં જ દક્ષે વિધિને એ સમાચાર આપ્યા કે, મમ્મી-પપ્પા હવે અલગ રહેવા જાય છે. ત્યારે વિધિની ખુશીનો કોઈ પાર ન રહ્યો. આખરે એને જે સ્વતંત્રતા જોઈતી હતી. તે એને મલી જ ગઈ.

આજકાલના વાતાવરણને જોવા જઈએ તો વહુઓ સાસરે આવ્યા પછી પોતાની સાસુમાઁ મા હંમેશા સાસુનું જ રૂપ જુએ છે, પરંતુ એમનામાં ક્યારેય માઁ ના દર્શન નથી કરતી. આને કારણે એ આટલી નિર્દયી બનીને એમના એકમાત્ર આધાર એમના પુત્રને એમનાથી અલગ કરવામાં જરાય પણ હિચકિચાતી નથી. ઘરમાં આવવાવાળી વહુ માટે, પતિના પછી કોઈ સહુથી વધારે નજીક હોય જેને એ પોતાની વાત બતાવી શકે તો એ હોય છે સાસુ. પતિ તો સવારે જ ઓફિસ કે દુકાન જતા રહે

છે. ત્યારે સાસુ જ છે કે જે એમની સાથે રહે છે. પરંતુ વિધિએ પોતાના ખોટા વ્યવહાર દ્વારા પોતાના દેવતા તુલ્ય સાસુ-સસરાનો સહારો ગુમાવી દીધો હતો.

આ પ્રમાણે શુભ દિવસ જોઈને સુધીર અને શારદા એ ઘરથી અલગ થઈ ગયા. દક્ષ ઓફિસ ગયા પહેલા અને ઓફિસથી આવ્યા પછી સૌથી પહેલા પોતાના માતા-પિતાને મળવા જતો. એમને કોઈપણ પ્રકારની કોઈ તકલીફ ન થાય એનું પુરૂં ધ્યાન રાખતો હતો. પોતાના મમ્મી-પપ્પાને માટે તે હંમેશા ફળ-મિઠાઈ લઈ જતો હતો. સાસુ-સસરાના અલગ થઈ ગયા પછી તો વિધિ એક આઝાદ પંખી બની ગઈ હતી. હવે એ મનમાન્યા ઢંગથી ખાઈ-પી શકતી હતી, હરી-ફરી શકતી હતી. માટે એને ઝઘડા કરવાની કોઈ તક જ નહોતી મળતી હતી. શરૂઆતના થોડાક દિવસ તો એ દક્ષની સાથે સારો વ્યવહાર કરતી હતી, કેમ કે એ દક્ષને બતાવવા માંગતી હતી કે પહેલા એના માતાપિતાને કારણે જ એનો વર્તાવ એટલો ખરાબ બન્યો હતો. પણ આખિર હાથી ને નાજુક બંધનોથી બાંધીએ તો એ ક્યાં સુધી ટકશે. એવી જ રીતે ધીમે-ધીમે વિધિનો સ્વભાવ ઉભરવા લાગ્યો. વિધિ બાળપણમાં ભાઈ સાથે ઝઘડી, સ્કૂલ ગઈ ત્યારે પોતાની સહેલીઓ સાથે ઝઘડી. કૉલેજ ગયા પછી ભાભીની સાથે ઝઘડી અને સાસરીયામાં આવ્યા પછી પોતાના સાસુ-સસરાથી ઝઘડીને એમને અલગ મોકલી દીધા. આવા ઝઘડાળું સ્વભાવને એ ક્યાં સુધી છુપાવી શકતી હતી.

પોતાનો અહં તૂટવાથી દક્ષ પણ હવે નાની-નાની વાતોમાં ગુસ્સે થવા લાગ્યો. આ રીતે બંનેમાં મન-મુટાવ વધવા લાગ્યો. એવામાં એક દિવસ વિધિને ખુશ કરવા માટે દક્ષ વિધિના મનપસંદ હીરોના ફિલ્મની ટીકીટ લાવી અને સાથે જ હોટલમાં જ ડીનર કરવાનો વિચાર કર્યો. ત્યારે -

**દક્ષ :** વિધિ ! આજે રાત્રે ૬ થી ૯ની ટિકીટ લાવી છે. સાથે જ રાત્રે ભોજન આપણે તારી મનપસંદ હોટલ તાજમાં જ કરીશું. તું ઠીક ૫.૪૫ વાગે સિનેમા હોલની સામે મેકડોનલની કેન્ટીનમાં મારી રાહ જોજે.

**વિધિ :** દક્ષ ! ફિલ્મ અને એ પણ આજે એક વાર નક્કી કરતાં પહેલા મને પૂછવું તો હતું કે હું ફ્રી છું કે નહીં ? આજે તો મારે બહું જ ઇમ્પોર્ટેન્ટ કિટી પાર્ટીમાં જવાનું હતું. ખબર છે એમાં આજે મારી ફોરેનની પણ બધી સહેલીઓ આવવાની હતી અને આ પ્લાન અમે એક મહિના પહેલાં જ બનાવ્યો હતો. હવે હું એમને શું જવાબ આપીશ ?

**દક્ષ :** કમૉન વિધિ ! તુ રોજે તો કિટી પાર્ટીમાં જાય છે, એક દિવસ નહી જાય તો શું ફરક પડી જશે ? તારી સહેલીઓને પછી ક્યારે મલી લે જે. પ્લીઝ તારો પ્લાન પછી ક્યારેક બનાવી લેજે. (દક્ષ ઓફિસ જતો રહ્યો)

**વિધિ :** ઠીક છે દક્ષ ! તમે આટલી જીદ કરો છો તો હું કિટી પાર્ટી કેન્સલ કરું છું.

(એણે પોતાની સહેલીઓને ફોન લગાવ્યો)

**વિધિ :** હેલો સુજી ! શું કરે છે ?

**સુજી :** અરે વિધિ ! બસ પાર્ટી માટે તૈયાર થઈ રહી હતી. તને તો ખબર જ છે ને કે, મને તૈયાર થવામાં કેટલો સમય લાગે છે.

**વિધિ :** પણ સુજી એક તકલીફ છે. આપણે આજની પાર્ટી કેન્સલ કરવી પડશે.

**સુજી :** શું ? પાર્ટી કેન્સલ કરવી પડશે ? કેમ, શું થયું તારા સાસુ-સસરાની તબિયત બહું વધારે ખરાબ થઈ ગઈ છે કે શું ?

**વિધિ :** અરે યાર ! એમની તબિયત ખરાબ હોત તો હું કંઈ પણ કરીને આવી જાત, પણ આજે તકલીફ મારા પતિની છે.

**સુજી :** શું ? શું થયું તારા પતિને ?

**વિધિ :** થયું કશું નથી. એ તો એવું છે ને કે એમણે આજે જ ફિલ્મની ટિકીટ લાવી છે અને હોટલમાં ડિનર લેવાનો પ્લાન બનાવ્યો છે. તને તો ખબર જ છે ને વધારે મિટીંગમાં વ્યસ્ત હોવાને કારણે મારા પતિ કેટલા ઓછા બહાર ફરવા માટે આવે છે માટે હું તેમને ના નથી કહી શકતી. Sorry હું નહી આવી શકું.

**સુજી :** હું સમજી શકું છું તારી તકલીફ વિધિ ! પણ તારા વિના પાર્ટીમાં પણ મજા નહી આવે. અને આમ પણ આજે પાર્ટીમાં જેટલા પ્રોગ્રામ થવાના હતા, એ બધાને તું જ સંભાળવાની હતી. તું જ નહીં આવે તો કોણ સંભાળશે ? ચાલ, કંઈ વાંધો નહી. હું બધાને ફોન કરીને બતાવી દઉં છું કે આજની પાર્ટી કેન્સલ કરીને કાલે રાખી છે.

**વિધિ :** થેંક્સ સુજી.

(દક્ષ ઓફીસ ચાલ્યો ગયો અને વિધિ તૈયાર થઈને સાંજે ઠીક સાડા-પાંચ વાગે કેન્ટીનમાં પહોંચી ગઈ.)

**વિધિ :** શું વાત છે દક્ષ હજુ સુધી નથી આવ્યા ? ક્યાંક ભૂલી તો નથી ગયાને. નહી, નહી, આવતાં જ હશે. હું જ થોડી વહેલી આવી ગઈ છું.

(અહીં ઓફીસનું કામ વધારે હોવાને કારણે દક્ષને ઓફીસમાં જ છ વાગી ગયા. અને જેવો એ નીકળવાની તૈયારીમાં હતો, એટલામાં....)

**મેનેજર :** અરે સર ! આપ ક્યાંય જઈ રહ્યા છો ?

**દક્ષ :** હાં ! આજે મારી પત્નીની સાથે બહાર જવાનો પ્લાન છે એ મારી રાહ જોતી હશે.

**મેનેજર :** સર ! તમે કદાચ ભૂલી ગયા છો કે આજે તમારી વિદેશી ક્લાઈન્ટ્સની સાથે ઈમ્પોર્ટન્ટ મિટિંગ છે, બધા લોકો મિટિંગ હોલમાં આવી ગયા છે. માત્ર તમારી જ રાહ જોવાય છે.

**દક્ષ :** અરે ! હું તો ભૂલી જ ગયો હતો. હવે વિધિને મેસેજ કોણ કરશે ? તું એક કામ કર મારા મોબાઈલથી મારી પત્નીના મોબાઈલ ઉપર મેસેજ કરી દેજે કે બહુ જ જરૂરી મિટીંગ હોવાને કારણે હું નહી આવી શકું. અને ફોન અહી કેબીનમાં મુકીને તું પણ બધી ફાઈલ લઈને હૉલમાં આવી જજે.

**મેનેજર :** ઓ.કે. સર !

(વિધિને જેવો જ મેસેજ મળ્યો એણે તરત જ દક્ષને મોબાઈલ પર કોલ કર્યો. પણ ફોન ઉપાડવાવાળું કોઈ ન હતું. ગુસ્સામાં વિધિ ઘરે આવીને ખાધા વિના જ સૂઈ ગઈ. દક્ષ મિટીંગ પછી પોતાના મમ્મી-પાપાને મળીને ઘરે આવ્યો અને આવતાં જ)

**દક્ષ :** મને માફ કરજે વિધિ ! અચાનક એક જરૂરી મિટીંગ હોવાને કારણે હું ન આવી શક્યો. ચાલ ! હવે જલ્દીથી ખાવાનું લગાવી લે. બહુ જ જોરની ભૂખ લાગી છે.

**વિધિ :** (ગુસ્સામાં) તમારે જો આવવું જ નહતું, તો પહેલાં જ કહી દેવું હતું, હું મારી કિટી પાર્ટી તો કેન્સલ ન કરત.

(થાકેલો દક્ષ પણ આ સાંભળી ગુસ્સે થઈ ગયો.)

**દક્ષ :** કમઑન વિધિ ! સૉરી કહું છું ને ! અચાનક જરૂરી મિટીંગ આવી ગઈ તો ન આવી શક્યો, થોડું સમજ. તું મારી પ્રોબ્લમ નહી સમજશે તો કોણ સમજશે ?

**વિધિ :** અચાનક મિટીંગ આવી ગઈ તો કેન્સલ પણ કરી શકતા હતા ને. તમારી મિટીંગ જરૂરી છે અને મારી કિટી પાર્ટીની કોઈ કિંમત નહી ? તમારી પાછળ હું પાગલોની જેમ ત્યાં કેન્ટીનમાં બેસી રહી, ખબર છે લોકો મને કેવા ઘુરી-ઘુરીને જોઈ રહ્યા હતા.

**દક્ષ :** વિધિ મેં મેસેજ તો મોકલાવ્યો જ હતો ને થોડીવાર ત્યાં બેસી રહી તો શું થઈ ગયું. નાની વાતને મોટી કરવાની આદત પડી ગઈ છે તારી. એટલે જ તો મમ્મી પપ્પા પણ ચાલ્યા ગયા.

**વિધિ :** હાં હાં બધી ખરાબ આદતો તો મારામાં જ છે ને. મારી જ ભૂલ થઈ ગઈ કે મેં તમારી પાછળ પોતાની આટલી જરૂરી પાર્ટી કેન્સલ કરી લીધી. પણ તમને તો માત્ર તમારી પ્રેસ્ટિજની જ પડી છે. મારા માટે એક મિટીંગ નથી છોડી શકતા હતા તમે ?

**દક્ષ :** વિધિ ! તું કંઈક વધારે જ બોલી રહી છે. મિટીંગ, મિટીંગ હોય છે અને પાર્ટી પાર્ટી. તું મારી મિટીંગને તારી ફાલતુ પાર્ટી સાથે તુલના ન કર.

**વિધિ :** મારી પાર્ટીને ફાલતુ કહેવાવાળા તમે કોણ છો ? વધારે હું નહી તમે બોલી રહ્યા છો, એ તો હું છું કે જે તમારા સ્વભાવને અત્યાર સુધી ચલાવી રહી છું, મારા ઉપરની આવી હોત તો ખબર પડી જાત.

**દક્ષ :** હાં, ઠીક જ કહી રહી છે તું ! એના કરતાં તો સારું થાત કે મેં કોઈ ગંવારથી લગ્ન કર્યા હોત વધારે કંઈ નહી પણ સારી રીતે તો રહેત અને બે સમયનું ખાવાનું તો નસીબમાં હોત. આ રીતે ભૂખ્યું તો ન રહેવું પડત.

(આટલું કહેતાં જ દક્ષ રૂમમાંથી તકિયો લઈને હૉલમાં જઈને ભૂખ્યો જ સૂઈ ગયો. વિધિ પણ ગુસ્સામાં આવીને રૂમમાં સૂઈ ગઈ. આ ઘટના પછી વિધિ અને દક્ષની વચ્ચે ચાર દિવસ સુધી કોઈ વાતચીત ન થઈ. કેટલાક દિવસ પછી વિધિનો જન્મદિવસ આવ્યો. ત્યારે બગડી ગયેલા સંબંધોને સુધારવાની ઇચ્છાથી દક્ષ વિધિને માટે એક સોનાની અંગુઠી, એના મનપસંદ કલરની સાડી અને સાથે જ બજારમાંથી કેક અને આઈસ્ક્રીમ પણ લઈને આવ્યો. વિધિને તો એટલી પણ અપેક્ષા નહતી કે દક્ષ એને જન્મ દિવસ ઉપર વીશ પણ કરશે. પણ દક્ષ દ્વારા લાવવામાં આવેલા આટલા બધા ગીફ્ટ જોઈને વિધિ બહુ ખુશ થઈ ગઈ અને જન્મદિવસના નિમિત્તે એના જીવનમાં પણ પાછી ખુશીઓ આવવા લાગી. આ ખુશીઓમાં વધારે વધારો તો ત્યારે થયો જ્યારે વિધિને ડૉ. પાસેથી સમાચાર મળ્યા કે એ માઁ બનવાની છે. એથી દક્ષ અને એના માતા-પિતા પણ બહુ ખુશ થઈ ગયા.

આ વાતને વીત્યે હજુ એક મહિનો પણ નથી થયો કે એમના હસતા-રમતા જીવનમાં કોઈની નજર લાગી ગઈ. એક દિવસ -

**દક્ષ :** વિધિ ! આ ફાઈલ્સ તેં ઠીક કરી છે ?

**વિધિ :** હાં, બહુ જ અસ્ત-વ્યસ્ત પડી હતી. તો મેં ઠીક કરી લીધી.

**દક્ષ :** એમાં બહું જ ઇમ્પોર્ટન્ટ પેપર હતો. તે ક્યાં છે ?

**વિધિ :** દક્ષ ! મેં થોડો કંઈ લીધો છે. અહીયાં જ પડ્યો હશે.

**દક્ષ :** (થોડોક ગુસ્સામાં) વિધિ ! બે કલાકથી હું શોધી રહ્યો છું, પણ મને મળ્યો નથી. કોણે કહ્યું હતું તને મારી વસ્તુઓને હાથ લગાવવાનું ? આજે જો એ પેપર ખોવાઈ ગયું તો ખબર છે તને કે મને કેટલું નુકશાન થશે ?

**વિધિ :** દક્ષ ! તમે તો એવી રીતે બોલી રહ્યા છો કે હું તમારી ચીજોને ક્યારેય હાથ જ નથી લગાડતી. અને જો પોતાની વસ્તુઓનો એટલો બધો ખ્યાલ હોય તો પોતે જ થોડું વ્યવસ્થિત રાખવાનું કરો. જેથી મારે હાથ લગાડવાની જરૂર જ ન પડે. અને આમ પણ આજ સુધી એવી તમારી કઈ વસ્તુ છે, જે તમારે શોધવી પડી છે ? આજે એક પેપર શું ખોવાઈ ગયું આખું ઘર માથે લઈ લીધું છે.

**દક્ષ :** ચૂપ રહે વિધિ ! તારી આ બકવાસ બંધ કર. અને પેપર શોધ.

(દક્ષ અને વિધિ બંને પેપર શોધવા લાગ્યા, અને શોધતાં-શોધતાં દક્ષ મનમાં ને મનમાં બોલવા લાગ્યો, ખબર નહીં ક્યાં મૂક્યો છે, મળતો જ નથી.)

**વિધિ :** બસ-બસ ! હવે મનમાં ને મનમાં મને ગાળો આપવાનું બંધ કરો.

**દક્ષ :** તારા આ શંકાળુ સ્વભાવને કારણે જ તો મમ્મી પપ્પાની આવી સ્થિતિ છે કે ઘર હોવા છતાં પણ એમને કૉટેજમાં જઈને રહેવું પડે છે.

**વિધિ :** હાં, બધી ભૂલ તો મારી જ છે. તમને પોતાના માતા-પિતાની ભૂલ તો દેખાતી જ નથી. પોતાના માતા-પિતાના ભક્ત જો રહ્યા.

**દક્ષ :** શટ્ અપ વિધિ ! તારી જબાનને કાબુમાં રાખ. અહીયાં આવ્યા પછી તે મમ્મી-પપ્પાને માત્ર દુ:ખ જ આપ્યું છે. અને એટલું જ નહીં મારા પણ કાન ભરી-ભરીને મને પણ એમની વિરુદ્ધ ભડકાવ્યો છે. નાની-નાની વાતોને પહાડ જેટલી કરવી તો કોઈ તારી પાસે શીખે. અવાર-નવાર કિટી પાર્ટીમાં જવું, શોપિંગ કરવા જવું, પૈસા તો જાણે ઝાડ ઉપર ઉગે છે. પોતાની ભૂલોને તો તારાથી સ્વીકાર થતી નથી, અને મારાથી એ દિવસે નાની ભૂલ શું થઈ ગઈ, તેં મિટીંગની વાતને લઈને કેટલું મોટું મહાભારત ઉભું કરી દીધું હતું.

**વિધિ :** બસ આ પહેલાની કહાણી બંધ કરો. તમે, તમારા માઁ-બાપ, તમારું આખું ખાનદાન તો જાણે દૂધમાં ધોયેલું છે. દોષી તો હું એકલી જ છું.

(ગુસ્સામાં દક્ષે વિધિને એક થપ્પડ મારીને -)

**દક્ષ :** ખબરદાર વિધિ મારા ખાનદાન સુધી જવાની કોઈ જરૂર નથી. પહેલા પોતાનું જો.

**વિધિ :** તમે મને થપ્પડ મારી. બસ હવે હું તમારી સાથે એક પળ પણ નથી રહી શકતી. હું જાઉં છું મારા ઘરે.

**દક્ષ :** ખુશીથી.

(એક પેપરના ઝઘડામાં બે દિલોની દરાર એટલી વધી ગઈ કે વિધિ રીસાઈને પોતાના પિયર જતી રહી. પિયર આવ્યા પછી વિધિને પોતાના ઘરમાં વીતેલી એક પણ ઘટના કોઈને બતાવી નહી. ચાર-પાંચ દિવસ આમ જ ગુજરી ગયા. અને પછી એક દિવસ વિધિ મોક્ષાની રૂમમાં ગઈ)

**વિધિ :** ભાભી ! મારે તમારી સાથે વાત કરવી છે.

(એ સમયે સુશીલા પણ કોઈ કામ માટે મોક્ષાના રૂમમાં આવી રહી હતી. બહારથી વિધિ અને મોક્ષાને વાતો કરતા સાંભળી સુશીલા ત્યાં રોકાઈ ગઈ અને બહારથી જ બંનેની વાતો સાંભળવા લાગી.)


**મોક્ષા :** અરે વિધિ ! આવ-આવ બેસ બોલ શું વાત છે ?

**વિધિ :** ભાભી ! મારે ગર્ભપાત કરાવવા જવું છે.


**મોક્ષા :** (ખુશ થતાં) શું તું માઁ બનવાની છે ? આ તો ખુશીની વાત છે. તેં હજુ સુધી કોઈને કંઈ બતાવ્યું કેમ નહી, અને આ તું ગર્ભપાતની વાત કેમ કરે છે ?

**વિધિ :** ધીમે ભાભી ! પ્લીઝ હું કોઈને બતાવવા નથી માંગતી કેમકે મારે આ બાળક નથી જોઈતું.


**મોક્ષા :** વિધિ તું ગર્ભપાત કરાવવા કેમ માંગે છે ? એ તો હું તને પછી પૂછીશ પણ શું તને એ ખબર છે કે ગર્ભપાત એટલે શું ? એમાં કેટલું પાપ છે.





**વિધિ :** પાપ ! કઈ વસ્તુનું ભાભી ! હજુ સુધી તો ગર્ભ રહ્યાને એક મહિનો જ તો વીત્યો છે. આમ પણ શરૂઆતના મહિનાઓમાં જીવ ક્યાં હોય છે ?





**મોક્ષા :** ગર્ભમાં જીવ નથી હોતો એ તને કોણે કહ્યું ? અરે ! જીવના ગર્ભમાં આવવાથી જ તો ગર્ભ રહે છે. ગર્ભધારણના પહેલા દિવસથી જ એમાં વિકાસ શરૂ થઈ જાય છે. પ્રથમ તેમજ બીજા અઠવાડિયામાં માતાના દ્વારા ગ્રહણ કરેલા ભોજનથી એ





જીવનું પાલન પોષણ થાય છે. ત્રીજા અઠવાડિયામાં જીવ-આંખ, કરોડરજ્જુ, મસ્તક, ફેફસાં, પેટ, જિગર તેમજ ગુદાનો આકાર ધારણ કરે છે. ચોથા અઠવાડિયામાં મસ્તકનો આકાર પૂરો થઈ જાય છે. કરોડરજ્જુના હાડકા આકાર ધારણ કરી લે છે.





સુષુમ્ના બની જાય છે. હાથ-પગ આકાર લેવા લાગે છે અને જાણે છે પાંચમા અઠવાડિયામાં છાતી અને પેટ આકાર ધારણ કરી એકબીજાથી અલગ થઈ જાય છે. માથા ઉપર





આંખ, આંખ ઉપર લેન્સ અને દૃષ્ટિ પટલ તૈયાર થઈ જાય છે. કાન, હાથ-પગની આંગળીઓ તૈયાર થવા લાગે છે. છઠ્ઠા તેમજ સાતમા અઠવાડિયામાં બાળકના બધા અંગો આકાર લઈ લે છે. આખું માથું અને જીભ તૈયાર થઈ જાય છે. આઠમા અઠવાડિયામાં બાળકના હાથ-પગની બધી આંગળીઓ પૂરી રીતે વિકસિત થઈ જાય છે. આ અઠવાડિયામાં અંગૂઠાની છાપ તૈયાર થાય છે જે ૮૦ વર્ષના આયુષ્ય સુધી એમ જ રહે છે.




અગિયારમાં અને બારમા અઠવાડિયામાં સ્નાયુ તેમજ માંસપેશિયોની રચના પૂરી થઈ જાય છે. હાથ-પગ હાલવા-ડોલવા લાગે છે. આંગળીઓમાંથી નખ નીકળવાના શરૂ થઈ જાય છે. બાળકનું વજન લગભગ એક ઔંસ જેટલું થઈ જાય છે. ત્રણ માસની અવધિમાં બાળકનું સંપૂર્ણ ગઠન થઈ જાય છે. પછી ક્રમશઃ વિકાસ થવાની જ વાર હોય છે. આ રીતે વિચાર, વિધિ ! એક




અઠવાડિયાનું બાળક જ્યારે આટલો વિકાસ કરી શકે છે તો તારી કુક્ષીમાં તો એક મહિનાનું બાળક છે. આપણા જૈન શાસનમાં તો એકેન્દ્રિય જીવની હત્યામાં પણ પાપ બતાવ્યું છે તો એક પંચેન્દ્રિય જીવ એમાં પણ એક નાના બાળકની હિંસામાં કેટલું પાપ હશે ? એ પણ એક માઁ થઈને તું સ્વયં કેવી રીતે આ કાર્ય કરાવી શકે છે ? જરા વિચાર વિધિ !

**વિધિ :** પણ ભાભી...


**મોક્ષા :** પણ શું વિધિ ? તું જાણે છે ગર્ભપાત કેન્દ્રમાં કેટલા નૃશંશ ઉપાયથી ગર્ભમાં રહેલા બાળકને બહાર કાઢીને એને ફેંકી દેવામાં આવે છે.

**વિધિ :** કેવો ઉપાય ભાભી ?

**મોક્ષા :** વિધિ એબોર્શન કરવાના ચાર પ્રકાર છે. સૌથી પહેલી પદ્ધતિ છે. **ડી.એન.સી.ઓપરેશન.** ડૉક્ટરી સાધનોના દ્વારા સગર્ભા સ્ત્રીના ગર્ભાશયનું મુખ પહોળું કરવામાં આવે છે. પછી સાધનોમાંથી એક ચાકુ અથવા કાતર જેવા હથિયારને અંદર નાંખીને જીવિત બાળકને વીંધવામાં આવે છે. ગર્ભમાં તડપતું બાળક રક્તરંજિત થઈને અસહ્ય વેદનાથી પોતાનો પ્રાણ છોડી દે છે. પછી ચમચી જેવા સાધનથી બાળકના ટુકડે-ટુકડા બહાર નીકાળવામાં આવે છે. શાંત બનેલું મસ્તિષ્ક, રક્ત રંજિત બનેલા આંતરડા, બહાર પડેલી આંખો, હજુ સુધી દુનિયામાં જેણે પહેલો શ્વાસ પણ નથી લીધો એવા ફેફસા, નાનું સરખું હૃદય, હાથ અને પગ વગેરે અવયવોને બહાર કાઢીને જલદીથી બાલ્ટીમાં ફેંકવામાં આવે છે.




વિધિ ! બીજી હોય છે **શોષણ પદ્ધતિ** - જેમાં ગર્ભાશયમાં એક પહોળી નળીનો અગ્રભાગ ઘુસાડવામાં આવે છે, એ નળીની સાથે એક પંપ જોડાયેલો હોય છે. નળીના બીજા ભાગથી એક મોટી બોટલ જોડાયેલી હોય છે. નળીના અગ્રભાગને ગર્ભાશયમાં વ્યવસ્થિત કર્યા પછી પંપને ચાલુ કરવાથી ગર્ભમાં રહેલું બાળક પેટમાં ટકરાય છે. ટકરાવથી એને ઉંડો ઘા લાગે છે. અને બાળકના કોમળ અંગના ટુકડે-ટુકડા થઈને બહાર આવી જાય છે. અને જો કોઈ જીવ અત્યંત બલિષ્ઠ હોય તો એ આખું ને આખું જીવિત બહાર આવી જાય છે ત્યારે બંધ બોટલમાં જોરથી ટકરાઈને પોતાના પ્રાણ છોડી દે છે. આ પદ્ધતિથી તો ક્યારેક ક્યારેક આખું ને આખું ગર્ભાશય જ બહાર આવી જાય છે. જેથી સ્ત્રીને કમરદર્દ વગેરે અનેક




પ્રકારની બિમારીઓ આજીવન ભોગવવી પડે છે.

**વિધિ :** બાપ રે બાપ ભાભી ! મારાથી નહી સાંભળી શકાય.

**મોક્ષા :** વિધિ આ તો કંઈ નથી. ત્રીજી અને ચોથી પદ્ધતિ સાંભળીશ તો કાંપી જઈશ. ત્રીજી પદ્ધતિ હોય છે **હિસ્ટેરોટોમી (નાનું સીઝેરીયન)** એમાં પેટ ચીરીને સગર્ભા સ્ત્રીના આંતરડાને બહાર નીકાળીને ગર્ભાશયને ખોલીને જીવિત બાળક બહાર કાઢવામાં આવે છે, પછી એને બાલ્ટીમાં ફેંકી દેવામાં આવે છે. હાથ-પગ હલાવતો રડતો અસહાય બાળક બાલ્ટીમાં જ મરી જાય છે. કેટલીક વાર કોઈ બાળક જલ્દી નથી મરી શકતો અને અહીં ઓપરેશન થિયેટરમાં નવા કેસને પ્રવેશ આપવાનો હોય છે. માટે એ બાલ્ટીમાં રહેલા બાળકને તીક્ષ્ણ હથિયારોથી વીંધી દેવામાં આવે છે. અથવા અન્ય પ્રહારથી એને નષ્ટ કરવામાં આવે છે. અને ચોથી પદ્ધતિ હોય છે **ઝેરીલી ક્ષાર પદ્ધતિ** - એક લાંબુ તેમજ તીક્ષ્ણ સોય ગર્ભાશયમાં ભોંકવામાં આવે છે. એમાં પિચકારીથી અત્યંત ક્ષાર પાણી છોડવામાં આવે છે. ચારે બાજુ ભરેલા



ક્ષારના પાણીમાંથી ગર્ભાશયમાંનું બાળક થોડું ક્ષાર જળ પી લે છે, એ જ સમયે બાળકને હિચકીઓ આવવા લાગે છે. વિષ-ભક્ષણવાળા મનુષ્યની જેમ એ ચારે બાજુ તડપે છે. ક્ષારની દાહકતાને કારણે એની ચામડી શ્યામ થઈ જાય છે અને અંતમાં ગભરાઈને એ બાળક ગર્ભમાં જ મરી જાય છે. એના પછી એને બહાર કાઢી દેવામાં આવે છે. કેટલીય વાર ઉતાવળમાં કાઢવાથી એ બાળક થોડુંક જીવિત પણ હોય છે અને બહાર કાઢ્યા પછી તો થોડી જ વારમાં પોતાના પ્રાણ છોડી દે છે. હવે બતાવ વિધિ આ ચાર પદ્ધતિઓમાંથી કઈ પદ્ધતિ તારા ગર્ભમાં રહેલું કોમળ બાળક સહન કરી શકશે ?



**વિધિ :** (રડતાં) પ્લીઝ ભાભી બસ કરો. આ બધું સાંભળીને હું તો શું દુનિયાની કોઈપણ માઁ પોતાના બાળકની હત્યા કરાવવા પર્લ સેન્ટરમાં નહી જાય. પણ તમે જ બતાવો કે છૂટાછેડા પછી હું આ બાળકનું કરીશ શું ?

**મોક્ષા :** શું છુટાછેડા ? આ શું કહી રહી છે ? જરા વિચારીને બોલ.

**વિધિ :** હાં ભાભી ! હું દક્ષથી છૂટાછેડા લેવા માંગુ છું. આ મારો આખરી ફેંસલો છે. મેં પોતાના

ભવિષ્યના વિષે વિચારી લીધું છે. હું કોઈની ઉપર બોજ બનીને નથી જીવવા માંગતી. હું એક ફેશન-ડિઝાઈનર છું. જો હું ઇચ્છું તો મને સારી નોકરી મળી શકે છે. આ રીતે પોતાના પગ ઉપર ઉભી થઈને હું પોતાનું પેટ તો ભરી જ શકું છું. પણ હવે પ્રશ્ન આવે છે આ બાળકનો.

**મોક્ષા :** વિધિ ! અહીં કોઈના ઉપર બોજ બનવાનો કે પેટ ભરવાનો સવાલ નથી. અહીં સવાલ છે તારી અને દક્ષની જીંદગીનો અને તારા બાળકનો પહેલા મગજને શાંત કર અને બતાવ કે થયું શું ?

**વિધિ :** ભાભી ! દક્ષના ઝઘડાળું સ્વભાવને કારણે હું એટલી પરેશાન થઈ ગઈ છું કે મનમાં વિચાર આવે છે કે આત્મહત્યા કરી પોતાનું જીવન જ સમાપ્ત કરી લઉ. કે દક્ષથી છૂટાછેડા લઈને એમનાથી હંમેશા માટે અલગ થઈ જાઉં.

**મોક્ષા :** વિધિ ! સૌથી મોટી ભૂલ તો તે તારા સાસુ-સસરાથી અલગ થઈને કરી છે. કયા કારણવશ તે આ બધું કર્યું અને અલગ થવા માટે તે તારા સાસુ-સસરાની સાથે કેવું વર્તન કર્યું એની બધી જાણકારી દક્ષે મને આપી દીધી છે. તું દક્ષને ખોટો સમઝીશ નહીં , એણે તો તારી ભલાઈ માટે જ આ બધુ કહ્યું છે વિધિ એ દિવસે ફોન ઉપર દક્ષનું છેલ્લું વાક્ય મને હજુ પણ યાદ છે. એણે મને કહ્યું હતું કે ''મોક્ષા દીદી હું વિધિને બહુ જ પ્રેમ કરું છું અને એની ભલાઈ માટે હું એને ખોટા રસ્તે જવાથી રોકવા માગું છું. પ્લીઝ મોક્ષા દીદી મારી મદદ કરો.''

**વિધિ :** ભાભી ! હું સ્વીકાર કરું છું કે મેં જે કર્યું એ ખોટું કર્યું પણ તમે જ બતાવો હું શું કરું ? આજના જમાનામાં કોઈનેય પણ સંયુક્ત કુટુંબમાં રહેવાનું પસંદ નથી આવતું. મને પણ કંઈક આવું જ મહસૂસ થયું. એમની દખલઅંદાજીને કારણે હું તંગ આવી ગઈ હતી. એ ઘરમાં હોય તો હું ક્યાંય પણ સ્વતંત્રતાથી હરી-ફરી શકતી નહોતી. પોતાની સહેલીઓની સાથે કિટી પાર્ટી કે શૉપિંગ ક્યાંય પણ નહોતી જઈ શકતી. મને એમની ઉપસ્થિતિ બહુ જ ખટકતી હતી. માટે મેં એમનાથી અલગ થવાનો નિર્ણય લીધો. અને અલગ થવા માટે મને જે લાગ્યું મેં કર્યું.

**મોક્ષા :** વિધિ ! એ જ તો તારો વિચાર ખોટો છે. તે એ ઘરમાં દિકરી બનીને પોતાની મનમાની કરવા ચાહી. એ વાત સાચી છે કે સાસરીયામાં દિકરી બનીને રહેવું જોઈએ. પરંતુ તે દિકરી બનીને દિકરીના અધિકારોને સ્વીકાર કરી લીધા. પણ માતા-પિતાની સેવારુપ દિકરીના કર્તવ્યોને તે સ્વીકાર ન કર્યો. સાંભળ મારી સહેલી નિર્મળાની જ વાત તને સંભળાવું. નિર્મળાના લગ્નના દિવસે એના સસરાજીની તબિયત ખરાબ થઈ ગઈ. રાત્રે નિર્મળાના પતિ નિખિલની ઇચ્છા પોતાના પિતાજીની પાસે સૂવાની હતી. પણ એને ડર હતો કે ક્યાંક નિર્મળાનું દિલ તૂટી ન જાય. એટલામાં નિખિલના મનની પરિસ્થિતિને જાણીને નિર્મળાએ કહ્યું ''નિખિલ ! પપ્પાની તબિયત ખરાબ છે. અને હવે અસ્વસ્થતા હોવાને

કારણે એમની તબિયતનો કોઈ ભરોસો નથી. આખો દિવસ તો કંઈ નહી આપણે સાથે જ હોઈએ છીએ પણ રાત્રે એમને કોઈ વસ્તુની જરૂર પડે તો ? માટે મેં વિચાર્યું છે કે, જ્યાં સુધી પિતાજીની તબિયત ઠીક ન થઈ જાય ત્યાં સુધી આપણે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી પિતાજીની પાસે સૂઈ જઈશુ.'' નિર્મળાની વાત સાંભળીને નિખિલની આંખોમાં આંસુ આવી ગયા. એ કશું બોલી ન શક્યો. વિધિ ! આગળના જીવનમાં નિર્મળાને પોતાના પતિનો કેટલો પ્રેમ અને પોતાના સસરાના કેટલા આશીર્વાદ મળ્યા હશે એ કહેવાની જરૂર નથી. વિધિ વિચાર, પોતાના કર્તવ્યને નિભાવવા માટે જો નિર્મળાએ કેટલું મોટું બલિદાન આપી દીધું. તો શું તું પોતાના સાસુ-સસરાની સેવા માટે કિટી પાર્ટી વગેરે નાની-નાની વસ્તુઓનું બલિદાન ન આપી શકે. જો તું પણ પોતાના કર્તવ્યોનું પાલન કરત તો કદાચ પોતાના સાસુ-સસરા અને દક્ષના હૃદયથી દૂર ન થાત. સંયુક્ત કુટુંબથી અલગ થઈને તે જે તકલીફો પોતાના હાથે ઉભી કરી છે તેનાથી પણ બચી જાત.

**વિધિ :** કેવી તકલીફો ભાભી ?

**મોક્ષા :** એક તકલીફ તો તું પ્રત્યક્ષ જ જોઈ રહી છે કે દક્ષથી ઝઘડવાને કારણે તારું મન હંમેશા ચિંતિત રહે છે. અને બીજુ જેનું સમાધાન તું મારી પાસે લેવા આવી છે.

**વિધિ :** ભાભી આ તકલીફ કંઈ સંયુક્ત કુટુંબથી અલગ થવાને કારણે થોડીને થઈ છે.

**મોક્ષા :** વિધિ ! તું કદાચ હજુ સુધી મારા કહેવાનો આશય નથી સમજી શકી. જો, પોતાના સાસુ-સસરાથી અલગ થવાનું જે નુકસાન થયું છે આજે એ નુકસાન તારી સમજની બહાર છે. જો એ નુકસાન તને ખબર હોત તો તું ક્યારેય આવું ખોટું પગલું ન ભરત. ચાલ હું જ બતાવું છું કે તેં શું ખોયું અને શું મેળવ્યું ? (એવું કહીને જૈનિજમના ત્રીજા ખંડમાં જયણાએ જે હિતશિક્ષા મોક્ષાને આપી હતી એ જ હિતશિક્ષા મોક્ષા પણ વિધિને આપે છે. હિતશિક્ષા સાંભળીને -)

**વિધિ :** (રડતાં) સાચે હવે મને પોતાના કર્યા ઉપર બહુ જ પસ્તાવો થઈ રહ્યો છે. ભાભી હવે તો હું પોતાની ભૂલોની માફી માંગવાને પણ લાયક નથી રહી. મમ્મી-પપ્પાથી અલગ થયા પછી આજ સુધી હું તેમને મળવા પણ નથી ગઈ. મેં પોતાના પગ ઉપર કુહાડી મારવા જેવું કામ કર્યું છે. હું એમની પાસે કયા મોંઢે માફી માઁગીશ ?

**મોક્ષા :** કંઈ વાંધો નહી. જ્યારે જાગો ત્યારે સવાર. તને પોતાના કર્યા ઉપર પસ્તાવો થઈ રહ્યો છે એ જ બહુ મોટી વાત છે

**વિધિ :** પણ ભાભી ! મારા અને દક્ષની વચ્ચે જે ટકરાવ છે, એને સુલજાવ્યા વિના, મમ્મી પપ્પાને પણ બોલાવીને શું ફાયદો ? ભાભી ! લગ્નના પહેલા મારા અને દક્ષના સંબંધ કેટલા સારા હતા એ તો

તમે જાણો જ છો. માત્ર મારી જ નહી પણ લગભગ બધા દંપતિઓની આ સમસ્યા છે. પણ પ્રશ્ન તો એ છે કે સગાઈના સમયમાં રહેલો પ્રેમ લગ્ન પછી કેમ ઘટી જાય છે ? લગ્નના પહેલાં તો સંબંધ માત્ર વાતો સુધી જ રહે છે. પરંતુ લગ્ન પછી તો સાથે-સાથે રહીએ છીએ, એકબીજાના ઉપયોગી બને છે, એક-બીજાનું ઘર પરિવાર સંભાળીએ છીએ. તો પછી પ્રેમ વધવાને બદલે ઘટે કેમ છે ? નવી દુલ્હનના હાથમાંથી મહેંદીનો રંગ ઉતર્યા પહેલા એકબીજાના પ્રેમનો રંગ ઉતરવા લાગે છે. આવું જ કંઈક મેં પોતાના જીવનમાં પણ અનુભવ કર્યો છે. ભાભી આ બધાની પાછળ શું રહસ્ય છે ?

**મોક્ષા :** વિધિ ! તારો પ્રશ્ન પણ છગન અને લીલીના જીવનના અનુરૂપ છે. હું તને એક બહુ જ રોચક કહાણી સંભળાવું છું. છગન અને લીલીને એકબીજા સાથે પ્રેમ થઈ ગયો. બંને બગીચામાં ફરવા ગયા. બગીચાના સોહામણા વાતાવરણની બંને મજા લઈ રહ્યા હતા. એટલામાં છગને રસ્તામાં કાંટા જોયા ત્યારે એણે કહ્યું, ''અરે, લીલી ઉભી રહે ! આ કાંટા તને ક્યાંક લાગી ન જાય.'' એવું કહીને છગને પોતે એ કાંટા હટાવ્યા. સમય વ્યતીત થયો અને એ બંનેના લગ્ન થયા. કેટલાક દિવસો પછી તે પાછા એજ બગીચામાં ફરવા ગયા. ફરતાં-ફરતાં પાછા એજ કાંટાવાળા રસ્તે પહોંચી ગયા. ત્યારે છગને કહ્યું. ''લીલી ધ્યાન રાખજે આગળ કાંટા છે.''

કેટલાક વર્ષો પછી લીલી માઁ બની અને બાળકની સાથે તે લોકો ફરીથી એજ બગીચામાં એજ રસ્તેથી નીકળ્યા. અચાનક કાંટો લીલીના પગને ચૂભ્યો આથી એ ચીલ્લાઈ, ત્યારે ગુસ્સામાં આવીને છગને કહ્યું. ''આંધળી છે, દેખતી નથી કે શું ?'' આ કહાણી ભલેને હાસ્યાસ્પદ છે પરંતુ એની પાછળ બહુ મોટું રહસ્ય છુપાયેલું છે. અને તે એ છે કે લગ્નના પહેલા પ્રેમ કલરફૂલ હોય છે. લગ્ન પછી બ્લેક એન્ડ વ્હાઈટ અને બાળક થયા પછી તો પિક્ચર જ નથી રહેતું.

**વિધિ :** ભાભી ! તમે જે વાતો બતાવી તે સો ટકા સાચી છે. પરંતુ આ બધાની પાછળ રહસ્ય શું છે ? અને આ સમસ્યાઓને કેવી રીતે ઉકેલી શકાય ?

**મોક્ષા :** ધીરજ રાખ બતાવું છું જો વિધિ ! આમ તો સમસ્યાના ઘણાય કારણ છે પરંતુ એમાં મુખ્ય કારણ છે કોમ્પિટીશન, અહં તથા ભૂલ જોવાની દૃષ્ટિ. વિધિ ! પહેલાંના જમાનામાં છૂટાછેડાના કેસો નહીવત્ હતા. તે હવે ધીમે-ધીમે એ હદ સુધી વધી ગયા છે કે મહેંદીનો રંગ ન ઉતરે એના પહેલા તો છૂટાછેડા થઈ જાય છે. એનું એક કારણ છે પરસ્પર કોમ્પિટીશનની ભાવના પહેલા પુરુષના કાર્યક્ષેત્ર અલગ હતા અને સ્ત્રીનું કાર્યક્ષેત્ર અલગ હતું. લગભગ પુરુષ બહારના કામ સંભાળતા હતા. પછી એ બહારનું કોઈપણ કામ હોય ચાહે એ ધંધો કરવાનું હોય કે ધાન્ય ખરીદવાનું હોય, ચાહે ઘરેણાં ખરીદવાનું હોય કે શાકભાજી લાવવી હોય, બધું પુરુષ જ કરતા હતા, ત્યારે સ્ત્રીઓ ઘર સંભાળતી હતી.

પરંતુ આજની ભણેલી-ગણેલી સ્ત્રીએ પુરુષના દરેક ક્ષેત્રમાં પગપસારી લીધા છે, પછી એ ક્રિકેટનું ખેલ હોય કે ફૂટબોલનો, ચાહે એ એમ.બી.એ નો કોર્સ હોય કે એમ-કૉમનો ચાહે એ ઈંજિનિયરીંગનું કામ હોય કે ડૉક્ટરીનું, ચાહે એ કમ્પ્યુટર ક્લાસ હોય કે ડ્રાઇવિંગ ક્લાસ, ચાહે એ પાયલેટની સીટ હોય કે પાર્લિયામેન્ટની, ચાહે લોકસભાની હોય કે વિધાન સભાની, દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓએ પોતાના કદમ રાખી લીધા છે. આજની ભણેલી-ગણેલી સ્ત્રી સ્વતંત્ર બની ગઈ છે. એ પોતાની જાતને પુરુષથી ઓછી નથી સમજતી. પુરુષની સાથે ટક્કર લેવી એના ડાભા હાથનો ખેલ બની ગયો છે, પરંતુ પુરુષના કાર્યો જ્યારથી સ્ત્રીએ શરૂ કરી લીધા છે ત્યારથી દુનિયામાં એક નવો જ વિસ્ફોટ થઈ ગયો છે. અને આ વિસ્ફોટના શિકાર બન્યા છે યુવા-દંપતિ. કોમ્પિટીશનની આ ભાવના એમના જીવનને તહસ-નહસ કરી નાખે છે.

**વિધિ :** (વચ્ચમાં જ) પરંતુ ભાભી ! અમારી વચ્ચે મનમુટાવનો જ્યારે પણ પ્રસંગ બન્યો ત્યારે અને આજે પણ જ્યાં સુધી હું માનું છું, ત્યાં સુધી ન તો મારા મનમાં કોમ્પિટીશનની કોઈ ભાવના હતી. અને ના તો દક્ષના મનમાં, તો પછી અમારા ઝઘડા છૂટાછેડા સુધી કેવી રીતે પહોંચી ગયા ?

**મોક્ષા :** વિધિ ! તું પોતાની જાતને જ જોઈ લે, તેં મને એ જ કહ્યું હતું કે હું એક ફેશન ડિઝાઈનર છું. નોકરી કરીને પોતાની પગે ઉભી થઈ શકું છું. એટલે તારા મનમાં એ ભાવના છે કે હું પણ દક્ષથી કંઈ ઓછી નથી. એટલે જો દક્ષ તારી ઇચ્છાની વિરુદ્ધ થોડું પણ કંઈક કરે તો તારો અહં બોલી ઉઠે છે કે મારે એની કોઈ જરૂરિયાત નથી. અને એના પછી તો જીવનમાં તનાવ થવો સ્વાભાવિક છે. માટે એનાથી એ નિશ્ચિત થાય છે કે તું પણ આ સ્પર્ધાની બિમારીથી ગ્રસ્ત છે. બાકી ક્ષેત્રોમાં સ્પર્ધા હાનિકારક નથી, પરંતુ સ્ત્રી-પુરુષની વચ્ચે સ્પર્ધાની ભાવનાને કારણે અહંકાર જાગૃત થાય છે. જેથી સ્ત્રી-પુરુષના તથા પુરુષ સ્ત્રીના કામ કરવા માટે તૈયાર થઈ જાય છે. આનાથી પરસ્પર સહયોગની ભાવનાનો નાશ થાય છે અને પરિણામ જીવનમાં દુઃખ.

પ્રતિસ્પર્ધાની વિચારધારાવાળા જ આ સ્ત્રી-પુરુષ આગળ જઈને લગ્નના પવિત્ર બંધનમાં બંધાય છે. અને ત્યાં જો થોડો પણ વિચાર ભેદ થઈ જાય તો સીધો અહંકાર ટકરાય છે. સ્વતંત્ર બનીને નારી એક ઝાટકામાં પોતાના જીવનસાથીને છૂટાછેડા આપી દે છે. આખું જીવન પતિ વગર વ્યતીત કરવા માટે તૈયાર થઈ જાય છે.

**વિધિ :** ભાભી ! આજે મને ખબર પડી કે મારી ગેરસમજે જ આજ મને આ રસ્તે લાવીને ઉભી કરી છે. જેને હું મારો અધિકાર સમજતી હતી આજે મને ખબર પડી કે એ વાસ્તવમાં અધિકાર નહી પરંતુ મારો અહમ્ હતો. ભાભી તમે બિલકુલ સાચું કહ્યું. મારી મન-સ્થિતિ પણ કંઈક આવી જ છે, હું પણ પોતાના અહંને કારણે દક્ષને નીચો દેખાવવા ઇચ્છું છું એને બતાવવા માંગું છું કે એના સહારા વગર

હું આરામથી જીવી શકું છું. પરંતુ આજે મારો આ અહં મારી આંસુઓનું કારણ બની ગયો. ભાભી ! તમે આ અહંને તોડવાનું સમાધાન બતાવો.

**મોક્ષા :** વિધિ સામાન્ય રીતે પુરુષ સ્વભાવથી અહંકારી હોય છે, તથા સ્ત્રીઓમાં સહનશીલતા તેમજ પ્રેમ સહજરૂપથી હોય છે. એનું કારણ એ હોય છે કે પુરુષ દિમાગથી જીવે છે અને સ્ત્રીઓ દિલથી. પરંતુ આજની પરિસ્થિતિ તો આનાથી વિપરીત થઈ ગઈ છે. સ્ત્રીઓ હવે દિલને છોડીને દિમાગમાં જતી રહી છે અને જ્યાં બે દિમાગ હોય ત્યાં ટકરાવ થવો, વિચારભેદ થવો સ્વાભાવિક છે. સ્ત્રીઓમાં એ તાકાત હોય છે કે એ પોતાના દિલથી પુરુષના દિમાગને પીગળાવી શકે છે. પુરુષોના અહંમ્‌ની સામે એ ચુપ રહીને પછી પ્રેમથી પુરુષના અહં અને ક્રોધને ઠંડો કરી શકે છે. આ કળા, કૌશલ્ય સ્ત્રીઓમાં સહજ હોય છે. આ કળાના બળે પહેલાના જમાનાની સ્ત્રીઓ પોતાના પતિના દિમાગ ઉપર રાજ કરતી હતી. એથી છૂટાછેડા જેવી કોઈ વાત થતી જ ન હતી. પરંતુ વર્તમાનમાં દિમાગના આધારે એટલે કે પોતાના અહંકારના આધારે જીવવાવાળી સ્ત્રીઓનું દિમાગ જ છૂટાછેડા લેવા માટે પ્રેરિત કરે છે. દિલ તો બિચારું છૂટાછેડાના પછી પણ તડપે જ છે. વિધિ ! હું તને જ પૂછું છું તું સાચે-સાચું બતાવજે કે પોતાના અહંકારના બળે તું છૂટાછેડા લેવા માટે આતુર તો થઈ ગઈ છે. પણ શું તારું દિલ એના માટે તૈયાર છે ? શું અંદરથી તું આની માટે ખુશ છે ?

(મોક્ષાની વાત સાંભળીને વિધિની આંખો ભરાઈ ગઈ.)

**વિધિ :** ભાભી ! સાચું કહું તો તમારી વાત એકદમ સાચી છે, દિલ તો સતત દક્ષ પાસે સમાધાન જ માંગે છે. પણ મારા પોતાના જ અહંકારે મારા દિલને દબાવીને રાખી લીધું છે. ભલે ને હું છૂટાછેડા લેવા માટે તૈયાર છું પરંતુ દક્ષની જરૂરિયાત, એની ગેરહાજરી મને દરેક જગ્યાએ મહસૂસ થઈ રહી છે. કંઈ ખબર નથી પડતી, પોતાના દિલને સાથ આપું કે દિમાગને ?

**મોક્ષા :** વિધિ ! સીધી સી વાત છે. જો તું દિમાગનો સાથ આપીને છૂટાછેડા લેવાનું મંજૂર કરે છે તો, છૂટાછેડા પછી ખુશીઓ તો તારા જીવનમાં હંમેશ-હંમેશને માટે વિદાય લઈ લેશે. પછી તું શું સમાજમાં એ સ્થાન પ્રાપ્ત કરી શકીશ જે સ્થાન દક્ષની સાથે રહીને તેં પ્રાપ્ત કર્યું છે ? વિચાર વિધિ કે તુ રસ્તેથી ગુજરી રહી છે અને લોકો એમ કહે કે આના છુટાછેડા થયેલા છે તો શું તું લોકોના એવા તાણા સાંભળવા માટે તૈયાર છે ? છૂટાછેડા પછી તું ભલેને પોતાની મહેનતથી કોઈ સારાપદ ઉપર બેસી પણ જઈશ, પરંતુ કોઈની પત્ની, કોઈની વહુ તથા કોઈની મૉ બનવાનો હક તારી પાસેથી હંમેશ માટે છીનવાઈ જશે, ત્યાં સુધી કે તું તારા મા-બાપની દિકરી પણ નહી રહી શકે. વિચાર વિધિ ! સંઘર્ષ તો તારે બંને બાજુ સહન કરવાનો જ છે. હવે ફેંસલો તારા હાથમાં છે કે દિમાગ માટે દક્ષ પાસે છૂટાછેડા લઈને કાં તો સમાજના તાણાં સાંભળ અથવા દિલની વાત માનીને દક્ષની સાથે થવાવાળા સંઘર્ષોને પણ પ્રેમથી ઉકેલવાની કોશિશ કર.

**વિધિ :** તમે તો મારા દિલને ઝંઝોળી દીધુ, ભાભી ! સમાજના સામે તમારા દ્વારા બતાવેલો ભયંકર સંઘર્ષ કરવા માટે હું ક્યારેય તૈયાર નથી. ભાભી ! હવે હું દક્ષની સાથે છૂટાછેડા નહી પણ સમજૂતી કરવા માંગું છું. તમે મને એ બતાવો કે જો આજથી હું કોમ્પિટીશન તેમજ અહંની ભાવનાને છોડી દઉં તો શું મારા અને દક્ષના વચ્ચે થવાવાળા તણાવ હંમેશા માટે બંધ થઈ જશે, શું અમે સુખેથી જીવી શકીશું ?

**મોક્ષા :** નહીં વિધિ ! મેં પહેલાં જ કહ્યું હતું કે કોમ્પિટીશનની ભાવનાની સાથે-સાથે અહં અને ભૂલ જોવાની દૃષ્ટિ પણ ઝઘડાની નાની ચિનગારીને દાવાનલ બનાવવામાં પેટ્રોલનું કામ કરે છે.

**વિધિ :** એ કેવી રીતે ભાભી ?

**મોક્ષા :** હું સીધા પોઇંટ ઉપર આવું છું. લગ્ન પછી પતિ-પત્ની એકબીજાના માટે બહુ ઉપયોગી બને છે, જેમ પતિના ઘરને સંભાળવું, ઘરમાં આવવાવાળા મહેમાનોનું સ્વાગત કરવું, પતિની દરેક ઇચ્છા પૂરી કરવી. છતાં પણ માની લો કે જો પત્નીથી ચા ફીકી બની જાય કે એવી કોઈપણ નાની-મોટી ભૂલ થઈ જાય તો આ બધા પ્રસંગોની પતિના દિમાગમાં ટેપરેકોર્ડિંગ થતી રહે છે. પછી જ્યારે પણ કોઈ ભૂલ થઈ જાય ત્યારે ટેપના પ્લેનું બટન દબાઈ જાય છે અને પહેલાથી ટેપ શરૂ થઈ જાય છે. એવામાં સહનશીલતાની કમી ને લીધે પત્ની પણ પતિના ભૂલોની પોતાની કેસેટ શરૂ કરી લે છે.

**વિધિ :** ભાભી ! તમે જે કહ્યું તેનો મેં સાક્ષાત પોતાના જીવનમાં અનુભવ પણ કર્યો છે. દક્ષે મને દરેક પ્રકારની ખુશી આપી પણ એ દિવસે પિક્ચર જોવા જવાની એની એક ભૂલ, આમ તો એ પણ વાસ્તવિક ભૂલ નહતી. છતાં પણ હું આજસુધી એને ગાઈ રહી છું. આવી તો કેટલીય વાતો છે ભાભી ! હવે આ દોષ દૃષ્ટિને બદલવા માટે હું શું કરું ? મનને કેવી રીતે સમજાવું ? ભાભી સામેવાળો ભૂલ કરે તો એને કહ્યા વિના પણ નથી રહી શકાતું. એના માટે શો ઉપાય કરું ?

**મોક્ષા :** જો ! આઈનો અને કેમેરો બંને જ દશ્યને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે. પરંતુ ફરક એટલો જ છે કે આઈનો સામેથી દશ્ય હટતાં જ પૂર્વવત્ થઈ જાય છે. પરંતુ કેમેરો એક વખત જે દશ્યને પોતાની રીલમાં ફીટ કરી લે છે, પછી ચાહે એ દશ્ય ત્યાંથી દૂર પણ થઈ જાય તો પણ એ ફોટામાં પોતાનું અસ્તિત્વ બનાવી રાખે છે. ઠીક એ જ પ્રમાણે આપણું દિલ પણ બે પ્રકારનું હોય છે. કાં તો આઈના જેવું કાં તો કેમેરા જેવું. જો દિલમાં પ્રસંગ પૂરો થતાં જ ભૂલનું દશ્ય ખતમ થઈ જાય તો એ દિલ આઈના જેવું છે, તેમજ જે દિલમાં પ્રસંગ વીત્યા પછી પણ ભૂલનો ફોટો કાયમ રહે તો સમજી લેવું કે આપણું દિલ કેમેરા જેવું છે. જો દિલને કેમેરાની જેમ બનાવ્યું તો બીજાની ભૂલ તારા દિલમાં કાંટાની જેમ ચુભતી રહેશે, જે તને શાંતિથી જીવવા નહી દે. આનાથી ઉલટું જો પોતાના દિલને આઈના જેવું બનાવીશ તો સમસ્યાઓ તારાથી સો પગલાં દૂર ભાગશે.

**વિધિ :** ભાભી ! હું મારા મનને આઈનો બનાવવાની પૂરી કોશિશ કરીશ, પરંતુ છતાં પણ જો મને દક્ષના દોષ દેખાવવા લાગ્યા તો શું કરવું ?

**મોક્ષા :** વિધિ ! સામેવાળાનો દોષ દેખાય તો તરત જ એમના ગુણોને સામે લાવજે. આવું કરતી વખતે ક્યારેક મન ન માને છતાં પણ મન મારીને તારે આ કાર્ય કરવું પડશે. આ પ્રમાણે ગુણરુપી પુષ્પોની સુવાસથી તમારુ જીવન બાગ મહેંકી ઉઠશે. હું તને એક દૃષ્ટાંત બતાવું છું. જેથી મારી વાત તારા દિમાગમાં એકદમ ફીટ થઈ જશે. એક રબારી પોતાની પત્નીની સાથે બળદગાડામાં ઘી વેચવા ગયો. નિશ્ચિત જગ્યાએ પહોંચીને રબારણ ઘીના મટકા રબારીને આપી રહી હતી અને રબારી એને નીચે રાખી રહ્યો હતો.

એકાએક ઘીનું એક મટકું પડી ગયું અને બધું ઘી ઢોળાઈ ગયું. આ જોતાં જ રબારી ગુસ્સામાં લાલચોળ થઈને બોલ્યો ''જરૂર કોઈ યુવકને જોતી હશે. જેથી મારે મટકુ પકડ્યા પહેલાં જ તે છોડી દીધું.'' ત્યારે એની પત્ની પણ ગુસ્સામાં બોલી ''તમારી નજર પણ કોઈ યુવતી ઉપર જ હશે, જેથી તમે ઘડો વ્યવસ્થિત ન પકડ્યો.'' વાત વધી ગઈ અને ઝઘડો કરતાં-કરતાં ક્યાં સાંજ થઈ ગઈ એની ખબર જ ન પડી. આ ઝઘડામાં ઢોલાઈ ગયેલું ઘી કુતરાઓ ચાટી ગયા અને બાકી રહેલા ઘીના ઘડા પણ વેચવાનું ભૂલી ગયા. બધા રબારી ઘી વેચીને ચાલ્યા ગયા હતા. માત્ર એ બંને સાંજ સુધી અંદર અંદર ઝઘડી રહ્યા હતા. જ્યારે એમને સાંજ થયાનો અહેસાસ થયો ત્યારે ઘી વેચ્યા વિના જ બંને દંપતિ પોતાના ગામમાં જવા લાગ્યા. ત્યારે અંધારામાં ચોરોએ વધેલું ઘી પણ ચોરી લીધું.

આવો જ કિસ્સો બીજા એક રબારી યુવકની સાથે બન્યો. ઘી ઢળતાં જ પત્ની બોલી - 'અરે માફ કરજો. તમારા મટકું પકડ્યાના પહેલાં જ મેં મટકું છોડી દીધું.' એટલે પતિ બોલ્યો - ''નહી-નહી - તેં તો બરાબર જ આપ્યું હતું. મેં જ ધ્યાનથી ન પકડ્યું.'' અને બન્ને નીચે ઉતરી બની શકે એટલું ઢોળાયેલું ઘી પણ બચાવી લીધું. ઘીના અન્ય મટકા પણ વેચીને ખુશી-ખુશી ઘરે ગયા. બસ આવું જ આપણા જીવનમાં પણ થાય છે જે દંપતિ એકબીજામાં ભૂલ જુએ છે તેઓ આવેશમાં આવીને અંદરોઅંદર ઝઘડે છે. એના બદલે દંપતિ આપસમાં પોતાની ભૂલ સ્વીકાર કરી લે તો - એ ઘરનું વાતાવરણ કેવું હશે તે કેહેવાની જરૂર નથી. કદાચ હવે તું મારા કહેવાનો આશય સમજી ગઈ હશે.

**વિધિ :** તો પછી આનો મતલબ એ થયો કે દક્ષ ચાહે ગમે તેટલી પણ ભૂલ કરે, કેવી પણ ભૂલ કરે મારે એને નજર અંદાજ કરતાં જ રહેવાનું, એની ભૂલો ઉપર ધ્યાન જ નહી આપવાનું. ભાભી ! સાસુ-વહુના સંબંધોમાં તિરાડ હોય તો વહુને જ સુધારવી જોઈએ કેમકે એ કાચા ઘડાની જેમ હોય છે. આ વાત તો બરાબર છે. પરંતુ જ્યારે પતિ-પત્નીની વાત આવે છે. ત્યાં પણ સુધરવા માટે પત્નીને જ આગળ કરવામાં આવે એ ક્યાંનો ન્યાય છે ? પતિ-પત્ની જેમની વય સમાન હોય છે, એકબીજાને

સમજવાની શક્તિ હોય છે તો જો પતિને ખુશ કરવાનું થોડું કર્તવ્ય મારું છે તો શું મને ખુશ કરવા માટે દક્ષનું કોઈ કર્તવ્ય નથી ? એને સુધરવાની કોઈ આવશ્યક્તા નથી ?

**મોક્ષા :** દક્ષનો સ્વભાવ સુધરવો જોઈએ, મનથી આ ખોટા વિચારોને હંમેશા માટે દફનાવી દે અને મનમાં એ વાતને આત્મસાત કરી લો કે દક્ષના સ્વભાવને મારે વિનમ્રતાથી સ્વીકાર કરી લેવાનો છે. તુ એ તો જાણતી જ હશે કે દરેક ગામમાં સમાજ વ્યવસ્થાને સારી રીતે ચલાવવા માટે એ ગામમાં મંદિરની સાથે એક સ્મશાનની આવશ્યક્તા હોય છે. ઠીક એવી જ રીતે પોતાના જીવનને સારી રીતે ચલાવવા માટે દરેક વ્યક્તિના મનમાં એક મંદિરની સાથે એક કબ્રસ્તાન પણ હોવું જોઈએ. જેથી હૃદયમાં રહેલા મંદિરમાં એ સ્વજનોના ગુણોની પ્રતિષ્ઠા કરી શકે તેમજ કબ્રસ્તાનમાં એમના ભૂલોને દફનાવી શકે. વિધિ ! આવી જ રીતે તું પણ પોતાના મનમાં એક મંદિર બનાવ જેમાં તુ દક્ષના ગુણો, એમના ઉપકારોની પ્રતિષ્ઠા કરી શકે. અને સાથે જ એક કબ્રસ્તાન પણ બનાવ, જેમાં તું દક્ષની ભૂલોને પણ દફનાવી શકે.

**વિધિ :** ઠીક છે ભાભી, હું તમારા કહ્યા મુજબ મનમાં એક કબ્રસ્તાન બનાવી લઈશ. જેમાં હું દક્ષની ભૂલોને દફનાવી શકું, પરંતુ મારો પ્રશ્ન તો ત્યાંને ત્યાં જ રહી ગયો. શું સુધરવા માટે મારે જ આગળ આવવું પડશે, મારે જ સહન કરવું પડશે ?

**મોક્ષા :** અહંકારે તારા દિલો-દિમાગ ઉપર અડ્ડો જમાવી લીધો છે, વિધિ ! તાળી બંને હાથોથી જ પડે છે. હવે ડાબો હાથ પહેલો ઉઠે કે જમણો, એનાથી કોઈ ફરક નથી પડતો. આપણે તો માત્ર તાળી બજાવવાથી જ મતલબ છે. એ જ પ્રમાણે તને તો પોતાનો સંસાર સુખી બનાવવાથી જ મતલબ છે. પછી સહન કરવાની કે પ્રેમ કરવાની શરૂઆત તું કરે કે દક્ષ, એનાથી કોઈ ફરક નથી પડતો. તું સહનશીલ બન અને પ્રેમ આપ, એનાથી સામેવાળો વ્યક્તિ ન પીગળે એવું થઈ જ ન શકે. અને વિધિ ! તેં તો એ સાંભળ્યું જ હશે કે નારી સહનશીલતાની મૂર્તિ છે, શું તે ક્યારેય એ સાંભળ્યું છે કે પુરુષ સહનશીલતાની મૂર્તિ છે ? નહી ને. સૃષ્ટિએ પણ જે ગુણથી નારીને વિભૂષિત કરી છે, એ ગુણની પુરુષ પાસે અપેક્ષા રાખીને કોઈ ફાયદો નથી. તું પણ સહનશીલતાને પોતાના જીવનમાં ઉતારીને નારી નામને સાર્થક કર. જો દક્ષની ભૂલ હશે તો હું એને જરૂર બતાવીશ. આમ પણ વિધિ ! જ્યારે તું અને દક્ષ ઝઘડતાં હોય ત્યારે કોઈ તો એવી વાત હશે કે કોઈક તો એવા શબ્દો હશે જેનો ઉપયોગ ગુસ્સામાં તું અને દક્ષ વારંવાર કરતા હશો.

**વિધિ :** ભાભી ! કોઈ ગાળી-ગલોચ કે અપશબ્દોનો ઉપયોગ તો અમારી વચ્ચે નથી થતો. હા ! પરંતુ એટલું જરૂર કહું છું કે ''આ તો હું છું જે સંભાળી રહી છું જો કોઈ બીજી પત્ની મળી હોત તો ખબર પડત કે પત્ની શું બલા હોય છે.'' અને દક્ષ પણ ક્યાં ચુપ રહે છે મારી વાત સાંભળીને તેઓ પણ કહે

છે. ''હાં, હાં સાચું કહ્યું તે, તારાથી સારું તો કોઈ ગંવારથી લગ્ન કર્યા હોત તો વધારે નહી પણ બે ટંકનું ભોજન તો બનાવીને આપતી.''

**મોક્ષા :** બસ આ તારી કમજોરી છે. વિધિ ! તું દક્ષની સાથે શાંતિથી રહેવા માંગે છે તો હવે પછી જ્યારે ઝઘડો થાય ત્યારે તું મારી આ સલાહનો ઉપયોગ કરજે. જ્યારે પણ તમારી વચ્ચે ઝઘડો થાય ત્યારે, ''આ તો તમે છો જે મને સંભાળી રહ્યા છો, ક્યાંક બીજે ગઈ હોત તો ક્યારનીય ધક્કા મારીને ઘરમાંથી બહાર કાઢી દીધી હોત.'' એમ બોલજે આનાથી તારી અડધી સમસ્યાઓનું સમાધાન થઈ જશે.

**વિધિ :** નહી ભાભી ! એ મારાથી નહી થાય.

**મોક્ષા :** વિધિ ! આ તારે કરવું જ પડશે. મેં તને પહેલાં જ કહ્યું હતું કે તું સામેવાળા વ્યક્તિને પ્રેમ આપ અને બદલામાં તને પ્રેમ ન મળે એ તો બની જ ન શકે. તું એકવાર મારી સલાહ મુજબ ચાલીને જો કે તારા ઘરમાં કેટલું પરિવર્તન આવે છે. છતાં પણ જો મારી સલાહથી તારા જીવનમાં કોઈ પરિવર્તન ન આવે તો હું પોતે જ તને છૂટાછેડા લેવામાં મદદ કરીશ.

**વિધિ :** ઠીક છે ભાભી ! હું તમારા કહ્યા અનુસાર કરીશ. પરંતુ હું ઘરે જાઉં કેવી રીતે ? હું તો દક્ષથી ઝઘડો કરીને આવી છું.

**મોક્ષા :** (વચમાં જ...) વિધિ તું એનું ટેન્શન ન લે. હું દક્ષ સાથે વાત કરી લઈશ.

(વિધિ અને મોક્ષાની બધી વાતો સુશીલાએ સાંભળી લીધી. વિધિના નીકળતાં જ સુશીલા રૂમમાં આવી અને...)

**સુશીલા :** (મોક્ષાના માથા ઉપર હાથ ફેરવતાં) બેટા ! પહેલાં મેં તને સમજવામાં બહુ મોટી ભૂલ કરી. પણ તું તો મારા ઘરની રોશની છે જે પોતાના જ નહી, પણ બીજાના ઘરોને પણ રોશન કરે છે. આવી વહુ શોધવાથી પણ નહી મલે.

(મોક્ષાએ દક્ષને ફોન કર્યો અને કહ્યું -)

**મોક્ષા :** દક્ષ ! વિધિને મેં સારી રીતે સમજાવી છે, પણ સાથે જ તારા સહયોગની પણ જરૂર છે. વિધિની બધી વાત સાંભળીને મને લાગ્યું કે ૭૦% ભૂલ એની છે તો ૩૦% તું પણ ખોટો છે. માટે સુધરવાની આવશ્યક્તા તારે પણ છે. તમારા બંનેના ઝઘડાનું કારણ છે તમારા બંનેનો અહં.

**દક્ષ :** મોક્ષા દીદી, હું દરેક રીતે સુધરવા માટે તૈયાર છું. બસ મારે તો એટલું જ જોઈએ છે કે મારા અને વિધિના સંબંધ સારા થઈ જાય. હું વિધિને એ બધી ખુશીઓ આપવા માગું છું જેની એ હકદાર છે.

**મોક્ષા :** દક્ષ ! તારો સારો વ્યવહાર જ તને અને વિધિને ખુશ રાખી શકે છે. તું વિધિને ક્યાંય હરવા-ફરવા ન લઈ જા, પરંતુ દિવસમાં એકવાર એને કહી દે કે ''વિધિ સાચે જ તું બહુ સારી છે. મારા ઘરને કેટલી સરસ રીતે સંભાળે છે'' યા ક્યારેક એને એક ગ્લાસ પાણી લાવીને આપ અને એમ કહે કે ''વિધિ ઘરનું આટલું બધું કામ કરીને તું થાકી ગઈ હોઈશ. લે બેસ, પાણી પીલે.'' માત્ર તારા આ પ્રેમ ભરેલા શબ્દોથી વિધિને એ બધી ખુશીઓ મલી જશે જે તું એને આપવા માંગે છે.

**દક્ષ :** થેંક્સ દીદી ! હું આ બધી વાતોનું ધ્યાન રાખીશ.

(અને સાથે જ મોક્ષાએ દક્ષને ગર્ભાવસ્થામાં એને કઈ રીતે ખુશ રાખવી, એની દરેક ઇચ્છા પૂરી કરવી વગેરેના વિષે પણ બતાવ્યું. દક્ષ પણ સમજદાર હતો, માટે બધા મનમુટાવોને ભૂલીને એ વિધિને લેવા આવ્યો અને વિધિ પણ ખુશી-ખુશીથી એની સાથે ચાલી ગઈ. આઠ-દસ દિવસ તો આમ જ હસતાં-રમતાં ગુજરી ગયા. એક દિવસ વિધિએ ચા માં ભૂલથી ડબલ સાકર નાખી દીધી, અને એજ દિવસ ઓફિસથી થાકેલો આવવાને કારણે દક્ષ પહેલેથી જ ગુસ્સામાં હતો. ચાનો ઘૂંટડો લેતાં જ -)

**દક્ષ :** હે ભગવાન ! તારાથી સારું તો કોઈ ગંવારથી લગ્ન કર્યા હોત તો ઢંગનું ખાવાનું નહીં, પણ ઢંગની ચા તો પીવડાવતી.

(વિધિને પણ આ વાત ઉપર ગુસ્સો આવ્યો. પણ સંયોગવશાત્ એને પોતાની ભાભીની હિતશિક્ષા યાદ આવી ગઈ અને એણે પોતાના ગુસ્સાને કંટ્રોલ કરીને -)

**વિધિ :** ઠીક જ કહ્યું તમે, એક તમે જ છો જે મને સંભાળી રહ્યા છો. ક્યાંક બીજે ગઈ હોત તો ક્યારનીય ધક્કા મારીને બહાર કાઢી દીધી હોત.

(વિધિના આ અનપેક્ષિત જવાબને સાંભળીને દક્ષના આશ્ચર્યનો પાર રહ્યો નહીં.)

**દક્ષ :** આ તુ શું બોલી રહી છે ?

**વિધિ :** હાં, અને હું માનું પણ છું. (આટલું કહેતાં જ વિધિ રડી પડી)

**દક્ષ :** અરે વિધિ, તું રડે છે ? વિધિ ! હું નહી, તું છે જે મારા જેવા ખરાબ સ્વભાવવાળાને સંભાળી રહી છે, કોઈ બીજી હોત તો મારાથી કંટાળીને ક્યારની પિયર જતી રહી હોત.

(આટલું કહીને દક્ષ પણ રડી પડ્યો. પછી દક્ષ અને વિધિ બંને પોતાના કર્યા ઉપર માફી માંગી. અને સાંજે મોક્ષાએ વિધિને ફોન કર્યો.)

**વિધિ :** થેંક્સ ભાભી ! તમારી આપેલી સલાહથી આજે એક જ દિવસમાં અમારા ઘરમાં પરિવર્તન આવી ગયું. અમારા જીવનમાં ખુશીઓ જ ખુશીઓ આવી ગઈ.

(આટલું કહીને વિધિએ આખી ઘટના બતાવી. અને આગળ પણ મોક્ષાએ આપેલી હિતશિક્ષાનું પૂર્ણપણે પાલન કરવાનો વાયદો કર્યો. એટલું જ નહી એ દિવસથી વિધિ રોજ પોતાના સાસુ-સસરાને મળવા જતી અને એમની તબિયત એમની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખતી. વિધિમાં આવેલા પરિવર્તનથી એના સાસુ-સસરા પણ બહુ ખુશ થઈ ગયા. આ રીતે હસતાં-રમતાં વિધિ નવમા મહિને પહેલી ડિલીવરી માટે પોતાના પિયર ગઈ. દક્ષ પણ એને અનુકૂળતા પ્રમાણે મળવા આવતો. સમય વીતતાં વિધિએ એક દિકરીને જન્મ આપ્યો. દિકરીનું નામ 'કૃપા' રાખ્યું. બે મહિના પછી વિધિ ફરીથી પોતાના સાસરે આવી. અને અહી મોક્ષાએ પણ ગર્ભ ધારણ કર્યો. નવ મહિના વીત્યા પછી એણે પણ એક દિકરીને

જન્મ આપ્યો. એનું નામ 'મુક્તિ' રાખ્યું. આ રીતે સમકિત, મુક્તિ, અને કૃપા ત્રણેય પોતાના માતા-પિતા પાસેથી મળેલા સંસ્કારો અને પરવરીશથી મોટા થવા લાગ્યા.

દેખતાં જ દેખતાં દક્ષ અને વિધિના પ્રેમમાં ઉછરેલી કૃપા ચાર વર્ષની થઈ ગઈ. એક દિવસ વિધિ અને દક્ષ કૃપાને મેળામાં લઈ ગયા. મેળાની ભીડમાં કૃપા ક્યાંક ખોવાઈ ગઈ. દક્ષ અને વિધિ આખા મેળામાં શોધવા લાગ્યા. બે કલાકની શોધ પછી પણ કૃપા ન મળી. એથી વિધિની હાલત રડી-રડીને જીવતી લાશ જેવી થઈ ગઈ. એની બગડતી હાલત જોઈને દક્ષ એને સમજાવીને ઘરે લઈ આવ્યો. અને પોતાના મમ્મી પપ્પાને પણ બોલાવ્યા. સુધીર અને શારદા વિધિને સાન્ત્વના આપીને શાંત કરવાની કોશિશ કરવા લાગ્યા. અને દક્ષ કૃપાની શોધમાં પોલિસ સ્ટેશન રીપોર્ટ લખાવવા ગયો. દક્ષના ઘરે આવતાં જ-)

**વિધિ :** શું થયું દક્ષ ! કૃપા મળી, ક્યાં છે એ ?

**દક્ષ :** વિધિ ! ટેન્શન ન લે. પોલિસ સ્ટેશનમાં રીપોર્ટ લખાવી છે, બધા શોધી રહ્યા છે.

**શારદા :** હાં બેટા ! તું રડી-રડીને તારું શરીર ખરાબ ન કર ભગવાનને પ્રાર્થના કરો - બધું જ ઠીક થઈ જશે.

(આ પ્રમાણે એ રાત તો ટેન્શનમાં રડવામાં જ વીતી ગઈ, બીજા દિવસે સવારે સાત વાગ્યે ફોનની ઘંટડી વાગી.)

**પોલિસ :** હેલો મિ. દક્ષ તમારી દિકરી કૃપા મળી ગઈ છે. તમે પોલિસ સ્ટેશન આવીને લઈ જાવ.

(ફોન મૂકતાં જ....)

**દક્ષ :** વિધિ ! વિધિ ! સાંભળ કૃપા મળી ગઈ છે.

**વિધિ :** (ભાગતી ભાગતી) શું ક્યાં છે કૃપા ?

**દક્ષ :** અરે શાંતિ રાખ, હમણાં હમણાં પોલિસ સ્ટેશનથી ફોન આવ્યો કે કૃપા મળી ગઈ છે. મમ્મી-પપ્પા, વિધિ ! ચાલો આપણે બધા કૃપાને લેવા જઈએ.

(ચારેય ગાડીમાં બેસીને પોલિસ સ્ટેશન પહોંચી ગયા. પોલિસ સ્ટેશનની બહાર જ વિધિ કૃપાને વળગીને રડવા લાગી.)

**વિધિ :** (કૃપાના માથા ઉપર હાથ ફેરવતાં) બેટા ! ક્યાં ચાલી ગઈ હતી તું ? હે ભગવાન ! તારો લાખ-લાખ ઉપકાર છે, જે મારી દિકરી સહી સલામત મળી ગઈ...બેટા ! તને ક્યાંય વાગ્યું તો નથી ને ?

(અને આ બાજુ સુધીર અને દક્ષ પોલિસ ઇન્સ્પેટકટરની સાથે)

**સુધીર :** ઇન્સ્પેક્ટર સાહેબ ! બહુ - બહુ ધન્યવાદ, તમે કૃપાને શોધવામાં અમારી આટલી બધી મદદ કરી. શું અમે કૃપાને ઘરે લઈ જઈ શકીએ ?

**પોલિસ :** હાં કેમ નહી ? બસ આ કાનૂની કાગળ ઉપર Signature કરીને તમે કૃપાને લઈ જઈ શકો છો.

(સાઈન કરીને પાંચેય પાછા ઘરે આવ્યા, ઘરની બહાર આવતાં જ)

**શારદા :** ચાલ વિધિ, હવે અમે જઈએ છીએ, કૃપાનું ધ્યાન રાખજે. કૃપા બેટા. ક્યાંય જતી નહી.

(આવું કહીને શારદા અને સુધીર ત્યાંથી નીકળતાં જ હતા કે -)

**વિધિ :** એક મિનિટ મમ્મીજી ! તમે ક્યાં જવાની વાત કરો છો ?

**શારદા :** બેટા ! અમારા ઘરે

**વિધિ :** (પોતાના ઘર તરફ ઇશારો કરતાં) મમ્મી આ ઘર તમારું જ તો છે...

(વિધિની વાત સાંભળીને બધા ચોંકી ગયા. ત્યારે વિધિ રડવા લાગી, બધા વિચારમાં પડી ગયા કે આખરે વિધિને થયું શું ? ત્યારે -)

**વિધિ :** (રડતી-રડતી) હાં મમ્મીજી ! આ તમારું જ ઘર છે. આજથી તમે અને પપ્પાજી આ જ ઘરમાં રહેશો. મમ્મીજી મારા વર્તનને કારણે તમે લોકો ઘર છોડવા માટે મજબૂર થઈ ગયા હતા. પરંતુ આજે હું પોતાના બધા ખોટા વર્તનની માફી માંગું છું. મમ્મીજી ! આજે મને ખબર પડી ગઈ કે જ્યારે બાળક માઁ થી અલગ થાય છે, ત્યારે માઁ ની શું હાલત થાય છે. કૃપા મારાથી ૨૪ કલાક અલગ થઈ તો હું જીવતી લાશ જેવી બની ગઈ. પરંતુ મેં તો તમને તમારા દિકરાથી પોતાના સ્વાર્થ માટે આટલા દિવસો સુધી દૂર રાખવાનું પાપ કર્યું છે. હું તો કૃપાની સાથે માત્ર ચાર વર્ષથી છું, અને આજે એના ગુમ થવાથી મારી આવી હાલત થઈ ગઈ છે, તો ૨૫-૨૫ વર્ષ સુધી જે દક્ષ તમારી સાથે રહ્યા છે, એના દૂર થવાથી તમારી કેવી હાલત થઈ હશે ? મમ્મીજી મને મારા કર્યા ઉપર પસ્તાવો થઈ રહ્યો છે. હવે તમે અને પપ્પાજી હંમેશ હંમેશને માટે અમારી સાથે જ રહેશો. મમ્મી-પપ્પા પ્લીઝ મને માફ કરી દો. (આટલું કહીને વિધિ, શારદા અને સુધીરના પગમાં પડીને રડવા લાગી. દક્ષે વિધિને ઉઠાવી અને -)

**દક્ષ :** વિધિ ! તને પસ્તાવો થયો એ જ મોટી વાત છે. હવે મમ્મી-પપ્પા આપણને છોડીને ક્યાંય નહી જાય, (દક્ષ સુધીરની તરફ દેખતાં) હાં ને પપ્પા ?

(શું કહે સુધીર અને શારદા આખરે બાળકોના આગ્રહથી ઝૂકવું જ પડ્યું. આના પછી વિધિના પરિવારમાં વિધિના જીવનમાં કેટલી ખુશીઓ આવી હશે એ કહેવાની જરૂર નથી.)

આ પ્રમાણે વિધિના ખુશહાલ જીવનને જોઈને મોક્ષા અને એનો પરિવાર પણ બહુ ખુશ હતો. પરંતુ એમના પરિવારની આ ખુશી જલ્દી જ ગમ અને આંખોનાં આંસુઓમાં બદલાઈ ગઈ, જ્યારે મોક્ષાના દિયર વિનયે પોતાની પત્ની સાથે ઘરથી અલગ થવાનું પગલું ભરી લીધું. હવે શું મોક્ષા વિનયને માતા-પિતાના પ્રત્યે એના કર્તવ્યને સમજાવીને એને ફરીથી ઘરે લાવવામાં કામિયાબ થઈ શકે છે કે પછી પ્રશાંત અને સુશીલાનું આ સંયુક્ત કુટુંબ તૂટીને વિખરાઈ જાય છે. શું આ તોફાન થમી જશે ? શું આ તોફાન મોક્ષાના પરિવારની ખુશીઓને છીનવી લેશે. આવો જોઈએ જૈનિજમના આગળના ખંડ ''Duties towards Parents''માં

|| શ્રી મોહનખેડા તીર્થ મંડન આદિનાથાય નમઃ ||
|| શ્રી રાજેન્દ્ર-ધન-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ||

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય જૈનિજમ કોર્સ ખંડ ૩

લેખિકા
સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ. સા.

**ઓપન-બુક પરીક્ષા પત્ર** **Total 140 Marks**

નોંધ : નામ, સરનામું આદિ ભરીને જવાબ લખવાનું પ્રારંભ કરવું. ૨. બધા પ્રશ્નોના ઉત્તર, ઉત્તર પત્રમાં જ લખવા. ૩. ઉત્તર સ્વયં પોતાની મહેનતથી પુસ્તકમાંથી શોધી કાઢો. ૪. પોતાના શ્રાવકપણાની રક્ષા માટે નકલ મારવાની ચોરીના પાપથી બચો. ૫. જવાબ ચોખ્ખા અક્ષરોથી લખો તથા પુસ્તકની ફાઈનલ પરીક્ષા સમયે ઉત્તર પત્રની સાથે સંલગ્ન કરી દો.

---

**પ્ર.A રિક્ત સ્થાનોની પૂર્તિ કરો. (Fill in the blanks) :-** **12 Marks**

૧. ક્ષાયિક પ્રીતિથી..................ના ગુણો પ્રગટે છે.

૨. પૂર્વકાળમાં સંસ્કારી અને શિક્ષિત માઁ જ બાળકોની........... કહેવાતી હતી.

૩. કુમારપાળ રાજા એક વર્ષમાં............. સોનામહોરો સાધર્મિક ભક્તિ માટે ખર્ચ કરતા હતાં.

૪. ...............સૂત્રમાં ચારિત્ર ધર્મની સ્તુતિ કરવામાં આવી છે.

૫. કુંડલ દ્વીપ.................. યોજન વિસ્તારવાળું છે.

૬. ડૉલી તો માત્ર શબાના અને સમીરની આંગળીઓ પર નાચવાવાળી ..........બની ગઈ હતી.

૭. જો તમને તમારો .................સુધારવો હોય તો આ જ ભવમાં પાપોની શુદ્ધ આલોચના કરી લેવી જોઈએ.

૮. સાસુઓ દિકરી સાથે તો દિલથી વ્યવહાર કરે છે અને વહુઓની સાથે વ્યવહાર કરવામાં......... નો ઉપયોગ કરે છે.

૯. પટરાણીની કુક્ષિને.............ની ઉપમા આપી છે.

૧૦. અડધી કાચી-પાકી કાકડી મ.સા. માટે ............. છે.

૧૧. રક્ત તેમજ વીર્યની સાથે જ માઁ-બાપના ............... બાળકોમાં ઉતરે છે.

૧૨. ઉર્ધ્વલોકમાં મેરુપર્વત.................. યોજન છે.

**પ્ર.B કાઉન્સમાં આપેલ જવાબમાંથી સાચા જવાબ શોધી ખાલી જગ્યા પૂરો** **12 Marks**

(ભાવના, વિહાયોગતિ, ૨½ લાખ, ઈન્દ્ર, સમતા, સાધુ-સાધ્વી, ૫૬ દિક્કુમારી, આનુપૂર્વી, સંસ્કૃતિ, વાત્સલ્ય, પદવીધર, ૨૦૦૦૦, પરસ્પર સહયોગ, સર્વજ્ઞ, ૧લાખ, મધ-માખણ, સહનશીલતા, વ્યંજન, પાંચ લાખ, ઈર્ષ્યા, ચારિત્ર)

૧. ઝાંઝણ શેઠે કર્ણાવતીથી છ:રીપાલિત સંઘ નિકાળ્યો એ સંઘમાં............ યાત્રાળુઓ હતા.

૨. જીવનમાં રહેલી વાસના...............માં પરિવર્તિત થઈ જાય છે.

૩. ................. કર્મનો ઉદય જીવને વિગ્રહગતિમાં વળાંક લેવામાં સહાયક બને છે.

૪. ................ ખાવાથી પુષ્કળ વિકલેન્દ્રિય જીવોની હિંસા થાય છે.

૫. સ્ત્રીઓમાં .................... તેમજ પ્રેમ સહજરૂપથી હોય છે.

૬. પ્રભુનો જન્મ થતાં જ પહેલા..............નું આસન ચલાયમાન થાય છે.

૭. પરમાત્માની કૃપાથી જ............... દશા પ્રાપ્ત થાય છે.

૮. દ્વાદશાવર્ત વંદનથી...............ને વંદન કરવામાં આવે છે.

૯. સદાચંદ શેઠે સોમચંદ શેઠને ત્યાં આવેલાને........... રૂપિયા આપવાનું કહ્યું.

૧૦. વારંવાર સ્વાધ્યાય કરવાથી............ની લબ્ધિ પ્રાપ્ત થાય છે.

૧૧. અહંકાર જાગૃત થાય ત્યારે .................ની ભાવનાનો નાશ થાય છે.

૧૨. શુરુઆતમાં તો વાત્સલ્યનિધિ બનીને..............થી પૂત્રવધૂનું નિર્માણ કરવું જોઈએ.

**પ્ર.C મને ઓળખો. (Who am I) :-** **12 Marks**

૧. મારામાં બહુ જ નાની કેસરી રંગની ઈયળ હોય છે.

૨. મેં મારો લાડલો પુત્ર તમને સોંપી દીધો.

૩. સાંજે સૂર્યાસ્તથી ૪૮ મિનિટ સુધી હું રહું છું.

૪. મને સવારે ચાવીને ખાવાથી શરીર બલવાન બને છે.

૫. હું અને વાસુદેવ એક સાથે એક ક્ષેત્રમાં હોઈ શકતા નથી.

૬. મેં બધાને પાર્ટી કેન્સલ થવાના સમાચાર આપ્યા.

૭. ઉપસર્ગ ટળે નહીં ત્યાં સુધી મેં ચારે આહારનો ત્યાગ કરી દીધો.

૮. મારી ઉત્પત્તિ ઘરમાં વધારે સમય સુધી ભીની રહેલી જગ્યાએ હોય છે.

૯. મારા પિતાના ક્રોધે મને પણ ક્રોધી બનાવી દીધી.

૧૦. હું મેળામાં ખોવાઈ ગઈ.

૧૧. મારા દ્વારા જીવ પાપોથી મુક્ત બની શકે છે.

૧૨. મારા હાથની મહેંદીનો રંગ ઉડ્યા પહેલા જ મારા પર કર્તવ્યનો બોજો નાંખી દીધો.

**પ્ર.D એક શબ્દમાં જવાબ આપો :-** **12 Marks**

૧. બટાટા-કંદમૂળની જેમ નિગોદ પણ શું છે ?

૨. પાહિની દેવી કયા ગામના હતાં ?

૩. દુઃખના સમયમાં સમાધિ અને સમાધાનની રાહ કોણ દેખાડે છે ?

૪. કાલોદધિ સમુદ્રનું માપ કેટલું છે ?

૫. છઃ વર્ષની ઉંમરમાં કોણે દીક્ષા અંગીકાર કરી હતી ?

૬. વહુ માટે સાસરામાં પતિ પછી વધારે કોણ હોય છે ?

૭. જ્ઞાન, દર્શન, ચારિત્રમાં જે અધિક હોય તેને શું કહેવાય ?

૮. સોયમાં જૂં ને પરોવવાથી કોને ૭ ભવ સુધી ફાંસી પર ચઢવું પડ્યું હતું ?

૯. ખાવા જેવું શું છે ?

૧૦. પ્રથમ સમય મરણ સ્થાનથી શું લઈને નીકળે છે ?

૧૧. વિવેક સહિત યથાર્થ વસ્તુને જાણવું એ શું છે ?

૧૨. પૂનમના ચાંદને નિહાળવાવાળી માતાનું બાળક શું બને છે ?

**પ્ર.E સુધારીને લખો :-** **12 Marks**

૧. સાચો પ્રભુ ભક્ત તો એ જ છે જે પ્રભુના ભક્તનો પણ સાધર્મિક હોય છે (.......)

૨. નવી વહુને કાચા ઘડાની ઉપમા આપી છે (.......)

૩. અઢી દ્વીપના ચૈત્ય ત્રણ દરવાજાવાળા હોવાથી ૧૦૮ પ્રતિમાવાળા હોય છે (.......)

૪. દિવ્યાએ પોતાના અધિકારોંથી ઘરના બધા લોકોનું દિલ જીતી લીધું (.......)

૫. સિદ્ધશીલા અર્ધ ચન્દ્રના આકાર જેવી ગોળ છે (.......)

૬. ક્રોધ ના કારણે ધર્મ ક્રિયામાં દેખાવો વધશે (.......)

૭. ગુરુ ભગવંત જ્યારે પરાઙ્મુખ બેઠેલા હોય ત્યારે વંદન કરી શકાય (.......)

૮. જે જીવોનો મારા પર ઉપકાર છે એ બધાનો પરમાત્મા સાથે પ્રેમ બંધાય (.......)

૯. ડૉલી વર્લ્ડ ફેમસ ઈન્ટીરીયર ડેકોરેશન કંપનીમાં ઈન્ટરવ્યુ આપવા ગઈ (.......)

૧૦. સુપાત્ર દાન વિના નિઃસ્પૃહી એવા સાધુ સંતોનો સમાગમ થવો અતિ દુર્લભ છે (.......)

૧૧. જો દિલને મગજની જેમ બનાવશો તો બીજાની ભૂલ દિલમાં કાંટાની જેમ ચુભશે (.......)

૧૨. પેથડ શાહ પહેલા પૂનમચંદ શેઠના નામથી પ્રખ્યાત હતાં (.......)

**પ્ર.F જવાબ આપો** **12 Marks**

૧. ભવ આલોચના કરવાથી શું લાભ થાય ?

૨. ખંધક ઋષિ કોણ હતા અને કેવી રીતે એમનું મૃત્યુ થયું ?

૩. ત્રણ પ્રકારના ચૈત્યવંદન બતાવો.

૪. મોક્ષાએ વિધિને અહં કેવી રીતે તોડવું એ ઉપર શું સમાધાન આપ્યું ?

૫. નંદીશ્વર દ્વિપના ચૈત્ય અને પ્રતિમાઓની સંખ્યા બતાવો.

૬. નવ મહિના ધર્મમય વાતાવરણમાં વ્યતીત કરવા માટે ગર્ભવતી સ્ત્રીએ શું કરવું જોઈએ ?

**પ્ર.G નીચેની પંક્તિઓ પુસ્તકના કયા પાના પર છે અને કઈ લાઈનમાં છે તે બતાવો.** **12 Marks**

**દા.ત. આ કેવા સુંદર નાના-નાના બાળકો છે ?** પાના નં. લાઈન નં.

જ.: ચેપ્ટર પેજ ૧૨

૧. તેમજ એમની નિશ્રામાં ધર્માનુષ્ઠાન કરવાથી સાર્થક થાય છે.

૨. એમને ચાર શરણ સ્વીકાર કર્યા.

૩. આ પૈસાથી આપણે પરમાત્માનું જિનાલય બનાવી દઈએ.

૪. પ્રભુને જોઈને હર્ષિત બનેલા બધા કલશાદિક સામગ્રી ઈન્દ્રની સામે રાખે છે.

૫. આ જિનશાસન સાધર્મિકોથી જ ચાલી રહ્યું છે અને ચાલશે.

૬. પોતાની કિસ્મતને ખોટા રસ્તે ચલાવવાળી તો એ પોતે જ હતી.

૭. જેથી બધા જ ખુશ થઈને જતા.

૮. સૌ પ્રથમ મનમાં પાપો પ્રતિ ઘૃણા ઉત્પન્ન કરીને કરેલા પાપોને યાદ કરવા.

૯ લાકડાની ઉપર વાર્નિશ, રંગ, પોલીશ કરવાથી નિગોદની ઉત્પત્તિ થતી નથી.

૧૦. બીજે દિવસે તો ઘરમાં રામાયણ મચી ગઈ.

૧૧. સિદ્ધના જીવ સિદ્ધશીલાથી ૩ ગાઉ ૧૬૬૭ ધનુષ્યની દૂરી પર છે.

૧૨. એને સુધરવાની કોઈ આવશ્યકતા નથી ?

**પ્ર.H બારાખડી થી શુરુ થનારા જવાબોના પ્રશ્નોનો ક્રમ ખોવાઈ ગયો છે. પ્રથમ અક્ષરના અનુસારે પ્રશ્ન શોધી તેનો જવાબ લખો** **12 Marks**

**દા.ત. પાંચ દંડક માંથી એક .....નમુત્થુણં**

૧. જ્ઞાનનો એક પ્રકાર................

૨. એક પેપરના..............માં બે દિલોની દરાર વધી ગઈ.

૩. સિંહદાસની પત્નીનું નામ શું હતું ....................

૪. કોની ક્રિયા જોઈને લક્ષ્મણા સાધ્વીજી વિચલિત થયાં .....................

૫. હવાના..................થી શિખા ઉંચી જાય છે.

૬. વિશલદેવ રાજાએ કોની પરીક્ષા કરી ?

૭. વહોરાવતા ઢળી જાય એ............ દોષ છે

૮. ડૉલીનું જીવન એવું હતું કે જ્યાં આખો દિવસ મહેનત કર્યા પછી............ જ ખાવા મળતી હતી

૯. ગર્ભવતી સ્ત્રીએ............... વાતાવરણમાં ૯ માસ પૂર્ણ કરવા જોઈએ.

૧૦. ............... દ્વારા સૂત્ર રચિત હોવાથી કાલવેળામાં નહી ભણવું જોઈએ.

૧૧. ............... માં ૧૬ શાશ્વત જિનાલય છે:

૧૨. છોડવા માંગો તો .......... છોડો.

ક.....................  જ.......................

ખ.....................  ઝ.......................

ગ.....................  ત.......................

ઘ.....................  થ.......................

ચ.....................  દ.......................

છ.....................  ધ.......................

ન.......................

**પ્ર.૧ કોષ્ટકમાં છુટા છવાયેલા અક્ષરો પડ્યા છે એમને આડા, અવળા, ઉભા, સુતા કેવી રીતે પણ ગોઠવી નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **14 Marks**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | લ | ણુ | શ્રા | ક | ણિ | શ્રે | જા | રા | વિ | ઘા | પૂ | મી | નિ | ત |
| ચિં | ફૂ | ભ | હ | જ | મી | ક્તિ | ભ | ક | ર્મિ | ધ | સા | જ્ઞા | ટો | પ્ર |
| ચા | વ | વ | સિં | ક્ષ | ટો | ત્ન | ત્ર | યી | ર્સ | કો | રા | મો | ના | રો |
| ઘં | દે | ન | ય | ય | રો | નિ | મુ | ન | દ | નં | જિ | પ | ક્ષ | ય |
| ટ | ·ક | પ | જ | ક્ષ | સ્ટે | ર | શ | સા | દી | જમ | સ્થા | ર | અ | શા |
| ના | નિ | વિ | જ | રા | હિ | ટી | વિ | શ્વ | મં | ગ | લ | ધો | જું | પ |
| દ | મા | રં | રા | જ | મ્પી | ક | ર | વ | લા | જૈ | ગ્રા | અ | ન | ઘ્ન |
| ક્ષ | સા | ષ્ઠ | દ્ધ | કૉ | સં | ર | વિ | બં | ધુ | મ | તિ | ર્હં | મા | સં |
| મ | ઢ | પુ | સ્થિ | ના | તા | વ્ર | જ | સુ | લે | પ્ર | દ | ર્વે | ની | વે |
| ણિ | પ્ર | ત્રિ | ચ | શ્ચ | મ | ત | ય | શિ | પ | મો | શ | ગા | ભિ | ગ |
| ભા | શ્રી | સા | વિ | શ | પ | ઉ | યા | ર્થ | રા | દ | મ | ચં | શિ | વં |

દા.ત..: જ્ઞાન પ્રાપ્તિનો એક પ્રકાર- **વાચના**

૧. મેં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કર્યા..................

૨. મારો પુત્ર જિનશાસનનો ચમકતો સિતારો બનશે, આ કોણે કહ્યું હતું.................

૩. મુદ્‌ગર યક્ષના પરમ ભક્તની પત્નીનું નામ શું છે.................

૪. એક સાથે ૨૦ મનુષ્ય ક્યાંથી મોક્ષમાં જઈ શકે છે ....................

૫. એક સમુદ્રનું નામ.................

૬. મિલનદેવીના પુત્રનું નામ....................... છે.

૭. વંદન કરવાનુ એક નિમિત્ત....................... છે.

૮. યશોવિજયજીના ગુરુનું નામ.................... છે.

૯. શું થયા પછી ખાદ્ય પદાર્થ અભક્ષ્ય બની જાય છે....................

૧૦. દમ્પતિ જીવનમાં સમસ્યાઓનું મુખ્ય કારણ .................... છે.

૧૧. ગર્ભપાતની એક પદ્ધતિ....................... છે.

૧૨. અમારો એક જ અભિષેક હોય છે....................

૧૩. ................ની મધુર ધ્વનિથી બધાને અર્હાનંદનો અનુભવ થાય છે.

૧૪. પ્રભુના કલ્યાણકના સમયમાં વિશિષ્ટ પ્રકારનું .............. થાય છે.

**પ્ર.J સૂત્ર-અર્થ - કાવ્ય વિભાગ**

**a) ગાથા લખો** **6 Marks**

૧. બાર વ્રતને બતાવતી ગાથા લખો.

૨ સકલ શ્રી સંઘથી ક્ષમા માંગતી ગાથા લખો.

૩. પાંચમાં વ્રતના અતિચારને બતાવતી ગાથા લખો.

**b) અર્થ લખો** **7 Marks**

૧. ચરણસહિએહિ ૨. નિદ્ધંધસં

૩. સુખદાયિની ૪. સઈ-અંતરદ્ધા

૫. પડિગ્ગહ ૬. મોસુવએસે

૭. તડિલ્લય લંછિઉ ૮. ખમાવઈત્તા

**c) વિધિ લખો** **2 Marks**

૧. વંદિત્તુ થી લઈને સિદ્ધાણં-બુદ્ધાણં સુધીની દેવસિઅ પ્રતિક્રમણની વિધિ લખો

**પ્ર.K કાવ્ય વિભાગ**

**a) સ્તુતિ લખો** **1 Marks**

૧. ચંદા તમે.................. મારા તમે ।

**b) ચૈત્યવંદન લખો.** **4½ Marks**

૧. વિદ્યમાન................ વારંવાર (અથવા) હું નિર્ભાગી.............. વિલાપ ।

૨. નામ.................. ભરતાર (અથવા) અભવી ને............... ચકચૂર ।

૩. વાસુપૂજ્ય............... ખાસ (અથવા) જય.................. પામી ।

**c) સ્તુતિ (થોય) લખો** **4½ Marks**

૧. સમવસરણ................ ગાજેજી (અથવા) પંચ..............જગીશજી.

૨. દ્રવ્ય.................. ખન્ત તો (અથવા) વિમલગિરિ............... ગિરિનામજી.

૩. જ્યોતિ................. ઈન્દાજી (અથવા) સકળ................. સાધોજી.

**d) સ્તવન લખો.** **3 Marks**

૧. સુખ............... વિસરામ (અથવા) થાય.............. ભાવે વંદું ।

૨. સંઘ .................. સંહારતા (અથવા) ડુંગર નિરખી ............. બંધ ।

**e) સજ્ઝાય લખો.** **2 Marks**

૧. પરિગ્રહની ............. દૂજા (અથવા) સહુ કહે................ અજવાળો ।

**ભવ આલોચનાનું પુસ્તક ભરીને ઉત્તરપત્રની સાથે આપવું ફરજિયાત છે. ગીતાર્થ આચાર્ય ભગવંત પાસે એની આલોચના મંગાવીને પુનઃ તમને પરત આપવામાં આવશે.**

|| શ્રી મોહનખેડા તીર્થ મંડન આદિનાથાય નમઃ ||

|| શ્રી રાજેન્દ્ર-ધન-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ||

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય જૈનિજમ કોર્સ ખંડ ૩

લેખિકા

સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ.સા.

ઓપન બુક પરીક્ષા પત્ર ટોટલ - ૧૪૦ માર્ક્સ

વિદ્યાર્થીનું નામ ____________ ઉંમર ________ રોલ નં. ________

વિદ્યાર્થીનું સરનામું તથા ફોન નં. ____________

____________ મૂળ વતન ____________

સેંટરનું નામ તથા સરનામું ____________

### પ્ર.A : ખાલી જગ્યા પૂરો

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........
૭ ..........
૮ ..........
૯ ..........
૧૦ ..........
૧૧ ..........
૧૨ ..........

### પ્ર.B: પસંદ કરો

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........
૭ ..........
૮ ..........
૯ ..........
૧૦ ..........
૧૧ ..........
૧૨ ..........

### પ્ર.C : મને ઓળખો

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........
૭ ..........
૮ ..........
૯ ..........
૧૦ ..........
૧૧ ..........
૧૨ ..........

### પ્ર.D : એક શબ્દમાં જવાબ આપો

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........
૭ ..........
૮ ..........
૯ ..........
૧૦ ..........
૧૧ ..........
૧૨ ..........

**પ્ર.E : સુધારીને લખો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ........................................ | ૭ | ........................................ |
| ૨ | ........................................ | ૮ | ........................................ |
| ૩ | ........................................ | ૯ | ........................................ |
| ૪ | ........................................ | ૧૦ | ........................................ |
| ૫ | ........................................ | ૧૧ | ........................................ |
| ૬ | ........................................ | ૧૨ | ........................................ |

**પ્ર.F : જવાબ આપો**

૧ ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

૨ ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

૩ ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

૪ ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

૫ ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

૬ ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

પ્ર.G : નીચેની પંક્તિઓ પુસ્તકના કયા પાના પર અને કઈ લાઈન પર આવી છે તે બતાવો.

| | પાના નં. | લાઈન નં. | | પાના નં. | લાઈન નં. |
|---|---|---|---|---|---|
| ૧ | .................. | .................... | ૭ | .................. | .................... |
| ૨ | .................. | .................... | ૮ | .................. | .................... |
| ૩ | .................. | .................... | ૯ | .................. | .................... |
| ૪ | .................. | .................... | ૧૦ | .................. | .................... |
| ૫ | .................. | .................... | ૧૧ | .................. | .................... |
| ૬ | .................. | .................... | ૧૨ | .................. | .................... |

પ્ર.H : બારાખડીથી શરુ થનારા જવાબોના પ્રશ્નોનો ક્રમ ખોવાઈ ગયો છે પ્રથમ અક્ષરના અનુસારે પ્રશ્ન શોધીને એમનો જવાબ લખો

| | | | |
|---|---|---|---|
| ક | ........................................ | જ | ........................................ |
| ખ | ........................................ | ઝ | ........................................ |
| ગ | ........................................ | ત | ........................................ |
| ઘ | ........................................ | થ | ........................................ |
| ચ | ........................................ | દ | ........................................ |
| છ | ........................................ | ધ | ........................................ |
| | | ન | મુત્થુર્ણ |

પ્ર.I : કોષ્ટકમાં છુટા છવાયેલા અક્ષરો પડ્યા છે તેમને આડા, અવળા, ઊભા, સુતા કોઈપણ રીતે ગોઠવીને નીચેના પ્રશ્નોના જવાબ લખો.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | લ | ણુ | શ્રા | ક | ણિ | શ્રે | જા | રા | વિ | ધા | પૂ | મી | નિ | ત |
| ચિં | ફૂ | ભ | હ | જ | મી | ક્તિ | ભ | ક | ર્મિ | ધ | સા | શા | ટો | પ્ર |
| ચા | વ | વ | સિં | ક્ષ | ટો | ત્ન | ત્ર | થી | ર્સ | કો | રા | મો | ના | રો |
| ઘં | દે | ન | ય | ય | રો | નિ | મુ | ન | દ | નં | જિ | પ | ક્ષ | ય |
| ટ | ક | પ | જ | ક્ષ | સ્ટે | ર | શ | સા | દી | જમ | સ્થા | ર | અ | શા |
| ના | નિ | વિ | જ | રા | હિ | ટી | વિ | શ્વ | મં | ગ | લ | ધો | જું | પ |
| દ | મા | રં | રા | જ | મ્પી | ક | ર | વ | લા | જૈ | ગ્રા | અ | ન | ઘ |
| ક્ષ | સા | ષ્ઠ | ઢ | કૉ | સં | ર | વિ | બં | ધુ | મ | તિ | હું | મા | સં |
| મ | ઢ | પુ | સ્નિ | નો | તા | પ્ર | જ | સુ | લે | પ્ર | દ | વૈં | ની | વે |
| ણિ | પ્ર | ત્રિ | ય | શ્ચ | મ | ત | ય | શિ | પ | મો | શ | ગા | ભિ | ગ |
| ભા | શ્રી | વા | વિ | શ | પ | ઉ | યા | ર્થ | રા | દ | મ | ચં | શિ | વં |

૧. ..............................
૨. ..............................
૩. ..............................
૪. ..............................
૫. ..............................
૬. ..............................
૭. ..............................
૮. ..............................
૯. ..............................
૧૦. ..............................
૧૧. ..............................
૧૨. ..............................
૧૩. ..............................
૧૪. ..............................

## પ્ર.J : સૂત્ર-અર્થ + કાવ્ય વિભાગ

a) ગાથા લખો

૧ ..........................................................................................................

..........................................................................................................

૨ ..........................................................................................................

..........................................................................................................

૩ ..........................................................................................................

..........................................................................................................

b) અર્થ લખો

| | | | |
|---|---|---|---|
| ૧ | .................................... | ૫ | .................................... |
| ૨ | .................................... | ૬ | .................................... |
| ૩ | .................................... | ૭ | .................................... |
| ૪ | .................................... | ૮ | .................................... |

c) વિધિ લખો

૧ ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## પ્ર.K : કાવ્ય વિભાગ

a) સ્તુતિ લખો

૧ ..........................................................................................................

..........................................................................................................

b) ચૈત્યવંદન લખો

૧ ..........................................................................................................

..........................................................................................................

૨ ........................................................................................................

........................................................................................................

૩ ........................................................................................................

........................................................................................................

c) સ્તુતિ (થોય) લખો

૧ ........................................................................................................

........................................................................................................

૨ ........................................................................................................

........................................................................................................

૩ ........................................................................................................

........................................................................................................

d) સ્તવન લખો

૧ ........................................................................................................

........................................................................................................

૨ ........................................................................................................

........................................................................................................

e) સજ્ઝાય લખો

૧ ........................................................................................................

........................................................................................................

श्री विश्वतारक रत्नत्रयी विद्याराजितं

# युवति संस्कार शिविर

## की झलकियाँ



# સ્નાન કરતા પહેલા પ્રભુને પ્રાર્થના

હે પ્રભુ ભલે હું સ્નાન કરું પણ અસ્નાન રુપ સાધુપણુ જ સત્ય છે એની મને કદી વિસ્મૃતિ ન થાય! મારા સ્નાનમાં અપ્કાયાદિ જે જીવોની વિરાધના થઈ હોય તેની ક્ષમા માંગુ છું. એ જીવોનો શીઘ્ર મોક્ષ થાય. ઓછામાં ઓછા પાણીથી આવશ્યકતા પૂર્તિ રુપ જ સ્નાન કરું. ચોક્ખા અને સુંદર દેખાવવાનો મારો દેહાધ્યાસ વિરામ પામો. દેહની આ દ્રવ્ય શુદ્ધિ મને નિરંતર આત્મશુદ્ધિનું લક્ષ કરાવી ક્ષપકશ્રેણી મંડાવી મારા સર્વ કર્મ મલનો ક્ષય કરાવી મને સિદ્ધસ્વરુપની પ્રાપ્તિ કરાવે. અને એ માટે “સિદ્ધ સ્વરુપી અંગ પખાલી, આતમ નિર્મલ હોય સુકુમાલી” એટલે સિદ્ધ સ્વરુપી પ્રભુને પખાલી હું મારી વાસ્તવિક શુદ્ધિ કરું.

વ્હાલા પ્રભુ ભલે રોજ હું નવા નવા વસ્ત્રો પહેરુ પણ પ્રભુનો આપેલો શ્રમણસુંદર વેષ જ સત્ય છે એની મને કદી વિસ્મૃતિ ન થાય. મારા વસ્ત્રો બનાવવામાં જે જે જીવોની વિરાધના થઈ હોય તેની ક્ષમા માંગુ છું. મારી વેષભૂષા દેખવાના નિમિત્ત થી જે જીવોએ અશુભ કર્મો બાંધ્યા હોય તેની ક્ષમા માંગુ છું. સુંદર દેખાવાનો મારો દેહાધ્યાસનો અહંકાર ને પુદ્ગલનો આસક્તિ ભાવ વિરામ પામો. શીઘ્રાતિશીઘ્ર મને શ્રમણ સુંદર વેષ મલે, જે ક્ષપકશ્રેણી મંડાવી મારા અરુપી સિદ્ધસ્વરુપની મને પ્રાપ્તિ કરાવે. નમો ચારિત્તસ્સ!!!

જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ.